શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના અવધિજ્ઞાની
'શિષ્ય ધર્મદાસ ગણિ વિરચિત ગ્રન્થનું વિવેચન.....'

# ઉપદેશમાળા

## ભાગ : ૩

ભાગ ૧ માં - ૧ થી ૮૧ શ્લોકોનું વિવેચન
ભાગ ૨ માં - ૮૨ થી ૧૪૭ શ્લોકોનું વિવેચન
ભાગ ૩ માં - ૧૪૮ થી ૨૦૫ શ્લોકોનું વિવેચન

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૧૯

કમલ પ્રકાશન ટ્રસ્ટ

ઝવેરીવાડ, અમદાવાદ-૧

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન,
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
**ફોન :** ૫૩૫ ૫૮૨૩
૫૩૫ ૬૦૩૩

**લેખક પરિચય :**
સિદ્ધાંતમહોદધિ સચ્ચારિત્ર ચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્‌વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦**
વિ.સં. ૨૦૫૭ : ૧૦-૧૨-૨૦૦૦

**મૂલ્ય : રૂા. ૩૫-૦૦**

**ટાઈપ સેટિંગ :**

**શાઈનઆર્ટ કૉમ્પ્યુગ્રાફિક્સ**
રાજનગર, પાલડી, અમદાવાદ-૮
ફોન નં. : ૬૬૩ ૯૨૩૨

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫-સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૪

## લેખકીય પ્રસ્તાવના

તપોવન (અમીઆપુર)ના ચાતુર્માસોમાં મારા શિષ્યોને તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ઉપદેશમાળા ગ્રન્થ ઉપર હું રોજ જે વાચના આપતો હતો તે તરત જાતે લખી દેતો હતો.

એને પાછળથી વિવેચનરૂપે લખી દેતો.

શ્લોક ૧ થી ૮૧નું વિવેચન ભાગ-૧ રૂપે બહાર પડી ગયું હતું. શ્લોક ૮૨ થી ૧૪૭નું વિવેચન ભાગ-૨ રૂપે બહાર પડી ગયું હતું. આ શ્લોક ૧૪૮ થી ૨૦૫નું વિવેચન ભાગ-૩ રૂપે બહાર પડી રહ્યું છે.

જો આ રીતે નિરંતર લખાણ ચાલુ રહે તો પાંચ ભાગોમાં પુસ્તકરૂપે બહાર પાડી શકાશે.

**વિ.સં. ૨૦૫૬, અષાઢસુદ પાંચમ** **લિ.**
**તા. ૬-૭-૨૦૦૦** **પં. ચન્દ્રશેખરવિજય**
**તપોવન**

# અનુક્રમણિકા


૧. શ્લોક-૧૪૮ ........ ૧
૨. શ્લોક-૧૪૯ ........ ૪
૩. શ્લોક-૧૫૦ ........ ૬
૪. શ્લોક-૧૫૧ ........ ૭
૫. શ્લોક-૧૫૨ ........ ૧૧
૬. શ્લોક-૧૫૩ ........ ૧૬
૭. શ્લોક-૧૫૪ ........ ૧૯
૮. શ્લોક-૧૫૫ ........ ૨૩
૯. શ્લોક-૧૫૬ ........ ૨૯
૧૦. શ્લોક-૧૫૭ ........ ૩૨
૧૧. શ્લોક-૧૫૮ ........ ૩૬
૧૨. શ્લોક-૧૫૯ ........ ૩૮
૧૩. શ્લોક-૧૬૦ ........ ૪૬
૧૪. શ્લોક-૧૬૧ ........ ૫૦
૧૫. શ્લોક-૧૬૨ ........ ૫૪
૧૬. શ્લોક-૧૬૩ ........ ૫૪
૧૭. શ્લોક-૧૬૪ ........ ૬૫
૧૮. શ્લોક-૧૬૫ ........ ૬૮
૧૯. શ્લોક-૧૬૬ ........ ૬૮

| | | |
|---|---|---|
| ૨૦. | શ્લોક-૧૬૭ | ૭૨ |
| ૨૧. | શ્લોક-૧૬૮ | ૭૮ |
| ૨૨. | શ્લોક-૧૬૯ | ૭૮ |
| ૨૩. | શ્લોક-૧૭૦ | ૮૧ |
| ૨૪. | શ્લોક-૧૭૧ | ૮૩ |
| ૨૫. | શ્લોક-૧૭૨ | ૮૫ |
| ૨૬. | શ્લોક-૧૭૩ | ૮૭ |
| ૨૭. | શ્લોક-૧૭૪ | ૮૯ |
| ૨૮. | શ્લોક-૧૭૫ | ૮૯ |
| ૨૯. | શ્લોક-૧૭૬ | ૯૨ |
| ૩૦. | શ્લોક-૧૭૭ | ૯૪ |
| ૩૧. | શ્લોક-૧૭૮ | ૯૪ |
| ૩૨. | શ્લોક-૧૭૯ | ૯૭ |
| ૩૩. | શ્લોક-૧૮૦ | ૧૦૦ |
| ૩૪. | શ્લોક-૧૮૧ | ૧૦૧ |
| ૩૫. | શ્લોક-૧૮૨ | ૧૦૪ |
| ૩૬. | શ્લોક-૧૮૩ | ૧૦૯ |
| ૩૭. | શ્લોક-૧૮૪ | ૧૧૧ |
| ૩૮. | શ્લોક-૧૮૫ | ૧૧૧ |
| ૩૯. | શ્લોક-૧૮૬ | ૧૧૬ |
| ૪૦. | શ્લોક-૧૮૭ | ૧૧૬ |
| ૪૧. | શ્લોક-૧૮૮ | ૧૨૩ |

૪૨. શ્લોક-૧૮૯ ........................................ ૧૨૬

૪૩. શ્લોક-૧૯૦ ........................................ ૧૩૧

૪૪. શ્લોક-૧૯૧ ........................................ ૧૩૩

૪૫. શ્લોક-૧૯૨ ........................................ ૧૩૩

૪૬. શ્લોક-૧૯૩ ........................................ ૧૩૩

૪૭. શ્લોક-૧૯૪ ........................................ ૧૩૪

૪૮ શ્લોક-૧૯૫ ........................................ ૧૩૭

૪૯. શ્લોક-૧૯૬ ........................................ ૧૩૮

૫૦. શ્લોક-૧૯૭ ........................................ ૧૪૨

૫૧. શ્લોક-૧૯૮ ........................................ ૧૪૩

૫૨. શ્લોક-૧૯૯ ........................................ ૧૪૪

૫૩. શ્લોક-૨૦૦ ........................................ ૧૪૪

૫૪. શ્લોક-૨૦૧ ........................................ ૧૪૪

૫૫. શ્લોક-૨૦૨ ........................................ ૧૪૮

૫૬. શ્લોક-૨૦૩ ........................................ ૧૫૦

૫૭. શ્લોક-૨૦૪ ........................................ ૧૫૯

૫૮. શ્લોક-૨૦૫ ........................................ ૧૬૧

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ**
**આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

## સૌજન્ય

પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના પુનર્મુદ્રિત થનારા પુસ્તકો અને પ્રકાશિત થનારા નૂતન પુસ્તકોમાંથી આપે આ પુસ્તક પસંદ કર્યું અને અમને આપના ઔદાર્યને વ્યક્ત કરતી (વગર વ્યાજની લોન) બે વર્ષ માટે - આપી...

ખૂબ ખૂબ ધન્યવાદ.

પૂજ્યશ્રી તરફથી આપના પરિવારને ખૂબ ખૂબ આશીર્વાદ.

: સૌજન્ય :

**શ્રાદ્ધવર્યશ્રી લક્ષ્મીચંદભાઈ મલુકચંદભાઈ પારેખ**

(સરદારગઢવાળા હાલ રાજકોટ)

મુનિશ્રી પદ્મરક્ષિતવિજયજી
તથા
સ્વ. સાધ્વીજી ચૈતન્યયશાશ્રીજી મ.સા.ના સંસારી પિતાશ્રી

**સુરેશકુમાર લક્ષ્મીચંદ**
**અરવિંદકુમાર લક્ષ્મીચંદ**
**સ. પરિવાર**

**દાનવીરો ! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો.**

રૂ. એક લાખનું દાન આપીને તપોવનના પ્રવેશદ્વારની સામે ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર **જીવનદાતા** તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦-જી મુજબ કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ** એ નામથી આપનો ચેક કે ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલો.

જી. પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,
ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩

# ઉપદેશમાળા-૩

**भज्जा वि इंदियविकारदोसनडिआ करेइ पइपावं ।**
**जह सो पएसिराया सूरियकंताइ तह वहिओ ॥ १४८ ॥**

**અર્થ :** કામવિકારના દોષમાં સપડાયેલી સૂર્યકાન્તા રાણીએ પતિ પ્રદેશીરાજાને મારી નાંખવાનું પાપ કર્યું !

**વિવેચન :** આમ તો આજીવન નાસ્તિક પ્રદેશી રાજા સાધુઓને તો ધિક્કારે; તેમની વાતોની ક્રૂર મજાક કરે. પૂરો નાસ્તિક. અત્યન્ત વિષયાસક્ત. ખૂંખાર શિકારી અને દારૂડીઓ. એનાં દુષ્કર્મોથી મન્ત્રી ખૂબ દુઃખી રહેતા. એને માર્ગ ઉપર લાવવા માટે ઘણા યત્નો કર્યા.

એક વાર કેશી નામના ગણના ધારક (શિષ્યવૃન્દના ધારક) સાધુ પાસે મન્ત્રી પ્રદેશીને લઈ ગયા.

રાજાએ ક્રૂરતા સાથે, વિનય-વિવેકને નેવે મૂકીને આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થો વિષે પ્રશ્નો કર્યા.

પણ કેશી મુનિએ સચોટ જવાબો દેતાં પ્રદેશી ઠંડોગાર બની ગયો. તેણે જૈનધર્મનો સ્વીકાર કર્યો. ક્રમશઃ વ્રતોના પાલનમાં વધુ ને વધુ લીન થવા લાગ્યો.

આનો વિપરીત પરિણામ રાણી સૂર્યકાન્તા ઉપર થયો. વિષયસુખોથી પતિ વિરક્ત થવાથી સૂર્યકાન્તા ક્રોધાન્ધ બની. છેવટે પરપુરુષોમાં આસક્ત બની. કામાન્ધ બની.

હવે તેના માર્ગમાં પતિ કાંટા જેવો લાગ્યો. એક વાર તેને ઝેર આપ્યું પણ પતિ મર્યો નહિ. વિષ ચડતાં તરફડીયા મારવા લાગ્યો. સ્વજનો અને સ્નેહીજનો ભેગા થઈ ગયા.

સૂર્યકાન્તાને ભય હતો કે જો પતિ જીવતો રહી જશે તો પોતાનો ભંડો ફૂટી જશે. એટલે તેને ઝટ પૂરો કરી દેવા, "ઓ મારા વહાલા સ્વામીનાથ !" એમ કહીને ખુલ્લા અંબોડાવાળી તે પતિની છાતી ઉપર પડી. તેના વાળ પતિના

મુખ ઉપર છવાઈ ગયા. તેણીએ અતિ જોરથી પતિનું ગળું દબાવી દીધું. તત્ક્ષણ પ્રાણ નીકળી ગયા.

અહીં એક વાત ધ્યાનમાં લાવવા જેવી એ છે કે જો જીવ પૂર્વભવોમાં કામ, ક્રોધ, રસ વગેરેનું કાતીલ સેવન કરીને તેના સંસ્કારોને આત્મામાં જામ કરી ચૂક્યો હોય તો તે સંસ્કારો બહુ મુશ્કેલીથી જ જતા હોય છે.

અતિ કામુક અને કુલટા બનેલી નારી ! ઘણા બધા પુરુષોના ભોગ પછી પણ એટલી જ અતૃપ્ત !

અતિ ક્રોધી બાપ ! પત્નીને અને બાળકોને ઝૂડી ઝૂડીને માર્યા પછી પણ આગબબૂલો !

જર્મનીનો રાજા વ્હીટેલીઅસ ! અત્યંત ખાઉધરો ! પાંચ-છ વાર પેટ ભરી ભરીને ખાય. દરેક વાર ઉલટી કરીને પેટ ખાલી કરે. ફરી કરાંજીને ખાય !

પાંચસો શિષ્યોના ગુરૂ યુગપ્રધાન આચાર્ય મંગુ ! માયાચાર સાથે મીઠું મીઠું પુષ્કળ ખાય. એ બધી વાનગીઓ ચાખવામાં એનું પેટ ભરાઈ જાય !

પાંચસો શિષ્યોના ગુરુ સુમંગલાચાર્ય. કેડે બાંધવાના ચીંથરામાં આસક્ત ! હા... છેલ્લા શ્વાસ સુધી ! મરીને માંસાહારી અને અનાર્ય રાજાને ત્યાં રાજકુમાર ! બધું ગુમાવી બેઠા !

પોતાના પાંચસો શિષ્યો જ્યારે ઘાણીમાં પીલાતા જતા હતા તે વખતે તેમને જબરદસ્ત સમાધિ આપતાં અપૂર્વ નિર્યામક સ્કંદકાચાર્ય ! હાય, છેલ્લે પોતે પુરોહિત ઉપર ક્રોધાન્ધ બનવા સાથે પીલાયા !

સંસ્કારોની તાકાતની શી વાત કરું !

સાપને પુષ્કળ ભૂખ લાગતી હોય છે. તેનામાં ભૂખનો તીવ્ર સંસ્કાર બની જાય છે. એવો એક સાપ જન્માંતરે કૂરગડુ મુનિ બન્યો. પણ ત્યાં પેલા ભૂખના સંસ્કારે પીછો પકડ્યો. સંવત્સરી પર્વના દિવસે પણ મુનિને અસહ્ય ભૂખ સવારથી જ લાગી જાય. ફરજિયાત નવકારશીમાં વાપરવું પડે !

મુનિ ક્રોધાન્ધ દશામાં મર્યા. તે તાપસ બન્યા. ચંડકોશીઓ નાગ બન્યા પણ ક્રોધે તેમનો કેડો ન છોડ્યો. એ ક્રોધ સાક્ષાત્ પરમાત્મા મહાવીરદેવને ડસીને મારી નાંખવા ધસી ગયો.

ઓલા રૂપસેનનો લલના સાથે વારંવાર કામસેવન કરીને કામનો ગાઢ સંસ્કાર સેવ્યો તો સાત ભવ સુધી લગાતાર રૂપસેનનો આત્મા કામાન્ધ બન્યો.

આ કારણથી પૂજ્ય હરિભદ્રસૂરિજીએ એક જગાએ કહ્યું છે કે માનવજીવન

પામીને સૌથી પહેલાં પૂર્વજન્મોમાં તૈયાર થયેલા કુસંસ્કારોને નબળા કરી દેવા અને સુસંસ્કારોને તગડા કરી દેવા.

આ માટે જ્ઞાનીઓએ ત્રણ અમોઘ ઉપાયો બતાડ્યા છે.

(૧) અરિહંતાદિ ચાર [અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ]નું અનન્યભાવે શરણ લેવું.

(૨) પોતાના દુષ્કૃતોની તીવ્ર પશ્ચાત્તાપ સાથે વારંવાર ગર્હા કરવી. દિવસમાં ૧૦-૨૦ વાર 'મિચ્છા મિ દુક્કડં' હૃદયના ઊંડાણમાંથી બોલવું.

પાપની કબુલાત કરનારને કર્મસત્તા થર્ડ-ડીગ્રીની ભયંકર સજા કરતી નથી.

અપરાધ કબૂલી લે તો પોલીસ પણ તે અપરાધીને સખત મારવાનું બંધ રાખે છે.

જે પાપી જીવો કાંઈ જ તપ વગેરે ન કરી શકે તેણે પાપ ઉપર તીવ્ર પશ્ચાત્તાપ કરવો અને ગુરુ પાસે ખુલ્લા મને પ્રાયશ્ચિત્ત કરવું. તેની સાથે તે પાપ નહિ કરવાનું પચ્ચક્ખાણ (બાધા) કરવું.

પાપ ૫-૧૫ વાર થાય પણ પશ્ચાત્તાપ તો શેષ જીવનમાં પાંચ હજાર વાર થાય. જો તેમાં ભારે તીવ્રતા હોય તો પાપને ધોવાઈ જતાં વાર ન લાગે. એટલું જ નહિ પણ પશ્ચાત્તાપની આગમાં પૂર્વભવોના લાખો પાપોના ઇંધણો સળગીને સાફ થઈ જાય.

પોતાના દુષ્કૃતોની ગર્હા કરતાં સતત મિચ્છા મિ દુક્કડં (હું માફી માગું છું.) બોલવું. એની સાથે જેમણે તેવા દુષ્કૃતો કર્યા નથી તે તમામ મહાત્માઓને કોટિ કોટિ વંદન કરતા જવા. આ થઈ પરસુકૃતોની અનુમોદના.

ગર્હાથી કુસંસ્કારો નબળા બને.

અનુમોદનાથી સુસંસ્કારો તગડા બને.

આ બેની પરાકાષ્ટા થતાં વીતરાગદશા પ્રાપ્ત થાય. કૈવલ્ય તો વગર પ્રયત્ને હાથમાં આવીને પડે.

પૂર્વભવોમાં કે આ ભવમાં જે બન્યું તે ખરું. હવે બચવાનો આ જ ઉપાય છે. તેને અત્યન્ત ભાવપૂર્વક આરાધવો જોઈએ. શરણ વગેરે ત્રણ ભાવો એ ભાવસમ્રાટ છે. એ મુક્તિપ્રાપક ઉત્કૃષ્ટ અનુષ્ઠાન છે.

જે આત્મા પૂર્વભવીય તગડા અશુભ સંસ્કારોને દુષ્કૃત ગર્હા દ્વારા નબળા ન પાડે અને સુકૃતાનુમોદન દ્વારા નબળા શુભસંસ્કારોને તગડા ન કરે તેની ભાવી આરાધનાઓમાં ઊથલી પડવાની પૂરી શક્યતા રહે.

આ ગ્રન્થમાં પૂર્વે એક શ્લોકમાં જણાવાયું છે કે સારામાં સારું - ઉત્તમ કોટિનું - સંયમજીવન પાળનારા આત્માઓ પણ સ્વપ્રશંસા, પરનિન્દા, વિષય કે કષાયની પરિણતિ અને રસલંપટતાને કારણે ઉપરના ગુણસ્થાનોથી નીચે ગબડી પડે છે. આમ થવામાં કુસંસ્કારો (અશુભ અનુબન્ધો) જ ભાગ ભજવતા હોય છે.

દુષ્કૃતગર્હા એટલે ખામેમિ અને મિચ્છામિ.

સુકૃતાનુમોદના એટલે વંદામિ.

આ ત્રિપુટીને અજપાજપ સ્વરૂપ બનાવી દેવાય તો પ્રાયઃ મરણસમાધિ થાય; કેમકે તે વખતે સહજ રીતે આ જપ ચાલ્યા કરે.

કુમારનન્દી સોની અત્યન્ત કામુક હતો.

રાજા બ્રહ્મદત્ત અને રાણી કેતુમતી કામની કારમી પીડાથી પરેશાન હતા.

અગ્નિશર્માનો ભભૂકી ઊઠેલો ક્રોધ આસમાનને આંબી ગયો હતો.

હરિભદ્રસૂરિજી ક્રોધાન્ધ બનીને ન કરવા જેવું કરી બેઠા હતા.

આવા આત્માઓની હરોળમાં કામુકી સૂર્યકાન્તા રાણી હતી; જેણે ધર્માત્મા પતિને ક્રૂરતાથી–વિષપ્રયોગથી–મારી નાંખ્યો હતો.

કેવી છે; કર્મપ્રકૃતિઓ !

કેવી છે; રાગ-દ્વેષની પરિણતિઓ !

કેવી છે; આત્માની પ્રવૃત્તિઓ !

આ બધું વિચારતાં કોઈ પણ આત્માને સંસારની અસારતાનું આબેહૂબ ભાન થયા વિના રહે નહિ.

■■■

**सासयसुक्खतरस्सी नियअंगसमुब्भवेण पियपुत्तो ।**
**जह सो सेणियराया कोणियरण्णा खयं नीओ ॥ १४९ ॥**

**અર્થ :** જે શ્રેણિક - ક્ષાયિક સમ્યક્ત્વી હોવાથી - શાશ્વતસુખ પામવા માટે તરસ્યો (અધીરો) થયો હતો; જેને પુત્ર અતિશય વહાલો હતો, જે કોણિક શ્રેણિકના દેહના યોગથી ઉત્પન્ન થયો હતો તે જ (કપૂત) કોણિક રાજાએ પિતા શ્રેણિકરાજાને મારી નાંખ્યો.

**વિવેચન :** પૂર્વ ભવોના વૈરના અનુબંધ કેવા કાતીલ બની શકે છે તે પિતા-પુત્ર શ્રેણિક-કોણિકના દૃષ્ટાન્ત ઉપરથી સમજાય છે.

શ્રેણિક સ્વયં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા; તે પરમાત્મા મહાવીરદેવના પરમ પરમ ભક્ત હતા; તેઓ ભાવી તીર્થંકર પદ્મનાભસ્વામી હતા. ગર્ભકાળમાં ભયાનક કુવિચારો આવ્યાથી માતાએ તે સંતાનને ઉકરડે નંખાવી દેવા છતાં શ્રેણિક તેને ભારે મમતા સાથે ઘરે લાવ્યો હતો.

આ જ કોણિકે મહાન્ શ્રેણિકને અતિ વૃદ્ધાવસ્થામાં પુષ્કળ રિબાવીને મારી નાંખ્યા. કોણિકનો જીવ ક્રૂર પરિણામી હતો. પ્રભુએ તેના ભાવીમાં છઠ્ઠી નારક જણાવી ત્યારે તેણે રૂવાબથી કહ્યું, "મારે તો દરેક વાતમાં 'ટોચ' જોઈએ. આ હિસાબે મારી સાતમી નારકે જવાની ઇચ્છા છે."

આ કોણિકે રાણી પદ્માવતીની હઠને વશ થઈને મામા ચેડા મહારાજા સાથે બે યુદ્ધ કર્યાં, જેમાં કુલ એક ક્રોડ અને એંસી લાખ માનવોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ યુદ્ધો જીતવા માટે તેણે ઘોર તપસ્વી સાધુનું વેશ્યા દ્વારા પતન કરાવ્યું હતું અને મુનિસુવ્રતસ્વામી ભગવંતનો સ્તૂપ ઉખેડી નંખાવ્યો હતો.

આટલી બધી ક્રૂર પરિણતિવાળા આ દીકરાએ એના બાપને જેલમાં પૂર્યા હતા. તે જાતે રોજ તેમને સો હંટરનો માર મારતો હતો.

તે શું નહોતો જાણતો કે મારા પિતા દેવાધિદેવના પરમ ભક્ત છે ? એમની પાછળ પાગલ છે ? એથી રોજ પ્રભુની તપાસ કરાવીને જે દિશામાં પ્રભુ હોય તે દિશામાં ચૈત્યવંદનાદિ કરે છે ?

આમ છતાં એનો વૈરપરિણામ કેવો કાતીલ હતો ? "બુઢ્ઢો થવા છતાં બાપ મને ક્યારે મગધનું રાજ દેશે ?" આ વિચારે અધીરો બનેલો કોણિક બાપની હત્યામાં નિમિત્ત બની ગયો !

કેવો આ કોણિક કે જેણે પ્રભુ પાસેથી જાણ્યું કે પોતે છઠ્ઠી નારકે જનાર છે ત્યારે તેને સાતમી નારકે જવાનો આગ્રહ રાખ્યો. પ્રભુએ કહ્યું, "જે ત્રણ ખંડ જીતીને વાસુદેવ બને તે અવશ્ય સાતમી નારકે જાય." કોણિકે તેની તમામ તૈયારી કરી. પણ વૈતાઢ્યની ગુફાનું દ્વાર ન ખૂલ્યું, તેના દેવે તેવું સાહસ કરવાની ના પાડી છતાં દ્વાર ખોલવા ઘણના ઘા મારવા શરૂ કર્યા. દેવે કોપાયમાન થઈને એક ક્ષણમાં કોણિકને ભસ્મ કરી દીધો ! મરીને છઠ્ઠી નારક ભેગો થયો.

જેમનો આત્મા અત્યન્ત નિષ્ઠુર છે; પાપી છે તે આત્મા આટલી હદે નીચ બની શકે. પરમાત્માને પણ તિરસ્કારી શકે.

અહીં કમાલ એ વાતની છે કે કોણિકના પિતા શ્રેણિક અને કોણિકનો દીકરો રાજા ઉદાયિ – બન્ને - ભાવી તીર્થંકરોના આત્મા છે.

■■■

**लुद्धा सकज्जतुरिआ सुहिणोवि विसंवयंति कयकज्जा ।**
**जह चंदगुत्तगुरुणा पव्वयओ घाइओ राया ॥ १५० ॥**

**અર્થ :** જે લોભી છે અને સ્વાર્થ સાધવામાં ઉત્સાહી છે તે માણસ મિત્ર પાસે કામ કરાવી લીધા બાદ તેની જોડે વિપરીતતા આચરે છે.

ચન્દ્રગુપ્તના ગુરુ ચાણક્યે પર્વત-રાજા પાસેથી પોતાનું કામ કઢાવી લીધું, ત્યાર બાદ તેને મારી નંખાવ્યો.

**વિવેચન :** નંદરાજાને મગધની ગાદી ઉપરથી ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલા ચાણક્યે ચન્દ્રગુપ્ત દ્વારા તે પ્રતિજ્ઞા પૂર્ણ કરી. આમાં રાજા પર્વતનો સાથ લેવો પડ્યો હતો. હવે ચાણક્ય પર્વતને મારીને તેનું રાજ લેવા માંગતો હતો. આથી નન્દરાજાએ તૈયાર કરેલી વિષકન્યા પર્વતની સાથે ચાણક્યે પરણાવી. એને રાતે શય્યાભાગિની બનાવીને ભોગ ભોગવતાં જ પર્વત રાજાને ઝેર ચડ્યું. ચન્દ્રગુપ્તે મિત્ર પર્વતને બચાવી લેવા માટે ચાણક્યને ઔષધ-પ્રયોગ કરવાનું કહ્યું ત્યારે તેણે સાફ ના પાડતાં કહ્યું, "એ મિત્ર ખરો; પણ આપણા સ્વાર્થ પૂરતો. હવે આપણને કાંઈ લાગેવળગે નહિ. તે ભલે મરતો, જેથી તેનું રાજ આપણા હાથમાં આવીને પડે."

ગ્રન્થકારશ્રી કહે છે કે મિત્ર સાથે પણ સંસારી જીવને દગો કરતાં, અરે, તેને મારી નાંખતા વાર લાગતી નથી. સ્વાર્થ સાધવા માટે જીવ કેટલી હદે નીચ બની શકે ? તેનું આ જોરદાર દૃષ્ટાન્ત કહેવાય.

જો કે આવો દગો રમતા ચાણક્યે એ જ ભવમાં જૈન-દીક્ષા લીધી છે પરન્તુ અત્યારે તો એની હાલત ભૂંડી છે.

આનું નામ કર્મની વિચિત્ર દશાઓ. જે રામ તે જ ભવે મોક્ષ પામવાના હતા, તેમનામાં મોહની પરિણતિ કેટલી કાતીલ હતી કે હનુમાનના દીક્ષા લીધાના સમાચાર સાંભળીને તિરસ્કાર ભરેલી ભાષામાં તે બોલ્યા, "કેવો મૂર્ખ હનુમાન ! સુંદર મજાના ભોગો ત્યાગીને દીક્ષા લેવાતી હશે."

આ રામે સીતાની દીક્ષા થયા બદલ મોહાન્ધ દશામાં લક્ષ્મણને કહ્યું હતું કે, "કોણે સીતાને દીક્ષા આપી ? તલવારના એક ઝાટકે તેના દેહના બે ટૂકડા કરી નાંખીશ !"

પછી સાધ્વી બનેલા સીતાને જોઈને રામ ઠંડાગાર થઈ ગયા હતા.

જે ભાવીમાં પરમાત્મા મહાવીરદેવ બનવાના હતા; લાખો જીવોને સંયમધર્મની પ્રભાવના કરવાના હતા તેમની ત્રીજા મરીચિભવે કેટલી કરુણ

હાલત થઈ ગઈ હતી !

આ અવસર્પિણીના બાર ચક્રવર્તીઓમાં દસ ચક્રીઓ સંયમના માર્ગે ગયા, આત્મકલ્યાણ કર્યું, પણ તેમણે ગૃહસ્થ તરીકેના (રાજાના) જીવનમાં સાઈઠ હજાર વર્ષો સુધી યુદ્ધો કરીને આખી ધરાને રક્ત-રંજિત કરી. આ કેવો વિસંવાદ ! એક જ આત્મા કેટલી હદે પાપી થાય; અને પછી કેટલી હદે ધર્મી થાય !

માટે જ કોઈ પણ પાપીને કદી તિરસ્કારવો નહિ. કદાચ એ વાલિયો આવતી કાલનો સંત વાલ્મિકી કેમ ન હોય !

પેલો સત્યકી વિદ્યાધર ! કેવો કામાંધ હતો ! વાસનાપૂર્તિ વિના એને એક કલાક પણ ચાલતું નહિ. પરન્તુ ખામોશ ! એણે જ પરમાત્મભક્તિના ઉત્કૃષ્ટ યોગ દ્વારા તીર્થંકર પદને નિશ્ચિત કરી દીધું.

■■■

**निययावि निययकज्जे विसंवयंतंमि हुंति खरफरुसा ।**
**जह रामसुभूमकओ बंभखत्तस्स आसि खओ ॥ १५१ ॥**

**અર્થ :** પોતાના ગણાતા માણસો જ્યારે પોતાનું કામ બગાડી નાંખે ત્યારે તે માણસ તેની તરફ નિષ્ઠુર અને કર્કશવાદી બને છે.

એ સ્થિતિમાં પરશુરામે (પોતે બ્રાહ્મણ હતા) પૃથ્વી ઉપરથી ક્ષત્રિયોનો સાત વાર અને સુભૂમે (પોતે ક્ષત્રિય હતો) પૃથ્વી ઉપરથી બ્રાહ્મણોનો એકવીસ વાર નાશ કર્યો. એ બન્ને પરસ્પર સંબંધી હતા છતાં.

**વિવેચન :** પરશુરામ અને સુભૂમના ચરિત્રની કથાનો સાર એટલો છે કે તે પરસ્પરના સગા હતા પરન્તુ કામસંજ્ઞાના પ્રાબલ્યથી જે ઘટનાઓ બની તેમાં પરશુરામે સાત વખત પૃથ્વીને ક્ષત્રિયવિહોણી કરી; તેની સામે સુભૂમે એકવીસ વાર પૃથ્વીને બ્રાહ્મણવિહોણી કરી. તેણે પરશુરામને મારી નાંખ્યો. સુભૂમ ચક્રવર્તી થયો. મરીને સાતમી નારકે ગયો.

તે કમોતે મર્યો હતો. પોતાના સકળ સૈન્ય સહિત દેવાધિષ્ઠિત ચર્મરત્ન ઉપર બેસીને તે લવણસમુદ્ર પાર કરતો હતો ત્યારે ચર્મરત્નના અધિષ્ઠાયક હજાર (તમામ) દેવોને એક સરખો વિચાર આવ્યો કે, "હું એકલો ચર્મરત્નને ટેકો છોડી દઈશ તેથી શું નુકસાન થવાનું છે ?" આમ એક સાથે તમામે ચર્મરત્ન છોડી દેતાં સકળ સૈન્ય સહિત સુભૂમ લવણસમુદ્રના અગાધ જળમાં પટકાયો. અતિશય પાપિષ્ઠ જીવનના અંજામરૂપે સાતમી નારકે ગયો.

ગ્રન્થકારશ્રી કહે છે કે સંબંધીઓનો પારસ્પરિક સંબંધ કેવા કરુણ અંજામને લાવે છે ? તે આ ઉપરથી સમજાશે.

આની પાછળ અહંભાવ અને સ્વાર્થભાવ મુખ્ય ભાગ ભજવે છે.

આવા જીવોના અધ્યવસાય કૃષ્ણલેશ્યા સ્વરૂપ બને છે. એટલે કે અત્યન્ત નિષ્ઠુર બને છે. એ સ્થિતિમાં સગાં, વહાલાં, દવલાં તમામનું નિકંદન કાઢી નાંખવા સુધી નિષ્ઠુર બને છે. એમની આંખોને પોતાના સ્વાર્થ સિવાય કશું દેખાતું હોતું નથી.

જ્ઞાનીઓએ જાંબુના વૃક્ષથી છ લેશ્યાઓને સરસ રીતે સમજાવી છે.

જંગલમાં પાકી ગયેલા જાંબુથી લચી પડેલું વૃક્ષ હતું. ત્યાંથી છ વટેમાર્ગુઓ પસાર થતાં, તેમને ખૂબ ભૂખ લાગ્યાથી જાંબુ ખાવા લલચાઈ ગયા. પરન્તુ જાંબુ ખાવાની નીતિમાં દરેકનો વિચાર અલગ અલગ થયો.

પહેલો કહે, ''આખું ઝાડ મૂળમાંથી ઊખેડીને ધરતી ઉપર પાડી નાંખો. પછી આરામથી–બેઠા બેઠા-જાંબુ ખાઈએ.''

બીજો કહે, ''આમ કરશો તો ફરી જાંબુ-વૃક્ષ અહીં નહિ બને. એટલે મુખ્ય થડ રાખીને બાકીનું આખું ઝાડ ઢાળી નાંખીએ.''

ત્રીજો કહે, ''એમ કરવાથી ઘણાં લાંબા સમય બાદ વૃક્ષ બનશે અને તે ફલિત થશે. એટલે મોટી ડાળીઓને વૃક્ષથી કાપી નાંખીએ.''

ચોથો કહે, ''એ કરતાં ફળથી લચી પડેલી નાની ડાળીઓને જ વૃક્ષથી કાપી નાંખીએ.''

પાંચમો કહે, ''માત્ર જાંબુના ફળો જ તોડી લઈએ. જેથી ઝટ નવા જાંબુ ડાળીઓ ઉપર આવી જાય.''

છઠ્ઠો કહે, ''આ ધરતી ઉપર, પાકીને આપમેળે ખરી પડેલા જાંબુ જ શા માટે ન ખાવા ? એટલા બધા જાંબુ ખરી પડેલા છે કે તે બધા આપણે ખાઈ શકીએ તેમ નથી. વૃક્ષ ઉપર લટકેલા જાંબુને તોડો નહિ. તે કુદરતે પંખીઓ વગેરે માટે ઉગાડ્યા છે. માનવો કે પશુઓ તેને ખાઈ ન શકે તે માટે તો ઊંચે ઉગાડ્યા છે. વળી વૃક્ષ અકબંધ રહેશે તો તેની છાયામાં વટેમાર્ગુઓ વિશ્રામ કરી શકશે. છાયામાં પાણીની પરબ મૂકી શકાશે. છાયાથી ઠંડું થયેલું પાણી પીને થાકેલા-તરસ્યા માણસોને મજેનો હાશકારો થશે. આ બધા લાભોની બાદબાકી ન કરો. આપણી ભૂખને આપણે ધરતી ઉપર પડેલાં જાંબુથી જ પૂરી કરી દઈએ.''

જ્ઞાનીઓ કહે છે કે આ દૃષ્ટાન્તમાં ક્રમશઃ કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા(મનના અધ્યવસાયો) વાળા જીવો ગોઠવાયેલા છે. કૃષ્ણલેશ્યાવાળા જીવનો ચિત્તપરિણામ અત્યન્ત નિકૃષ્ટ (હિંસક) છે. પછી તે પરિણામ ઉત્તરોત્તર મંદ થતો જાય છે.

પોતાની ભૂખ પૂરી કરવાના નાનકડા કાર્ય માટે આખું ઝાડ, મૂળમાંથી પાડી દેવાની કોઈ આવશ્યક્તા નથી. પણ કૃષ્ણલેશ્યાવાળા જીવોનો અધ્યવસાય આ રીતનો અત્યન્ત હિંસક રહે છે. "આખી દુનિયા જન્હમમાં જાય. માત્ર મારું હિત થવું જોઈએ." આવી તેની વિચારણા હોય છે.

કેમિકલની ફેકટરી દ્વારા જે એસીડ વગેરે પ્રવાહી પદાર્થોનો કચરો નીકળે છે તે નદી વગેરેના પાણીમાં છોડાય તો લાખો માછલીઓ વગેરેનું નિકંદન નીકળી જાય. ઉપરાન્ત પ્રદૂષિત પાણી પીવાથી હજારો માણસો કેન્સર વગેરે રોગોથી રિબાઈને મૃત્યુ પામે. આ બધું જાણવા છતાં ફેક્ટરીથી થતાં પોતાના આર્થિક લાભો સામે જ જોવાય અને આ બધી બાબતો પ્રત્યે આંખમીંચામણા કરાય તો તે માણસ કૃષ્ણલેશ્યાવાળો કહેવાય.

વર્તમાનમાં જે તે ધંધા દ્વારા જે ધન કમાવાય છે તે તદન અધમ માર્ગોથી કમાવવાના કારણે ભોક્તાઓની બુદ્ધિ ઉપર સખ્ત પ્રહાર થાય છે. તેવા લોકો, તેમનું આખું કુટુંબ હૃદયશૂન્ય (નિષ્ઠુર) અને બુદ્ધિભ્રષ્ટ થાય છે. આ લોકો કૃષ્ણલેશ્યાનો શિકાર બને છે. જેટલું ધન ન્યાયમાર્ગનું રહે તેટલી લેશ્યા સુધરતી જાય. યાવત્ શુકલલેશ્યા પણ પ્રાપ્ત થાય.

પરશુરામ અને સુભૂમ કૃષ્ણલેશ્યાનો ભોગ બન્યા છે તો જ પૃથ્વીને નક્ષત્રી કે અ-બ્રાહ્મણી અનેકવાર કરી શક્યા છે. માનવદેહમાં પેદા થયેલા આવા જીવોને નરરાક્ષસ કહેવા જોઈએ.

રાધનપુરની એક બાઈને તેના પતિએ સટ્ટામાં ધૂમ કમાતાં પાંચ લાખ રૂપિયાનું ઘરેણું કરી આપ્યું. કાલાન્તરે પતિએ બધી રકમ ગુમાવતાં ઘરેણું પાછું માગ્યું. પેલીએ સાફ ના પાડતાં પતિ રાતે ભાગી ગયો. બે-ત્રણ વર્ષ સુધી પત્તો નહિ લાગતાં ગામના અને જ્ઞાતિના લોકોએ તે બાઈને 'વૈધવ્ય' સ્વીકારવા કહ્યું. ઘરેણાનાં કાતીલ મોહમાં ફસાયેલી બાઈએ સાફ સુણાવ્યું કે, "જ્યાં સુધી મારા પતિનું મડદું મારી સામે ન મૂકો ત્યાં સુધી હું સૌભાગ્યવંતી તરીકે જ રહીશ."

પછી તો ત્રીસ વર્ષ વીતી ગયા. પતિનો પત્તો ન જ લાગ્યો. પેલી બાઈએ

વૈધવ્યનો સ્વીકાર ન કર્યો. સોહાગણ સ્ત્રીની જેમ બધી નટખટ કરતી રહી.

આવા તો અનેક દૃષ્ટાન્તો જુદી જુદી લેશ્યાઓ ઉપર આપી શકાય.

જ્ઞાનીઓએ કૃષ્ણભેરીનું દૃષ્ટાન્ત આપ્યું છે. ખૂબ ગરીબ અને રોગિષ્ટ પ્રજાજનોને શ્રીકૃષ્ણ જોતાં તો ત્રાસી જતા. ચોધાર રડી પડતા. તેમણે અઠ્ઠમનો તપ કરીને દેવને સાધ્યો. અંતરના દર્દની વાત કરીને કોઈ ઉપાય કરવા જણાવ્યું. દેવે મોટું નગારું (ભેરી) આપ્યું. નિશ્ચિત કરેલા વર્ષના બે દિવસે તે વગાડવાનું. જેટલા લોકો તેનો ધ્વનિ સાંભળે તે બધાના બધા રોગો (પ્રાયઃ) ટળી જાય.

મુકરર કરેલા બે દિવસમાં હજારો લૂલા, લંગડા, આંધળા, દમથી હાંફતા, હાથથી કપાએલા લોકોને આવતા જોઈને કૃષ્ણ દયાથી કંપી ઊઠતા. પણ જ્યારે ભેરીવાદન સાંભળતાં તે બધા સાજા-સારા થઈને નાચતા-કૂદતા પાછા ફરતાં ત્યારે તે જોઈને કૃષ્ણના હૈયે હર્ષનો સાગર હિલોળે ચડતો.

પણ એક વાર કૃષ્ણલેશ્યાવાળો શ્રીમંત પોતાના તાવથી ધગધગતા સંતાનને લઈને ધસી આવ્યો. કાશ ! ભેરી તો ગઈ કાલે વાગી ગઈ હતી. તે મોડો પડ્યો હતો. હવે તો પૂરા છ માસ રાહ જોવાની હતી; જે વાત તે ધનાઢ્ય માણસને પોષાય તેમ ન હતી. તેણે ગરીબ ભેરીવાદકની દુઃખતી નસ પકડી. તેને સો સોનામહોર દઈને કહ્યું, "તું ભલે ભેરી ન વગાડતો કેમકે જો શ્રીકૃષ્ણને તે અવાજ સંભળાઈ જાય તો તલવારથી તારું ડોકું કાપી નાંખે. મને ચંદનની તે ભેરીમાંથી ચંદનની નાનકડી કટકી કાપીને આપ. જેના ધ્વનિમાં રોગનાશકતા હોય તેના ચંદન-પદાર્થમાં પણ રોગનાશકતા હોય જ. આ મારું વાણિઆનું ગણિત છે. તે ખોટું પડશે નહિ."

ધન જોઈને વિચલિત બનેલા વાદકે ચંદનની કટકી આપી. ત્યાં જ તેનો ઉપયોગ થયો. ક્ષણવારમાં બાળકનો તાવ ભાગી ગયો.

ઘરે જઈને એ ધનવાને ચારે બાજુ આ વાત ફેલાવીને તમામ શ્રીમંતોને કહ્યું, "હવે આપણા સ્વજનના રોગને દૂર કરવા માટે રાહ જોવાની જરૂર નથી. સો સોનામહોર દઈને ચંદન-કટકી લઈને આજે જ ચટાવી દો. બેડો પાર.

એમ જ થયું. સેંકડો શ્રીમંતોએ આ યોજનાનો લાભ લીધો. આખી ભેરીનું ચંદન ખતમ થયું અને વાદક દરેક વખતે લાકડાની કટકી ચોંટાડતો હતો. આખી ભેરી લાકડાની બની ગઈ.

સમય થતાં હજારો રોગી ગરીબો આવી ઊભા. કૃષ્ણ પણ આવી ગયા. ભેરીને ખંડમાંથી બહાર કઢાઈ. રાજાનો આદેશ થતાં વાદકે વગાડવાનું શરૂ

કર્યું પણ કશો અવાજ ન નીકળ્યો. ભંડો ફૂટી ગયો. કૃષ્ણને જબરો આઘાત લાગ્યો. પણ હવે શું કરે ?

જોયું ને ? એક માણસે પોતાના સ્વાર્થ ખાતર હજારો માણસોનો આનંદ તરછોડી નાંખ્યો. આજે એવા ઘણા બધા વ્યવસાયો ચાલે છે જેને ચલાવનારા લોકોમાં કૃષ્ણલેશ્યાનો અધ્યવસાય જોવા મળે.

બાજુના ગામમાં મેલેરીઆ ફેલાતાં ત્યાંના ડૉક્ટરોને પુષ્કળ કમાણી થઈ. તે જોઈને બીજા ગામનો ડૉક્ટર પોતાના ગામમાં તેનો વાયરસ ફેલાય તેની રાહ જોવા લાગ્યો. આખા ગામમાં જો વાયરસ ફેલાય તો પોતાને ઘેર ટંકશાળ પડી જાય.

હાય ! આ કૃષ્ણલેશ્યાના પાપે તેનો જ ભોગ લીધો. પ્રથમ મેલેરીઆ તેને વળગ્યો. જોતજોતામાં તે ડૉક્ટર મરી પણ ગયો. એના મનની મનમાં રહી ગઈ !

કેટલીક વાર આ રીતે પોતાના દુષ્ટ અધ્યવસાયો પોતાનું જ કારમું અહિત કરી દેતા હોય છે.

બીજાને ત્રાસ દેવો એ નારકના પરમાધામી દેવોનું કાર્ય છે. આ કામ અત્યન્ત નિષ્ઠુર બનીને જ કરી શકાય.

ઘણા સારા આત્માઓ પણ ભલે કૃષ્ણલેશ્યાવાળા ન હોય પરન્તુ તેમને પણ બીજાઓના દુઃખોમાં મનોમન આનંદ થતો હોય છે. આમાં મુખ્યત્વે ઈર્ષ્યાનો દોષ ભાગ ભજવી જતો હોય છે. દોષની તીવ્રતા મંદતા પ્રમાણે તેમની નીલ, કાપોત વગેરે લેશ્યા કલ્પી શકાય.

■■■

**कुलघरनियय सुहेसु अ सयणे य जणे अ निच्च मुणिवसहा ।**
**विहरंति अणिस्साए जह अज्जमहागिरि भयवं ॥१५२॥**

**અર્થ :** શ્રેષ્ઠ મુનિઓ કુટુંબ, ઘર, પોતાના સંબંધીઓ, તથા ગામ, નગરોમાં મળતું સુખ, સ્વજનો અને સામાન્ય લોકોમાં ભલે વિચરે ખરા પરન્તુ તેમની સાથે કોઈ પ્રતિબંધ (સ્નેહ) ન રાખે. તેમની નિશ્રા ન સ્વીકારે. બિલકુલ આત્મલક્ષી જીવન જીવે. આર્યમહાગિરિ ભગવંતની જેમ.

**વિવેચન :** સાચો મુનિ તેને કહેવાય જેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવનો કોઈ પ્રતિબંધ ન હોય. કોઈ દ્રવ્યનો તેને આગ્રહ ન હોય, કોઈ ક્ષેત્રમાં તેનું મમત્વ ન હોય, કોઈ કાળમાં જ તપ વગેરે કરવા માટે તેની જીદ ન હોય,

કોઈ પણ કલુષિત ભાવમાં કે રાગાદિભાવમાં તે ફસાતો ન હોય.

અરે, સામેની કોઈ વ્યક્તિ એની ઉપર રાગાદિ કરે; એને કોઈ ક્ષેત્ર વગેરેમાં પ્રતિબદ્ધ કરે—ભક્તિભાવથી—તે ય તેને ન ગમે. એ તો ગગનનું પંખી. મસ્ત રીતે ગગનની તમામ દિશાઓમાં ઊડ્યા કરે.

આવી સ્થિતિમાં જ આત્માના અપાર સુખનો આનંદ અનુભવી શકાય.

આવા ખાખી-બંગાલી સાધુઓ જ ધરતીના બેતાજ બાદશાહો હોય. સમ્રાટો અને ધનાઢ્યો આ જ કારણે તેમના ચરણો ચૂમવામાં પોતાનું સૌભાગ્ય સમજતા હોય. એમની કૃપા પામવા માટે તનતોડ પ્રયત્નો કરતા હોય.

આવા મહાત્માઓને ધનાદિથી ખરીદી શકાતા નથી. પૂજા-પાઠ કરવાથી રીઝવી શકાતા નથી. ટૂંકમાં શ્રીમંત કે સત્તાધારી લોકોના હાથમાં તેઓ કદી આવતા નથી.

આથી જ ગુરુ એરીસ્ટોટલે ભારત જતાં શિષ્ય સિકંદરને કહ્યું હતું કે, "ભારતીય સંતો આ વિશ્વની અજાયબી છે. તું તેમને મળીને આવજે અને જે કાંઈ બને તે મને જણાવજે."

સિકંદર કોક મસ્તફકીર મહાત્માની પાસે ગયો હતો. ઘોડા ઉપર બેસીને જ રેતીમાં બેઠેલા પોતડીધારી સંન્યાસી સાથે પોતાની વિરાટ સત્તા, સંપત્તિ અને સામર્થ્યની વાતો કરવા લાગ્યો. છેલ્લે તેણે કાંઈક માંગવા કહ્યું ત્યારે મસ્તબાવાએ કહ્યું, "તારા ઘોડાને બીજી તરફ રાખ જેથી સૂર્યના કિરણો મારા દેહ ઉપર પડી શકે."

સિકંદર સ્તબ્ધ થઈ ગયો.

પછી તે મસ્તબાવાએ કહ્યું કે "તેં તારી ઉપાર્જેલી સત્તા, સંપત્તિ વગેરેની વાત કરી તે એમ સાબિત કરે છે કે તું તે બધાનો ગુલામ છે. વળી હજી પણ તારે ઘણું પ્રાપ્ત કરવાની લાલસા છે તે બતાવે છે કે તું ભિખારી પણ છે. તારા જેવા ગુલામ અને ભિખારી પાસે માંગવાનું શું હોય ! જેની તૃષ્ણા ઘણી છે તે સૌથી મોટો કંગાળ છે. તું શી રીતે બાદશાહ કહેવાય ! બાદશાહ તો હું કહેવાઉં જેને કોઈ પણ વસ્તુની સ્પૃહા નહિ હોવાથી આત્માના શ્રેષ્ઠ આનંદની અનુભૂતિ કરું છું."

જ્ઞાનીઓએ **निःस्पृहत्वं महासुखं'** કહીને સાચા સુખની વ્યાખ્યા કરી છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સૌથી પ્રથમ શ્લોકમાં મુનિના વિશેષણ તરીકે કહ્યું

છે કે સાધુ સંયોગોને આધીન ન હોય.[**संजोगा विप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो**]જડ કે ચેતનના તમામ સંબંધોથી જે મુક્ત હોય : જેને માનસન્માનનો યોગ પણ અકારો લાગે તે મુનિ-શ્રેષ્ઠ કહેવાય.

મૂળદાસ ભગતની આ જ હાલત હતી. એટલે જાણીને કોઈ ગર્ભવતી બાઈને સાધી. એની પાસે એવું પ્રચારવાનું નક્કી કરાવ્યું કે તેના પેટના બાળકનો પિતા મૂળદાસ ભગત છે. આખા ગામમાં અતિશય સન્માનિત બનેલા ભગતની આ વાત સાંભળીને અગ્રણીઓ તે વાતનો નિશ્ચય કરવા ભગત પાસે ગયા. ભગતે કહ્યું, “એ બાઈ જે કહે તે ખરું. એને ખોટું બોલવાનું શું કારણ ?”

અને... સહુ લાકડીઓ લઈને ભગત ઉપર તૂટી પડ્યા. ઢોર માર મારતાં મારતાં નગર બહાર કાઢી મૂક્યા.

ભગત મનમાં ખૂબ હરખાતા રહ્યા. હવે તેમને લોકસન્માન માથે ચડી બેસવાનો ભય ન રહ્યો.

ભર્તૃહરિ અને ગોપીચંદ-બે અજૈન સંતો-સાથે ગામેગામ ફરતા. તેઓ રાજર્ષિ હતા એટલે દરેક ગામે સેંકડો લોકો ચરણસ્પર્શ માટે આખો દિવસ આવતા. મીઠાઈઓ મૂકતા. આ વ્યવહારથી બે સંતો ત્રાસી ગયા. તેમાંથી છૂટવા એક ત્રાગું કર્યું.

એક દિ' ડોસી આવી. પગે લાગીને લુખ્ખોભટ્ઠ રોટલો મૂક્યો. બીજી જ ક્ષણે બે સંતોએ તે રોટલો લેવા યત્ન કર્યો. તેમાં મોટો ઝગડો થયો. રોટલાના તો ચૂરેચૂરા થયા પણ તેઓ મારામારી ઉપર આવી ગયા. લોહીલુહાણ થયા.

સેંકડો લોકો સ્તબ્ધ થઈ ગયા. કહેવા લાગ્યા કે, “આ સંતો તનના ભિખારી તો છે; પણ મનના ય ભિખારી છે. ઢગલાબંધ મીઠાઈઓ પડી છે છતાં રોટલા કાજે ઝગડી પડ્યા. આ તે કાંઈ સંત કહેવાય ?”

લોકોમાં ચારે બાજુ આ વાયકા ચાલી. બીજા દિવસથી ચકલાએ પણ તેમની પાસે ફરકવાનું બંધ કર્યું.

એથી તેમને અતિશય આનંદ થયો કે હાશ, હવે લોકહેરીથી ઊગરી ગયા.

હવે ભજનો ગાવાની મજા પડશે.

આ શ્લોકમાં નિશ્રારહિતપણે મુનિચર્યાને જીવતા આર્યમહાગિરિજી મહારાજની વાત જણાવી છે. એ મહાત્મા લોકોમાં ફરતા નહિ, લોકસંપર્ક કરતા નહિ, ભક્તો બનાવતા નહિ. પોતાના ગુરુભાઈ આર્યસુહસ્તિ મહારાજને

ગચ્છનો ભાર સોંપી દીધો હતો.

એક વાર એ બે મહાપુરુષો વસુભૂતિ નામના શ્રાવકને ત્યાં ભેગા થઈ ગયા. આર્યસુહસ્તિ મહારાજે તેમને વંદનાદિ કરતાં વસુભૂતિ ખૂબ ભાવપૂર્વક આર્યમહાગિરિને ગોચરી વહોરાવવા ઉત્સુક થયો. મહાગિરિજી ત્યાંથી ચાલી ગયા.

વસુભૂતિ શ્રાવકે આખા નગરમાં તે મહાત્માની ખ્યાતિ ફેલાવતાં તમામ ઘરોની ભિક્ષા અશુદ્ધ બની. મહાગિરિજીએ આર્યસુહસ્તિ પાસે ઉપાશ્રયે જઈને તેમને ઠપકો આપ્યો કે તેમણે શા માટે વસુભૂતિને ઘેર વિનયાદિ કર્યો ?

આ પછી મહાગિરિજી અન્યત્ર ચાલી ગયા. ગચ્છનો આશ્રય લઈને જે વિહાર કરતાં હતા તે આશ્રય છોડીને સ્વતન્ત્ર વિહાર કરવા લાગ્યા.

ગ્રન્થકારશ્રી કહે છે કે સાધુઓએ આર્ય-મહાગિરિજીની જેમ કોઈની પણ અપેક્ષા (આલંબન) રાખ્યા વિના મુનિપણાની ઉત્તમ આરાધના કરવી.

હાલની શ્રમણસંસ્થાની પરિસ્થિતિ અત્યન્ત દુઃખજનક છે. કેટલાક શ્રમણ-શ્રમણીઓનું જીવન સ્વજનો, ભક્તો, સ્નેહીજનો વગેરેને સંપૂર્ણ પરાધીન બનેલું જણાય છે. તે લોકોની જેમ તે મુનિઓ પણ સાધુવેષે ગૃહસ્થ બની ગયા હોય તેવું લાગે.

અપરિગ્રહી મુનિઓ પાસે પરિગ્રહનો ઢગલો હોય.

અણગાર મુનિઓ પાસે પોતાનું અગાર (ઘર) બની ગયું હોય.

નારીનો પડછાયો પણ નહિ લેવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલા એ મહાત્માઓની ચારે બાજુ ભક્તાણીઓ ભમતી હોય. ટીફીનો દ્વારા માલપાણી જમાડતી હોય.

દેહાતીત બનવાની સાધનાને વરેલા તે મુનિઓ દેહાધ્યાસમાં ગળાબૂડ હોય.

આ મહાત્માઓનો કોઈ કાન પકડે, સુધારે, માર્ગ ઉપર લાવે તેવો કોઈ નેતા નથી, ગુરુ નથી, કલ્યાણમિત્ર નથી.

શ્રમણસંઘ નેતૃત્વહીન સ્થિતિમાં હોવાથી તેનું નાવ સતત હાલમડોલમ થતું રહ્યું છે.

શ્રમણોમાં રહેલી અગાધ ધર્મપ્રભાવક શક્તિઓનો જિનશાસનની સેવામાં લેશ પણ ઉપયોગ થતો નથી. પુષ્કળ સંઘર્ષો સતત ચાલતા હોવાથી તે શક્તિસંપન્ન સાધુઓ હતપ્રભ થઈને સાવ નિષ્ક્રિય બનીને બેઠા છે. વિકથાઓમાં પડ્યા છે. સંયમજીવનનો રસ પણ તેઓ ગુમાવતા જાય છે. છેલ્લા સાત દાયકા જેટલો સુદીર્ઘકાળ આ રીતે પસાર થવાથી મુનિઓનો સ્વ-પર હિત કરવાનો ઉલ્લાસ ક્ષીણ થયો છે.

આવી સ્થિતિમાં ઉત્તમ કોટિનું મુનિજીવન જીવવાના સ્વપ્નો પણ દુર્લભ બન્યા છે.

એવું લાગે છે કે શ્રમણત્વનું વૃક્ષ મૂળમાંથી ઊખડી ગયું છે.

એવું લાગે છે કે આવું થવામાં મુખ્યત્વે કાળ કારણ છે. ત્યારબાદ મુનિઓનો પૂર્વભવોમાં દૃઢ કરેલો વિરાધકભાવ કારણ છે.

આ માટે સૌ પ્રથમ ગર્હાત્રિક દ્વારા વિરાધકભાવની ગાંઠ તોડી નાંખવી જોઈએ. આમ થશે તો જે તે મુનિ કાળપ્રભાવે કદાચ પરહિત નહિ કરી શકે તો પણ સ્વહિત તો જરૂર આરાધી શકશે. પરલોકે સદ્ગતિ અવશ્ય પામી શકશે.

અરે, આટલું પણ પરિણામ મળે તો ભયો ભયો. કેમકે કુનિમિત્તોના ભટકાઈ જવાને કારણે જે રીતે દુર્ભાવો રાત ને દિ' ઊછળતા રહે છે તેમાં સદ્ગતિની શક્યતા સાવ ધૂંધળી બની છે.

જો કાળ વિપરીત જ છે તો પરહિતની બધી પ્રવૃત્તિઓને મુનિઓએ ગૌણ કરી દેવી જોઈએ અને અંતરમાં પલાંઠી મારીને બેસી જવું જોઈએ.

વર્તમાન વિષમકાળમાં ય કેટલાક મુનિઓ આદર્શ મુનિ, શાસ્ત્રોક્ત મુનિ, નિકટ મોક્ષગામી મુનિ તરીકેનું ઉત્તમ જીવન જીવી રહ્યા છે. તેમની પાસે જાતે ઊંચકી લેવાય તે સિવાય લેશ પણ ઉપધિ નથી, તેમને ભક્તો નથી, ભક્તાણીઓ પણ નથી. આથી તેઓ કોઈની સાથે સ્નેહ કરી બેસતા નથી. શરીરથી પણ તે નિર્મમ છે એટલે ત્રિફળા જેવી સામાન્ય ઔષધિ પણ લેતા નથી. એલોપથી ઔષધોની તો વાત જ ક્યાં રહી ? આ મુનિઓને લોકૈષણા, શિષ્યૈષણા અને વિત્તૈષણા લગીરે હોતી નથી.

બહારથી સાવ ઉદાસ પણ અંદરથી અત્યન્ત આનંદી હોય છે.

બહારથી સાવ શૂન્ય પણ અંદરથી પૂર્ણ સ્વરૂપનું ભાન કરે છે.

બહારથી બોઘા છતાં અંદરથી અતુલ જ્ઞાની હોય છે.

બહારથી વ્યવહારશૂન્ય પણ અંદરથી નિશ્ચયમાં ગળાબૂડ હોય છે.

આર્યમહાગિરિજીએ તો ગચ્છનિશ્રા પણ નાનકડા પ્રસંગ પર (પૂર્વોક્ત) છોડી દીધી હતી. એમની આવી ઉચ્ચ સ્થિતિને તો કોટિ કોટિ વંદન.

■■■

**रूवेण जुव्वणेण य कन्ना सुहेहिं वरसिरीए य ।**
**न य लब्भंति सुविहिया निदरिसणं जंबूनामत्ति ॥ १५३ ॥**

**અર્થ :** જે ઉત્તમજનો છે તે રૂપવતી, યૌવનવતી કે ગુણવતી કન્યાઓથી, અથવા સાંસારિક સુખોથી કે પુષ્કળ લક્ષ્મીથી જરાય ખેંચાઈ જતા નથી.

નજર નાંખો; એવા મહાત્મા જંબૂકુમાર. તરફ. એમનું દૃષ્ટાન્ત અત્યન્ત આશ્ચર્યભર્યું છે.

**વિવેચન :** પૂર્વના ત્રીજા ભવે - ભવદેવ તરીકેના ભવમાં તો સાધુવેષમાં જેની દશા બગડી ગઈ હતી. નવોઢા નાગિલાના જપમાં જેણે દીક્ષાના બારે ય વર્ષ વીતાવ્યા હતા. ગુરુ તરીકેના મોટાભાઈના મોતની જે સતત પ્રતીક્ષા કરી રહ્યો હતો. જેવું એમનું મોત થયું કે એ નાગિલાના વતન ભણી ભાગ્યો.

ભલું થજો એ નાગિલાનું કે જેણે પતન થતાં અટકાવ્યો.

જિનશાસનની મહાન્ દસ શ્રાવિકાઓમાં નાગિલાનો નંબર લાગી શકે. એના જેવી ઊંડી શાસ્ત્રીય સમજ બહુ ઓછી નારીઓમાં જડે.

ભવદેવ-મુનિએ શેષ બાર વર્ષોમાં ઉત્તમ મુનિજીવન પાળ્યું. પોતાના દુષ્કૃત ઉપર ઘોર પશ્ચાત્તાપ રાત ને દિ' કર્યો. તેથી ચારિત્રધર્મની વિરાધના અને તેનો વિરાધકભાવ તૂટી ગયો. આમ પાપાનુબંધ તૂટ્યો પણ પાપબંધ નિકાચિત હતો એટલે એને તો ભોગવ્યે જ છૂટકો હતો. પછીના શિવકુમારના ભવમાં માબાપે ચારિત્રગ્રહણની સાફ ના પાડતાં બાર વર્ષ સુધી છટ્ઠના પારણે આંબિલ કરીને એ નિકાચિત કર્મ ભોગવીને ખતમ કર્યું.

આમ પાપકર્મના બંધ અને અનુબંધ - બે ય - તૂટી જતાં ચારિત્રધર્મના સ્વીકારની લાઈન ક્લીઅર થઈ ગઈ.

એ આત્મા જંબૂકુમાર બન્યો.

અખૂટ ધનવૈભવ !

અખૂટ ગુણવૈભવ !

૯૯ ક્રોડ સોનામહોરનો માલિક.

૯૯૯ ક્રોડ ગુણોનો માલિક.

ભરયૌવને સાવ નિર્વિકાર.

નારી તરફ નજર પણ નહિ.

વિષયોનું લગીરે આકર્ષણ નહિ.

સંસારનો કોઈ રસ નહિ.

ગુરુનો સત્સંગ થતાં જ સંયમધર્મની વાટ પકડી લેવાનો નિર્ણય કર્યો. માતપિતાને વાત કરી. પહેલે ધડાકે તો ભડકી ગયા પણ પછી એક દાવ રમ્યા.

તેમણે દીકરા જંબૂને કહ્યું કે, "તને દીક્ષા નિશ્ચિત આપશું પણ તું આઠ કન્યાઓ સાથે લગ્ન કર. રાત પસાર કર. સવારે દીક્ષા."

વડીલોનો ખ્યાલ એવો હતો કે નારીના સંગમાં આ પુરુષ લપેટાઈ ગયા વિના રહેવાનો નથી.

પણ જેનો વૈરાગ્ય ચોલમજીઠનો રંગ હતો એ શી રીતે લપેટાય ?

જેનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હતો એ શી રીતે લપેટાય ?

પૂર્વના બે ભવોમાં જેણે ચારિત્રમોહનીય કર્મના નિકાચિત બંધ અને અનુબંધોના છક્કા છોડી નાંખ્યા હતા તે શી રીતે લપેટાય ?

સ્વર્ગની અપ્સરાઓ જેવી ક્રોડાધિપતિઓની આઠ કન્યાઓના જંબૂકુમાર સાથે લગ્ન થયા.

આખી રાતના એકાંતવાસમાં દરેક કન્યાએ પ્રિયતમ પતિના વૈરાગ્યને ધોઈ નાંખવા માટે વારાફરતી સખ્ત પ્રયત્નો કર્યા પણ બધા નિષ્ફળ ગયા.

છેલ્લે જંબૂકુમારે વૈરાગ્યવાહિની દેશના આપી પોતાની સાથે સંસારત્યાગની પ્રેરણા કરી. એમ જ થયું. તમામ કન્યાઓએ પણ દીક્ષા લીધી.

કન્યાઓનો વર હવે મુનિવર બન્યો.

જેમને કામ સતાવતો હશે; હલકી જાતિની કન્યામાં પણ જેનું મન ખળભળી ઊઠતું હશે, નારીનું કામણગારું ચિત્ર જોઈને જેના રૂંવાડા ખડાં થઈ જતાં હશે તેમને ખ્યાલ આવશે કે જંબૂકુમારે શું કમાલ કરી છે !

પોતાની પત્નીઓ : એકાંતવાસ : અંધકાર : કામઘેલી બનેલી નારીઓ : માબાપની મોહદશા : પોતાનું ફાટફાટ કરતું યૌવન !

શું બાકી હતું ! છતાં એ બધું જેને ગંધાએલી હડકાયી કૂતરીથી જરા ય ઓછું દેખાતું ન હતું : જેને એ બધું વિષ્ઠા બરોબર જણાતું હતું એવો પત્થરશો જંબૂ નારીની ધગધગ કરતી આગથી શેં પીગળી શકે !

પતન તો ચારિત્રમોહનીય કર્મના તીવ્ર ઉદયથી થાય: આ ભાઈને તો 'લાઈન ક્લીઅર' થઈ છે. એને હવે ચારિત્રસ્વીકાર અને ચારિત્રનું ઉત્કૃષ્ટ પાલન સિવાય બીજું કશું હોઈ શકે નહિ.

અત્યન્ત આશ્ચર્યભર્યું જંબૂકુમારનું જીવન ભલભલાના લોહીને થીજાવી દે તેવું છે.

કામીઓનું તો મગજ જ કામ ન કરે.

ગમે તેવી જ્ઞાનદશા હોય પણ જો કર્મો અનુકૂળ ન થાય તો જ્ઞાનદશા પણ પાછી પડે. એકદમ વિદ્વાનને પણ કામજ્વર લાગુ થતો હોય છે તેનું કારણ તેનો વિષમ કર્મોદય છે. આવા આત્માઓને તો કામચંડાલ નિર્દય બનીને રહેંસી નાંખે.

કર્મોદયની વિષમતાને ઠીક કરવી હોય તો કાં દેવની અથવા ગુરુની ખૂબ ભક્તિ કરવી. અથવા છેલ્લે સુસાધુઓની ખૂબ વૈયાવચ્ચ કરવી. એ કામવાસનાને નબળી પાડી દેવા માટેનો અંતિમ અને અમોઘ ઉપાય છે.

જો ચારિત્રમોહનીયકર્મ ઉદયાન્વિત બનીને જોર મારતું હોય અને તેવી સ્થિતિમાં દીક્ષા લેવાય તો દીક્ષાનું જીવન ભયંકર દોષોથી ખદબદી ઊઠે. એ આત્મા પોતાની જાત ઉપરનો કાબૂ ગુમાવી દે.

આ માટે મુમુક્ષુએ ગૃહસ્થકાળ દરમ્યાન અરિહંતદેવની અષ્ટપ્રકારી પૂજનાદિ સ્વરૂપ ઉત્કૃષ્ટ ભક્તિ કરવી જોઈએ. આનાથી દર્શનમોહનીય કર્મના ભુક્કા બોલાય છે. આ પછીનું ચારિત્રજીવન 'નિત્ય ચડતે પરિણામે' બની રહે છે.

આ મોહનીય કર્મના ઉદયવાળા જીવો ચારિત્ર જીવનમાં પુષ્કળ સીદાતા-રિબાતા હોય છે. ન તો સંસારનું સુખ ભોગવ્યું; ન તો ચારિત્રજીવનનો આનંદ માણી શકાયો. ઊભયભ્રષ્ટ બન્યા.

એવું ખરું કે આવા શિથિલાચારી વેષધારી સાધુઓ જે મોજમજા કરતા હોય છે; ભક્ત-ભક્તાણીઓના ભગવાન બનીને મસ્તી કરતા હોય છે તે બધું તેમના શાતા-વેદનીયકર્મના (પાપાનુબંધી પુણ્યકર્મના) ઉદયથી બને છે.

જ્યાં ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ ન હોય અને શાતાવેદનીય કર્મનો ઉદય હોય તેવી સ્થિતિમાં જે ચારિત્ર મળે તે દીર્ઘકાલીન સંસારનો હેતુ બની જાય. આવા જીવો જે કાંઈ સુખ-સાહેબી પ્રાપ્ત કરે તે બધું તેમના કારમા અહિત માટે થાય. બિચારા એ જીવોને આવી વાતની ખબર હોય તો પણ તેઓ સ્વચ્છંદીપણું અને સુખશીલતાને ત્યાગી શકતા નથી.

ક્ષયોપશમભાવના ચારિત્રને અપનાવવું અને ઔદયિકભાવના ચારિત્રને કદી પસંદ ન કરવું એ જ યોગ્ય ગણાય.

ક્ષયોપશમભાવના ચારિત્રની નિશાની એ છે કે એ આત્માને કષ્ટોમાં :

દુઃખોમાં આનંદ આવે : ખૂબ આનંદ આવે.

ઔદયિકભાવના ચારિત્રની નિશાની એ છે કે તે આત્માને ઈન્દ્રિય-સંબંધિત સુખમાં ખૂબ આનંદ આવે.

પહેલાંને ઉપવાસમાં આનંદ : પારણામાં ત્રાસ.

બીજો ઉપવાસમાં ખૂબ રિબાય : પારણે હર્ષઘેલો બની જાય.

જ્ઞાનીઓ કહે છે કે ઉપવાસ વગેરેના કષ્ટોને દુઃખમય ન કહેવાય. જ્યારે આત્મા સ્વેચ્છાએ ઉપવાસાદિ કરે ત્યારે તેમાં તેને ખૂબ આનંદ હોય છે. એટલે જ આ કષ્ટ પાપકર્મના ઉદયથી આવે તેમ કહીને તપસ્વી સાધુઓ પાપકર્મનો ઉદય ભોગવે છે એવું ન કહેવાય. આનંદની સ્થિતિ પાપકર્મના ઉદયથી નથી પરન્તુ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી હોય છે. સંસારી જીવોને રોગાદિના દુઃખો પાપકર્મના ઉદયથી આવે છે એમ જરૂર કહી શકાય.

જંબૂકુમારે રાત્રિના વાર્તાલાપ દરમ્યાન જૈનકુળની આઠ કન્યાઓને બૂઝવી પરન્તુ ચોરી કરવા આવેલા પરંતુ વાર્તાલાપ સાંભળવામાં સ્તબ્ધ બની ગયેલા પ્રભવ વગેરે પાંચસો અજૈન અને ચોરોને પણ બૂઝવી દીધા. તેઓએ પણ સંયમધર્મની વાટ પકડી લીધી.

એક આત્મા પુણ્યાનુબંધી પુણ્યકર્મનો ઉદય ધરાવે તો તેના પ્રભાવે કેટલા બધા આત્માઓ સર્વવિરતિધર્મનો સ્વીકાર કરી લે ?

જંબૂકુમારનું ચરિત્ર અત્યન્ત આશ્ચર્યજનક ગણાય.

■■■

**उत्तमकूलपसूया रायकूलवडिंसगावि मुणिवसहा ।**
**बहुजइजणसंघट्टं मेहकुमारुव्व विसहंति ॥ १५४ ॥**

**અર્થ :** ઉત્તમકુળમાં ઉત્પન્ન થએલ, રાજકુળમાં મુગટસમા મુનિશ્રેષ્ઠો ઘણા બધા મુનિઓની ચરણરજના સંઘટ્ટાઓ-મેઘકુમાર મુનિને થયા હતા તેવા-ને પ્રસન્નતાની સાથે સહન કરે છે.

**વિવેચન :** મુનિશ્રેષ્ઠ તે બની શકે જે ઉત્તમકુળમાં જન્મ પામ્યા હોય. એવી વાત 'ઉત્તમકુલપસૂયા' વિશેષણથી જણાવી છે. ખાનદાની, ઊંચું લોહી વગેરે બાબતોને સફળ જીવન જીવવાની ચાવી તરીકે બતાડી છે.

જો લોહી હલકું હોય તો તે પોતાનો ભાગ ભજવ્યા વિના ન રહે.

કહેવત છે કે "હલકું લોહી હવાલદારનું."

કોક અપવાદ સિવાય આ નિયમ સ્વીકારવો જોઈએ અને તેવા બિનખાનદાન કે હલકું લોહી ધરાવતા જીવોને દીક્ષા આપવી ન જોઈએ. શિષ્યો કરવાના લાલચુ અને અર્ધદગ્ધ સાધુઓ આવી ભૂલો કરતા હોય છે. પછી જ્યારે પેલા દીક્ષિતો તેમનું પોત પ્રકાશે છે ત્યારે ગુરુઓનો ત્રાસ આસમાનને આંબી જતો હોય છે. જે ખાડો ખોદે છે તે તેમાં પડે છે. આવા દુઃખી ગુરુઓની દયા ખાવાની ન હોય. શાસ્ત્રવિરુદ્ધ વર્તનાર સાધુઓની આ અવદશા થાય તેમાં શી નવાઈ ?

સામાન્યતઃ એમ કહી શકાય કે જે આત્માઓ પૂર્વભવોમાં તિર્યંચભવે અકામનિર્જરા કરીને હલકી જાતનું પુણ્ય કમાયા હોય તેવા પુણ્યના ઉદયકાળમાં હલકી જાતનો માનવભવ મળે. આવા માનવોને જો 'ઉત્તમ ક્વૉલિટી'માં પરિકર્મિત કરી ન શકાયા હોય તો તે નબળા કુળોના લોહીવાળાને દીક્ષા આપી શકાય નહિ.

પૂર્વભવોમાં માનવ કે તિર્યંચભવે જેમણે સકામનિર્જરા કરીને ઊંચી ક્વૉલિટીનું પુણ્ય પેદા કર્યું હોય તે આત્માઓને ઊંચી ક્વૉલિટીનો માનવભવ મળે. ઉત્તમકુળ વગેરે મળે. આવા આત્માઓને પ્રભુ પ્યારા હોય; સદાચાર વહાલો હોય, સ્વભાવ સુંદર હોય.

એક જગાએ કહ્યું છે કે જેનું મન પરબ્રહ્મમાં લીન રહે છે તે આત્માની માએ દીકરો જણી જાણ્યો. તેના જન્મસ્થળની ધરતી ભાગ્યવંતી બની ગઈ. તેનું કુળ પવિત્ર થયું.

ગીતામાં કહ્યું છે કે જે આત્માઓની પૂર્વજન્મમાં યોગસાધના અધૂરી રહી ગઈ હોય તે આત્માઓનો જન્મ પવિત્ર અને ખાનદાન કુટુંબોમાં થાય છે. દીક્ષા તો આવા ઉત્તમકુળમાં જન્મ પામેલા આત્માઓને દેવાય.

હલકા આત્માઓના લક્ષણો તાલીમકાળમાં પકડાઈ જતાં હોય છે.

હલકાઓની દીક્ષા, અકુલીનોને શાસ્ત્રબોધ, તેમને પદવીદાન... વગેરે સમગ્ર જૈનસંઘને-ખાસ કરીને શ્રમણસંઘને-પારાવાર નુકસાન કરે છે. આજે આ બધું ખૂબ ચાલી રહ્યું છે પરન્તુ સંગઠન અને નેતૃત્વના અભાવમાં કોઈ નક્કર વિચારણાઓ થઈ શકતી નથી.

ગ્રન્થકારશ્રી જે મેઘકુમારની વાત કરે છે તેમાં શરૂઆતના થોડાક જ કલાકો માટે આશ્ચર્યભરી ઘટના બની ગઈ. ગાડી પાટા ઉપર ચાલી ન ચાલી

ત્યાં ખડી ગઈ. પણ એ આત્મા કુલીન હતો એટલે બધું સરસ રીતે પાર ઊતરી ગયું.

આગામી ચોવીસીમાં થનારા પ્રથમ જિનપતિ પરમાત્મા પદ્મનાભ સ્વામીના આ ભવે મગધપતિ શ્રેણિકનો એ પુત્ર હતો. આ ભવના શ્રેણિક પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત હતા. આમ જે આત્માની સાથે બે તીર્થંકરત્વ જોડાએલા છે તેના કુળની ઉત્તમતા તો આસમાનને આંબી ગઈ હોય ને !

આઠ રાજકુમારી સાથે લગ્ન કરીને સંસાર માણ્યો ન માણ્યો ત્યાં તો પરમાત્માની દેશના સાંભળીને સંસાર ઉપર વૈરાગ્ય થયો. માતા ધારિણીને ખૂબ સમજાવીને દીક્ષા લીધી. પણ પહેલી જ રાતે ક્રમ પ્રમાણે સંથારો કરવામાં છેલ્લો નંબર આવ્યો એટલે તે દરવાજેથી બહાર જતાં અને અંદર આવતાં મહાત્માઓની ચરણરજ - થોડી થોડી - એમના સંથારે પડતી ગઈ. તે ખૂબ ખૂંચી. ગુલાબની પાંદડીઓની પથારીમાં છેલ્લી રાત સુધી સૂતેલા આત્માને રજકણો ખૂંચે તો તેમાં આશ્ચર્ય ન થાય. પરમાત્મા તો આ બધી ઘટમાળ તેને દીક્ષા આપતાં પહેલાં જાણતા હતા પરન્તુ તે તો તે આત્માની ઊર્ધ્વગતિ થનારી પણ જાણતા હતા.

જે પરિણતિનો ધ્વંસ મેઘમુનિનો થયો તેવો જ ધ્વંસ એમના ભાઈ નંદિષેણ મુનિનો ય થયો.

બન્ને મહાત્માઓ પુનઃ ઊર્ધ્વગતિ પામી ગયા.

બધું નિયતિ પ્રમાણે બને. પરમાત્મા પણ નિયતિને પડકારી શકે નહિ. તેમના ય માથે નિયતિ ત્રાટકે. આખું બ્રહ્માંડ જેમને વશ છે તે દેવાધિદેવ નિયતિને વશ છે.

કર્મોમાં (બંધમાં) આઠ કરણો દ્વારા ફેરફારો કરી શકાય. નિયતિમાં ફેરફારની કોઈ શક્યતા નથી. એટલે જ જે વખતે જે નિયતિ ત્રાટકે તેને સપ્રેમ વધાવી લેવી, નહિ તો અશુભ કર્મબંધ થઈ જાય.

મેઘકુમારના પૂર્વીય બે ભવો હાથી તરીકેના હતા. તેમાંના પહેલા ભવમાં જે દાવાનળ જોયો તેનાથી ભયભીત થઈને તે ભાગ્યો પણ રસ્તામાં કાદવમાં ફસાયો. દુશ્મન હાથીઓએ તેને ચૂંથી નાંખીને રામશરણ કરી દીધો. પછીના ભવે દાવાનળ થયો. જાતિસ્મરણ થયું. ચાલુ ભવમાં દાવાનળનો ભોગ બનવું ન પડે તે માટે એક યોજનનું એવું માંડલું બનાવ્યું જેમાં એક પણ લાકડાનો

ટુકડો કે તણખલું ન રહે. મહિનાઓ સુધી મહેનત કરીને માંડલું તૈયાર કરી રાખ્યું.

અને... એક દિ' દાવાનળ ફાટી નીકળ્યો. માંડલાની વચ્ચોવચ્ચ હાથીએ સ્થાન લીધું. હજારો પ્રાણીઓએ પણ માંડલામાં રક્ષણ મેળવ્યું. તે બધાને જોઈને હાથી ખુશખુશાલ થયો. તેને લાગ્યું કે આ બધા જીવોને મારા કારણે રક્ષણ મળ્યું તે બહુ સારું થયું.

એમાં તેને પેટ ઉપર ખંજવાળ થતાં એક પગ ઊંચો કર્યો. જગા ખીચોખીચ ભરાએલી હતી. એક નાનું સસલું તેમાં દબાયું હતું. તેના આ મોકળાશ મળતાં પગની જગાએ ગોઠવાઈ ગયું. હાથી પગ મૂકવા ગયો ત્યાં સસલાને જોઈને દયા આવી. તેણે વિચાર્યું કે, 'જો હું પગ મૂકીશ તો બિચારા સસલાનો કચ્ચરઘાણ નીકળી જશે. લાવ, પગને અદ્ધર જ રાખું.'

કુદરતે ચાર પગે ઊભો રાખેલો હાથી ૨॥ દિવસ સુધી ત્રણ પગે રહ્યો. દાવાનળ શાન્ત થતાં પશુઓ ગયા. પગ નીચે કરવા જતાં તે પડી ગયો. કેમકે રાંટો રહેલો પગ નસમાં લોહી જામ થવાથી સીધો મૂકી શકાયો નહિ.

સાત દિવસ સુધી હાથી ત્યાં પડી રહ્યો. નહિ ખાવાનું, નહિ પીવાનું. આવી ભૂખમરાની અસહ્ય સ્થિતિમાં ય તે એક જ વિચારમાં મસ્ત રહ્યો કે મેં એક સસલાને બચાવ્યો. હાશ, કેવું સરસ કામ થયું !

લાગટ સાત દિવસની આ વિચારધારામાં તેણે દરેક ક્ષણે પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ કર્યો.

કાં મોક્ષના લક્ષ સાથે કરાતા ધર્મથી પુણ્યાનુબંધી પુણ્યકર્મ બંધાય; અથવા જીવદયાના પરિણામથી બંધાય. પશુના ભવમાં મોક્ષલક્ષ તો ક્યાંથી હોય ?

નિર્મળ અનુબંધ સાથે વિપુલ પુણ્યકર્મનો ઉદય થતાં મેઘનો જીવ

(૧) મગધપતિ શ્રેણિકનો પુત્ર થયો.

(૨) દેવાધિદેવ પરમાત્મા મહાવીરનો શિષ્ય થયો.

(૩) ચિત્ત ડામાડોળ થતાં દેવાધિદેવે તેને સંભાળી લઈને માર્ગસ્થ બનાવી દીધો.

ત્રણ પ્રાપ્તિઓ ઉત્તરોત્તર કેટલી બધી મૂલ્યવાન્ કહેવાય ?

મુનિઓના ચરણોની રજથી ત્રાસી ગએલા મેઘમુનિ સવાર થતાં પરમાત્માને ઓઘો પરત કરવા ગયા. તેને લાગ્યું કે, 'મુનિજીવનના મોટા કષ્ટો, દીર્ઘકાળ સુધી મારાથી સહી શકાય તેમ નથી. જેમણે ઓઘો આપ્યો તેમને વિધિસર પરત કરું.'

આ પરત કરવાની વિધિ કરવામાં મેઘમુનિ ફાવી ગયા. તેમનો બેડો પાર થઈ ગયો.

પ્રભુએ પૂછ્યું, “મેઘ ! હાથીના ભવે મરણાન્ત કષ્ટ ભોગવતાં આનંદ રહ્યો અને આ મુનિભવે વિશ્વવન્દ્ય મુનિઓના ચરણોની પવિત્ર રજ શરીર સાથે ઘસાતાં પરેશાન થઈ ગયો ? અરે, તું કહે કે પશુ મહાન્ કહેવાય કે માનવ ?”

મેઘમુનિની આંખેથી આંસુ ટપકવા લાગ્યા. ધાર ચાલી. ચરણોમાં પડી જઈને ક્ષમા માંગી. પ્રાયશ્ચિત્ત કર્યું. પ્રતિજ્ઞા કરી કે આ દેહ એ મુનિઓની સેવામાં સમર્પિત કરું છું. માત્ર બે આંખોને હું જાળવી રાખીશ જેથી તેના દ્વારા જીવરક્ષાદિ બરોબર થતા રહે.

કેવો અદ્ભુત છે; આ પ્રસંગ ?

ઉત્તમકળના આત્માઓની ખાનદાની કેવી ?

પરમાત્માની કેવી અપાર કરુણા ?

ગ્રન્થકારશ્રી તે તે કાળના મુનિઓને હિતોપદેશ આપે છે કે તેમણે સ્વેચ્છાએ ખૂબ કષ્ટ સહવું; તેથી વિપુલ કર્મક્ષય થઈને ઝટપટ મોક્ષપ્રાપ્તિ થશે.

જો સુખશીલ બનાશે તો ઝટપટ મોક્ષ અશક્ય બની જશે.

દુઃખ ભોગવવાથી પાપકર્મોનો ક્ષય થાય.

સુખ ભોગવવાથી પુણ્યકર્મોનો ક્ષય થાય.

■■■

**अवरुप्परसंवाहं सुक्खं तुच्छं सरीरपीडा य ।**
**सारण वारण चोयण गुरुजणआयत्तया य गणे ॥ १५५॥**

**અર્થ :** ગચ્છમાં રહેવાથી પરસ્પરનું (સાધર્મિક) મિલન થાય, સુખ - ભૌતિક સુખ - સામાન્ય (નહિવત્) બની જાય, શરીરને પીડાઓ થાય, વડીલો તરફથી સારણા, વારણા ચોયણા, થતી રહે, ગુરુને પરાધીન રહેવાનું થાય.

**વિવેચન :** મુનિ-જીવનની ભરપૂર સફળતા એકલા રહેવામાં નથી. ઘણા પણ સ્વચ્છંદી (અગીતાર્થ) સાધુઓ સાથે રહેવામાં પણ નથી. ગીતાર્થ વડીલોની નિશ્રામાં-ગચ્છવાસ અને ગુરૂકુલવાસમાં-રહેવાથી મુનિજીવન ધન્ય બને છે. મોક્ષનો લાંબો પંથ ટુંકાઈ જાય છે. અથવા જે વિરાટ સંસારરૂપી સાગરને ભારે મુસીબતે તરવાનો છે તે સાગર ખાબોચિયું બની જાય છે; જેને એક

કૂદકો મારીને પાર કરી શકાય છે.

જેણે મુનિ થવું હોય : સાચા અર્થમાં સંયમજીવનનું પાલન કરવું હોય : એનાથી ઝટપટ મોક્ષ પામી લેવો હોય તેણે ગુરુકુલવાસ અને ગચ્છવાસમાં હરપળ રહેવાની પ્રતિજ્ઞા કરી દેવી જોઈએ. દીક્ષા લઈને સ્વચ્છંદી બનવું હોય : શિથિલાચારી થવું હોય તો બહેતર છે કે વિરાધનાઓથી ભરપૂર સાધુજીવન જીવીને હલકી યોનિના ભૂતપ્રેત - દેવ - થવું તે કરતાં સંસારમાં રહીને ઉત્તમ કોટિના શ્રાવક બનવું સારું. સાધુ હલકું જીવન જીવે અને શ્રાવક પોતાની કક્ષાનું ઉત્તમ જીવન જીવે તો તે બેમાં શ્રાવક ચડે છે. પેલો સાધુ વધુમાં વધુ પહેલા દેવલોકે જાય. આ શ્રાવક બારમા દેવલોક સુધી પહોંચી જાય.

હવે આ શ્લોકમાં જણાવેલા ગચ્છવાસના લાભોને ક્રમશઃ જોઈએ:

**(૧) પરસ્પરના સંબંધની પ્રાપ્તિ :**

મુનિઓ માટે અન્ય મુનિઓ સાધર્મિક કહેવાય.

જીવન સંબંધિત કે અનુષ્ઠાનાદિકમાં કોઈ પ્રશ્ન ઊભો થાય તો સહવર્તી મુનિઓ - વયોવૃદ્ધ કે જ્ઞાનવૃદ્ધ - તેના સુંદર ઉકેલો આપે. એ સંબંધની બીજી પણ અનેક વાતો કરીને સમાધાનને દૃઢ અને સુંદર બનાવે. આમ થતાં રત્નત્રયીની આરાધનામાં ઉલ્લાસ વધે. આ 'ઉલ્લાસ'ની ખૂબ ઊંચી કિંમત ગણાય.

ક્યારેક ગુર્વાદિકના ઠપકાથી ખોટું લાગે કે વધુ પડતા ખરાબ વિચારો આવે તો સ્થિરીકરણ કરવામાં એક્કા સાધર્મિકો પોતાનું કાર્ય બજાવીને તે આત્માને સ્વસ્થ કરી દે. દર્શનાચારના છેલ્લા ચાર આચારોમાં 'સ્થિરીકરણ' એ બહુ મોટો અને મહત્ત્વનો આચાર છે. બધું પડતું મૂકીને આ આચારપાલન કરવું જોઈએ.

સાધર્મિકોના સહવાસથી ગીતાર્થ મુનિઓ પાસે અધ્યયન થાય. એ રીતે મુનિજીવનનો શ્રેષ્ઠ ગુણ 'અપ્રમાદ' સ્પર્શી શકાય. વળી અન્યને તપ વગેરે કરતાં જોઈને પોતાને તેવા ભાવો પ્રગટે. મુનિઓના ક્ષમા, ઔદાર્ય વગેરે ગુણો જોઈને પોતાના ક્રોધ, કંજૂસાઈ વગેરે દોષોને દૂર કરવાની પ્રેરણા મળે.

એકલવિહારી સાધુને આમાનું કશું ન મળે.

**(૨) તુચ્છ સુખનો અભાવ થાય :**

ગચ્છવાસી, ગુરુકુલવાસી સાધુએ સાંસારિક ભોગસુખોનો ત્યાગ કર્યો છે પરંતુ પાંચ ઇન્દ્રિયો અંગેના જે તુચ્છ સુખો છે તેનો ત્યાગ ન પણ કર્યો

હોય. દા.ત. ઉનાળામાં ઠંડું પાણી પીવું, પવનની દિશામાં બેસવું, બપોરે પ્રમાદ (નિદ્રાદિક) સેવવો, ખાવામાં 'સ્વાદ' માણવો, નવરાશની પળોમાં ઠઠ્ઠા-મશ્કરી કરવા, સ્વજનો સાથે લાંબો સમય વાતો કરવી. ('ધર્મલાભ' કહીને તેમને વિદાય ન આપવી.) વગેરે.

આ બધા સંયમજીવનમાં પેસી જતાં તુચ્છ ઇન્દ્રિય-સંબંધિત સુખો છે.

ગચ્છવાસી સાધુ ઘણા બધા ઉત્તમ કક્ષાના સંયમી મહાત્માઓની સાથે રહે એટલે આવા સુખ તે ભોગવે નહિ. જો ભોગવતો હોય તો બીજાઓના ઉત્તમ જીવનથી શરમાઈ જઈને ત્યાગી દીધા વિના રહે નહિ.

અનાદિકાલીન અશુભ અનુબંધો(કુસંસ્કારો)ના જોરને કારણે ભલભલા સંયમધર આત્માઓ શિથિલ બનતા હોય છે. ખાસ કરીને માનપાન, ખાનપાન અને પ્રમાદનો શિકાર બને છે. નાની નાની ક્રિયાઓમાં વેઠ ઉતારવી, તે ક્રિયાઓ કરવી નહિ, સૂત્રો ઉડાવી દેવા, ઝટપટ બધું પતાવી દેવું... વગેરે દોષોથી તેમનું જીવન ખદબદી ઊઠે છે. તેઓ પ્રમાદને એટલા બધા આધીન બની જાય છે કે સાચા સાધુજીવનનો અંશ પણ દેખાતો ન હોય. આ આત્માઓએ સાધુવેષ પહેરવા સિવાય 'સંસારત્યાગ'માં કશું કર્યું હોતું નથી.

અનાથી મુનિએ રાજા શ્રેણિકને એક અનાથતા બતાડ્યા પછી બીજી ભયાનક અનાથતા એ બતાડી કે સાધુ થયા બાદ ઇન્દ્રિયજન્ય સુખોમાં જ પડી રહેવું.

આજનો કાળ અત્યન્ત વિષમ છે ? કે જીવોના કાળજાં અત્યન્ત વિષમ છે ? તે સમજાતું નથી. ઘણા બધા સંસારત્યાગીઓ કાં ખાનપાનાદિના વિષયથી અથવા સંક્લેશ, ઈર્ષ્યા, અહંકાર આદિ કષાયથી સતત પીડાતા જોવા મળે છે.

જો ઈન્દ્રિય-સુખો જ ખૂબ ભાવતા હતા તો સાધુ થવું જોઈતું ન હતું. સંસારમાં રહીને મજૂરી કરીને પૈસા કમાઈને મોજ કરવી હતી. આ તો હાડકાનાં હરામ થઈને, મફતનું ખાવાનો ચસ્કો લાગ્યો કહેવાય. આનાથી તો તીવ્ર અશુભકર્મબંધ થાય. પૂર્વે પણ જણાવ્યું છે કે જો તુચ્છ એવા ભોગસુખમાં જ રસ હોય તો તેના માટે આખો સંસાર પડ્યો છે.

પણ જેણે દીક્ષા લીધી છે તેને તો પાપકર્મોના ક્ષયમાં રસ હોય. આથી તે વધુમાં વધુ કષ્ટો સહન કરીને વધુમાં વધુ પાપકર્મોનો ક્ષય જ કરે. હવે તે શી રીતે નાના નાના એવા ઘણા બધા તુચ્છ સુખોમાં સાધુવેષે લપેટાઈ જાય ?

સાધુવેષમાં ય કેટલી હદે ભોગસુખમાં લપેટાઈ જવાય છે ? તે જાણવું

હોય તો શેલકમુનિ અને કંડરિકમુનિનું દષ્ટાન્ત યાદ કરી લેવું. શેલકને તો શિષ્ય પંથકમુનિએ ઠેકાણે લાવી દીધા. કંડરિક તો સાતમી નારક ભેગા થઈ ગયા.

**(૩) શરીરપીડા :**

ગુરુકુલવાસ કે ગચ્છવાસમાં શરીરને કષ્ટ આપવાની તક ઘણી મળે. પરસ્પરની પ્રેરણાથી ઘોર તપ કરીને દેહને દુઃખ આપી શકાય. કલાકો સુધી કાયોત્સર્ગ કરી શકાય. દૂર સુદૂર જઈને મહાત્માઓની ગોચરી ભારે કષ્ટ વેઠવા સાથે લાવી શકાય. ગ્લાનાદિ સાધુની વૈયાવચ્ચ કરી શકાય.

દશવૈકાલિક સૂત્રમાં **'देहदुःखं महाफलं'** કહ્યું છે. જેટલું દેહને - સમજણપૂર્વક-કષ્ટ અપાય તેટલો કર્મક્ષય વધુ થાય. દેહને ગધેડો કહ્યો છે. ગધેડો ભાર ઊંચકવાની, વધારે ભાર ઊંચકવાની ના પાડે તો ય કુંભાર વધુ ભાર લાદે. ગધેડાને તે ભાર વહેવો જ પડે. જો કુંભાર થોડોક ભાર ઓછો કરે તો બાકીનો ઘણો બધો ભાર ગધેડો મજેથી ઊંચકે.

દેહનું પણ એવું છે. એને અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરાવવા હોય તો પાંચના પારણે પાંચ ઉપવાસ શરૂ કરવા. શરીર થાકી જાય તો ધીમે રહીને અઠ્ઠમની વાત ઉપર આવી જવું. આમ થશે તો દેહને ભાર ઓછો થયાની ગણતરીથી આનંદ થશે. પછી આરામથી તે અઠ્ઠમનો તપ કરી શકશે.

કાતીલ ઠંડીમાં એક કામળીથી દેહ નહિ ચલાવે. તેને બે કામળી ઓઢાડવી. પછી એક ઓઢાડવી, પછી તે પણ કાઢી નાંખવી. તો ય દેહને તે ખૂબ સારું લાગશે.

ટૂંકમાં દેહપીડા બહુ જરૂરી છે. આથી દેહાધ્યાસ તૂટતો જાય છે. દેહમાં આત્મબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ છે. તપ વગેરે કરવાથી દેહથી અલગ આત્માનું ભાન થાય છે; જેને સમ્યગ્દર્શન કહેવાય છે.

ભૂતકાળના મહાત્માઓ દેહને પીડા દઈને વિપુલ કર્મક્ષય હાંસલ કરવા માટે કડકડતી ઠંડીમાં ઉઘાડા ઊભા રહીને કાયોત્સર્ગ કરતાં, ઉનાળાની બપોરે સૂર્ય સામે ખુલ્લી આંખો રાખીને આતાપના લેતા; રોગની કારમી વેદનાને સહી લેતા પણ તેનું નિવારણ નહિ જ કરતા કે કોઈને કરવા ન દેતા. ઔષધ હોવા છતાં દેહનો રોગ દૂર ન કરવો; રોગની કારમી પીડાને સહી લેવી એ કર્મક્ષય કરવા માટેની બહુ મોટી છલાંગ કહેવાય.

વળી એકાશનાદિ કરવામાં ગોચરી મોડી આવે, ઠંડી આવે, પ્રતિકૂળ આવે તો અવશ્ય અનિષ્ટ-યોગ થતાં મનને પીડા થાય, દેહને પણ ત્રાસ થાય.

આ વખતે કર્મક્ષયનો મોટો લાભ જે મળે તે ગચ્છવાસમાં મળે. છૂટા ફરતાં સાધુ તો આધાકર્માદિ ગરમાગરમ ભજીઆ આરોગે ત્યાં દેહપીડાનો લાભ શેં મળે ?

ગચ્છમાં સાધુઓને વિવિધ રીતે દમન, તપ વગેરે કરતાં જોઈને અન્ય સાધુને પણ પ્રેરણા મળે.

**(૪) સારણાદિ ચારનો લાભ :**

ગચ્છવાસમાં મહાગીતાર્થ અને અત્યન્ત સંવિગ્ન (ઈન્દ્રિયવિજેતા) ગુરુ હોય. તેમના તરફથી ઉચ્ચ મુનિજીવન જીવવા અંગેની તાલીમ વાચનાદિક દ્વારા સાધુઓને મળે.

વાચના એ સાધુઓના આત્મવિકાસ માટેનું જબરદસ્ત સાધન છે. નિત્ય વાચનાદાનની સાથે જો નિરપેક્ષ અને નિષ્પક્ષ વાત્સલ્યદાન ગુરુ કરે તો તે ગચ્છવાસમાં સ્વર્ગ ઊતરી જાય. તમામ શ્રમણો પ્રસન્નતા પામીને તેના બળે ઉત્તમ આરાધનાઓમાં લીન બને.

વાચના કે વાત્સલ્યની જ્યાં ખામી હોય ત્યાં નર્યો સંક્લેશ હોય, સંઘર્ષ પણ હોય, પ્રમાદ ભરપૂર હોય.

જ્ઞાનીઓ કહે છે, "જે ગચ્છમાં સારણા (દોષસ્મારણ), વારણા (દોષનું ફરીથી સ્મારણ), ચોયણા (દોષ બદલ કડક ઠપકો), પડિચોયણા (સજા કરવી અથવા જાહેરમાં ઠપકો દેવો.) ન હોય તે ગચ્છનો સંયમકામી આત્માઓએ ત્યાગ કરી દેવો.

**(૫) ગુરુ-પારતન્ત્ર્ય :**

ગચ્છવાસમાં ગુરુપારતન્ત્ર્ય સૌ પ્રથમ હોય. જો ગુરુનું ખુદનું જીવન એકદમ શાસ્ત્રાનુસારી હોય અને ગુરુ સ્વભાવથી એકદમ સારા (રૉયલ) હોય એટલે કે અઢળક ગુણોવાળા હોય તો તેવા ગુરુને પરતન્ત્ર થવા સહજ રીતે શિષ્યો તૈયાર રહે.

ગુરુપારતન્ત્ર્ય ગુણ અહંકાર દોષ ઉપર સીધો જીવલેણ પ્રહાર કરે છે. દોષોનો રાજા અહંકાર છે કેમકે તે પરદોષદર્શન, સ્વગુણદર્શન, ઈર્ષ્યા, નિંદા અને ક્રોધ જેવા જાલીમ દોષોનો જનક છે. અહંકારને તો ખતમ કરવો જ રહ્યો.

જે કોઈ શક્તિ પ્રાપ્ત થાય તેનું અજીર્ણ થઈને તેનો અહંકાર ઉત્પન્ન થાય છે. અનાદિના આ કુસંસ્કારો હોવાથી સ્થૂલભદ્રજી, નંદિષેણ મુનિ, લક્ષ્મણા સાધ્વી વગેરેને તેણે છોડ્યા નથી.

ક્રોધ વગેરે એકેકા દોષનો નાશ ક્ષમા વગેરે ગુણો કરે. પણ એ ગુણો પ્રાપ્ત થયા બાદ અહંકાર પેદા થવાની પૂરી શક્યતા છે. તે અહંકારને ખતમ કરી દેવા માટે ગુરુપારતન્ત્ર્ય અમોઘ ઉપાય છે.

જ્ઞાનીઓ કહે છે કે કામચંડાલ એટલો બધો નિર્દય છે કે તે શાસ્ત્રોના જાણકાર પંડિતોને પણ પછાડી દે છે. પરન્તુ જો કોઈ પંડિતે ગુરુપારતન્ત્ર્ય સિદ્ધ કરી લીધું હોય તો તેને કામચંડાલ અડી પણ શકતો નથી.

આથીસ્તો ગુરુને તીર્થસ્વરૂપ કહ્યા છે. તેમના દર્શનમાત્રથી અઢળક પુણ્ય પેદા થવાનું જણાવ્યું છે.

એક જગાએ કહ્યું છે કે "ગુરુના દર્શન કરવા તમે નીકળ્યા હો પણ ગુરુનો હમણાં જ કાળધર્મ થઈ ગયો હોય તો, જો તમને તેમના મૃતકના દર્શન કરવા મળે, અરે ! મૃતકનો અગ્નિસંસ્કાર થઈ જવાથી તમને તે અગ્નિના દર્શન કરવા મળે, અરે ! છેલ્લે મૃતકની રાખના દર્શન મળી જાય તો ય તમે મોક્ષ પામી જશો."

એક સ્થળે કહ્યું છે કે અપેક્ષાએ દેવ કરતાં ય ગુરુનો મહિમા વિશેષ છે. એટલે પ્રભુસેવા સોળ વર્ષ સુધી લગાતાર કરો પણ ગુરુસેવા ચાર ક્ષણ જ કરો તો ગુરુસેવા ચડી જાય. આ વાત વેદોમાં કરી છે.

આ શ્લોકના વિવેચનનો ઉપસંહાર કરતાં મારે એક જ વાત કરવી છે કે મુમુક્ષુ આત્માએ ગુરૂકુલવાસ (ગુરુની આજ્ઞામાં વાસ. તે જે કહે તે સર્વથા મંજૂર. ભલે દૂર જવાનું કહે.) અને ગચ્છવાસ (ગુરુના સાન્નિધ્યમાં વાસ) કદી છોડવો નહિ. જો કે ગુરુ દૂર મોકલી દે અને તે પણ માત્ર બે-ત્રણ સાધુઓની સાથે- ત્યારે તેને ગચ્છવાસ મળતો નથી. પણ તેથી તેને કાંઈ નુકસાન નહિ થાય કેમ કે તે ગુરૂકુલવાસમાં હોવાથી - ગુરૂકૃપાપાત્ર સાધુ હોવાથી- તેને કોઈ દોષ પ્રાયઃ લાગશે નહિ. બેશક તેણે પણ ગુરુમય સદા રહેવું જોઈએ. પ્રારંભિક કક્ષાના સાધુઓને તો ગચ્છવાસમાં પણ રાખવા જોઈએ; જેથી તેમનો પાયો મજબૂત થાય. અન્યથા ક્ષેત્રો સાચવવા જતાં સાધુને ગુમાવી બેસવાની શક્યતા ઊભી થઈ જાય.

ગુરુ માટે પહેલો 'સાધુ' કે જેણે ખૂબ પ્રયત્ન કરીને દીક્ષા લીધી છે. ગુરુએ પણ તેના સાધુત્વના યોગક્ષેમની જવાબદારી લીધી છે.

હા. એ પૂરો સુરક્ષિત રહેતો હોય તો બીજા નંબરે ચોમાસા આદિ માટેના ક્ષેત્રોની સાચવણી ગણી શકાય.

આજે તો પક્ષવાદ વકર્યો હોવાથી ગમે તેવા અપરિપક્વ, અગીતાર્થ સાધુઓને ક્ષેત્રો કબજે રાખવા માટે ચોમાસુ કરવા મોકલી અપાય છે, જેના પરિણામો માઠાં જોવા મળે છે.

ગીતાર્થ (ગીતાર્થ કે ગીતાર્થનિશ્રિત ગીતાર્થ) બન્યા સિવાય પાણી વહોરવા પણ જો જઈ શકાતું નથી તો ચોમાસા કરવા તો શી રીતે જવાય ?

કાશ ! શાસ્ત્રીય નીતિઓનું પાલન ખૂબ ઘટી જવાના કારણે તથા વ્યક્તિવાદ કે પક્ષવાદના રાગદ્વેષને કારણે શ્રમણસંઘને ચારે બાજુથી પારાવાર નુકસાન થઈ રહ્યું છે.

પણ આ બધી વાતની ક્યાં જઈને ધા નાંખવી ? કોઈ સંઘાચાર્યઃ નેતા જ નથી ત્યાં ?

બાકી શાસ્ત્રનીતિનું ચુસ્તપણે જીવન જીવનારા આત્માને મોક્ષ સહેલાઈથી મળે છે. સંસારપરિભ્રમણ શક્ય રહેતું નથી.

શાસ્ત્રમર્યાદા તોડનારો કોઈ શાસનપ્રભાવક સાધુ પણ દુર્ગતિગમનમાંથી ઉગરી શકતો નથી. જેણે મર્યાદા તોડી તે લક્ષ્મણા, સુકુમાલિકા, રોહગુપ્ત, સીતા, કૂલવાલક મુનિ, નંદિષેણ મુનિ વગેરે કોઈ બચ્યું છે ખરું ?

કોકે સાચું કહ્યું છે, "**नमो मर्यादायै ।**

■■■

**इक्कस्स कओ धम्मो सच्छंदगइमइपयारस्स ॥**
**किं वा करेउ इक्को परिहरउ कहमकज्जं ॥१५६॥**

**અર્થ** : સ્વચ્છંદીપણે વર્તવાની ગતિમાં જેની મતિનો ફેલાવો છે તેવા મુનિને ધર્મ ક્યાંથી સંભવે ? વળી તે એકલો તપ, ક્રિયા વગેરે શી રીતે કરી શકશે ? અકાર્યોનો પરિહાર પણ કેવી રીતે કરશે ?

**વિવેચન** : ગચ્છવાસાદિ નહિ સેવનારા સ્વચ્છંદી સાધુઓ અવળમતિ હોય છે. તેમને દેવ અને ગુરુ તરફ બહુમાન નથી. તેમને જિનાજ્ઞા પ્રત્યે ગાઢ પક્ષપાત નથી. આવા સાધુના મનની ગતિ વિષમ હોય, કૂદાકૂદ કરતી હોય. અનેકવાર જિનાજ્ઞાઓના તે ફૂરચા બોલાવતો હોય. તેની અનિચ્છનીય પ્રવૃત્તિઓથી શાસનહીલના થતી હોય . તેના ઝઘડાખોર, રસલમ્પટ કે કામુકતાના સ્વભાવથી લોકો ત્રાસી જઈને તેની પાસે જતાં બંધ થઈ જાય. તે ભારે પરિગ્રહી હોય, નારીસંગ તેને સુંવાળો લાગતો હોય, ભોજનમાં જે આધાકર્મ દોષ છે તે દરેક ટંકે–નિષ્ઠુર બનીને-બિન્ધાસ્ત સેવતો હોય.

ગ્રન્થકારશ્રી કહે છે કે આવા સાધુઓ ખોટાં અને ખરાબ કામોથી પાછા ફરી શકતા નથી. એમાં ય તે બાબતોમાં ટેવાઈ ગયેલા તો એટલા બધા કાયર (નપુંસક) થઈ જાય છે કે તે બાબતોનો ત્યાગ કરવાનું તેમનું સત્ત્વ ઊઠતું જ હોતું નથી. આવા સાધુ 'એકલા' ફરે તેમાં એક હજાર દોષો લાગીને રહે (અપવાદ સિવાય). વળી તે દોષોથી છોડાવવાનું ગીતાર્થ ગુરુઓ માટે સાવ મુશ્કેલ બની જાય.

કેટલાક ગીતાર્થ ગુરુઓ– આચાર્ય કાલકસૂરિજી જેવાને તો પોતાના આખા ગચ્છની સ્વચ્છંદતાથી વાજ આવી જઈને ગચ્છ છોડી દેવો પડ્યો હતો. તે 'એકલા'એ અન્ય સમુદાયનો આશ્રય લીધો હતો. કેવા ઉદ્ધત બની ગયા હશે તે તમામ શિષ્યો !

આજે આવા કેટલાય ગુરુઓ હશે જે આ રીતે રિબાતા હશે, પરંતુ ક્યાંય સ્થળાંતર કરવાની અનુકૂળતા નહિ મળતાં રિબાતા-પીડાતા રહીને પણ ત્યાં જ જિંદગી પૂરી કરતા હશે. વર્તમાનકાળમાં તો ઘણા શિષ્યો બનાવી દેવાની લ્હાયમાં ગુરુઓ જેને તેને-અપાત્રોને પણ-દીક્ષા દેવાના અપરાધનું ફળ સ્વયં અનુભવતા હોય છે.

મુખ્ય વાત ઉપર આવીએ.

ગચ્છવાસમાં રહેતાં જો ન આવડે તો ગચ્છવાસ પણ નિષ્ફળ છે. ટૂંકમાં ગુરુકુલવાસમાં (ગુર્વાજ્ઞામાં) રહીને જ ગચ્છવાસમાં રહેવું એ સાર્થક ગણાય. ગુરુની હાડોહાડ ઉપેક્ષા કરીને જે સાધુઓ ગચ્છવાસમાં રહે છે તે આખા ગચ્છને ઉદ્વેગમાં નાંખી દે તેવા કરતૂતો કરતા હોય છે. કેટલાક તો ગુંડા જેવું વર્તન કરે છે. કેટલાક મન્ત્ર-તન્ત્રના માર્ગે જઈને પ્રતિપક્ષીને લોહીની ઉલટીઓ કરાવતા રહે છે.

આવી સ્થિતિ થાય તો સુસાધુઓને કે ગુરુને અપવાદમાર્ગે ગચ્છવાસ છોડી દેવો પડે. એટલે પહેલાં દીક્ષા લેતાં જ ગુરુકુલવાસ જોઈએ : પછી ગચ્છવાસના લાભો મળે.

દરિયામાં ઘણાં માછલા હોય. ભરતી આદિના સમયે પરસ્પર જોરથી અથડાઈ પડે પણ તેથી અકળાઈ જઈને કોઈ માછલું દરિયાનો ત્યાગ કરીને કિનારે ચાલી જાય તો મોત એને ભરખી જાય.

ગચ્છવાસ દરિયા જેવો છે. તેને ત્યાગી દેનારાઓને મોહરૂપી અજગર ગળી ગયા વિના રહેતો નથી.

ગચ્છવાસ ના કેટલાક માઇનસ–સંઘર્ષ, ગોચરીના 'મિશ્ર' વગેરે દોષો- જરૂર છે પરંતુ તેની સામે–સહજ રીતે શીલપાલન, સ્વાધ્યાય, વૈયાવચ્ચ આદિ–પુષ્કળ પ્લસ છે માટે તેનો ત્યાગ ન થાય.

સાસરામાં સાસુ સાથેના ઝઘડા વગેરેથી કંટાળીને વહુ જો પિયરભેગી થાય તો તેના શીલ વગેરે ગુણો પૂરા જોખમાઈ જાય.

સંયુક્ત કુટુંબના કેટલાક દોષો – વહુના માથે વધુ પડતો કામનો બોજ, પરાધીનતા વગેરે માઇનસની સામે રહેલા ઘણાં બધા પ્લસ હોવા છતાં તે ન જોનારા યુગલો છુટા પડીને પોતાનું ઘર બનાવે છે ત્યારે તેના ચિક્કાર માઇનસોનો ભોગ બનીને બરબાદ થાય છે.

કોઈ પણ વસ્તુમાં એકલા પ્લસ કદાચ ન પણ મળે. પણ જો માઇનસ મામુલી હોય તો પ્લસને આવકારવા જોઈએ. તે રીતે જીવન ગોઠવવું જોઈએ.

ગચ્છવાસના પૂર્વે જણાવેલા ગુણો એટલા સુંદર અને મૂલ્યવાન છે કે સાધુએ ગચ્છવાસ છોડવો ન જોઈએ. તેને છોડનારા સાધુઓ હડકાયી કૂતરીની જેમ સર્વત્ર 'હટ હટ' થાય છે અને હરાયા ઢોરની જેમ નધણીયાતા બનીને ભૂખ્યા-તરસ્યા રિબાયા કરે છે.

સહવર્તી ગુરુભાઈઓની સેવા વગેરે દ્વારા જે સાધુ બધાનો પ્રેમ મેળવી લે અને ઉત્તમ સંયમજીવન જીવવાને કારણે ગુરુની કૃપા પ્રાપ્ત કરી લે તે સાધુનું જીવન ધન્ય બની જાય. એના બે ય લોક-આલોક અને પરલોક-ઉજ્વળ બની જાય. તેનું સંસારભ્રમણ સાવ ઘટી જાય.

એ ગુરુ કેવા કહેવાય જે જિનશાસનના કાર્યોનો ભાર વહન કરે છતાં પ્રત્યેક શિષ્યની સંપૂર્ણ કાળજી કરે. વાતે વાતે એને ટોકે, ક્યારેક અનુવર્તક બને... અને તે રીતે બધાનો જીવનવિકાસ કરે.

એ ગુરુભાઈઓ કેવા કહેવાય કે જે સહવર્તી મુનિઓને ભારે સ્નેહ બતાવે અને તેમને પગલે પગલે સંયમમાર્ગમાં સહાયક બને !

જે સાધુનો એકાદ ભવ પણ ગુરુકુલવાસયુક્ત ગચ્છવાસમાં વીતે તેનો સંસાર સાત-આઠ ભવથી વધુ ન હોઈ શકે.

■■■

**कत्तो सुत्तत्थागम पडिपुच्छण चोयणा य इक्कस्स ।**
**विणओ वेयावच्चं आराहणया य मरणंते ॥१५७॥**

**અર્થ** : એકલો સાધુ સૂત્ર અને અર્થનો લાભ કોની પાસેથી પામશે ? વળી એમાં ઉત્પન્ન થતી શંકાઓ કોને પૂછશે ? તેની ભૂલો બદલ કોણ ઠપકો આપશે ?

તેને વડીલ જ નહિ હોય તો કોનો વિનય કરશે ? તેની સાથે સાધુઓનું વૃન્દ નહિ હોય તો વૈયાવચ્ચ કરવાનો લાભ શી રીતે મેળવશે ?

**વિવેચન** : ગ્રન્થકારશ્રી કહે છે કે ગચ્છથી છૂટા પડતા સાધુઓના મનમાં પ્રાયઃ સાંસારિક સગવડો અને સ્વચ્છંદતા પામવાનો જ ઉદ્દેશ હોય છે. પરંતુ આમાં તે કેટલી અમૂલ્ય વસ્તુઓને ગુમાવી બેસે છે !

મુનિજીવનના પ્રાણરૂપ 'સ્વાધ્યાય' સંબંધિત લાભો તે ગુમાવે છે. પોતાની ક્ષતિઓ બદલ સતત ટોકતા રહેતા કલ્યાણમિત્રોને તે ગુમાવે છે.

વિનય અને વૈયાવચ્ચ જેવા મહામૂલ્યવંતા ગુણોનો વિકાસ સ્થગિત રહેવાનું પાપ તે સ્વયં માથે ઓઢી લે છે.

એક આત્મા જ્યારે કષ્ટસાધ્ય સંસારત્યાગ કરે છે ત્યારે તેણે આવા પ્રકારની હલકી જીવનશૈલી નહિ સ્વીકારવી જોઈએ. આના કરતા બહેતર છે કે તેણે સંસારમાં રહીને ઉત્તમ કક્ષાના ધર્મી (શ્રાવક) બની રહેવું.

આમાં તો એવું લાગે છે કે આ જીવને સંસારમાં રહીને મજૂરી, ધંધો, કુટુંબનું ભરણપોષણ વગેરેનો ભાર ઊંચકાય તેમ નહોતો એટલે હાડકાના હરામ એવા આ માણસે કશી ફિકર વિનાનું સાધુજીવન સ્વીકાર્યું હશે. હવે એનો એક જ ઉદ્દેશ રહે કે ખાવું, પીવું અને પડ્યા રહેવું. ગામગપાટા મારીને વર્ષોના વર્ષો પસાર કરી દેવા. છેલ્લે મરી જવું.

આવા ગચ્છવાસી કહેવાતા સાધુઓ આખા ગચ્છને હેરાન-પરેશાન કરી દે છે. ઉત્તમ કોટિના સાધુઓના જીવનમાં સંક્લેશના વમળો સર્જાય છે.

એમાં જો પેલો ડાંડ સાધુ ગુરુને વશ કરીને કે દબાવીને સેક્રેટરી બની જાય તો તો હાહાકાર મચી જાય છે. ગુરુ દ્વારા જે કડક આદેશો શિષ્યો ઉપર થાય તેનાથી શિષ્ય-ગણ ત્રાહિમામ પોકારી દે. ગુરુ પ્રત્યે અસદ્ભાવ જાગી પડે. ગુરુ પારતન્ત્ર્ય ન રહે. તે હતાશ થઈ જાય. લમણે હાથ દઈને, રાત્રિના ઉજાગરા કરીને રસ્તો શોધે પણ ન મળે.

એક ગચ્છના સાધુને બીજા ગચ્છમાં જવાનું કામ અતિ મુશ્કેલ હોય

છે. કેમ કે તે સાધુના સ્વભાવના કારણે અથવા તે બીજા ગચ્છમાં પણ સેક્રેટરીઓનું રાજ ચાલતું હોવાના કારણે પ્રવેશ સુલભ હોતો નથી.

ટૂંકમાં મારે એ વાત કરવી છે કે ગુરુકુલવાસ વિનાનો ગચ્છવાસ યોગ્ય નથી.

દીક્ષા લેતાં પહેલાં સાચા ગુરુ, સ્વભાવના મેળવાળા ગુરુને શોધવા નીકળવું જોઈએ. ભલે વધુ સમય જાય, તે વખતે 'અવિરતિ'માં રહેવાનો અફસોસ નહિ કરવો.

જો 'ગુરુ' સોના જેવા મળી જાય તો જિંદગી ધન્ય બની જાય. મુનિજીવનનું કોઈ પણ કષ્ટ સહર્ષ ઝીલી શકાય.

ગુરુની પરીક્ષામાં આવા અપલક્ષણવાળાને તો ગુરુ નહિ કરવા. (૧) શિષ્યના લાલચુ હોય. (૨) અન્યના નિંદક હોય કે ઈર્ષ્યાળુ હોય. (૩) માનસંજ્ઞા તીવ્ર હોય. (૪) પરિણતિમાં નિષ્ઠુર હોય. (૫) સંઘર્ષવાદી માનસ હોય. (૬) બ્રહ્મચર્યના વ્યવહારમાં શિથિલ જણાતા હોય.

ગ્રન્થકારશ્રીએ ગચ્છવાસના વિરોધી એકાકીવાસનો આ શ્લોકમાં સખ્ત વિરોધ કર્યો છે.

એકાન્ત એ સારી વસ્તુ છે, એ ખરાબ વસ્તુ પણ છે.

યોગીને એકાંતમાં રામ (પરમાત્મા) જડે.

ભોગીને એકાંતમાં કામ જડે.

જે ગીતાર્થ સાધુ હોય તે અપવાદ સિવાય એકાકીપણે રહે નહિ.

રાજા ભોજે કાલિદાસ કવિને પૂછ્યું, "સૌથી ખરાબ વસ્તુ કઈ ? સાત દિવસમાં મને જવાબ આપો."

છ દિવસ વીતી ગયા. જવાબ ન જડ્યો.

ઘણી વસ્તુઓ ખરાબ જણાય છે પણ તેમાં સૌથી ખરાબ વસ્તુ કઈ ? તે પકડાતું ન હતું. ક્યારેક ક્રોધ સૌથી ખરાબ લાગતો તો ક્યારેક કામ સૌથી ખરાબ લાગતો હતો.

છઠ્ઠા દિવસની સન્ધ્યા ઢળી ગઈ. હવે મુદતમાં માત્ર આડી એક રાત બાકી હતી.

છઠ્ઠા દિવસની સાંજે દીકરીએ બાપાને ઉદાસીન જોઈને તેનું કારણ પૂછયું. કાલિદાસે બધી વાત કરી. દીકરીએ કહ્યું કે રાત પૂરી થતાં પહેલાં તે કોયડાને ઉકેલી આપશે.

રાત પડી. કાલિદાસ ચિંતાર્ત્તવદને દીવાનખંડમાં એકલા બેઠા હતા. રાતે અગિયાર વાગ્યા. તે વખતે તેમની દીકરીએ સોળ શણગાર સજીને અત્યંત માદક સ્વરૂપે કામુક સ્મિત કરતી પિતાના ખંડમાં પ્રવેશ કર્યો.

કાલિદાસને તેને જોઈને કામ જાગ્રત થઈ ગયો. દીકરીનો સંકેત થતાં દાસીએ દીવો હોલવી નાંખ્યો. કવિનો કામ પરાકાષ્ટાએ પહોંચ્યો. દીકરીને આલિંગન દેવા તે આગળ વધ્યા. એકદમ દીકરીએ બૂમ પાડી, 'બાપુજી ! બાપુજી ! આ શું કરો છો ? હું તો તમારી દીકરી છું.'

અને... કાલિદાસ શાંત પડી ગયા.

દીવો પ્રગટી ગયો. પોતાનું મોં ઢાંકી દઈને પશ્ચાત્તાપથી રડવા લાગ્યા.

દીકરીએ કહ્યું, 'બાપુજી ! હવે તમને ખબર પડી ને કે સૌથી વધુ ખરાબ વસ્તુ કઈ ? જવાબ – એકાંત.'

કાલિદાસે એ જવાબ રાજા ભોજને આપ્યો. ભોજના મનનું ખૂબ સમાધાન થયું.

યુવાન મુનિને માટે એકાંત સેવવા જેવો નથી. જો તેણે કોઈ રૂમના એકાંતમાં ભણવું હોય તો તેણે રૂમનું બારણું સાવ ખુલ્લું રાખીને ભણવું. તે રૂમમાં વંદન કરવા માટે સગી સંસારી બેનને પણ ન આવવા દેવી. આવું કોઈ જોખમ લેવું નહિ કે, "એમાં શું થઈ જશે ? આ તો મારી બેન છે વગેરે..."

એકાંતમાં સાધુ તો સામાન્ય રીતે આવન-જાવન કરી જ શકે. સુવાનું પણ બાજુબાજુમાં થઈ શકે. આ સ્થિતિમાં વિજાતીયને બદલે સજાતીય વાસના જાગ્રત થવાનો ભય વિશેષ રહે છે. એક વાર પણ આ દોષ સેવાઈ જાય તો તેનો ચસ્કો લાગે છે. 'તેમાં શું પાપ છે ? ક્યાં નવ લાખ જીવોની હિંસા છે ? કઈ મોટી શાસનહીલના થવાની છે ?' એમ વિચારીને આ દોષસેવન વિશેષ થવાની શક્યતા છે. અહીં વિજાતીય દોષસેવન જેવો કોઈ ભય નથી એટલે બિન્ધાસ્તપણે આ દોષ સેવાતો રહે છે. આ દોષ ઝટ તૃપ્તિજનક ન હોવાથી લાંબા સમય સુધી તેનું સેવન ચાલુ રહેવાથી પુષ્કળ મોહનીય કર્મનો બંધ તીવ્રતાથી કરાવે છે. આમ થતાં શારીરિક બળનો વિશેષ હ્રાસ થાય છે. શરીર ગળતું જાય છે. શક્તિ અને બુદ્ધિ ક્ષીણ થતા જાય છે.

જે આત્માઓ પાસે બ્રહ્મચર્યપાલનનો જબરો પ્રેમ નથી, તેમાં તીવ્ર દઢતા નથી તે આત્માઓને જાતીય વાસના દબાવવી પડે છે. આ સ્થિતિમાં 'વિજાતીય'ની પ્રાપ્તિ સમાજ, સમુદાય વગેરેના ભયને કારણે શક્ય હોતી નથી; એટલે તે 'સજાતીય' તરફ વળી જાય છે. દીર્ઘકાળ સુધી આ પાપ ચાલુ રહીને શરીરને ક્ષીણ કરી દઈને તે આત્માને સંયમ-યોગોના વિકાસમાં નિરુત્સાહી કરી દે છે.

સંયમજીવનમાં જેનો ઉત્સાહ ખતમ તેનું સાધુપણું ખતમ : ધરાર નિષ્ફળ.

બે ય પ્રકારના જાતીય દોષોમાં બિલકુલ ફસાવવું ન હોય તો વિજાતીય તરફ દૃષ્ટિ નહિ કરવી અને સજાતીયનો સ્પર્શ નહિ કરવો. જો કડકપણે આ નિયમનું પાલન થાય તો બ્રહ્મચર્યનું પાલન સાવ સરળ બની જાય.

જે સાધુઓ હસીખુશીથી, આંખે આંખ મિલાવીને નારીઓ સાથે લાંબા સમય સુધી વાતો કરે તેમનું માનસિક શીલ ખતમ હોય. તેમાં ય જો તે સાધુ નિત્ય વિગઈભોજી હોય તો તેના સંયમજીવનના બારે ય વહાણ ક્યારના ય ડૂબી ગયેલા હોય. 'મસ્તીથી નિત્યવિગઈસેવી અને બ્રહ્મચારી' એ તો કોક સ્થૂલભદ્રજીમાં જ શક્ય છે. બાકીના તો પૂરા શંકાને પાત્ર છે.

ગૃહિણી કે સાધ્વી સાથે વાત કરવી પડે તો ખુલ્લામાં કરવી, નતમસ્તકે કરવી, એકદમ ગંભીરપણે કરવી.

કોકના બાળકોને મોં ઉપર હાથ ફેરવવો, છાતી સાથે દબાવવો, તેની પાસે દવા લગાડવી એ બધા સજાતીય સંબંધ દ્વારા થતા ઉઘાડા પતન કહી શકાય.

ટૂંકમાં એકાકીપણું સાધુજીવન માટે તાલપુટ ઝેર છે.

રહનેમિ ગુફામાં એકલા હતા તો માર ખાઈ ગયા. સાથે કોઈ સાધુ હોત તો તે ઘટના બનત ખરી ?

અરણિક મુનિ અને અષાઢાભૂતિ મુનિ ભિક્ષાચર્યામાં એકલા હતા એટલે તે બે નું નારીથી પતન થઈ ગયું.

પોતે શુદ્ધ હોય પણ સામી વ્યક્તિ અટકચાળી હોય તો સત્યાનાશ વાળે.

પોતાની સંસારીપણાની પત્નીને ઘેર મુનિ (પતિ) એકલા વહોરવા ગયા. પેલી સ્ત્રી કુલટા બની હતી. તેને ત્રણ માસનો ગર્ભ રહ્યો હતો. બેઆબરૂ થતી બચવા માટે તેણે પતિ-મુનિને કહ્યું, "તમે ઘરબારી બની જાઓ. પેટના બાળકના બાપ તરીકે જાહેર થાવ તો મારી આબરૂ બચે."

ગીતાર્થ મુનિએ બાજુના ખંડમાં બેસીને વિચારવા માટે સમય માંગ્યો. બાઈએ ત્યાં જવા દીધા. મુનિએ ફાંસલો ખાઈને આત્મહત્યા કરી લીધી ! જો આ મુનિ સાથે બીજા મુનિ હોત તો ?

એકલા વિહાર ન થાય.

એકલા ગોચરી-આદિ પણ ન જવાય.

સર્વત્ર કોઈ એક સાથે હોવો જોઈએ જે શિખામણ દે, ટોક્યા કરે, કલ્યાણમિત્રની ગરજ સારે.

અબજોપતિ હેન્રી ફૉર્ડને પત્રકારોએ પૂછ્યું, "તમારી ગરીબીમાં એવી

કોઈ વસ્તુ હતી ? જે તમે શ્રીમંતાઈમાં ગુમાવી ?"

જવાબ મળ્યો : "હા. એ વસ્તુ હિતૈષી મિત્રનો સંગ. આજે તો મને બધા મસ્કાબાજ મિત્રો મળ્યા છે."

જે એકલો સાધુ છે તેનામાં (ખાસ કરીને યુવાનોમાં) બ્રહ્મચર્ય ન હોય. તેથી ધર્મ ક્યાંથી સંભવે ? એકડા વિનાના મીંડાઓની શી કિંમત ?

એકલા વિચરવું એમાં ભગવાનની આજ્ઞા નથી. આજ્ઞારહિત ઉત્કૃષ્ટ સાધુજીવનની ચર્યા પણ નકામી.

એકલો સાધુ વિનય કોનો કરે ? તેને મરતી વખતે નિર્યામણા કોણ કરાવે ? અરે, કદાચ એકલો જ મરી જાય. ત્રણ દિવસે ગંધાયેલું, ખવાઈ-ચવાઈ ગયેલું મડદું હાથમાં આવે.

આ સાધુને બાળ, વૃદ્ધ, ગ્લાન અને તપસ્વીની વૈયાવચ્ચનો લાભ કદી ન મળે. આ ચારમાં ઈન્દ્રિયરમણતાનો અભાવ છે એટલે તેમની સેવા કરનારને પણ ઈન્દ્રિયરમણતાનો અભાવ પ્રાપ્ત થાય. આવી મોટી સિદ્ધિ એકલવિહારીને ન મળે.

કેટલાક આત્માઓ મોક્ષના લક્ષ વિનાની - શરમથી, દેખાદેખીથી, પરાણે દીક્ષા લે છે. તેઓ પણ ગચ્છવાસમાં રહે એટલે ગુરુ પાસેથી વાચના સાંભળતાં મોક્ષલક્ષી બને છે. એ રીતે તેમનું હિત થાય. એકલવિહારીને તો કશું પ્રાપ્ત ન થાય.

સદ્‌ગતિ તે જ આત્મા પામી શકે જેનું મરણ સમાધિપૂર્વક થાય. 'સમાધિ' પ્રાપ્ત કરવા માટે સુંદર નિર્યામણા કરાવે તેવા સાધુની-સાધુઓની જરૂર રહે. જે એકલવિહારી છે તેને માટે આ શક્યતા નહિવત્ છે. છેલ્લી માંદગીમાં જે વખતની જે જરૂરિયાતો છે - દવા, પાણી, આહારવિશેષ વગેરે-તે જો પૂરતી ન થાય તો પેલા સાધુનું અસમાધિમરણ થાય.

■■■

**पिल्लिज्जेसणमिक्को पइन्नपमयाजणाउ निच्च भयं ।**
**काउं मणो वि अकज्जं न तरइ काऊण बहुमज्झे ॥१५८॥**

**અર્થ :** એકલો મુનિ આહારશુદ્ધિનું ઉલ્લંઘન કરી દે, તેને સ્ત્રીથી પતન થવાનો નિત્ય ભય રહે.

જો ઘણા મુનિઓ હોય તો તેમની વચ્ચે રહેલો, અકાર્ય કરવા માંગે તો પણ ન કરી શકે.

**વિવેચન :** 'એકાકી'પણાના ઘણા બધાં નુકસાનો બતાવીને ગ્રંથકારશ્રી ગચ્છવાસને જ સર્વ મુશ્કેલીઓની પૂર્વ-સાવધાનીરૂપ બતાડે છે.

ભિક્ષાટન અને નારીસંપર્ક મુનિજીવનની ગંભીર બાબતો છે. જો સાધુ ભિક્ષા અંગેના બેંતાલીસ દોષોનું - ખાસ કરીને નિષ્કારણ આધાકર્મ સેવનનું સેવન કરે તો તેનાથી સ્વચ્છ બુદ્ધિ ઉપર પ્રહાર થાય. બુદ્ધિ મલિન થાય. આમ થતાં જ નારી તત્ત્વનો મનમાં પ્રવેશ થઈ જાય. આમ આ બે વસ્તુઓ પરસ્પરની પૂરક છે. આ કારણે સાધુને વધુમાં વધુ તપ કરવાનું કહેવામાં આવ્યું છે.

તપથી દેહને શોષવાનો નથી પરંતુ વાસનાઓને તપાવીને શોષી નાંખવાની છે. આ મોરચામાં જે મુનિ જીત પામે તેને સંયમજીવનના કઠોર તબક્કાઓમાંથી પસાર થઈ જવાનું સહેલું બની જાય છે.

જો કે ભક્તિયોગ અને જ્ઞાનયોગ વાસનાઓના વિલય માટે વધુ સારા છે. પહેલો યોગ સરળ છે જ્યારે બીજો યોગ શ્રેષ્ઠ છે.

પરંતુ આપણે ધારીએ તેટલા સુસાધ્ય આ બે યોગો નથી. સામાન્યતઃ પ્રાથમિક કક્ષામાં તપનો યોગ ખૂબ સરળ બનતો હોય છે. આથી ઘણા બધા ગૃહસ્થો પણ મસમોટા તપ કરવા માટે ઝટ સજ્જ બનતા હોય છે.

આ શ્લોકમાં ભિક્ષા અને નારી તરફ આંગળીચીંધણું કરવામાં આવ્યું છે.

ભિક્ષા માટે જીભ છે.

નારી માટે ઉપસ્થ છે.

આ બન્ને હાડકા વિનાના અંગો છે. એથી એ ખૂબ ચંચળ છે. એમની ઉત્તેજના ઝટ થતી હોય છે.

એકલવિહારી સાધુને સારા આહારની સોડમ આવતા કે નારીનો પડછાયો પડતાં પતનની શરૂઆત થવાની પૂરી શક્યતા રહે છે.

ગચ્છવાસમાં પણ કોઈ સાધુ આ રીતે ચલિત થઈ જાય તે સંભવિત છે પણ ત્યાં તેને ટોકનાર સાધુ મળી રહે છે. ગચ્છવાસમાં સાધુઓ ઘણા હોય : દરેકને કોઈને કોઈ સાથે વિશેષ મૈત્રી હોય. એવા સાધુઓ ઢીલા પડતા સાધુને મિત્રભાવે, મીઠી કે કડવી ભાષામાં ટોક્યા વિના ન રહે. 'ટોકવું' એ અતિ દુર્લભ અને અમૂલ્ય પદાર્થ છે. આ માટે કલ્યાણમિત્રો કરવા જોઈએ. તેઓ સારણાદિક કરતા રહે એટલે બહુ સહેલાઈથી જીવનનું ઉર્ધ્વીકરણ જળવાઈ રહે.

જીવ જે દોષો સેવી નાંખતો હોય છે તેમાં પૂર્વે જણાવ્યા મુજબ 'એકાંત' અત્યંત તે દોષસેવનમાં ખૂબ સહાયક બની શકે છે. ગોચરી લાવીને ગુરુને બતાડ્યા વિના એકાંતમાં વાપરી લેવી, ગૃહસ્થો જોડે સંસાર અંગેની ગંદી-બિભત્સ વાતો એકાંતમાં કરવી, નારીઓ સાથે એકાંતમાં વાતચીતથી માંડીને વર્તન સુધીની બધી છૂટછાટો લેવી, સ્વયં એકલાએ એકાંતમાં કુચેષ્ટાઓ કરવી, બીજા સાથે જાતીય દોષો – સ્વજાતીય, સજાતીય, વિજાતીય દોષો-એકાંતમાં સેવવા, ગુર્વાદિકની નિંદા-કુથળી એકાંતમાં બેસીને સાધુઓએ કરવી. આ બધું એકાંતમાં બને છે. જો સાધુ ઘણાની વચ્ચે રહે તો આમાંનું કાંઈ પણ થવું લગભગ અશક્ય બની જાય છે.

બેશક, જ્ઞાનવૃદ્ધ કે વયોવૃદ્ધ સાધુને એકાંત એ દોષરૂપ ન બને તે સંભવિત છે. વળી તેઓ ધ્યાનસ્થ બનીને એકાંતનો પૂરો લાભ પણ ઉઠાવી શકે. આમ એકાંત તેમના માટે અથવા નિરંતર સ્વાધ્યાયમાં ગળાબૂડ રહેનાર માટે શ્રેયસ્કર બની શકે ખરો.

પણ સામાન્ય નિયમ તો એ જ રહેશે કે બનતા સુધી સાવ એકાંતમાં રહેવું નહિ.

કેટલીકવાર ગચ્છવાસમાં રહીને પણ રૂમની અંદર કે મકાનના ઉપરના મજલે એકલા રહેવાનું પસંદ કરાય છે. આ ગચ્છવાસીય એકાંત પણ જોખમી છે. એના કેટલાક ફાયદા મળતા હોય તો ય તે એકાંત પણ સેવવા જેવો ન ગણાય.

ગુરુકુલવાસ (ગુર્વાજ્ઞાપાલન) સહિતનો ગચ્છવાસ એ સો દોષોમાંથી એંસી દોષોનો અ-પ્રવેશ સાધી આપે છે. પછી બાકી રહેલા વીસ દોષો દૂર કરવા માટેના ઉપાયો ગુરુ પાસેથી મેળવી લેવાય એટલે મુનિજીવન ધન્ય બની જાય.

જિનકલ્પીઓ ઉત્કૃષ્ટ આધ્યાત્મિક દશા ઉપર પહોંચેલા હોય છે એટલે તેમને એકાંતમાં જ જિનકલ્પની સાધના કરવાની હોય છે. તેમના માટે ગચ્છવાસ નિષિદ્ધ ગણાય.

■■■

**उच्चारपासवणवंतपित्तमुच्छाइमोहिओ इक्को ।**
**सद्दवभायणविहत्थो निक्खिवइ कुणइ उड्डाहं ॥ १५१॥**

**અર્થ :** એકલવિહારી સાધુ જિનશાસનની હીલનામાં નિમિત્ત બને છે. તે આ રીતે : સ્થણ્ડિલ, માત્રુ, ઊલટી, પિત્તથી પડી જવું... આ બધું થાય ત્યારે તેના હાથમાં પ્રવાહીવાળું કે ભિક્ષાવાળું જે પાત્ર હોય તે હાથમાંથી

છોડી દે તો વિરાધના થાય, જો તે પાત્ર હાથમાં જ રાખીને સ્થણ્ડિલ, માત્રુ કરવા બેસે તો લોકો નિંદા કરવારૂપે જિનશાસનની હીલના કરે.

**વિવેચન** : સાધુ એટલે જિનાજ્ઞાનો શક્ય હોય તેમાં પાલક અને અશક્ય વાતોમાં કટ્ટર પક્ષપાતી.

ઝીણામાં ઝીણી જિનાજ્ઞાનો તે પ્રેમી હોય. એનું સમગ્ર જીવન-એની પ્રત્યેક ક્ષણ-જિનાજ્ઞાપાલનમાં વ્યતીત થાય. દરેક બાબતમાં તે એ શોધ્યા કરે કે આમાં જિનાજ્ઞા શું છે ? મારે ચુસ્તપણે જિનાજ્ઞા પાળવી છે. મને જિનાજ્ઞા પ્રાણથી પણ વહાલી છે.

સાધુ જિનાજ્ઞાઓને ગૌણ કરીને વ્યાખ્યાનાદિ કરે, મહોત્સવો કરાવે તો તે જરાય ઉચિત ન ગણાય. એના માટે આ બધા કરતાં જિનાજ્ઞાપાલન વધુ મહત્ત્વનું છે. પોતાના અહંકારને અને ખાનપાનાદિની આસક્તિને કારણે સાધુ પોતાના સાધુત્વને ઠેબે ચડાવે છે. આ અઘોર કક્ષાનું પાપ કહેવાય.

મોટા ગણાતા સાધુઓને મુહપત્તિનું વિધિસર પ્રતિલેખન કરવામાં, પૂંજવા-પ્રમાર્જવામાં, નિર્દોષ ગોચરી વાપરવામાં, શિષ્યોની કાળજી લેવામાં નિર્દોષ ભૂમિએ સ્થણ્ડિલ જવામાં, સ્વાધ્યાય, જપ વગેરે કરવામાં કોઈ રસ ન હોય અને જો તે માણેકચોકમાં ધમધોકાર પેઢી ચલાવતો હોય : ભક્ત-ભક્તાણીઓના ટોળા વચ્ચે મદમસ્ત રીતે મહાલતો હોય : પોરસાતો હોય તો તે સાધુ દેખીતી રીતે જિનશાસનનો પ્રભાવક ભલે કહેવાતો હોય પણ અસલમાં તે જિનશાસનનો હત્યારો છે. આઠે ય પ્રભાવકોની ગેરહાજરીમાં જિનાજ્ઞાના સુંદર પાલકોને જિનશાસનના પ્રભાવક કહ્યા છે.

કાળના પ્રભાવે કે જીવદળની નબળાઈના કારણે સાવ શિથિલ સાધુઓની સંખ્યામાં વધારો થતો જોવા મળે છે. જો આ સાધુઓમાં ખાનદાની જેવી કોઈ ચીજ જીવતી રહી હોય તો તેમણે સત્વરે તે આત્મહત્યાના માર્ગેથી પાછા હટી જવું જોઈએ.

જિનાજ્ઞાના પાલકો અને કટ્ટર પક્ષકારો જ પ્રવચન-દાનાદિ દ્વારા જિનશાસનની પ્રભાવના કરી શકે. તેઓ પ્રત્યેક જિનાજ્ઞા-નાનામાં નાની જિનાજ્ઞાને શિરસા, મનસા વંદન કરે. કશી ગરબડ ચલાવી લેવા તે તૈયાર ન હોય. ભૂલ થાય તો પશ્ચાત્તાપ અને શુદ્ધ પ્રાયશ્ચિત્ત કર્યા વિના ન રહે.

જો એમની નજર દૂર સુધી પહોંચતી હોય તો તેઓ 'મોક્ષ'ને ભાળી લે. તેના અનંતસુખના સ્વરૂપને વિચારી લે અને તેની જબરદસ્ત પ્રીત થતાં

તે પામવા માટેના સાધનરૂપ જિનાજ્ઞાપાલન કટ્ટરપણે કરે. અથવા તેમની નજર જો માત્ર પરલોક સુધી પહોંચે તો તેઓ ત્યાંની દુર્ગતિ આદિના દુ:ખોને જોઈને ધ્રૂજી ઊઠે. તેમાંથી બચવાના અનન્ય ઉપાય જેવા જિનાજ્ઞાપાલનના કટ્ટર પ્રેમી બને.

જેમની નજર સાવ આલોકના માનપાન અને ખાનપાનમાં જ અટવાઈ ગઈ છે તે આત્માઓ મોક્ષની પ્રીતિ કે પરલોકની ભીતિથી કોરાધાકોર હોવાના કારણે ઐયાશીનું જીવન જીવે છે. તેમને જિનાજ્ઞાના પાલનમાં જરા ય રસ હોતો નથી. સાધુવેષ ધારણ કરીને થઈ શકે તેટલી ભૌતિક મોજ કરતા હોય છે. આવા આત્માઓને તીવ્ર પાપાનુબંધી એવા તીવ્ર પુણ્યનો મારક ઉદય હોય છે.

જ્ઞાનીઓ કહે છે કે સાધુએ અષ્ટપ્રવચનમાતાનું, અઢાર હજાર શીલાંગ રથોનું, દશવિધ ચક્રવાલ સામાચારીનું, ક્ષાન્ત્યાદિ દસ ધર્મોનું પાલન કરવામાં જ લીન બની રહેવું જોઈએ. દિન-રાત આ બધા યોગોના પાલનમાં તે ચિંતિત હોવો જોઈએ. ક્યાંક ભૂલ થાય તો તે બહાવરો બની જાય. પશ્ચાત્તાપથી તેની આંખો આંસુથી છલકાઈ જાય.

જે સાધુ મોટા પ્રોજેક્ટ લઈને બેસે, તેના સાવદ્યોમાં સીધો હસ્તક્ષેપ કરે, જે સાધુ નિષ્ઠુરપણે પુષ્કળ વિરાધનાઓ કરવા સાથે મહોત્સવો, છ'રીપાલિત સંઘો, ઉપધાનો, શિબિરો, તપોવનો વગેરેમાં ચકચૂર રહેતો હોય તેની દુર્ગતિની તો શી વાત કરવી ? કલ્પી ન શકાય તેવી દુર્ગતિઓની પરંપરા ચાલે, જ્યાં દુ:ખોના વાવાઝોડા સતત ચાલતાં હોય, જ્યાં જિનશાસનની પ્રાપ્તિ અશક્ય હોય, જ્યાં 'ધર્મ' શબ્દ પણ સાંભળવો મુશ્કેલ હોય.

સાધુથી સાવદ્યમાં હસ્તક્ષેપ ન થાય. તે કામ વિવેકપૂર્વક ગૃહસ્થોનું છે. સાધુ તેના નિરવદ્ય અંશ પૂરતો જ કાર્યરત હોય, અનુમોદક હોય, પ્રેરક પણ હોય. જો સાવદ્યાંશના કરણની સાધુને છૂટ હોત તો તે શા માટે વિપુલ પુણ્યોપાર્જન અને કર્મક્ષય કરતી દ્રવ્ય જિનપૂજા ન કરત ?

ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં કહે છે કે સ્થણ્ડિલ, માત્રુ, ઝાડા-ઊલટી વગેરે બહુ નાની ગણાતી બાબતોમાં સાધુએ પોતાનું કર્તવ્ય સમજીને તે પ્રમાણે વર્તવું જોઈએ. જ્યારે સાધુનો માંદગીનો પ્રસંગ આવે ત્યારે તેને આ અંગેની વ્યવસ્થાઓ પાળવાનું મુશ્કેલ બને છે.

દા.ત. તે ભિક્ષા લેવા જાય, તેને ચક્કર આવી જાય, તે પડી જાય, પાત્રા વગેરે તૂટી જાય, તેને વાગે, માથું ફૂટી જાય તો લોકોમાં જિનધર્મની

મોટી નિંદા થાય કે, "જૈન સાધુઓને માંદગી આદિના પ્રસંગોમાં બીજા સાધુઓ સહાય નહિ કરતા હોય ? તેમને દીક્ષા દઈને રખડતા મૂકી દેતા હશે ?"

આવું ઝાડા, પેશાબ, ઊલટી વગેરેમાં પણ સમજવું.

ગ્રન્થકારશ્રી આ બધી વાતો જણાવીને જિનશાસનની હીલનાને નજર સામે લાવે છે.

જ્ઞાનીઓ કહે છે કે કોઈ પણ રીતે-અરે, અજાણપણે પણ જિનધર્મની નિંદા ન થવી જોઈએ. આ નિંદા અનંત સંસારભ્રમણકારી બની જાય.

જિનધર્મની નિંદા (ખાસ કરીને અજૈનોમાં) જેવું કોઈ મોટું પાપ નથી. (ઉત્સૂત્ર પ્રરૂપણા પણ એવું જ પાપ ગણાય).

જિનધર્મની પ્રશંસા થાય તેવા કાર્ય જેવું કોઈ ઉત્તમ કાર્ય નથી. (સસૂત્ર પ્રરૂપણા પણ એવું જ ઉત્તમ કાર્ય ગણાય).

ઉત્તરગુણોના આચારમાં થોડોક શિથિલ પણ સાધુ જિનધર્મનો જબ્બર પ્રભાવક હોય તો તેના નાનકડા દોષોને ક્ષન્તવ્ય ગણવા જોઈએ.

આજે શહેરોમાં સાધુઓના ચાતુર્માસ આદિ થાય છે. આમાં જિનધર્મની હીલના થવાની ઘણી સંભાવના છે.

નિર્દોષ સ્થંડિલ ભૂમિઓ દુર્લભ બની છે. (હા, ત્રણ ચાર કિલોમીટર સુધી દૂર જવાની જેની તૈયારી હોય તેને વાંધો ન આવે.) સંડાસમાં જવામાં અતિ ભયાનક વિરાધના છે. હવે જો પ્યાલામાં મળને લઈને નજીકમાં ઉકરડા આદિમાં વિસર્જન કરવા જાય અને બીજાને ખબર પડી જાય, તેનું વિસર્જન કોઈના ઘર પાસે થઈ જાય તો બહુ મોટો ઉહાપોહ થાય : જબરદસ્ત ધર્મનિંદા થાય. આવું જ માત્રુ પરઠવવામાં બને.

બીજો ધર્મનિંદા ન કરી દે તે માટે પ્રત્યેક સાધુએ જાગ્રત રહેવું જોઈએ.

સામાન્યતઃ શૌચ માટે જરૂરી પાણી જ જંગલ જતાં લેવાય છે. પણ સાધુને જો એવી ખબર પડે કે પાછા ફરતાં ઉપાશ્રયની બરોબર સામે ચોરા ઉપર શૌચવાદી બ્રાહ્મણો બેઠા છે. જો હું પગ ધોયા વિના ઉપાશ્રયમાં પ્રવેશીશ તો બ્રાહ્મણો 'છી...છી...' કરી બેસશે, ધર્મનિંદા કરશે... એટલે આ સ્થિતિમાં તે સાધુ વધુ પડતું પાણી લઈને જંગલે જાય. પાછા ફરતાં રીતસર છબછબિયાં (કુચકુચા) કરવારૂપે પગ ધુએ. આમ જોઈને પેલા બ્રાહ્મણોને સાધુનો શૌચ જોઈને આનંદ થાય.

આથી પણ ગંભીર વાત કરું.

મગધપતિ શ્રેણિક પહેલાં તો કટ્ટર બ્રાહ્મણ, જૈનધર્મદ્વેષી હતા. મહારાણી ચેલ્લણા પરમ જૈનધર્મી હતી. બે ય પોતપોતાના ધર્મનું ખૂબ ઉપરાણું લેતા.

એક વાર શ્રેણિકે ત્રાગુ કર્યું. જ્યારે નગર બહારના મંદિરમાં કોઈ એકાકી જૈન સાધુ રાતવાસો કરવા આવ્યા ત્યારે રાજાએ વેશ્યાને મોકલી. સવારે સાધુ અને વેશ્યા બહાર નીકળે ત્યારે રાણી ચેલ્લણાને દેખાડવા.

જો આમ થાય તો ખૂબ ધર્મનિંદા થાય.

સાધુએ ઓઘા સહિત બધા વસ્ત્રો સળગાવી દીધા. તેની ભભૂતિ શરીરે ચોપડીને, મંદિરનો ચિપિયો હાથમાં લઈને સવારે બારણું ખૂલતાં જ વેશ્યાની સાથે 'અલખ નિરંજન' બોલતા બોલતા નીકળ્યા.

પાદલિપ્તસૂરિજીએ તો ધર્મનિંદા અટકાવવા કમાલ કરી. માયાનો દોષ સેવવો પડ્યો.

ધર્મનિંદા તો ન જ થવા દેવાય. એની સામે ઓઘો પણ બાળી નંખાય અને માયાદિક પણ કરાય.

કેટલાક સાધુઓ લલચાઈને ઉતાવળે દીક્ષા આપતા હોય છે. પછી જો સ્વભાવ વગેરેનો મેળ ન પડ્યો તો તેને કાઢી મૂકે છે. ત્યજાયેલી તે વ્યક્તિના કુટુંબમાં, તેમના સગાઓમાં હાહાકાર મચી જાય છે. એટલું જ નહિ પણ તેઓ બેફામ ધર્મનિંદા કરે છે.

આ સારું ન કહેવાય. દીક્ષા આપતાં સો વાર વિચાર કરવો જોઈએ. જેથી ધર્મનિંદા થવાનો પ્રસંગ આવે નહિ. છતાં જો એવી સ્થિતિમાં આવી જવું પડે તો કુપાત્રને તો ઘર ભેગો કરવો જ પડે. તેમાં ધર્મનિંદા જરૂર થશે પણ તેથી ખૂબ વધુ ધર્મપ્રશંસા થશે. લોકો કહેશે કે, "શ્રમણસંસ્થામાં શુદ્ધિનો કેવો સુંદર આદર્શ છે."

કેરી બગડી તો તરત જ ફેંકી દેવી પડે.

પ્રસંગતઃ હાલમાં ઊભા થયેલા વિકટ પ્રશ્નોમાંથી એક સૌથી મહત્ત્વનો પ્રશ્ન નજર સામે લાવું છું.

શહેરો મુંબઈ, અમદાવાદ, સુરત, બેંગ્લોર, કલકત્તા, મદ્રાસ વગેરે એટલા બધા વિરાટ ક્ષેત્રમાં ફેલાયેલા છે કે જ્યાં મધ્યભાગોમાં આવેલા ઉપાશ્રયમાં રહેતા સાધુઓને શૌચ માટે ૨-૩ કિલોમીટર દૂર જવું જ પડે. તે સિવાય નજીકમાં શુદ્ધભૂમિ મળે નહિ. 'આટલે દૂર પણ જવું' તેવી જિનાજ્ઞા છે પરંતુ પોતાની શિથિલતાને લીધે જેઓ દૂર જઈ શકતા નથી તેમના માટે ઉપાશ્રયની

સાથે બાંધેલા વાડા ઉપલબ્ધ થતા. ખરેખર તો ૧ વીઘા જેટલી ખુલ્લી જગ્યા ઉપાશ્રયની સાથે હોવી જોઈએ. જેમાં આકાશ નીચે બેસાય. ત્યાં સૂર્યનો તાપ પડે. વિષ્ઠા, માત્રુ થોડા કલાકોમાં સુકાઈ જાય. આ એકદમ નિર્દોષ પદ્ધતિ છે. પણ શહેરોમાં એક વીઘા જમીન પણ ૧૦-૨૦ લાખથી માંડીને ૫૦ લાખ રૂપિયાની થાય, જે માટે શ્રીમંતો તૈયાર થતા નથી.

વાડાઓમાં પૂર્વના કાળમાં સાફ કરનારા માણસો મળી જતા. મેલું ઊંચકીને દૂર જઈને નાંખી આવતા. આજે આ અશક્ય બનવા લાગ્યું છે. કેટલાકો વાડાની અંદર જ ગટરનું અનુસંધાન કરીને, તેની ઉપર મોટું ઢાંકણું લગાડી દે છે. સફાઈ કરનાર માણસ ટબમાંથી મળ એકઠો કરીને ગટરમાં અંદરને અંદર પધરાવી દે છે. પણ આ વ્યવસ્થા શહેરોમાં બધે શક્ય નથી. તો શું કરવું ?

કેટલાક આચાર્યો કહે છે કે હવે સંડાસનો સીધો ઉપયોગ કરવા સિવાય છૂટકો નથી. જો તેથી કોઈના જીવદયાના પરિણામો ઘવાતા હોય અને અંતે નિષ્ઠુર બની જવાની શક્યતા લાગતી હોય તો તેમણે ટબમાં શૌચ કરવો અને પછી જાતે સંડાસમાં નાંખી દેવો : અર્થાત્ સીધુ સંડાસમાં બેસવું નહિ.

જો ગીતાર્થો ભેગા મળીને આવી વાતમાં સંમતિ દેતા હોય તો બીજું કંઈ બોલવાનું રહેતું નથી.

પણ અંગત રીતે આ પણ બરોબર જણાતું નથી.

હવે ટબમાં મળને લઈને બહાર વિસર્જન કરવા જવાય તો તેમાં કોઈના દેખી જવાનો, પોતે પડી જવાથી મળ ફેંકાઈ જવાનો ભય છે ખરો.

વળી આમાં ગ્રન્થકારશ્રીએ કહ્યું તેમ ધર્મનિંદા થાય, જે ન જ થવી જોઈએ.

તો શું કરવું ?

જ્ઞાનીઓએ કહ્યું છે કે પોતાની સંયમરક્ષા કરીને જ સર્વરક્ષાનું કામ કરી શકાય. સંયમરક્ષા અખંડિતપણે કરવી હોય તો શહેરોનો ત્યાગ કરવો પડે. ટૂંકમાં જ્યાં શૌચનીતિ નિર્દોષ રીતે થતી હોય ત્યાં જ ચાતુર્માસાદિ કરવા પડે. આ બહુ સરસ વાત થઈ.

શહેરોમાં ધર્મવૃદ્ધિ માટે જવું જ પડે તો શાસનપ્રભાવક સાધુએ પોતાની સાથે જરૂર પૂરતા સાધુ લઈને જવું. બાકીના તમામ સાધુઓએ તેવા ગામોમાં જવું જ્યાં સંયમધર્મના બધા અંગોનું અણિશુદ્ધ પાલન થાય. જો તેમને શાસનપ્રભાવના કરી શકે તેવા વડીલની જરૂર અનિવાર્યપણે હોય તો તેમને પણ ગામોમાં સાથે લેવા. પણ તેમની ઉપેક્ષા કરીને નગરો કે મહાનગરોમાં

મોટી સંખ્યા સાથે વડીલોથી ચોમાસા ન થઈ શકે. આમાં શાસનપ્રભાવના થશે કે નહિ ? તે વાત નિશ્ચિત ન કહી શકાય. જ્યારે નાના ગામોના ચાતુર્માસાદિમાં સ્વરક્ષા અવશ્ય થઈ શકશે.

ખાનપાન અને માનસન્માનનો મોહ છૂટે તો જ આ બધું શક્ય બને.

જ્ઞાનીઓએ શહેરોના અને ગામોના ઉપાશ્રયોના પ્રકારોના વર્ણનમાં આ વાતનો નિર્દેશ આપેલો છે.

મળ, માત્રુના વિસર્જનમાં નગરોમાં મોટી શાસનહીલના થવાનો ભય અવશ્ય છે પણ તેના નિવારણાર્થે કાયમ સંડાસનો ઉપયોગ કરવો તેમાં ય નિષ્ઠુર પરિણતિનો ભય તો છે જ. નિષ્ઠુર પરિણતિ એટલે મિથ્યાત્વ : પ્રથમ ગુણસ્થાને અધઃપતન. આ શી રીતે ચાલી શકે ?

એટલે જ નાના કે મધ્યમ કક્ષાના ગામોમાં વિહાર એ જ બધી રીતે ઉચિત લાગે છે.

સાધુ શુદ્ધ ચારિત્રનું પાલન કરે એ બહુ મોટી શાસનપ્રભાવના છે. તેના દેહમાંથી અત્યંત પવિત્ર ઊર્જા ચારે તરફ દૂર સુધી ફેલાતી રહે તેથી વિશ્વમાં ધર્મપ્રભાવ વધે, અશક્ય કાર્યો શક્ય બની જાય, ધરતીમાં કંપ ન થાય, સમુદ્રો માઝા ન મૂકે, ષડ્ ઋતુઓ સમકાળે ફળે, સૂરજ અને ચંદાના બિંબ ધરતી ઉપર તૂટી ન પડે, માનવજાતમાં ધર્મભાવના વધે, યુદ્ધો વગેરેનો અભાવ થાય. આ કેટલી મોટી સ્વરક્ષા દ્વારા સર્વરક્ષા.

કાશ ! કેટલાક શ્રમણોને ગામડામાં વિહરણ વગેરે બાબતો – વૃત્તિઓની લંપટતાને કારણે-પસંદ નથી. આ બધી પૂર્તિ શહેરોમાં થાય છે એટલે શાસનપ્રભાવનાના નામે તેઓ શહેરોમાં જ અવસ્થિત રહે છે.

ગ્રન્થકારશ્રી સ્થંડિલ, માત્રાના વિસર્જન જેવી - આજના બુદ્ધિજીવી વર્ગને ખૂબ મામુલી જણાતી વાતો ઉપર જેટલું મહત્ત્વ આપે છે તેટલું મહત્ત્વ શાસનપ્રભાવના હાંસલ કરતી બહિર્મુખ પ્રવૃત્તિઓ ઉપર નથી આપતા.

આજે તો માઈક, લાઈટ, ફલાઈટનો ઉપયોગ કરવા ઉપર, આવશ્યક ક્રિયાઓ ગૌણ કરીને વિશ્વના પ્રવાહોનું ખૂબ વાંચન કરીને પ્રવચનો આપવા ઉપર વિશેષ ભાર મુકાય છે. આવા વિચારકો આવતીકાલે વિહારચર્યાને સ્થગિત કરવાની વાત અવશ્ય કરશે. વિદેશોમાં ઘૂમવાની વાત પણ કરશે. બધી જાતના મીડિયાનો ઉપયોગ કરવાની વાત પણ કરશે.

આમ કરવા જતાં તેઓએ પ્રતિજ્ઞાપૂર્વક લીધેલી પાંચ મહાવ્રતોની પ્રતિજ્ઞાનો

ભાંગીને ભુક્કો થશે. એમ થતાં સાધુના સ્વાંગમાં રહીને પૂરા સંસારીના જીવનને સ્વીકારી લેશે. તેઓ જાણે છે કે સાધુવેષ વિના તો દુનિયાના ધર્મી લોકો તેમનો ભાવ નહિ પૂછે એટલે સાધુવેષને રાખીને બધું ત્યજી દે છે. આવા લોકો ગૃહસ્થો કરતાં ય ભૂંડુ જીવન જીવે છે. વર્ષો સુધી અતૃપ્ત રહેલીઃ દાબીને રાખેલી વાસનાઓ હવે સ્પ્રિંગની જેમ ઉછળે તેમાં શી નવાઈ ? અકરાંતિયા બનીને વિલાસી જીવન જીવે તેમાં શી નવાઈ ?

એટલે જ મારે કહેવું છે કે, "ઓઘો છોડી દેવો હોય તો સાવ છોડી દેવો પરંતુ સાધુવેષ રાખીને અનાચારોનું સેવન કરવું; હાડકાના હરામ હોવાને લીધે મફતમાં ખાવું-પીવું, માન-સન્માન પામવા, પ્રગાઢ રીતે નારીસંગ કરવો, બૅંકમાં પોતાના નામે ઢગલાબંધ સંપત્તિ મૂકતા જવી એ બધું અત્યંત અયોગ્ય છે.

જે સાધુઓ શાસનપ્રભાવના આદિના ઓઠા નીચે ક્રિયામાર્ગમાં શિથિલ બને છે તેમની આવી અવદશા થાય છે. પાપાનુબંધી પુણ્યના જોરમાં વર્તમાન ભવને તો ભોગસુખમય કરી શકાશે પણ પછીના અસંખ્ય ભવો સુધી કર્મરાજા તેમના છક્કા છોડી નાંખશે. જેને પરલોકના દુઃખોનો પુષ્કળ ભય હોય તેણે કદી શાસ્ત્ર-મર્યાદા ઓળંગવી નહિ. તેમાં રહીને જે પરહિત થઈ શકે તે જ કરવું. સ્વહિતને ક્યારેય ગૌણ કરવું નહિ. મુનિ-જીવનની સફળતાનો આ જ સાચો માર્ગ છે.

હાલની ધાર્મિક ક્ષેત્રની જે પરિસ્થિતિ દેખાય છે તે બહુ આનંદ આપે તેવી નથી. જ્યાં પુષ્કળ રાગ-દ્વેષ, પક્ષાપક્ષી, સ્વાર્થ, પક્ષહિત દેખાતું હોય ત્યાં થતો ધર્મ વાસ્તવિક ધર્મ શી રીતે કહેવાય ? વળી, ધનના પ્રધાનભૂત માધ્યમથી જે ધર્મ થાય – જ્યાં ધનનો જ મહિમા દેખાતો હોય તેને વાસ્તવિક ધર્મ શી રીતે કહેવાય ? નેતૃત્વહીન સંઘ કોઈ પણ નક્કર કાર્ય કરવાને અસમર્થ છે. વ્યક્તિવાદ અને પક્ષવાદને કારણે શાસનવાદ ઝાંખો પડી ગયો છે. આવી સ્થિતિમાં શાસનપ્રભાવના સાચા અર્થમાં થવાની શક્યતા જણાતી નથી. તો પછી બહેતર છે કે સ્વહિતને જ પ્રધાન બનાવી દેવું.

શા માટે શાસનપ્રભાવના માટે જાતને અનેક રીતે નીચે ઉતારવી કે નબળી પાડવી ?

આ નીતિ જિનશાસનને નામંજૂર છે.

■■■

**एकदिवसेण बहुआ सुहाय असुहाय जीवपरिणामा ।**
**इक्को असुहपरिणओ चइज्ज आलंबणं लद्धुं ॥१६०॥**

**અર્થ :** મુનિજીવનના પર્યાયનો એક દિવસ પણ અનેક શુભ અને અશુભ પરિણામોથી ભરપૂર બની શકે છે. એમાં એકાદ અશુભ-પરિણામ જ્યારે જાગે અને તે વખતે અશુભને ઉત્તેજિત કરતું આલંબન મળી જાય તો તે આત્મા ચારિત્રધર્મનો ત્યાગ કરી દે તે અત્યંત શક્ય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી એકાકી વિહારના દોષોને ખૂબ વિસ્તૃત રીતે એટલા માટે જણાવી રહ્યા છે કે સાધુઓ તે રસ્તે ઢસડાઈ ન જાય. ગચ્છવાસમાં સંક્લેશાદિ થવાની કેટલીક એવી બાબતો હોય છે કે જો સાધુ થોડોક પણ અપરિણત હોય તો તેને ગચ્છવાસ ત્યાગી દેવાનું મન થઈ જાય. તે એકલવિહારી બની જાય.

આવું અનિષ્ટ ન સર્જાય તે માટે ગ્રન્થકારશ્રી એકાકી વિહારના દોષો બતાડતા રહ્યા છે. આ શ્લોકમાં તેઓ કહે છે કે અનાદિકાળના સુસંસ્કારો થોડા હોવાથી શુભ પરિણતિઓ અલ્પ થાય છે. જ્યારે કુસંસ્કારો પુષ્કળ પ્રમાણમાં આત્મામાં જામ થયા હોવાથી એક જ દિવસમાં ઢગલાબંધ અશુભ પરિણતિઓ ઉત્તેજિત થઈ જાય છે. આવા વખતે જો અશુભ નિમિત્ત મળી જાય તો તે આત્માની અશુભ પરિણતિ મન, વચન, કાયામાં પ્રસરી ગયા વિના રહેતી નથી. તેમ થતાં જીવનું માનસિક, વાચિક કે કાયિક અધઃપતન થતાં વાર લાગતી નથી.

સામાન્યતઃ વર્તમાનકાલીન જીવોનું આધ્યાત્મિક બળ ખૂબ ઓછું હોય છે. ઘણા બધા જીવો તો પૂર્વકાળના વિરાધિત સંયમી હોય છે એટલે એમનો -પશ્ચાત્તાપાદિથી દૂર નહિ કરાયેલો – વિરાધકભાવ દોષોને જગાડીને અશુભમાં પટકી નાંખ્યા વિના રહેતો નથી. વારંવાર પટકાઈ જવાની શક્યતાવાળો કાળ હોવાથી આ કાળને હુંડા અવસર્પિણી કાળ કહ્યો છે.

જ્ઞાનીઓ કહે છે કે આવા વિષમ કાળમાં બહુ થોડા સાધુઓ સમ્યગ્-દર્શનને પામ્યા હોય છે. કાળની આવી વિષમ સ્થિતિમાં પણ સારું સાધુપણું પાળવાની જેમની ઈચ્છા હોય તે આત્માઓએ અશુભ પરિણતિઓમાં ભડકો કરી દેતાં અશુભ નિમિત્તોથી બાર ગાઉ છેટાં રહેવું જોઈએ.

સાપને જોતાં જ ગભરાઈ ઊઠીને, "ઓ સાપ !" કહીને જીવ જેમ

ભાગે છે, અંગારો હાથમાં આવી પડે તો તત્ક્ષણ "ઓ અંગારો" કહીને તેને ફેંકી દેવાય છે એ રીતે–એટલી જ ઝડપથી અશુભ નિમિત્તોથી દૂર ભાગી જવું જોઈએ. જો કુતૂહલથી પણ તેની ઓળખ મેળવવા જવાય તો તે આત્માનું અધઃપતન થવાની શક્યતા સો ટકા વધી જાય.

અત્યંત સાવધાનીથી પહાડના દસ હજાર પગથિયાંમાંથી નવ હજાર નવસો નવ્વાણું પગથિયાં ચડી જનાર માણસ જો છેલ્લું એક પગથિયું ચડવામાં બેદરકાર રહે તો સંભવ છે કે તે ઊંડી ખીણમાં એવો ફેંકાઈ જાય કે તેનું હાડકું પણ હાથમાં ન આવે. ૯૯૯૯નું ઈનામ પામવાને બદલે ૧ની સજા ઠોકાઈ જાય.

આધ્યાત્મિક જગતનો કાનૂન આવી જાતનો છે.

આમાં મુખ્ય કારણ ચંચળ મન છે. એની ચંચળતાને લીધે જ અશુભ નિમિત્તો અથડાઈ જાય છે અને મોટી હોનારત સર્જાય છે.

જ્ઞાનીઓ કહે છે કે મહામુસીબતે એકઠો કરેલો ચારિત્રજીવનનો લક્ષપાક તેલનો બાટલો, મનરૂપી વાંદરાની ચંચળતાને કારણે તૂટીફૂટીને ખતમ થાય છે, લક્ષપાક તેલ ધરતી ઉપર ઢોળાઈ જાય છે. હાય, હવે બિચારો રસ-વેપારી સાધુ લમણે હાથ દીધા વિના બીજું શું કરે ?

જેની આવી દશા થતી હશે તે સમ્યગ્દૃષ્ટિ સાધુની માનસિક હાલત કેટલી કફોડી થતી હશે ? તેને કેવો ભયંકર આઘાત લાગતો હશે ? ખૂણે બેસીને તે કેવી પોક મૂકીને રડતો હશે ? એ બધી વાતની એને જ ખબર હોય. આપણે તેને ક્યાં જોઈ શકવાના છીએ ?

એકનું એક સંતાન ગુમાવતાં, કમાતી દુકાન આગથી ભરખાઈ જતાં, કૅન્સર વ્યાપી જતાં જે આઘાત ગૃહસ્થોને લાગે તેથી પણ વધુ આઘાત અશુભ સ્થિતિનું જાગરણ થતાં સાધુને લાગે.

જેને અશુભ પરિણતિઓનું વારંવાર જાગરણ થાય જ નહિ તે સાધુને કોટિ વંદન.

જેને અશુભ પરિણતિ જાગ્યા બાદ છાતી-માથા કૂટી નાંખવા જેટલો અગાધ પશ્ચાત્તાપ થાય તે સાધુને પણ કોટિ વંદન. કેમ કે એવો પશ્ચાત્તાપ કરનારા આત્માઓ વિરલ હોય છે.

મનની અતિ ચંચળતા, આત્માની અતિ મલિનતાનું નિવારણ આ કાળમાં તો અતિ અતિ દુષ્કર છે. આથી જ આનંદઘનજી મહારાજે ગાયું, "મનડુ કીમ હી ન બાજે ઓ કુન્થુજિન ! મનડું કીમ હી ન બાજે.'

ઉદયરત્નજી મહારાજે કહ્યું, "મુજ સરીખા મેવાસીને પ્રભુ જો તું તારે, તારક તો જાણું ખરો, જૂઠું બિરુદ શું ધારે ?"

અરિહંત દેવ જેવા જીવનસારથિ મળ્યા પછી પણ જીવન-રથ આઘો પાછો થઈને ટીચાતો હોય તે જોઈને તો હેમચન્દ્રાચાર્યજી પણ ત્રાસી ગયા ! વીતરાગ-સ્તોત્રમાં આ પીડા પરમાત્માની પાસે વ્યક્ત કરવામાં કોઈ કઠોર શબ્દ છોડ્યો નથી.

માત્ર મોક્ષ પામવાને લીધેલી મુનિજીવનની ગાડી જો નરકાદિ તરફ ફંટાઈ જાય તો કેટલો આઘાત લાગે એ તો જે અનુભવે તે જ સમજે.

જ્ઞાનીઓએ સમ્યગ્દર્શનથી પતન અને પુનઃ ઉત્થાન બે થી નવ હજાર (આકર્ષ) વખતનું જણાવેલ છે અને સમ્યક્ચારિત્રથી પતન અને ઉત્થાન બસોથી નવસો વખતનું જણાવેલ છે. આ પતનો થયા પછી તો જીવ ઘણા બધા દોષો નિષ્ઠુરભાવે સેવતો હોય તેવું પણ બને.

પરંતુ ચારિત્રજીવનમાં રહીને પણ ઘણા પતન અને ઉત્થાન થાય છે. છઠ્ઠા ગુણસ્થાનના જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધીમાં અસંખ્ય કંડકસ્થાનો છે. જીવ ક્યારેક જઘન્ય કંડકસ્થાને પહોંચે તો ક્યારેક ઉપર ઉપરના યાવત્- ઉત્કૃષ્ટ કંડકસ્થાને પહોંચી જાય. વળી પાછા અધ્યવસાયો મલિન થતાં નીચેના કંડકસ્થાને પણ આવી જાય.

વળી, અગિયારમા ગુણસ્થાને પહોંચી ગયેલો અન્તર્મુહૂર્ત માટે તો વીતરાગ ભગવંત જેવા વીતરાગ ભગવાન બની જતો આત્મા પણ ત્યાંથી નિશ્ચિતપણે ગબડે છે. પડતાં પડતાં ઠેઠ પહેલા ગુણસ્થાને - તેમાં ય નિગોદમાં પણ પહોંચી શકે છે.

આવી સ્થિતિમાં સાધુને વીતરાગ સર્વજ્ઞ બનવું એ અતિ મુશ્કેલ બની જાય છે.

ખેર, છતાં ય તે સ્થિતિ તરફ ગતિ કર્યા વિના નિસ્તાર નથી. સંસારભ્રમણ અતિ દુઃખમય છે. તેનાથી છૂટકારો મેળવવો જ રહ્યો.

અનાદિના કુસંસ્કારો દારૂગોળો છે તો અશુભ નિમિત્તો આગનો કાકડો છે. બે ભેગા થાય એટલે ભડકો થઈને જ રહેવાનો છે. આમાંથી ઉગરવા માટે અશુભ નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. એકાકીવાસમાં અશુભ નિમિત્તો ક્ષણે ક્ષણે ભટકાઈ જવાની પૂરી શક્યતા છે.

આથી જ ગ્રન્થકારશ્રી કહે છે કે 'મોક્ષાર્થી' જીવે એકાકીવાસ કદી સેવવો નહિ.

પળપળમાં પલટાઈ જતાં અધ્યવસાયોની સંતાકૂકડી જોવી હોય તો પ્રસન્નચંદ્ર રાજર્ષિને ધ્યાનમાં લેવા જોઈએ. ક્ષણમાં સાતમી નરક, ક્ષણમાં સર્વાર્થસિદ્ધ વિમાન, ક્ષણમાં કેવળજ્ઞાન. કેટલી ઝડપથી ઉલટાસુલટી થઈ ગઈ.

નંદિષેણ મુનિના દીક્ષા લેતી વખતના અધ્યવસાયો કેટલા ઉત્કૃષ્ટ હતા ? દેવવાણી(પતન થવાની)ને પણ તેમણે ગણકારી ન હતી. પતન ન થાય તે માટે ઘોર તપનો આરંભ કરી દીધો હતો !

અચાનક એ અધ્યવસાયોએ પલટી મારી. 'અશુભ'નું વાવાઝોડું ચડી આવ્યું. પોતે ભુક્તભોગી હતા. તેમને ભોગોનું કાતિલ સ્મરણ થવા લાગ્યું. પતન થઈ જવાનો ભય લાગ્યો. પતિત થવા કરતાં પ્રાણત્યાગ કરવાનું મુનાસિબ માનીને પહાડ ઉપરથી ઝંપાપાત કર્યો પણ તે જ વખતે ત્યાંથી આકાશમાર્ગે પસાર થતાં દેવે તેમને ઝીલી લઈને ઉગાર્યા. તેમના નિશ્ચિત પતનનું ભાવિ સમજાવીને આત્મહત્યાના માર્ગેથી પાછા ફેરવ્યા.

અને... કામલતા ગણિકાને ઘેર કામવાસનાથી નહિ પણ અહંકારના જોરથી તેમનું પતન થઈ ગયું.

પોતાના પતનના 'નિશ્ચિત ભાવિ'નો પક્ષ લઈને પોતે જ સાધુપણું ત્યાગવાનું વિચારી લઈને ગૃહસ્થવેષ પહેરી લીધો !

શુભાશુભ અધ્યવસાયોની કેટલી બધી ઉલટાસુલટી !

માટે જ જ્ઞાનીઓ કહે છે કે સાધુએ પ્રત્યેક ક્ષણ ઉપર અપ્રમાદની ચોકી મૂકવી જોઈએ.

આચારાંગસૂત્રમાં કહ્યું છે કે, "તે સાધુ પંડિત (બુદ્ધિમાન) છે જે પોતાની વર્તમાન ક્ષણ ઉપર બરોબર ચોકી રાખે છે. **(खणं जाणाहि पंडिए)** જો દરેક વર્તમાન પળને હેમખેમ નિર્દોષ પસાર કરી દેવાય તો મુનિજીવન સફળ થઈ જાય. સાધુએ ખરડાઈ ગયેલા ભૂતકાળ બદલ રડ્યા કરવું ન જોઈએ. હા. તેણે સંપૂર્ણ અને શુદ્ધ પ્રાયશ્ચિત્ત એક વાર કરી લેવું જોઈએ. વળી ભવિષ્યકાળમાં પોતાનું શું થશે ? તેની બહુ ફીકર કરવી ન જોઈએ. વર્તમાન પળો જ્યારે ભવિષ્યકાળમાં એક પછી એક આવનારી છે તો વર્તમાન પળને 'શ્રેષ્ઠ' બનાવવાનો પ્રયત્ન અવિરતપણે થવો જોઈએ. એનો અર્થ એ થયો કે તેણે સતત જાગ્રત રહેવું જોઈએ. હા, ઊંઘમાં કે અંધકારમાં, એકાંતમાં કે અનુકૂળતાની પ્રાપ્તિમાં. આ માટેનો સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે; "પરલોક તરફ સતત નજર."

અજૈનોમાં થયેલા બાળ નચિકેતાએ યમરાજાને સાધ્યો. તે પ્રત્યક્ષ થયો.

વરદાન માંગવા કહ્યું. નચિકેતાએ કહ્યું : "મને 'નારક' (મરણ) દેખાડો."

નારક અતિ ભયાનક દુનિયા હોવાથી યમરાજે કહ્યું, "નચિકેતા ! નારકદર્શનની તું વાત ન કર. (**नचिकेतो ! मरणं माऽनुप्राक्षीः**). હું તને સ્વર્ગ બતાડું. ત્યાંની રૂપસુંદરીઓ, હીરાજડિત તોરણો, અત્તર ભરેલી વાવો બતાડું."

પણ નચિકેતાએ પોતાનો આગ્રહ જારી રાખ્યો. કેમ કે નારકના ઘોર દુઃખો જોઈને તેને કોઈ પણ પાપ સેવાઈ ન જાય તેની તકેદારી રાખવી હતી.

પરલોકદષ્ટિ આત્માને ખૂબ જાગ્રત રાખે છે.

દોષોથી ઉગરવાનો આ ખૂબ સરળ અને શ્રેષ્ઠ રસ્તો છે.

■■■

**सव्वजिणपडिकुट्ठं अणवत्था थेरकप्पभेओ अ ।**
**इक्कोऽपि सुद्धवत्तोवि हणइ तवसंजमं अइरा ॥ १६१ ॥**

**અર્થ :** સર્વ જિનેશ્વર દેવોએ એકાકીપણે વિચરવાનો નિષેધ કર્યો છે. કેમ કે તેથી (૧) તેની પરંપરા ચાલે છે. (૨) સ્થવિરકલ્પની વ્યવસ્થા તૂટે છે. (૩) અરે ! તે જીવ સારો સંયમી હોય તો ય થોડા સમયમાં તેના તપ અને સંયમનો ઘાત થઈ જાય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી કહે છે કે કદાચ કોઈના એકાકી વિચરવાથી-આગાઢ કારણે અગ્નિકાપુત્ર આચાર્ય એકાકીવાસ કરતા હતા—લાભ થતો હોય તો પણ સામાન્ય રીતે તેમ કરવું ઊચિત નથી. કેમકે તેની પાછળ પરંપરા ચાલુ થઈ જાય છે. એમાં અયોગ્ય સાધુઓ જોડાય તો તેમને એકાન્તે ગેરલાભ થાય છે. આ અનવસ્થા એ મિથ્યાત્વના દોષ જેટલો ગંભીર દોષ છે. કોઈ કાર્ય માટે એક સાધુ ગમે તેટલો યોગ્ય હોય તો પણ જો તેનું અનુકરણ 'અયોગ્ય' સાધુઓ કરે તો યોગ્ય સાધુથી પણ તે કાર્ય ન થાય. એમાં 'યોગ્ય' દ્વારા મેળવાતા 'પ્લસ' કરતાં 'અયોગ્ય' દ્વારા મળતાં 'માઈનસ' ઘણા વધુ હોય છે. આથી જિનશાસનને ભાગે નુકશાન આવે છે.

દા.ત. એક વાર ધારી લેવાય કે ગીતાર્થ સંવિગ્ન અને પુણ્યવાન્ સાધુ 'માઈક' નો ઉપયોગ કરે; તેનાથી આંદોલન કરીને દેવનાર જેવું કતલખાનું વગેરે બંધ કરવામાં સફળતા મેળવે તો પણ તે સાધુની પાછળ જો ઘણા બધા-જે તે સાધુ-તેનો ઉપયોગ કરે અને ઢંગધડા વિનાનું-ઉત્સૂત્ર - બોલે, યશકીર્તિ કમાવવા બોલે, ઘણી બધી છૂટછાટ લે તો ગીતાર્થ પુણ્યવાન્ સાધુથી પણ

માઈકમાં ન બોલાય. હાલ તો 'મીડીઆ'નો લલચામણો પવન એવો ફુંકાયો છે કે તેની ઝપટમાં ઘણા બધા શ્રમણો આવી જાય તેમ છે. એનાથી ઘણા શ્રમણો જિનશાસનને ગુમાવવા પડે; જૈનધર્મની બેઈજ્જતી પણ થાય. અંતે તેનો હ્રાસ થાય. આવી સ્થિતિમાં તો ગીતાર્થ ગચ્છાચાર્યોએ તે શ્રમણોને કાબૂમાં લેવા જોઈએ. 'મીડીઆ' ઉપર કડક પ્રતિબંધ મૂકવો જોઈએ. 'અનવસ્થા'ના ભયથી સુયોગ્ય સાધુઓને પણ જે તે બાહ્યપ્રવૃત્તિમાં ભાગ લેતા અટકાવવા જોઈએ.

મીડીઆનો પવન ખૂબ ઝેરી છે. તે લલચાવનારી વિષકન્યા જ છે. જે તે ચોંટશે તેનો પ્રાણ નીકળી જશે.

જૈનધર્મના લોકો હજી બહારના પવનમાં, રાજકારણના ગંદા વાતાવરણમાં, ચૂંટણીઓના ઝગડાઓમાં નથી પડ્યા એટલે જ અન્ય ધર્મી ઝનૂની લોકો કે રાજકારણી મેલાં લોકો તેને હાથ લગાડતા નથી. અન્યથા જૈનધર્મ ઉપર ઘણી બધી મુશ્કેલીઓ ત્રાટક્યા વિના ન રહે.

હાલનો સમય એવો છે કે થોડીઘણી પણ બાહ્ય પ્રવૃત્તિઓ - વરઘોડા, જમણવારો વગેરે કે જેમાં માત્ર ભપકાનું પ્રદર્શન છે તે - સ્થગિત રાખવી જોઈએ. આનાથી ઈર્ષ્યા જાગે છે : ઉશ્કેરાટ વધે છે : દ્વેષ પેદા થાય છે.

જ્યારે ધૂળના ઢગલા લઈને વાવાઝોડું તીવ્ર વેગે ઘરભણી આવતું હોય ત્યારે ઘરને ધૂળ ચાટતું - ધૂળ ધૂળ - ન કરી દેવા માટે ગૃહિણીઓ તમામ બારી-બારણાં બંધ કરી દે છે. આ ન્યાય બાહ્ય ક્ષેત્રોમાં લગાડવો જોઈએ. વાવાઝોડાને પસાર થવા દો, પછી મજેથી ધર્મ પ્રભાવનાના કાર્યો ક્યાં નથી થઈ શકવાના ?

આપણે વધુમાં વધુ ધર્મકટ્ટર બનીએ. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વર્તીએ.

એટલે એકાકી વિહારની કલ્પના પણ કરવી ન જોઈએ.

તેનાથી જેમ 'અનવસ્થા' ચાલે છે તેમ સ્થવિરકલ્પનો નાશ થાય છે. સ્થવિરકલ્પમાં પારસ્પરિક સંઘર્ષ, દોષિત ગોચરી, વધુ પડતું સહન કરવું વગેરે દોષો સંભવિત છે. એથી કંટાળીને કેટલાક સાધુ એકાકી વિહાર પસંદ કરી લે. આમ થતાં સ્થવિરકલ્પનો આંશિક હ્રાસ થાય. સ્થવિરકલ્પની આરાધના તો મોક્ષ પામવાનું એકમેવ સાધન છે. તેનો હ્રાસ કરવામાં કેટલો મોટો દોષ લાગે ?

પાપભીરૂ શ્રમણ તો આ દોષની શક્યતાથી ધ્રૂજવા માંડે.

હવે ગ્રન્થકારશ્રી બીજી ગંભીર બાબત જણાવે છે.

ગમે તેવો સારો સાધુ પણ જો એકલવિહારી બને તો તે ટૂંક સમયમાં જ તપ અને સંયમધર્મથી પતન પામી જાય છે.

આ વાતનું આંખે ઊડીને વળગે તેવું દૃષ્ટાન્ત કૂલવાલક મુનિનું છે.

સ્ત્રીથી બચવા માટે તે એવા ગાઢ વનમાં ગયા જ્યાં તેનો પડછાયો પણ જોવા ન મળે. તે ઘોર તપ કરવા લાગ્યા. આથી પ્રસન્ન થયેલા ક્ષેત્રદેવતાએ તેમનું રહેવા માટેનું ઝૂપડું - પાસે જ વહેતી નદીમાં પૂર આવવા દ્વારા - ડૂબી ન જાય તે માટે તે નદીનું વહેણ બદલી નાંખ્યું. આથી તેમનું નામ કૂલવાલક (નદીકિનારાને વાળી દેનારા) પડ્યું. છતાં અમુક ઘટના થતાં તેમનું ત્યાં જ ગણિકા દ્વારા સંપૂર્ણ પતન થયું.

એકાકી રહેનારો સાધુ એટલે લાવારસના પહાડ ઉપર રહેનારો સાધુ. ક્યારે લાવારસ ફાટે અને ક્યારે સાધુ ખતમ થાય તે કહી ન શકાય.

પણ સબૂર ! આ સાધુના પતનમાં એકાકીપણું એ મુખ્ય કારણ નથી. મુખ્ય કારણ તો તેણે કરેલો ગુરુદ્રોહ છે. ગુરુદ્રોહને કારણે જ એવી સ્થિતિ સર્જાઈ જેમાં તેનું પતન થયું.

બપ્પભટ્ટસૂરિજીને આચાર્યપદપ્રદાન વખતે હૃદયના ઊછળતા ઉમળકા સાથે આશિષ આપ્યા, "તું મહાબ્રહ્મચારી બનજે."

આ આશિષ કેવા ફળ્યા ? તે જણાવું.

રાજા આમ દ્વારા તેમના બ્રહ્મ-તેજની પરીક્ષા માટે અત્યન્ત રૂપવતી ગણિકા રાત્રિના એકાન્તવાસમાં (અલબત્ત ઉપાશ્રયમાં) મોકલાઈ. બધા શિષ્યો સૂઈ ગયા હતા. પુરુષવેષે બાઈ આવી. ગુરુ બધી વાત પામી ગયા. બ્રહ્મરન્ધ્રમાં આત્માને સ્થિર કરીને દેહ સાથેનો આત્માનો સંબંધ છોડી દીધો. વેશ્યાએ બધું... બધું... કરી નાંખ્યું. સૂરિજીના રૂવાંડે ય વિકાર ન જાગ્યો. અહીં સૂરિજી એકાકીવાસમાં છતાં અહિત ન થયું. તેમાં ગુરુના અમોઘ આશિષ કારણભૂત બન્યા છે.

ગુરુની આશિષ એવું અમોઘ કવચ છે કે મોહરાજા કોઈ પણ દોષનું બાણ છોડે તો તે નિષ્ફળ જાય.

વિશિષ્ટ કોટિના ગીતાર્થ મહામુનિઓ-આનંદઘનજી જેવા-ને એકાકીવાસ તો ઉપકારી નીવડતો હોય છે.

બાકી સામાન્યતઃ એમ જરૂર કહી શકાય કે એકાકીવાસમાં સંયમજીવન સુરક્ષિત રહે એ શક્ય નથી.

ઉત્તમ ચારિત્રધરનું પણ પતન થઈ જાય. તેના તપ અને સંયમ સાફ થઈ જાય. એનું કારણ એ છે કે એકાકીવાસ, અનવસ્થા અને સ્થવિરકલ્પની મર્યાદાનો દ્રોહ એ ત્રણ દોષો ખૂબ કાતીલ છે. એનાથી મોહનીયકર્મનો ઉગ્ર બંધ થાય. જેવું એ મોહનીયકર્મ ઉદય પામે કે તરત તપ અને સંયમથી જીવ પતન પામી જાય.

જિનાજ્ઞાનો ભંગ એ પાપ મોટા રૂસ્તમને પણ પછાડી નાંખે.

મરીચિ મુનિ તીર્થંકર પરમાત્મા મહાવીરદેવનો આત્મા હોવા છતાં શિથિલ બનીને ગચ્છથી અળગો રહ્યો, તો તેણે પહેલાં દેહની સુખશીલતાથી સંયમ ખોયું પણ શિષ્યની લાલસાથી સમ્યક્ત્વ પણ ખોયું. ઉપરાન્ત પોતાને ચક્રવર્તી, વાસુદેવની પદવીઓ મળવાની છે એ બદલ ભયાનક અભિમાન થયું. એથી દીર્ઘસંસારભ્રમણ નિશ્ચિત થયું.

સાધુએ જો સાધુપણું બરોબર પાળવું હોય; જેથી મોક્ષ મળે; તે જ્યાં સુધી ન મળે ત્યાં સુધી જિનશાસન(સમ્યક્ત્વ)યુક્ત સદ્ગતિ મળતી જ રહે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો સ્વપ્નમાં ય જિનાજ્ઞાનો દ્રોહ કરવો નહિ. અલબત્ત, બધી જિનાજ્ઞાઓનું પાલન શક્ય નથી છતાં તે સ્થિતિમાં તેવી જિનાજ્ઞાઓ પ્રત્યે કટ્ટર પક્ષપાત તો હોવો જ જોઈએ.

જે સાધુઓ શિથિલ બને, મોર્ડન બને કે મીડીઆના સમર્થક બને તેઓ જિનાજ્ઞાનો પક્ષ પણ ચૂકે છે. આથી તેઓ એવું તીવ્ર અને ઉગ્ર મોહનીય કર્મ બાંધી નાંખે છે જેનો આ ભવમાં જ ઉદય થઈને તે સાધુનું પતન કરે છે.

જિનાજ્ઞા સાથે ચેડા કરવા એમાં આત્મહત્યા સિવાય કશું નથી. જગતનું કલ્યાણ કે જૈનધર્મનો વિકાસ ન થાય તો પણ ચાલે. પરન્તુ જિનાજ્ઞાની મર્યાદાઓ તો ન જ ઓળંગાય.

હા, એવું બની શકે એવા સાધુઓ સાધુવેષ ત્યાગી દે; પછી જે કરવું હોય તે કરે. એથી જો નુકસાન થવાનું હશે તો તેને જ થશે. પણ સાધુવેષમાં રહીને તપ-સંયમનો ભુકો બોલાવી દેવો એ બિલકુલ ઉચિત ન ગણાય.

વર્ત્તમાનમાં જે શ્રમણો સાધુત્વની મર્યાદાને કે સાધુપણાના નિયમોને તોડીને જગત્કલ્યાણ (!) કરવા ગયા : વિમાનમાં ઊડ્યા : માઇકમાં બોલ્યા : ધનલાલચુ બન્યા : તે તમામ પતન પામ્યા હોય તેવું સ્પષ્ટ જોવા મળે છે.

કેટલાક મઠ બનાવીને - ઓઘો રાખીને કે છોડીને - બેસી ગયા છે.

કેટલાક પરદેશમાં સ્થિર થયા છે.

કેટલાક કોઈ નારીના કંત બનીને સંત મટી ગયા છે. હા... ગૃહસ્થજીવનને નિભાવવા માટે ખૂબ પૈસાની તો જરૂર પડે જ; એટલે આ બધા લોકોએ સાધુવેષમાં જ ભક્તોને આંધળાભીંત કરીને, દોરા-ધાગાની દુકાન ચલાવીને ચિક્કાર પૈસા બનાવી લીધા હોય છે.

જેની ઉપર ગુરુની અસીમકૃપા ઊતરી હોય તે જ સાધુ વર્તમાનમાં સુંદર સંયમજીવન આમરણ પાળી શકે. દોષ સેવાય તો રોતી આંખે ગુરુ પાસે શુદ્ધિ કરવાનું સામર્થ્ય પામી શકે. બાકી અત્યારે તો સાચા સાધુપણાનું પાલન કે પક્ષપાત અત્યન્ત દુ:શક્ય બની ગયા છે.

ક્યાંક જ ગુરુકુલવાસયુક્ત ગચ્છવાસ જોવા મળે છે; જ્યાં સાધુઓ ઘણા બધા સજાગ દેખાય છે. શાસ્ત્રોક્ત જીવન સારી રીતે જીવે છે.

જો સાધુ થવું જ છે તો 'સાચા' સાધુ થવું જોઈએ. લેભાગુ સાધુ થવાથી શું લાભ ? અગણિત યાતનાઓથી ક્રોડો ભવો સળગી ઊઠે એવું જીવન કેમ જીવાય ?

■■■

**वेसं जुन्न-कुमारिं पउत्थवइअं च बालविहवं च ।**
**पासंडरोहमसइं नवतरणिं थेरभज्जं च ॥ १६२ ॥**
**सविडंकुब्भडरूवां दिट्ठा मोहेइ जा मणं इत्थी।**
**आयहियं चिंतंता दूरयरेणं परिहरंति ॥ १६३ ॥**

**અર્થ** : વેશ્યા, મોટી ઉંમરની કુમારિકા, પરદેશ ગએલા પતિની પત્ની, બાળવિધવા, જોગણી (સંન્યાસિની), વ્યભિચારિણી, નવયૌવના, વૃદ્ધપતિની પત્ની, શુભાધ્યવસાયનો નાશ કરી દે તેવી ઉદ્‌ભટ રૂપવાળી સ્ત્રી, દેખવા માત્રથી મનને મોહિત કરી દેતી સ્ત્રી, આટલા પ્રકારની સ્ત્રીઓને આત્મહિતની ભાવનાવાળા સાધુઓ દૂરથી જ ત્યજી દે છે.

**વિવેચન :** સંસારભ્રમણને વધારનારી ચાર સંજ્ઞાઓ છે : આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા.

આહાર કરવો, ભય પામવો, મૈથુન સેવવું, વસ્તુઓ ભેગી કરવી એ અલગ વાત છે; જ્યારે તેમની સંજ્ઞા હોવી તે અલગ વાત છે. સંજ્ઞા એટલે એક પ્રકારની મનની ખાજ : ચળ.

ચળ ઉપડે કે જે તે વસ્તુનો ઉપભોગ કરવા માટે જીવ તૈયાર થઈ જાય. પ્રસ્તુતમાં મૈથુનસંજ્ઞાની વાત કરવામાં આવી છે.

પાંચ ઇન્દ્રિયોમાં સૌથી વધુ સમયનો ભોગવટો સ્પર્શનેન્દ્રિયનો થયો છે. કેમકે નિગોદ વગેરેના એકેન્દ્રિયપણાના અનંત કાળમાં એકલી સ્પર્શનેન્દ્રિય ઉત્તેજિત હતી.

એટલે એવું કહી શકાય કે બેઈન્દ્રિય વગેરે ઇન્દ્રિયોના અનુભવ કરતાં એકેન્દ્રિય - સ્પર્શનેન્દ્રિયનો અનુભવ અનંતકાળ વધુ હોવાથી તેની ઉત્તેજના અત્યન્ત વધુ હોય.

આમ સ્પર્શનેન્દ્રિયનો દાહ (ઉછાળો) અતિ શીઘ્ર અને અતિ ભયાનક હોવાથી સ્થૂલભદ્રજીએ રૂપકોશાને કહ્યું હતું કે, સ્પર્શ કરવા સિવાય તારે જે કરવું હોય તે તું કરી શકીશ. તારે મારાથી સાડા ત્રણ હાથ છેટા રહેવું. રૂપકોશાને એવો ખ્યાલ હતો કે ચાર ઇન્દ્રિયોના વિષયમાં મને છૂટ મળી છે એ જ ઘણી છે. ભલે હું એની પાસે નહિ જાઉં પણ એ એવા ઉત્તેજિત થશે કે એને મારી પાસે દોડી આવવું પડશે : એ જ કામભોગની પ્રાર્થના કરશે.

પણ રૂપકોશા ખોટી પડી. તેના તમામ કામોત્તેજક ભોજન, શ્રવણ, દર્શન નિષ્ફળ ગયા. સ્થૂલભદ્રજી જીતી ગયા.

સંભૂતિમુનિ આજીવન અનશનમાં ઊભા હતા. સનત ચક્રવર્તીની રાણી ભાવવિભોર બનીને તેમને વંદન કરવા ગઈ તેમાં તેના અંબોડાના વાળની એક લટ તેમના પગને અડીને ક્ષણમાં પસાર થઈ. આટલા સ્પર્શમાં એ મુનિ કામુક બની ગયા. ભવાંતરમાં તેવી પત્ની પામવાનું નિયાણું કર્યું. બ્રહ્મદત્ત ચક્રી બનીને સાતમી નારકે ચાલી ગયા.

સિંહગુફાવાસી મુનિ અને રહનેમિ તો નારીના દર્શન માત્રથી ખળભળી ગયા. તેમના રોમરોમમાંથી વાસનાનું લખલખુ પસાર થઈ ગયું.

એ તો સારું થયું કે સામું પાત્ર ઉત્તમ હતું. તેણે એમને પતન થવામાંથી ઉગારી લીધા !

ઈન્દ્રિય પરાજય શતકમાં કહ્યું છે કે, "જો કામરાજના ઝંઝાવાતની સામે મેરુ જેવા અડોલ રહનેમિ પણ હચમચી ઊઠ્યા તો પાકીને પીળા પડીને લટકેલા પાંદડા જેવા અમે શી રીતે તે ઝંઝાવાતી પવન સામે ટકી શકીએ ?"

જો કે જ્ઞાનયોગી, ગુરુપરતન્ત્ર આત્માઓની વાત ન્યારી છે.

જ્યારે લક્ષ્મણના ખોળામાં ઝોકું આવતાં સીતાનું માથું પડી ગયું હતું

અને તે ઘસઘસાટ ઊંઘતી હતી ત્યારે તે દૃશ્ય જોઈને પોપટના સ્વરૂપમાં રામે લક્ષ્મણને પૂછ્યું હતું કે, "આવી સ્પર્શયુક્ત સ્થિતિમાં નિર્વિકાર રહી શકાય ખરું ?"

લક્ષ્મણે ઉત્તર આપ્યો કે, "જે જ્ઞાનયોગી છે તેને માટે આ વાત મુશ્કેલ નથી."

બાકી તો કામવાસના અત્યન્ત ભયંકર છે. આ કામ ચંડાળ અત્યન્ત નિર્દય છે. મોટા વિદ્વાનોને પણ પછાડી દે. તે જ ઊગરી શકે જે જ્ઞાની હોય યા જ્ઞાની ગુરુને સંપૂર્ણ સમર્પિત હોય.

જૈમિની મુનિને તેના ગુરુએ કહ્યું કે, "સગી માતા, સગી બેન, સગી દીકરી સાથે પણ પુરુષે એકાન્તમાં રહેવું નહિ. ત્યાં વિદ્વાન્ માણસને પણ કામરાજ કચરી નાંખતો હોય છે."

અન્યત્ર કહ્યું છે કે, "સો વર્ષની દાદીએ પાંચ વર્ષના પોતરા સાથે એક પથારીમાં સૂવું નહિ."

જૈમિની વિદ્વાન્ હતા. તેમને વ્યાસ-ગુરુને કહ્યું કે, "વિદ્વાનને કામરાજ પછાડી શકે નહિ."

એક દિવસ વ્યાસગુરુએ એવું છાટકું કર્યું કે તેમાં જૈમિની કામાતુર બનીને ફસાઈ ગયા ! જો કે ગુરુએ તેનું વિશેષ પતન થતાં ઉગારી લીધા.

મહારાજા યયાતિ સાવ વૃદ્ધ થયા પણ વાસનાઓ તો એવી ને એવી જુવાન હતી. કહેવાય છે કે તેમણે ઉગ્ર તપ કરીને ભગવાનને રીઝવ્યા અને એક હજાર વર્ષનું યૌવન માંગ્યું. ભગવાને તે આપ્યું.

અકરાંતીઆની જેમ યયાતિએ કામસેવન ચાલુ કર્યું. પણ તો ય હજાર વર્ષ બાદ તેની વાસના તેવી ને તેવી જુવાન રહી. આથી તેણે પ્રજાને સંદેશ આપ્યો કે, "હે પ્રજાજનો ! ભોગના માર્ગે જઈને વૃત્તિઓને શાન્ત કરવાનો પ્રયત્ન નિષ્ફળ જશે. તમે આત્મચિંતન કરો, આત્માનું ધ્યાન કરો. એ જ વાસનાશમનનો શ્રેષ્ઠ માર્ગ છે."

વાસનાઓ વયોવૃદ્ધને પણ સતાવે.

ઉત્તેજક નિમિત્ત ભટકાઈ ગયા પછી તો કોક વિરલો જ બચે. એમાં ય જે સખત કામ (પરિશ્રમ) ન કરતો હોય અને બિન્ધાસ્ત રીતે વિગઈઓ નિત્ય વાપરતો હોય તે તો આગ જેવો કહેવાય. વિગઈઓનું પેટ્રોલ પડે એટલે ગગનવ્યાપી ભડકા ચોમેર ફરી વળે.

એક સ્થળે કહ્યું છે કે, જે સાધુઓ સૂકા પાંદડા ખાઈને જંગલમાં રહે

છે તેમને પણ જો વાસના સતાવતી હોય તો જે સાધુઓ નિત્ય માલમલીદા આરોગતા હોય તેમની તો શી દશા થતી હશે ? જો તેમને પણ ઇન્દ્રિયનિગ્રહ સિદ્ધ થાય તો વિન્ધ્યાચળ પર્વત સમુદ્રને તરી જાય.

ભર્તૃહરિએ સાચું કહ્યું છે કે કામભોગના સેવનની પાછળ મોટાદૈત રોગો થવાની પૂરી શક્યતા છે. (**भोगे रोगभयं.**)

પેલી વૈશાલીની નર્તકી વાસવદત્તા. ભોગરસમાં ચકચૂર હતી. બહુ નાની વયે એનો દેહ રક્તપિત્ત નામના અસાધ્ય રોગથી ઘેરાઈ ગયો.

આચાર્ય રજનીશની માત્ર અઠ્ઠાવન વર્ષની ઉંમરે જીવનલીલા સંકેલાઈ ગઈ !

જ્ઞાનીઓએ તમામ વ્રતો કરતાં બ્રહ્મચર્ય વ્રતને સૌથી વધુ મહત્ત્વ આપ્યું છે. આ વ્રતને દીપક કહેવામાં આવ્યું છે.

એના કારણો દર્શાવું.

જીવનમાં જો કોઈ પણ સિદ્ધિ હાંસલ કરવી હોય તો બ્રહ્મ-વ્રત મજબૂત હોવું જોઈએ.

આમાં જે માણસો કે મુનિઓ ઉણા ઊતરે છે તેમનું ધાર્યું કશું સફળ થતું નથી. કહ્યું છે, "અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદી ય સફળ ન થાય."

જરાક પણ - ક્ષણ માટે ય - જો ગરબડ થાય તો ય મોટું નુકશાન થાય.

દીર્ઘાયુ ત્રિલોકનાથ પંડિત આકાશમાં ઊડવાની અસાધારણ શક્તિ ધરાવતા હતા. આની પાછળ તેમનું શુદ્ધ બ્રહ્મચર્ય કારણ હતું.

પણ એક વાર બંગાળના બાદશાહની – ભોજન પીરસતી - શાહજાદી તરફ એક ક્ષણ માટે રાગદષ્ટિથી જોવાઈ ગયું. આટલામાં શક્તિ તૂટી. રાતે વિદાય થતાં આકાશમાં ઊડવાનો ખૂબ પ્રયત્ન કર્યો. ધરાર નિષ્ફળ ગયો.

માત્ર મનમાં કોઈ વિકારભાવ જાગે તો પણ તરત જ વીર્યકોશ ખળભળે છે અને અંદર જ સ્ખલન થઈ જાય છે. જેના સરવાળે સ્વપ્નદોષાદિ થાય છે.

મનોવિકાર થતાં લોહી ગરમ થાય. ગરમ લોહી વીર્યકોશને ખળભળાવી દે. મનથી પણ વિકાર ન જાગે તે માટે સખ્ત પરિશ્રમ કરતા રહેવો પડે; અશુભ નિમિત્તોથી દૂર રહેવું પડે.

શંકરાચાર્યજીએ કહ્યું છે કે, "સાધુ ! જો તને સ્વપ્નમાં પણ સ્ત્રીના વસ્ત્રનો છેડો પણ દેખાય તો ચેતી જઈને બીજે દિ' કાં ઉપવાસ કરી દેજે નહિ તો એક કલાક ઘંટી દળવા બેસી જજે."

પેલી કુલવધૂ ! પતિને બહારગામ ગયાનો ઘણો સમય થતાં વિકારભાવ

જાગ્રત થયો. તેની આ વાતની સસરાને ખબર પડી. તેમણે બીજે દિ' ઘરનું બધું કામ તેને સોંપી દીધું. બધા માણસોને રજા આપી. કામના બોજા નીચે દબાઈ ગએલી વહુનો મનોવિકાર ક્યાં ય ભાગી ગયો !

સહેલાઈથી બ્રહ્મચર્યને સિદ્ધ કરવું હોય તો ઉત્તેજક નિમિત્તોથી બાર ગાઉ છેટા રહેવું જોઈએ.

આગને અડીએ તો દાઝ્યા વિના રહીએ નહિ.

આગને ન અડીએ તો દાઝીએ જ નહિ.

અનાદિકાલીન કામવાસના અમુક ભવ, અમુક ખોળીયું, અમુક ઉંમર ભેગા થતાં તે ભડકી જાય છે. આમાં એક જ કારણ છે; કુસંસ્કારોનું વશીકરણ : ખેંચાણ.

જેની ઉપર વશીકરણ કરાયું છે તે માણસ સામી વ્યક્તિ જે કહે તે કરે છે. ખીસામાં પડેલા પૈસા આપવાનું કહે તો આપી દે છે. અમુક ગલીમાં આવવાનું કહે છે તો ધમાકાબંધ ચાલ્યો જાય છે. હા, આ વખતે એનો અન્તરાત્મા તો તેમ કરવાની ના પાડતો હોય છે; પણ છતાં તે બધું કરે છે.

આવું વાસનાના વિષયમાં બને છે.

એ પુરુષને બધી ખબર છે કે નારીના (નારીને માટે નરના) અંગે અંગ અશુચિથી ભરેલા છે; કામવાસનાની ક્રિયા પશુક્રિયા છે; કામ સેવવા માટેના અંગો બિભત્સ છે, તેમાંથી વાસ મારે છે. આ બધું જાણવા છતાં અનાદિકાલીન કામવાસનાના કુસંસ્કારો તેને પછાડે છે.

દેહમાં રહેલી ચિક્કાર અશુચિ-મળ, મૂત્ર, શ્લેષ્મ, કફ, ચરબી, માંસ, લીંટ, છારી વગેરે તરફ વિચાર કરતાં "છી છી" કરાય છે. આમ છતાં બિચારો એ તરફ ઢસડાઈ જાય છે.

ઉપમિતિ ગ્રન્થમાં મામા-ભાણેજ પ્રકર્ષ અને વિકર્ષના પ્રસંગમાં વેશ્યાના દેહની નાક ફાડી નાંખતી દુર્ગંધથી મામો ત્રાસીને ભાગી છૂટ્યાનું વર્ણન અદ્‌ભુત છે.

મલ્લિકુમારે નારીના આકારની મૂર્ત્તિ બનાવીને તેમાં મળ, મૂત્રાદિ ભર્યા. કાલાન્તરે તે બધું ગંધાઈ ઊઠ્યું. પોતાની નારી-જાત ઉપર મોહિત થએલા રાજકુમારોને તે બતાડતાં તેઓ ત્રાસી ગયા. નારી પ્રત્યેની કામવાસના શાન્ત પડી ગઈ.

ખરેખર કહું તો ચામડીના રૂપાળા રંગ સિવાય નર કે નારીના દેહમાં કશું સારું નથી.

રૂપની ક્યાં વાત કરું ? વિજાતીય તત્ત્વ તરફ જે આકર્ષણ થાય છે તે માત્ર વિજાતીયતાને લીધે થાય છે. પછી ત્યાં કાળું રૂપ હોય, કૂબડાપણું હોય, આંખે અંધાપો હોય તો ય તે બધું ખપે છે.

વાસના બહુ ખરાબ વસ્તુ છે. તેને તૂટેલો ખાટલો પણ ચાલે; કાળી મેંશ નાર (કે નર) પણ ચાલે, જાત-કજાત પણ ચાલે.

જો સારી રીતે દેહની અશુચિ તરફ અને તેની વિનાશિતા તરફ નજર નંખાય; એ અશુભકર્મબંધના પરિણામે કાળી અને કાતીલ દુર્ગતિઓમાં ત્રાટકનારા દુઃખોના વાવાઝોડાં નજરે આવી જાય; માનવજીવન બરબાદ થઈ રહ્યું હોવાની; ધર્મતત્ત્વનું શરણ ખોઈ બેઠાની વાતો વિચારાય તો આ જ્ઞાનદશાથી જાતીય વાસનાઓ શાન્ત પડી ગયા વિના રહે નહિ.

નરની વાસના ઝટ જાગે છે; જાગ્યા બાદ ઝટ શાન્ત થાય છે. નારીની વાસના ઝટ જાગતી નથી. જાગ્યા પછી ઝટ શાન્ત થતી નથી.

નર કરતાં નારીની વાસના અષ્ટગુણ વધુ હોય છે. આ સ્થિતિમાં 'નારી' જો જાતીયવાસનાથી ભરપૂર બને તો એ વિફરેલી વાઘણ કરતાં કે વિષકન્યા કરતાં ય ભૂંડી છે.

શરૂઆત કરવામાં નર ઉતાવળીઓ છે તો અન્ત લાવવામાં નારી અત્યન્ત ખામોશ છે. એ ઝટ છોડતી નથી. જો પુરુષ ઝટ છોડે તો તેની અતૃપ્તિ તેનું ભયંકર અહિત કર્યા વિના રહેતી નથી.

આવા કારણોસર 'વાસના'નું તત્ત્વ બધી હદ વટાવી જતું હોય છે.

"વાસનાને ભોગવવાથી કોઈ શાન્તિ મળતી નથી; બલ્કે તે ભડકે બળે છે." આ વાત રાજા યયાતિએ પોતાના અનુભવના નીચોડરૂપે જણાવી છે.

વાસનાનો નાશ દેવ-ગુરુમાં ઉપાસના પેદા કરવાથી જ સંભવિત છે. વાસના સામે ઉપાસના જ કારગત નીવડે : એ અમોઘ ઉપાય છે.

જો વાસના વિકૃત બને : અતૃપ્ત બને તો કદાચ સજાતીયમાં પણ દોડી જાય. આ ય ખૂબ ભયાનક નુકસાન કરતો દોષ છે. નર કે નારી ઊભયમાં આ દોષ પ્રવેશતો હોય છે.

આ દોષવાળા નારી-યુગલને 'લેસ્બીયન' કહેવાય છે. નર-યુગલને 'ગે' કહેવાય છે. એકમાં પ્રવેશનારને બીજામાં સામાન્યતઃ રસ હોતો નથી.

મસમોટા સંતો, ધીમંતો, શ્રીમંતો, યોદ્ધાઓ વાસનાનો ભોગ બનતા હોય છે.

જ્ઞાનીઓ કહે છે કે સિંહને, ઝેરી સાપને, ભયાનક ભૂતને જીતી શકતા

માણસો 'નારી' પાસે સાવ પાણી થઈને હારી જતા હોય છે. નારીથી વિરક્ત રહેવા માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય પરલોકમાં ત્રાટકનારા કડવા વિપાકોનું ચિંતન છે.

આ હુંડા અવસર્પિણી કાળ : એટલે કે ખૂબ ખરાબ કાળ ચાલે છે. જો જીવનું મોહનીય કર્મ જોરમાં હોય; જો નિમિત્ત ભટકાઈ જતું હોય; જો વિગઈઓનું સેવન નિત્ય કરાતું હોય, જો જ્ઞાનયોગ કે ભક્તિયોગનો અભાવ હોય તો ભગવાન પણ તેને ઉગારી શકે તેમ નથી.

કંડરિક મુનિએ વિગઈઓના સેવનનો દારૂગોળો એકઠો કર્યો; વાસના ભડકી ઊઠી.

કૂલવાલક મુનિ ગુરુદ્રોહનો ભોગ બન્યા. બરબાદ થઈ ગયા. નારી નિમિત્ત બની.

પેલા બે વિદ્યાધરકુળના ભાઈઓ ! ભંગીવાસમાં રહીને, ભંગણી સાથે લગ્ન કરીને એક વર્ષ પૂર્ણ બ્રહ્મચર્ય પાળવા સાથે મન્ત્રસિદ્ધિ કરવાની હતી. હાય; એક તો વારંવાર પતન પામ્યો. તેની કાળી નારીએ પતિને માથું દુખતાં બળજબરીથી દબાવવાનો યત્ન કર્યો. ભાઈનું સંપૂર્ણ પતન થયું. બાઈને ગર્ભ રહ્યો. ફરી દૃઢ સંકલ્પ સાથે જપ. ફરી પતન.

હા. બીજો આબાદ પાર નીકળી ગયો.

સોમેશ્વર ભટ્ટ નાલંદાના પ્રાધ્યાપક !

કુમારગિરિ બ્રહ્મચારી સંન્યાસી !

બન્ને પાસે રાજકુમારીઓ ભણવા આવી. ડરને કારણે હા, ના, કરતાં બન્ને જણે તેમના પિતાના આગ્રહ સામે નમતું જોખ્યું.

ટૂંક સમયમાં નારી નિમિત્ત બની. બેયનું પતન થયું !

નારીને પુરુષો માટે ડાકણ કહી છે કે નરકની દીવડી કહી છે તે આ પુરુષોની અપેક્ષાએ ખોટું ન કહેવાય. પણ તેનો અર્થ એ નથી કે પુરુષ સ્વર્ગનો દીવડો છે.

નારી એટલે વાસના.

વાસના નાગણ છે; નરકની દીવડી છે. પછી તે પુરુષમાં પણ કેમ ન હોઈ શકે !

મને ફરી કહેવા દો કે જો વિગઈ-ત્યાગ હોય અને નિમિત્તનો અભાવ રહેતો હોય તો કામરાજ તેનું પતન કરવાને ધરાર અસમર્થ છે.

કહ્યું છે; સહેજે બાવા બ્રહ્મચારી.

જેમ અચ્છા અચ્છા પુરુષોને નારીએ હરાવ્યા છે તેમ નારીને હરાવી

દેનારા મહાત્માઓની સંખ્યા ઓછી નથી.

સ્વામી વિવેકાનંદના શિષ્ય બિભૂતાનંદજી ! તેમના હૃષ્ટપુષ્ટ દેહથી ખેંચાઈ ગએલી સ્ત્રી એકાંતમાં બેઠેલા સ્વામીજી પાસે પહોંચી. કટાક્ષ અને કામણગારું સ્મિત-કામના બે શસ્ત્રો–છોડી મૂક્યા.

શાન્ત અને સ્વસ્થ રહેલા સ્વામીજીએ તેની સામે ત્રાટક કરતાં કહ્યું, "મા ! તેરે કુ કુછ લેકે હી જાના પડેગા."

બસ. 'મા' શબ્દે ચમત્કાર કર્યો. શરમિંદી થઈને નારી ભાગી ગઈ.

નારીમાં 'મા' જોવાથી કે 'બેન' જોવાથી આવો ચમત્કાર સર્જાય છે.

અજમાવી જુઓ આ તરકીબ, નિશ્ચિતપણે સફળતા જોવા મળશે.

જે ભવિષ્યમાં મન્ત્રીશ્વર વિમળ બનવાના હતા તેમની થનગનતા યૌવનની ઉંમરે શાસનદેવીએ પરીક્ષા કરી. સોહામણી નજાકત નારીના રૂપે તેની સામે આવી ઊભી. તેને પૂછ્યું, "બોલ, વિમળ ! તને મારામાં શું દેખાય છે ?"

જવાબ મળ્યો, "મને બે જ આંખો છે. મોટી ઉંમરની સ્ત્રીઓને એક આંખેથી હું 'મા' જોઉં છું. નાની વયની સ્ત્રીઓને હું બીજી આંખેથી 'બહેન' જોઉં છું. હવે અન્ય સ્વરૂપે જોવાની મારી પાસે ત્રીજી આંખ છે નહિ." કેટલો અદ્‌ભુત ઉત્તર. શાસનદેવીને ખાતરી થઈ કે આવો માણસ સંઘપતિ બને તે તદ્દન સહજ વાત ગણાય.

સાવ નગ્ન વેશ્યાઓને - પરીક્ષા માટે - રામકૃષ્ણ પરમહંસ પાસે એકાન્તમાં મૂકી દેવાઈ.

પરમહંસે તેમના સ્વરૂપમાં 'મા'નું દર્શન કર્યું. ઊભા થઈને તેમની સમક્ષ જઈને ટાબોટા પાડતાં આવેશમાં બોલવા લાગ્યા, 'મા ! મા ! મા ! મા !'

એક વાર તીર્થભૂમિ પાલીતાણામાં એક જ દિવસે એકવીસ સંઘોએ પ્રવેશ કર્યો. તમામ સંઘપતિઓ ક્રોડાધિપતિ હતા. દરેક તરફથી એકેકો દિવસ ઝાંપે ચુંદડી જાહેર. (આખું ગામ રસોડું બંધ રાખીને સંઘના રસોડે જમે.) એકવીસ દિવસ જમણ ચાલ્યું. પછી સંઘપતિ તરીકેની માળ પહેરાવવાનો દિવસ આવ્યો. આચાર્યોએ વિચાર્યું કે આ લોકો એટલા બધા ધનાઢ્ય છે કે ક્રોડો રૂપિયા સુધી બોલી ચાલતી રહેશે અને રાત પડી જશે. બધાએ 'ટેન્ડર' ભરાવ્યા. વયોવૃદ્ધ સંઘાચાર્યે દીક્ષાગ્રહણ, માસખમણ, મોટું દાન વગેરે ટેન્ડરોને બદલે રાણકપુર મંદિરના નિર્માતા ધનાશાહના દીકરાનું ટેન્ડર પાસ કર્યું. તેણે જણાવેલ કે, "એકવીસ વર્ષની મારી આ વયથી સજોડે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીશ."

હા. તેમ જ થયું. નવા વિજય-વિજયાની જોડીનો જન્મ થયો.

નારીથી દૂર રહીને સાધુ બનીને બ્રહ્મચર્ય પાળવા કરતાં એક ખંડમાં નારીની બાજુમાં સૂઈને બ્રહ્મચર્યનું પાલન કરવું અતિ દુષ્કર છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે માટે જ આગ અને ઘીને સાથે રાખવા જ ન જોઈએ. આગ એ નારી છે; ઘી તે પુરુષ છે. રામ-લક્ષ્મણના સંવાદમાં આ વાત સરસ રીતે સમજાવાઈ છે.

કામસુભટને જીતવાનું કામ અતિ મુશ્કેલ છે; એટલે જ તીર્થંકરદેવો માટે કવિઓએ ગાયું છે, "કામસુભટ ગયો હારી રે, થાશું કામસુભટ ગયો હારી."

સવાલ થશે કે બ્રહ્મચર્યના પાલનનો અત્યન્ત આગ્રહ શા માટે રાખવામાં આવ્યો છે ? એનો ઉત્તર એ છે કે અત્યન્ત ઉલ્લાસ સાથે જો વિકાસ સાધવો હોય; તે માટે દેહનું બંધારણ પણ સુદૃઢ રાખવું જરૂરી હોય તો શરીરની સાતમા નંબરની 'વીર્ય' નામની ધાતુનું રક્ષણ ખૂબ જરૂરી છે.

વીર્ય બે પ્રકારના હોય છે.

દ્રવ્યવીર્ય તે સાતમા નંબરની ધાતુ છે.

ભાવવીર્ય તે ચિત્તનો 'ઉલ્લાસ' છે.

કોઈ પણ કાર્યમાં ઉલ્લાસ જરૂરી છે.

તેમાં ય મુનિ-જીવનની કઠોર આરાધનાઓમાં ઉલ્લાસ અનિવાર્ય છે. આ ઉલ્લાસનું મુખ્ય કારણ દેહસ્થ વીર્ય છે. તે જેટલું ઘટ્ટ તેટલો ઉલ્લાસ વધુ.

પતંજલિ ઋષિએ કહ્યું છે કે, જેમ જેમ બ્રહ્મચર્ય વધુ સારી રીતે જળવાય તેમ શરીરમાં વીર્યનો લાભ થાય. **ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः**

આ વીર્યનો સ્વપ્નદશામાં પણ નાશ થાય તો તે નુકસાન જ કહેવાય.

હવે જ્યારે વિજાતીય સંબંધ થાય છે ત્યારે આ વીર્યનું સ્ખલન થાય છે. માનસિક વિકાર જાગે તો પણ આ સ્ખલન દેહની અંદર તો થઈ જ જતું હોય છે. વિજાતીય સાથે સંબંધ કરવામાં લોહી-વીર્યનું મિશ્રણ થતાં નવ લાખ ગર્ભજપંચેન્દ્રિય જીવો તથા અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવો જન્મીને મૃત્યુ પામે છે. આ અઘોર હિંસા કહેવાય.

સજાતીય સંબંધમાં અલબત્ત આ હિંસા થતી નથી પરન્તુ રાગની પરિણતિ એકદમ તીવ્ર બને છે; જેનાથી પુષ્કળ અને ગાઢ કર્મબંધ થાય છે.

વીર્યનાશ કરનાર વ્યક્તિને કાર્ય કરવામાં ઉલ્લાસ રહેતો નથી. તેથી તેનો વિકાસ લગભગ સ્થગિત રહે છે.

અન્યત્ર કહ્યું છે કે વીર્યના એકાદ પણ બિન્દુનું સ્ખલન એ મોત બરોબર છે. તેનું રક્ષણ એ જીવન બરોબર છે.

નારી પાસે સહજ રીતે રૂપ હોય છે. આથી નર તેની તરફ એકદમ ખેંચાતો હોય છે; આગના રૂપમાં ખેંચાઈ જતાં પતંગીઆની જેમ. વળી તેની વાસના ઝડપથી જાગવાથી તે પોતાની જાતને કબજામાં રાખી શકતો નથી એટલે તેનું સ્ખલન એકદમ ઝડપથી થાય છે. આમ નર કે નારીની શક્તિ હણાઈ જતાં તે દેહથી દુર્બળ થાય છે અને મનથી ઉલ્લાસ વિનાના થાય છે. આત્મા પુષ્કળ કર્મબંધ કરે છે અને જન્માન્તરના વાસનાના સંસ્કારોને વધુ દૃઢ કરે છે. પરલોકે એ આત્મા ઉપર દુઃખો અને દોષોના વાવાઝોડા ત્રાટકે છે. ગમે તેટલા અનુભવે મધુર હોય પણ એ કિંપાકફળ જેવા મધુર છે. જેનું પરિણામ માત્ર મોત - ભાવમોત - છે.

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ (આત્મસ્વરૂપ)માં ચર્યા અર્થાત્ રમણતા.

જે આત્મરમણ છે તેને વીર્યસ્ખલન શક્ય નથી.

આત્મરમણતાથી ઈન્દ્રિયરમણતા ખતમ થાય છે.

ગ્રન્થકારશ્રીએ બે શ્લોક દ્વારા 'નારી'ની ઝાટકણી કાઢી છે પરન્તુ નારીની જેમ પુરુષના પણ બધા સ્વરૂપોમાં વિકારજનકતા રહેલી છે; એટલે 'નારી' શબ્દનો અર્થ 'વાસના' કરવો. કોઈ પણ અવસ્થામાં વાસના હોઈ શકે છે માટે દરેક અવસ્થામાં નર કે નારીએ વીર્યનાશ ન થાય તે માટે સાવધાન રહેવું જોઈએ.

જે આત્માઓ બ્રહ્મચર્યપાલનમાં સફળ થયા છે તેમનું વીર્ય સાતમી ધાતુ રૂપે ન રહેતાં ઓજ બને છે; છેલ્લે તેજ બને છે. હવે સ્ખલન થવાનો સવાલ આવતો નથી. જે આત્મા ઉર્ધ્વરેતા બને તેને વાસના જાગતી નથી. યોગાસનો, પ્રભુભક્તિ, ગુરુસેવા, શુદ્ધ પ્રાયશ્ચિત્તીકરણ, તીવ્ર પશ્ચાત્તાપ વગેરે દ્વારા ઊર્ધ્વરેતા બની શકાય છે.

સાચો સાધુ ઊર્ધ્વરેતા હોય. તેનું વીર્ય તેજ બનીને કાં તપમાં, કાં અસ્ખલિત વાગ્ધારામાં, કાં લેખનશક્તિમાં રૂપાન્તર પામી જાય છે.

વીર્યવાન્ માણસ શરીરે તગડો-હૃષ્ટપુષ્ટ ન પણ હોય; કિન્તુ તેજસ્વી જરૂર હોય. તેની પાસે કોઈને કોઈ લબ્ધિ-સિદ્ધિ તો હોય જ.

આ બધી વાતની બેહાલીમાં મુખ્ય કારણ વિજાતીય-આકર્ષણ બને છે. એનાથી બે ય પક્ષને નુકસાન થાય છે; જે છેવટે તનની અશક્તિમાં અને મનની નબળાઈમાં પરિણમે છે. આવી વ્યક્તિઓનું મગજ નબળું પડે છે.

વિચારશક્તિ નાશ થાય છે. વિસ્મરણ પુષ્કળ થાય છે. રોગોથી શરીર ઘેરાતું જાય છે.

જો વીર્યરક્ષા કરવામાં આવે તો એંસી ટકા જેટલા રોગો ઉત્પન્ન થતાં નથી. વીર્ય એ પોતે રોગપ્રતિકાર શક્તિ છે.

વીર્યવાન્ આત્મા શરીરે તગડો ન પણ દેખાય પરન્તુ એનું મનોબળ અને આત્મબળ ખૂબ તગડું હોય છે. એના સંકલ્પમાં સફળતા પડેલી હોય; એને અન્તઃપ્રેરણા થાય; જે સાચી ઠરે. એની વચનસિદ્ધિ કાબીલેદાદ હોય.

જો વીર્યનાશ થાય તો સિદ્ધિઓની આ હારમાળા જન્મ ન પામી શકે. બધા માઈનસોનું ઉત્પાદન થાય. સર્વત્ર હતાશા, નિષ્ફળતા, નિરાશા જણાયા કરે.

એ વાત સમજી રાખવી કે વધતું જતું વીર્ય વિકાર ઉત્પન્ન કરીને આપઘાત કરે તે સંભવિત છે. આથી જ તે ઊર્ધ્વરેતા બની જવું જોઈએ. તે માટે યોગાસન આદિ કરવા જોઈએ. અથવા જ્ઞાનયોગી બનવું જોઈએ. તેને શેર ઘી ખવડાવી દેવાય તો ય રૂવાંડે ય વિકાર જાગે નહિ. અપ્સરા બધું કરી છૂટે તો ય તે ચલિત થાય નહિ.

તારક તીર્થંકરદેવો કે વિશિષ્ટ કોટિના સંતો સદાના નિર્વિકાર હોય છે.

નિર્વિકાર આત્માઓ જ મન્ત્રસિદ્ધિ, દેવકૃપા વગેરે પામી શકે છે.

હેમચન્દ્રાચાર્યજી વગેરે ત્રણ મહાત્માઓએ ત્રણ દિવસના મા સરસ્વતીના જપની સાધના વખતે સાવ નગ્ન યુવતીને પોતાની સામે ઊભી રાખી હતી. તેના ધણીને ખુલ્લી તલવાર સાથે ખડો રાખેલ; જેની આંખે વિકાર દેખાય તેનું ડોકું તત્ક્ષણ ઉડાવી દેવાનું.

ઓ નારી ! તું તો નારાયણી છે.

તીર્થંકરદેવો, સંતો, સજ્જનો અને સન્નારીઓની માતા છે. પણ તારું રૂપ કુદરતી જ કામણગારું છે. પુરુષને એકદમ ભડકાવી મૂકનારું છે. એટલે જ તારા તમામ સ્વરૂપો (કુમારિકા, વૃદ્ધા, પરિણીતા વગેરે) સામે ઓલા – તરત ભડકી જતાં - પુરુષને સાવધાન કરવો પડે છે.

નારીનું સૌન્દર્ય અને નરની મર્દાનગી એકબીજાના મનને તાણી જતાં તત્ત્વો છે.

**વીર્યરક્ષા Must તો નારી તરફ માતા કે બેનની દૃષ્ટિ Must. અન્યથા વીર્યનાશ. જેનું બીજું નામ છે મોત.**

■■■

**सम्मद्दिठ्ठी वि कयागमो वि अइविसयरागसुहवसओ ।**
**भवसंकडंमि परिवसइ इत्थं तुह सच्चइ नायं ॥ १६४ ॥**

**અર્થ** : જીવ સમ્યગ્દૃષ્ટિ હોય, આગમોનો જ્ઞાતા હોય પરન્તુ જો તે અતિ-વિષયી હોય તો તેને વશ થઈને એવા કાળાં કર્મો બાંધી નાંખે કે તેને ભવપરિભ્રમણના સંકટમાં આવી જવું પડે.

હે શિષ્ય ! અહીં તારે સત્યકીનું દૃષ્ટાન્ત જાણવું.

**વિવેચન** : આ શ્લોક ખૂબ મૂંઝવણમાં મૂકી દેનારો છે. અતિવિષયરાગી શું સમકિતી હોય ખરો ?

આગમોનો અભ્યાસી શું અતિવિષયી હોય ખરો ?

સમ્યક્ત્વને અને જ્ઞાનદશાને અતિવિષયીપણા સાથે શી રીતે મેળ બેસે ?

વિચાર કરતાં મને અંગત રીતે એવું લાગે છે કે સમ્યગ્દર્શનની હયાતીમાં અનંતાનુબંધી વિષયીપણું તો ન જ હોય પણ અન્ય કષાયોની ચોકડીઓનો તો ઉદય હોય જ. તેના કારણનું વિષયીપણું સમકિતીને હોઈ શકે. ખૂબ આગમ ભણેલાને પણ હોઈ શકે.

સમકિતનું એક અપરિહાર્ય કાર્ય છે; દોષો ઉપર અત્યન્ત ધિક્કાર, દોષ-સેવન થતાં અત્યન્ત પશ્ચાત્તાપ.

સમકિતી દોષ જ સેવે નહિ એવું ન કહેવાય. હા, અનંતાનુબંધી કષાયોથી ઉત્પન્ન થતા દોષને તે ન જ સેવે.

વળી સંજ્વલન આદિ કષાયોમાં પણ અનંતાનુબંધીનો આભાસ થાય તેવા દોષો સંભવે છે. બાહુબલિજીનો માનકષાય સંજ્વલનનો હતો પણ અનંતાનુબંધી જેવો હતો.

એકલા સમ્યક્ત્વની હાજરીમાં અતિ વાસના સંભવિત છે. વાસનાત્યાગ એ તો 'વિરતિ' છે. એકલા સમ્યગ્દર્શનના ધારક પાસે તેની આશા ન રાખી શકાય. હા. ફરી જણાવું છું કે એકલા સમકિતી (વિરતિ વિનાના) પાસે પ્રાયશ્ચિત્ત અને પચ્ચક્ખાણ ભલે ન હોય પરન્તુ પશ્ચાત્તાપ તો જબરદસ્ત હોય. એને કોઈ કઢાયું કેસરિયું દૂધ પાય તો તેનું લોહી થવાને બદલે સતત પશ્ચાત્તાપથી અંગેઅંગ સળગતા રહેવાથી દેહમાં જે લોહી વહેતું હોય તેનું પાણી થાય. આવી દશામાં જો તેને દોષસેવન બદલ તીવ્ર આઘાતો લાગે તો કદાચ તેનું 'હાર્ટ-ફેઈલ' પણ થઈ જાય.

જો કોઈ સમકિતીને 'હાર્ટ-ફેઈલ' થાય તો મને તેમાં નવાઈ નહિ લાગે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા બાદ વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તથી વધુ સંસારભ્રમણ રહેતું નથી. એટલે કે તેનું અનંતકાળનું ભવભ્રમણ અર્ધપુદ્ગલપરાવર્ત્ત જેટલું જ રહે છે. હજી બીજા અનંતા પુદ્ગલપરાવર્ત્ત છે પણ તેનો અનંતાનંત જેટલો કાળ ભમવાનો રહેતો નથી.

પણ આથી સમકિતી આનંદ ન પામે કે, "બસ. મજા પડી ગઈ. હવે મારો અડધો જ પુદ્ગલપરાવર્ત્તકાળ બાકી રહ્યો છે." અરે ! સમકિતી જીવને એક ભવ પણ ફરી કરવાની ઈચ્છા હોતી નથી. ભલે એ આવતા ભવમાં તેને મહાવિદેહે જૈનકુળમાં મનુષ્યભવ મળે. તે કહે છે કે ત્યાં જન્મ લેવા પહેલાં ગર્ભાવાસની કાળી કોટડીનું જાલીમ દુઃખ તો ભોગવવું પડશે ને ? ના.. મારે તે ય ન જોઈએ.

જો આવતો ભવ દેવલોકનો હોય તો પણ તેને મજા ન હોય કેમ કે ત્યાંના ભોગમય વાતાવરણમાં પોતાનું સમકિત હણાઈ જવાનો સતત ભય રહે. પછી દેવી વગેરે પ્રત્યે ભયંકર આસક્તિ, ધર્મ પ્રત્યે નફરત, તીર્થયાત્રાઓની ઉપેક્ષા, કલ્યાણકોની ઉજવણીમાં અનાસક્તિ જાગે. આવા દેવલોકની શી કિંમત ?

સમકિતીને તો આ જ ભવે ઝટપટ મોક્ષ જોઈતો હોય.

વાતને ટૂંકી કરીએ.

ઉપરોક્ત રીતે સમકિતીને પણ અતિવિષયરાગ હોઈ શકે ખરો પણ તેની સાથે તેને તીવ્ર પશ્ચાત્તાપ પણ હોય. આથી વિષયરાગનું ઝેર નીચોવાઈ જાય ખરું છતાં તેને ઘણા ભવો કરવાનો સમય તો આવે જ.

આથી માત્ર સમકિતથી કામ નહિ ચાલે પરન્તુ વિરતિ-ધર્મની પણ જરૂર પડશે. તેમાં ય ખરેખર તો સર્વવિરતિધર્મની જ જરૂર રહે; જે પામ્યા પછી એક જ ગુણ પામવાનો રહે; જેનું નામ છે, 'અપ્રમાદ'.

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જીવ બે હજારથી નવ હજાર વખત અને સર્વવિરતિની પ્રાપ્તિ પછી જીવ બસોથી નવસો વખત નીચેના ગુણસ્થાને જઈ શકે છે. જેને આકર્ષ કહેવાય છે. આ પતન વખતે તે અતિવિષયરાગી બની શકે ખરો. તે વખતે અનંતાનુબંધીનો ઉદય થાય. પછી તે જીવ સમ્યક્ત્વ ગુમાવી બેસે. પુષ્કળ પાપો કરે. એથી તે ભવસંકટમાં ફસડાઈ પડે ખરો. તે સ્થિતિમાં ઘણા મોટા પાપો થઈ જવાની શક્યતા રહે ખરી.

આથી જ એવું લાગે છે કે મોક્ષ પામવો એ બહુ બહુ અઘરી વાત છે.

મોટી તપશ્ચર્યાદિ કરવાથી મારો નિકટમાં મોક્ષ છે એવું માનવાની ભૂલ કરવા જેવી નથી. પૂર્વના ભવોમાં આ ભવ કરતાં પણ વધુ ઘોર તપશ્ચર્યા વગેરે દરેક જીવે કરેલા છે; છતાં ય મોક્ષ થયો નથી તો આ ભવના થોડા ઘણાં સંયમપાલનથી પોતાનો મોક્ષ થઈ જશે તેવું માનવું એ ભ્રમણા છે.

મુખ્ય વાત એ છે કે મોહરાજાની કેટલી બધી તાકાત છે કે આગમોના જ્ઞાતા હોવા સાથે સમ્યગ્દર્શન ગુણ ધરાવતાં મહાત્માને પણ તીવ્ર વિષયરાગનો શિકાર બનાવીને ભવસંકટમાં મૂકી શકે છે.

સત્યકી એ સુજ્યેષ્ઠા નામના સાધ્વીજીનો પુત્ર હતો. પેઢાલ વિદ્યાધરે બહુ મહાન્ પુત્રની પ્રાપ્તિ કરવા ભ્રમરનું રૂપ લઈને સુજ્યેષ્ઠા સાધ્વી સાથે સંબંધ કર્યો હતો. સાધ્વીજીને ગર્ભ રહેતાં ખૂબ ગભરાઈ ગયા હતા. પણ કોઈ જ્ઞાની ભગવંતે તેનો બધો વૃત્તાન્ત કહીને તેમને નિર્દોષ કહ્યા હતા.

સત્યકી અતિશય કામુક હતો. રોહિણી વિદ્યાના આલંબનથી તેણે ઢગલાબંધ સ્ત્રીઓ સાથે - અવ્યક્ત બનીને - કામસુખ ભોગવ્યું હતું. તેને યુક્તિથી સંભોગની બેઢંગી અવસ્થામાં મારી નાંખવામાં આવ્યો હતો.

મરણ બાદ તે સંસારમાં ખૂબ ભ્રમણ કરતો રહ્યો. એમ જરૂર લાગે છે કે તેની પાસે સમ્યગ્દર્શન હતું; એટલે અનંતાનુબંધી કષાયનો હ્રાસ નિશ્ચિત થયો હતો. આવી સ્થિતિમાં તે પોતાના પાપો બદલ ઘોર પશ્ચાત્તાપ કરતો હતો. પણ અતિશય વિષયભોગવટાને લીધે તેને દીર્ઘકાલીન ભવભ્રમણ તો કરવું જ પડ્યું. તત્કાળ તો નરકમાં જવું પડ્યું.

સત્યકીની ભયાનક વિષયાન્ધતાની પાછળ કારણભૂત તો તેણે જ પૂર્વભવોમાં બાંધેલું મોહનીયકર્મ કારણ હતું. જીવે કર્મો બાંધતાં જ બહુ વિચાર કરવો જોઈએ : સાવધાનપણે જીવન જીવવું જોઈએ. નહિ તો પાછળથી વિષયોની વાસના કે કષાયોની આગ પ્રગટી ગયા વિના રહે નહિ.

આ ચિંતનમાંથી એક વાત ફલિત થાય છે કે બીજા જીવોના દેખાતાં પાપો જોઈને તેમને કદી ધિક્કારવા નહિ. બલકે એવો વિચાર કરવો કે, "શી ખબર, આ દેખાતા પાપી જીવની માનસિક પરિણતિ પશ્ચાત્તાપથી પીડાતી હશે."

યાદ રાખો; બીજા જીવોનો નિશ્ચય (મનઃપરિણતિ) જ જુઓ. આથી તેની તરફ કોઈ તિરસ્કાર નહિ થાય. હા, પોતાના માટે વ્યવહારશુદ્ધિ જ જોવી. પોતે તો કડક ધાર્મિક જીવનના આગ્રહી બનવું.

■■■

**सुतवस्सियाण पूया पणाम-सक्कारविणयकज्जपरो ।**
**बद्धंपि कम्ममसुहं सिढिलइ दसारनेया वा ॥ १६५ ॥**
**अभिगमण-वंदणनमंसणेण पडिपुच्छणेण साहूणं ॥**
**चिरसंचियंपि कम्मं खणेण विरलत्तणमुवेइ ॥ १६६ ॥**

**અર્થ** : અત્યન્ત તપસ્વી (સંયમી) મહાત્માઓની પૂજા કરવી, ભાવપૂર્વક પ્રણામ કરવા, તેમના સત્કારાદિ કરવા... આવા ગુણાનુમોદન સ્વરૂપ કાર્યોમાં રચ્યાપચ્યા રહેવું... આથી બાંધેલા અશુભ ઉગ્ર કર્મો પણ શિથિલ થઈને આત્મા ઉપરથી ખરી જાય છે.

સુસાધુઓની સામે જવું, તેમને વંદનાદિ કરવા; ફરી ફરીને પૃચ્છા કરવી... આથી દીર્ઘકાળથી આત્મામાં જામ થઈને પડી રહેલાં કર્મો એક ક્ષણમાં હતપ્રભ બની જાય છે. પછી તેઓ સામાન્ય ધર્મપુરુષાર્થથી પણ ખરી જાય છે.

**વિવેચન :** આ શ્લોકમાં પરગુણદર્શનનો મહિમા ગવાયો છે. સ્વદોષદર્શન અને પરગુણદર્શન એ આધ્યાત્મિક વિકાસની મૂળભૂત-પાયાની-વાતો છે. આ બે વિનાના તમામ ધર્માનુષ્ઠાનો - દીર્ઘકાલીન સંયમજીવનનું પાલન કે માસક્ષમણાદિ ઘોર તપશ્ચર્યાઓ-નિષ્ફળ જાય છે. વળી આ બે વસ્તુઓની પ્રાપ્તિ અતિશય મુશ્કેલ છે.

જીવ અનાદિકાળથી અહંકારી છે એટલે તે સ્વદોષદર્શન કરી શકતો નથી. એ તો પરદોષદર્શનમાં રચ્યોપચ્યો રહે છે. એ કાગડો બનીને બગીચામાં પડેલી વિષ્ઠામાં ચાંચ મારવામાં ખુશાલી અનુભવે છે. એને કોયલ બનીને બગીચાના ગુલાબ ઉપર બેસીને તેની સુગંધ માણવાનું ગમતું નથી.

જે જીવ પરદોષદર્શન કરે તે સ્વદોષદર્શન ન જ કરી શકે. આથી તે દોષોનું પ્રાયશ્ચિત્ત કરી ન શકે, દોષોની ગર્હા પણ ન કરી શકે.

જીવનો બીજો અનાદિકાલીન દોષ છે; ઈર્ષ્યા. (આ પણ 'અહંકાર'માંથી ઉત્પન્ન થાય છે.) એને લીધે તેને બીજાના ગુણવિકાસ, શક્તિવિકાસાદિમાં ખૂબ ઈર્ષ્યા થયા કરે છે. બીજાની જરાક પણ પ્રગતિ જોઈને તે નખશીશ સળગી જાય છે. આવો જીવ બીજાના ગુણોનું દર્શન કરી શકતો નથી.

પરદોષદર્શન કરતો જીવ પરગુણદર્શન કરી ન શકે. આમ થતાં પરગુણોનું અનુમોદન પણ ન કરી શકે. આમ તે પરના સુકૃતોની અનુમોદના ન કરી શકે.

બિચારો સ્વદુષ્કૃતગર્હા અને પરસુકૃતાનુમોદના કરી શકે નહિ.

સ્વદુષ્કૃતગર્હાથી પુષ્કળ પાપકર્મોનો નાશ થાય.

પરસુકૃતાનુમોદનાથી પુણ્યકર્મનો ઢગલો થાય.

મોક્ષ પામવા માટે એકલો પાપકર્મનો નાશ ન ચાલે; પુણ્યકર્મનો બંધ પણ જોઈએ. કેમકે તેનાથી જ ધર્મસામગ્રીઓ – મહાવિદેહક્ષેત્ર, સુકુલે જન્મ, સુગુરુની પ્રાપ્તિ, નિર્મળ આરોગ્ય વગેરે પ્રાપ્ત થાય. તે બધાની પ્રાપ્તિ થાય એટલે સાધના કરવા દ્વારા પુષ્કળ પાપકર્મનો ક્ષય થાય.

ષોડશક પ્રકરણમાં કહ્યું છે કે શુદ્ધિ (પાપક્ષય) અને પુષ્ટિ (પુણ્યનો સંગ્રહ) જેમ પ્રકર્ષને પામે તેમ કરવું જોઈએ. કેમકે અંતે મુક્તિ પ્રાપ્ત થાય છે.

કોઈ સવાલ કરે કે, "પહેલાં શું કરવું ? શુદ્ધિ મેળવવી કે પુષ્ટિ ?"

આનો જવાબ એ છે કે બે ય સાથે ચલાવવા. અરે; તે બે આપમેળે સાથે જ ચાલે છે.

ઉપયોગસ્વરૂપ ધર્મ કરવાથી પાપક્ષય થાય છે. પણ તે વખતે જે યોગસ્વરૂપ ધર્મ છે તેનાથી પુણ્યબંધ થાય છે. બેશક, ઉપયોગ-ધર્મ એ વાસ્તવિક ધર્મ છે; પણ યોગસ્વરૂપ ધર્મ હેય નથી. તેનાથી નબળો જરૂર છે કેમકે તે કર્મના બંધસ્વરૂપ હોવાથી આત્માને મલિન કરે છે.

એટલે આપણો ધર્માત્મા એવા અરીસા જેવો છે જેનો અડધો ઊભો ભાગ એકદમ ચોખ્ખો (શુદ્ધિ) છે; બાકીનો ઊભો અડધો ભાગ રાખથી ખરડાયેલો (પુષ્ટિ) છે.

જે પુણ્યકર્મ અધ્યાત્મભાવની વિશિષ્ટ અવસ્થામાં હેય બની જાય છે તેને પહેલેથી જ હેય કહેવાય નહિ.

જે ચાલણગાડી થોડીક ઉંમર વધતાં નકામી થવાની છે તેને સાવ પહેલેથી નકામી કહીને ત્યાજ્ય ગણી શકાય નહિ.

દરેક વસ્તુ પોતપોતાની દેશ-કાલીન અવસ્થામાં ઉપાદેય છે.

એટલે દોષોની તીવ્રતા સાથે ગર્હા કરવી જોઈએ. સાથોસાથ પરગુણોની ભારોભાર અનુમોદના પણ કરવી જોઈએ.

આ તો એક સિક્કાની બે બાજુ છે. એક જ બાજુવાળો સિક્કો ચાલે નહિ.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં 'દુષ્કૃતગર્હા'ને સ્પર્શી નથી. માત્ર સુકૃતાનુમોદનાને સ્પર્શી છે. શ્રીકૃષ્ણનું દૃષ્ટાન્ત આપ્યું છે.

એક વાર શ્રીકૃષ્ણે અઢાર હજાર સાધુઓને અત્યન્ત ભાવભર્યા વંદન કર્યા. તે પછી હર્ષવિભોર બનીને પરમાત્મા નેમિનાથને કહ્યું, "હે પ્રભુ ! હું કાયાથી ખૂબ શ્રમિત થયો પણ અઢાર હજાર મહાત્માઓને – તેમના અવિરલ ગુણોનું સ્મરણ કરીને હર્ષવિભોર બનવાથી મારું મન તો ખૂબ ઉલ્લસિત બન્યું છે."

ભગવંતે કહ્યું, "ભલે. તારી કાયા થાકી. પણ તને ખબર છે કે તેનું કેટલું મોટું પરિણામ આવ્યું છે ? સાંભળ. સાત નારકોમાંથી તારી ચાર નારકો આ કારણસર કપાઈ ગઈ છે."

આ સાંભળીને અત્યન્ત આનન્દિત બનેલા શ્રીકૃષ્ણે કહ્યું, "ઓ પ્રભુ ! તો હું ફરીથી અઢાર હજાર મુનિઓને વંદના કરું તો ?"

ભગવંતે કહ્યું, "ના... હવે તે વખત જેવો ભાવ તને ફરી આવનાર નથી. માટે બાકીની નારકો કપાય તેમ નથી."

આ સાંભળીને શ્રીકૃષ્ણ નિરાશ થયા. પણ હવે તે કાંઈ પણ કરી શકે તેમ ન હતા.

કૃષ્ણ સહજ રીતે ગુણાનુરાગી હતા. આથી જ તેમણે એક વાર ગંધાઈને સડી ગયેલી કૂતરીના દૂધ જેવા સફેદ દાંતને જ ધ્યાનમાં લઈને તેની પ્રશંસા કરી હતી.

એવું લાગે છે કે, "બીજી વાર અઢાર હજાર સાધુઓને વંદના કરીને 'હું' ત્રણ નારકોને તોડું." આ ભાવ અહંકારગ્રસ્ત હશે. એથી વંદનાના ભાવમાં કલુષિતતા જોઈને પ્રભુએ પુનઃ વંદનની ના પાડી હોય.

જબરો છે; આ અહંકાર દોષ. જ્યાં એ પહોંચ્યો ત્યાં બધા ગુણો, બધા અનુષ્ઠાનો, બધી શક્તિઓ સાફ થઈ જાય.

કોઈ કવિએ કહ્યું છે :

**પ્રભુજી તો પાસે છે, નથી વેગળા રે... આડો પડ્યો છે અંકાર.**

એનું કહેવું એ છે કે, આત્માની સાવ નજીક પરમાત્મા છે પણ તે દેખાતા નથી કેમકે આડો અહંકાર પડ્યો છે.

બીજા કવિએ આ વાત બીજી રીતે કરી છે :

**અહં રે અહં તું જાને મરી. પછી મારામાં બાકી રહે તે હરિ.**

ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી... ચાર ચાર નારકોના ભેગા કરેલા કર્મના સ્કન્ધોને વંદનના એક જ ઝપાટે જો સાફ કરી દેવાય તો એ સ્પષ્ટ બતાડે છે કે કર્મ કરતાં ધર્મની શક્તિ ખૂબ વધુ છે.

પણ સબૂર, આ વાત જીવના ચરમાવર્ત્તકાળમાં સાચી છે. અચરમાવર્ત્તકાળમાં તો આથી ઊંધું છે. ત્યાં તો કર્મોનું જોર અતિ વધુ છે. જીવનો ધર્મ-પુરુષાર્થ નિષ્ફળ જાય છે.

દુષ્કૃતોની ગર્હા કરતાં મૃગાવતીજી, ચંડરુદ્રાચાર્યનો અભિનવ શિષ્ય, દૃઢપ્રહારી, ઈલાચી અને ચિલાતીએ અનંત કર્મોનો કેવો બુકડો બોલાવી દીધો !

પાપક્ષય માટે દુષ્કૃતગર્હા બળવાન ઉપાય છે તો પુણ્યબંધ કરવા માટે સુકૃતાનુમોદના બળવાન છે.

દુષ્કૃતગર્હાથી પાપકર્મોના બંધ અને અનુબંધ તૂટે.

સુકૃતાનુમોદનાથી પુણ્યકર્મોના બંધ અને અનુબંધ તગડા થાય.

મુખ્ય નજર બંધ તરફ નહિ પણ અનુબંધ (સંસ્કાર) તરફ રાખવી જોઈએ.

કેમકે પાપના તગડા અનુબંધો અને પુણ્યના નબળા અનુબંધો સંસારભ્રમણની જડ છે.

બંધથી દુઃખ, સુખ મળે.

અનુબંધથી ખરાબ, સારા સંસ્કારો મળે.

ખરાબ સંસ્કારો (દોષો) દુઃખથી વધુ ખરાબ છે.

સારા સંસ્કારો (ગુણો) સુખથી ઘણા વધુ સારા છે.

જો દોષોને ઉખેડવા હોય તો દોષોની તીવ્ર ગર્હા કરવી.

જો ગુણોને મજબૂત કરવા હોય તો સ્વ-પરસુકૃતોની ભારોભાર અનુમોદના કરવી.

શ્રીકૃષ્ણે જે મુનિઓને ભાવભર્યા વંદન કર્યા તે બધા મુનિઓ સર્વગુણ-સમ્પન્ન તો ક્યાંથી હોય ? તેમનામાં અનેક દોષો હશે જ. પણ આ દોષોનું પાપ વંદન કરવાથી જરા ય ન લાગે; કેમકે વંદન ગુણોને અને ગુણીયલોને જ હોય. તેના દોષ-અંશને વંદન, અનુમોદન કશું ન હોય.

સહુએ આ રીતે જેનામાં જેટલા અંશે જે ગુણવિકાસ થયો હોય તેને અવશ્ય મનોમન વંદન-અનુમોદન કરવું. ના... જાહેર રીતે તો તેને જ થાય જેનામાં એક પણ ઉઘાડો દોષ ન હોય. અન્યથા અનેક લોકો તેને વંદન કરીને દોષમાં પડે.

જો ગુણીજનોને મનોમન પણ તેમના ગુણાંશને અનુલક્ષીને વંદન કરવાથી— તેમનામાં દોષો પણ છે એટલે—પાપ લાગતું હોય તો વીતરાગ ભગવંતો સિવાય કોઈને પણ શિર ઝુકાવી શકાશે નહિ કે મનોમન અનુમોદના કરી શકાશે નહિ.

'સારા' ગણાતા આત્માઓને તો યોગ્ય રીતે અનુમોદિત કરાય પણ નબળા (દોષયુક્ત) આત્માઓનો પણ જે 'સારો' અંશ હોય તેની ઉસ્તાદીપૂર્વક અનુમોદના કરવી જોઈએ જેથી તેનો 'સારો' અંશ ઉત્તેજિત થઈને વધુ 'સારો' બને.

આ કાળમાં સારાઓનો મોટો દુકાળ સતત ચાલુ છે. આવા સમયમાં જે થોડાક પણ 'સારા' છે તેમને જ વધુ સારા બનાવવા રહ્યા. આ માટેનો

ઉપાય એક જ છે: તે સારાપણાની યથાયોગ્ય ભરપૂર અનુમોદના કરવી. જો ઈર્ષ્યા સતાવતી હશે તો આ લાભ ગુમાવી દેવો પડશે.

ગ્રન્થકારશ્રીએ શ્રીકૃષ્ણનું દૃષ્ટાન્ત આપીને ગુણાનુરાગિતાના પદાર્થને એકદમ સ્પષ્ટ કર્યો છે. આ પુણ્યાત્માએ ગુરુ-વંદન દ્વારા ચાર નારકો તો તોડી પરન્તુ સાથે સાથે તીર્થંકરની પદવી પણ નિશ્ચિત કરી લીધી !

જ્યારે કર્મોના – દોષોના આત્મા ઉપર થતાં કાતીલ હુમલાઓથી મુંઝાઈ જવાય છેઃ ગભરાઈ જવાય છેઃ "હવે મારું પરલોકે શું થશે ? એ વિચાર દાંતરડાની જેમ કપાળે વાગે છે ત્યારે બીજી બાજુ આવી ઘટનાઓ હૃદયને ખૂબ ટાઢક આપે છે.

એમ થાય છે કે, "ભલે મેં કાળા કર્મોનો બંધ કરી દીધો હોય તો ય જો ધર્મના અચિન્ત્ય સામર્થ્યથી એક આત્મા પોતાની ચાર ચાર નારકોને તોડી નાંખતો હોય તો મારા કર્મો એટલા બધા તો કુટિલ ન હતા કે મેં સાતમી નારકના દળીઆ ભેગા કરી લીધા હોય. એટલે મને હવે ખૂબ આશ્વાસન મળે છે કે જો હું મારા શેષજીવનને ધર્મમય – દુષ્કૃતોની ગર્હા અને સર્વજીવોના સર્વ સુકૃતોની ભારોભાર અનુમોદના-કરીશ તો મારો દીર્ઘ સંસાર પણ ટૂંકાઈ ગયા વિના રહેવાનો નથી."

આવી રીતે આ દૃષ્ટાન્તમાંથી આપણે જબરદસ્ત બળ મેળવવું જોઈએ. એકદમ ઉત્સાહિત થઈને અઢળક કર્મો ચકનાચૂર થઈ જાય તે રીતે ધર્મમય જીવન જીવવાનું શરૂ કરી દેવું જોઈએ. નહિ તો નિરાશાઓની ઉધઈ આપણા જીવનને પૂરેપૂરું ખાઈ જશે.

■■■

**केइ सुसीला सुहम्माइ सज्जणा गुरुजणस्स वि सुसीसा ।**
**विउलं जणंति सद्धं जह सीसो चंडरुद्दस्स ॥ १६७ ॥**

**અર્થ** : કેટલાક સુંદર સ્વભાવવાળા, ઉત્તમ પ્રકારના ધર્મોના આચરણવાળા, અત્યન્ત સદાચારી સુશિષ્યો – પોતાના ઉત્તમ આચરણથી – ગુરુના હૈયે પ્રચંડ ધર્મશ્રદ્ધા ઉત્પન્ન કરીને તેમનું જીવન વધુ ઉન્નત બનાવી દે છે.

ચંડરુદ્ર આચાર્યના શિષ્યે ગુરુને કેવળજ્ઞાનની ભેટ આપી હતી.

**વિવેચન :** સામાન્યતઃ તો એવું જ બને કે ગુરુ જ પોતાના ઉત્તમ આચારો દ્વારા શિષ્યોના જીવનનું ઊર્ધ્વીકરણ કરે.

શિષ્યોને ઉપદેશ આપવો અને પોતે સાવ શિથીલ જીવન જીવવું એ બિલકુલ ન ચાલે. આવું વર્તન તો શિષ્યોના જીવનમાં ધર્મ પ્રત્યેની અશ્રદ્ધા ઉત્પન્ન કરે. બીજા પણ અનેક પ્રશ્નો ખડા કરે. એટલે બીજાનું હિત કરવાની જેની જવાબદારી છે તે ગુરુએ ઉત્તમોત્તમ જીવન જીવવું પડે. જો ગુરુ ઉચ્છ્રૃંખલ બને અને શિષ્યોના દોષો પ્રત્યે વાણીથી બેફામ બને તો તે ગુરુ અનંત સંસારી થાય.

બીજાને ઉપદેશ માત્ર વાણીથી આપવાનો નથી; આચરણથી આપવાનો છે.

જ્ઞાનીઓએ તેવા લીલાલહેર કરતાં ગુરુનો ત્યાગ કરી દેવાનું શિષ્યોને જણાવ્યું છે; અન્ય સારા ગચ્છાચાર્ય ગુરુની નિશ્રા લેવા કહ્યું છે.

કોઈ ઉન્મત્ત ગુરુ પોતાના ગુરુ ન બની બેસે તે માટે મુમુક્ષુએ તે ગુરુને પણ બહુ નજીકથી નિહાળવા: તપાસવા જોઈએ. લાગ પડે તો તેમની પરીક્ષા પણ કરવી જોઈએ.

રાજા આમે, ગૂર્જરેશ્વર કુમારપાળે, સ્વામી વિવેકાનંદે સ્વગુરુની પરીક્ષા કરી હતી.

જો ગુરુ પત્થરની કે કાગળની નાવડી હોય તો ક્રમશઃ આશ્રિતને સાથે લઈને ડૂબે કે પોતે એકલા ડૂબે. ગુરુ તો લાકડાની નાવડી જેવા હોય; જે સ્વયં તરે અને બીજાને તારે.

ગુરુ ઉપર જ મુખ્યત્વે શિષ્યનો આધ્યાત્મિક વિકાસ કે વિનાશ અવલંબે છે.

પ્રસ્તુત શ્લોકમાં શિથીલ બનેલા કે ઉત્સૂત્રભાષી બનેલા ગુરુને ઠેકાણે લાવી દેનારા ઉત્તમ શિષ્યોની વાત કરી છે. ગ્રન્થકારશ્રી કહે છે કે કેટલાક શિષ્યો એટલું બધું ઉત્તમ જીવન સતતપણે જીવે છે કે ગુરુની શિથીલતાઓ ધ્રૂજી ઊઠે છે. ગુરુ ઉત્કૃષ્ટ જીવન જીવવાનું શરૂ કરી દે છે.

રાજા શેલક અને મન્ત્રી પંથક ! વૈરાગ્યવાસિત બનીને તેમણે દીક્ષા લીધી. ગુરુ-શિષ્ય બન્યા. ગુરુના ઉત્તમ ચારિત્રાદિના પ્રભાવથી પાંચસો મુમુક્ષુઓએ તેમને ગુરુ બનાવ્યા.

પણ એક વાર કર્મે સજ્જડ થપાટ મારી દીધી. ગુરુ શેલક ખાનપાનમાં અત્યન્ત શિથીલ બની ગયા. તેમાં બેફામ બની ગયા. મુખ્ય શિષ્ય પંથક મુનિને લાગ્યું કે, 'ગુરુની શિથિલતા જો શિષ્યોને સ્પર્શી જશે તો તેમનું પુષ્કળ અહિત થશે.' એટલે બધા શિષ્યોને અન્યત્ર મોકલીને શિષ્ય પંથક મુનિ ગુરુની સેવામાં રહ્યા. તેમના હૈયે એવી ભાવના હતી કે ગુરુના અનંત ઉપકારનો બદલો વાળવો. તે માટે તેમને માર્ગસ્થ બનાવવા.

આ શુદ્ધ ભાવના એક દિવસ ફળીભૂત થઈ. એ ચોમાસી ચૌદસનો દિવસ હતો. ગુરુ તો ઘોર પ્રમાદમાં પડેલા હતા. બપોરથી જ માદક આહારનું ઘેન ચડવાથી ઘસઘસાટ ઊંઘતા હતા. સાંજનું પ્રતિક્રમણ શિષ્યે પોતે શરૂ કર્યું. 'ખમાવવા'નું સૂત્ર આવતાં ગુરુના ચરણને જ્યાં સ્પર્શ કર્યો ત્યાં એકદમ ખીજાઈને ગુરુએ શિષ્યને કહ્યું, "મારી ઊંઘમાં ખલેલ કેમ પાડી ? મને શા માટે હેરાન કરે છે ?"

ભારે વિનયથી શિષ્યે ચોમાસી ચૌદસ અને તેના પ્રતિક્રમણના અવસરની વાત કરી કે ગુરુનો આત્મા ધ્રૂજી ઊઠ્યો. તેને થયું કે, "શું હું આટલી બધી હદે શિથીલ બન્યો છું કે મારી આવશ્યકાદિ ક્રિયાઓ પણ છૂટી ગઈ ! હાય, મારું શું થશે ?"

ગુરુનો માંહ્યલો સફાળો બેઠો થઈ ગયો.

પરિવર્તનની નોબતો બજી. ગુરુ ઉત્તમકક્ષાના મહાત્મા બન્યા.

શિષ્યને ૠણમુક્તિનો લાભ મળી ગયો. તમામ શિષ્યોને પાછા બોલાવી લીધા. ત્યાર બાદ શેલકાચાર્યે જિનશાસનના ઘણા બધા પ્રભાવક કાર્યો કર્યા.

જ્ઞાનીઓ કહે છે કે જે ગુરુએ એક આત્માને સંસારમાંથી બહાર કાઢવાનો જબરદસ્ત ઉપકાર કર્યો તેનો બદલો પોતાના શરીરનું તમામ ચામડું ઊતરડીને તેની મોજડી બનાવીને ગુરુને પહેરાવાય તો ય ન વળે.

એક જ રીતે બદલો વાળી શકાય કે જો ગુરુ માર્ગેથી ઊતરી પડ્યા હોય ત્યારે તેમને માર્ગસ્થ બનાવાય.

બેશક, 'ઉપકારી ગુરુ માર્ગપતિત બને કે જેથી હું માર્ગે ચડાવીને ૠણમુક્ત બનું.' તેવું કદી ન વિચારાય.

શેલક ગુરુને પંથક શિષ્યે માર્ગસ્થ બનાવીને દુર્લભ ૠણમુક્તિ પ્રાપ્ત કરી.

આ શ્લોકમાં ગ્રન્થકારશ્રી કહે છે કે ચંડરુદ્રાચાર્યને નૂતન સુશિષ્યે કષાયોથી દૂર કરીને કેવળજ્ઞાન આપ્યું.

કેટલી જબરી ૠણમુક્તિ !

જો શિષ્યને સ્વદોષદર્શનજનિત કેવળજ્ઞાન થયું ન હોત તો ક્રોધાન્ધ બનેલા ગુરુ નારક ભેગા થાત.

ગુરુના ડંડાના મારથી લોહીલુહાણ થએલા શિષ્યે ગુરુમાં દોષ ન જોતાં સ્વદોષદર્શન કર્યું. તીવ્ર પશ્ચાત્તાપ કર્યો. તેમાં ઘાતીકર્મોનો ક્ષય કરીને કૈવલ્ય પ્રાપ્ત કર્યું. ગુરુને તે વાતની ખબર પડી. પોતાના ક્રોધ ઉપર ઘોર પશ્ચાત્તાપ થતાં તેમને કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

સ્વદોષદર્શન કેવો જબરો ગુણ હશે કે તે ઘાતીકર્મોનો ક્ષય કરીને જીવને વીતરાગ બનાવે. કેવળી બનાવે !

આવું જ મૃગાવતીજીમાં બન્યું. ગુરુ ચંદનબાળાએ મૃગાવતીજી પાસે રાત પડ્યા બાદ આવવા અંગે ખુલાસો પણ ન માંગ્યો અને ક્રોધે ભરાયા. મૃગાવતીજીએ પોતાનો બિલકુલ બચાવ ન કર્યો અને મૌન રહ્યા. પછી સ્વદોષદર્શન કર્યું. ગુરુને ચિંતાગ્રસ્ત બનાવ્યા બદલ તીવ્ર પશ્ચાત્તાપ કર્યો. કૈવલ્ય પ્રાપ્ત કર્યું. તેની ભેટ તરત ઉપકારી ગુરુને આપી. મૃગાવતીજી ઋણમુક્ત બન્યા.

સ્વદોષદર્શન, પશ્ચાત્તાપ દ્વારા કેવળી બનાવે.

આ મહાસત્ય બે દૃષ્ટાન્તોમાંથી લાધે છે.

સુવ્રત મુનિ કેસરીઆ લાડુ પામીને અત્યન્ત આસક્ત બન્યા. ભાન ભૂલીને રાતે ઘેર ઘેર "કેસરીઆ લાડુ છે ?" એમ કહેતાં ફરવા લાગ્યા.

બિચારા, કેવા ઉન્માર્ગે ચડી ગયા ! પણ કોક શ્રાવકે યુક્તિ કરીને માર્ગસ્થ બનાવી દીધા. તેણે મહારાજને કહ્યું, "ગુરુદેવ ! મને નવકારશીનું પચ્ચક્ખાણ આપો."

આ સાંભળતાં ગુરુને રાત પડી ગયાનો ભાસ થયો. ભૂલનું ભાન થયું. માર્ગસ્થ બની ગયા.

પરમાત્મા મહાવીરદેવની સંસારીપણાની દીકરી પ્રિયદર્શના–સાધ્વી !

કેટલું બધું આશ્ચર્ય સર્જાયું કે જ્યારે તેના સંસારી પતિ – પ્રભુના જમાઈ-જમાલિમુનિએ પ્રભુની સામે નાની વાતે બળવો કર્યો, જુદો ચોકો માંડ્યો ત્યારે પ્રિયદર્શના સાધ્વી તેના પક્ષે ગઈ !

હાય ! એક બાજુ પિતા તીર્થંકરદેવ.

બીજી બાજુ પતિ જમાલિમુનિ.

ઓહ, મોહરાજ ! તારું કામણ !

આ સાધ્વીને પુનઃ માર્ગસ્થ કરનાર પરમાત્માનો પરમભક્ત ઢંક નામનો કુંભાર હતો. સાધ્વીને પોતાને ઘેર પધરામણા કરાવીને એક ટુચકો કર્યો; જેનાથી સાધ્વીજી માર્ગસ્થ બની ગયા !

જિનશાસનના શિષ્યો તો મહાન્ હોય પણ ભક્તો ય કેવા મહાન્ હોય.

અજૈનોમાં ગુરુ મચ્છંદરનાથ અને શિષ્ય ગોરખનાથનો પ્રસંગ આવે છે. એક વાર ગુરુ મચ્છંદરનાથ રાણીવાસમાં જઈ બેઠા હતા. શિષ્ય ગોરખનાથને ખબર પડી. તેને બહુ દુઃખ થયું. તે રાણીવાસે પહોંચ્યા. નીચેથી બૂમ પાડીને કહ્યું, "ચેત મચ્છંદર, ગોરખ આયા."

હવે પ્રસંગતઃ મારી વાત કરું.

મારું શરીર ગૃહસ્થપણાથી – પાંચ વર્ષની ઉંમરથી – સાવ નબળું, સદાની માંદગીવાળું રહેતું. ઘણા બધા રોગોથી હું ઘેરાએલો હતો. મારા બાપુજી મને અડધી હોસ્પિટલ કહેતા અને આ સ્થિતિમાં દીક્ષા આપવાની ના પાડતા હતા. નવ વર્ષની ઉંમરથી – મારા પૂર્વજન્મોના સુસંસ્કારોને લીધે – મને દીક્ષા લેવાનો વિચાર આવ્યો. જે સતત વિકસતો ગયો. અઢાર વર્ષની વયે મને માંડ દીક્ષા મળી. દીક્ષા મેળવવા માટે મેં માબાપને ખૂબ ત્રાસ આપ્યો છે. દીક્ષા ન મળવા બદલ તળાવ ભરાઈ જાય તેટલા આંસુ મેં સાર્યા છે.

૧૮ વર્ષથી લઈને મારી દીક્ષાના ૪૮ વર્ષ થયા.

મૂળમાં પડેલી માંદગીએ મને પૂરા ૪૮ વર્ષ શારીરિક બાબતમાં રીતસર પરેશાન કર્યો. આ નિમિત્તથી ભારેથી ભારે સુખશીલતા મારામાં ઘર કરી ગઈ : જડ કરી ગઈ ! ગમે તેમ; પણ મારા શૈથિલ્ય બદલ મને ખૂબ દુઃખ જ ન હતું; તીવ્ર આઘાતો હતા. વારંવાર શુદ્ધતમ આલોચના ગુરુ પાસે કરતો રહ્યો. પણ અકરણનિયમ તો ન જ હાંસલ થયો.

મારા આંસુ, મારી કબૂલાતો વગેરેથી સહુ મારામાં ઉચ્ચ પરિણતિનું દર્શન કરતા રહ્યા છે; જે મને તેમનો ભ્રમ લાગે છે; મારી કાબીલેદાદ માયામાં તેઓ ભૂલા પડ્યા છે.

મારી રુક્ષ પરિણતિ સામે મારા ૬૦ શિષ્યોમાંથી ૫૦ જેટલા શિષ્યોનું એકદમ સંયમી જીવન : ભરપૂર પ્રતિજ્ઞાઓ લેવા દ્વારા ઉત્કૃષ્ટ રીતનું વ્યવહાર-શુદ્ધ જીવન : સતત શુદ્ધ પ્રાયશ્ચિત્તીકરણ, સ્વાધ્યાય, તપ અને પારસ્પરિક સ્નેહભાવ તો અવ્વલ કોટિનો...

આવા મારા સુશિષ્યોને ઋણમુક્ત થવાની જબરદસ્ત તક મળી ગઈ છે; મારા શિથીલ જીવનને કારણે.

આ વાત હું તેમને વારંવાર કરું છું કે અત્યન્ત દુર્લભ એવી ઋણમુક્તિનો તમે લાભ લો. તમે એટલું બધું – હજી પણ વધુ - ઉત્કૃષ્ટ સંયમજીવન સતત જીવતા રહો કે તે જોઈને મારી શિથિલતાઓ ધ્રૂજી ઊઠે : ભાગી છૂટે.

મારા શિષ્યો – કેટલાક વર્ધમાનતપની સો ઓળી સુધી પહોંચ્યા છે; સુંદર વ્યાખ્યાનકારો તો ઘણા થયા છે. શિબીરો દ્વારા તેઓ યુવા-પેઢીના રાહબર બન્યા છે. કેટલાક સામાન્ય નિર્યુક્તિ કે ન્યાય કુસુમાંજલિ જેવા નવ્યન્યાયના મૂર્ધન્ય ગ્રન્થો સુધી પહોંચ્યા છે; કેટલાક કમ્મપયડી વગેરે પ્રાકરણિક ગ્રન્થો

તથા ઘણા બધા જૈન-અજૈન કાવ્યો ઉપર પ્રભુત્વ પામેલા છે, કોક વળી છેદ-ગ્રન્થોના અભ્યાસી છે.

તેમનામાં પરસ્પરનો ભાઈચારો, બ્રહ્મવ્રતની શુદ્ધિ અને ગુરુભક્તિ ઉત્તમ કોટિના છે. પાંચથી દસ હજાર શ્લોકો પણ કેટલાકને કંઠસ્થ છે.

આ બધું છતાં મારામાં તેમાંનું થોડુંક પણ જીવન હું પામી શકતો નથી. પૂર્વે તો આ બદલ ચોધાર આંસુ ચાલી જતા.

હવે નિષ્ઠુરતા આવી છે. આંસુ સુકાઈ ગયા છે. આથી પરલોકે દુર્ગતિ થવાની શક્યતા ઘણી વધી ગઈ છે.

તપોવનમાં સાવદ્યતા અને શારીરિક કારણોસર આહારના અને આસક્તિના દોષોની બહુલતા – આ બે મને ખૂબ પરેશાન કરે છે. મારું મન દુર્ગતિની કલ્પનાથી એકદમ બેચેન બની જાય છે.

ક્યારેક એમ લાગે છે કે મારા શિષ્યોની ઉત્તમ આરાધના અને શાસનપ્રભાવનાના પ્લસને લીધે, તપોવની બાળકોના પ્રભુભક્તિ આદિ જોરદાર અનુષ્ઠાનોના પ્લસને લીધે મારા માઇનસ કપાઈ જશે. મને સદ્ગતિની પ્રાપ્તિ થશે. પણ આનો નિર્ણય હું ન કરી શકું.

હા, આ પ્લસ સાથે સેંકડો આત્માઓને મેં તેમની ભવાલોચનાનું શાસ્ત્રનિર્દિષ્ટ જે પ્રાયશ્ચિત્ત આપ્યું છે એના પ્લસનો તો મારી પાસે જંગી ભરાવો થયો છે.

છતાં અહંકાર, ક્રોધ, માયાવીપણું, માનસંજ્ઞા, ખાવાની આસક્તિ, જાતીય વિકારોના ઢગલાબંધ દોષોને નજરે લાવું છું ત્યારે પાછો હતાશ થાઉં છું.

મને મારા શિષ્યોની રત્નત્રયીની ઉત્તમ આરાધનાનું દર્શન જ કદાચ બળ પૂરે અને બચાવી લે. બાકી કોઈ શક્યતા જણાતી નથી. ખૂબ હતાશ છું; જન્માન્તરમાં જિનશાસન ખોવાઈ જવાથી ખૂબ ભયભીત છું.

દોષોની પૂર્ણ શુદ્ધિ કરવા છતાં અકરણનિયમ નહિ મળવા બદલ એકદમ બેચેન છું.

મને કોણ ઉગારશે ?

ઘણા બધા સુશિષ્યો પોતાના ગુરુદેવના ઉદ્ધારક બન્યા છે; મારો ઉદ્ધાર કોણ કરશે ? હું છતી આંખે અંધ છું. છતે કાને બધિર છું. છતી જીભે મૂક છું.

જ્ઞાનીઓ કહે છે કે, "જે સમ્યગ્દષ્ટિ સાચા અર્થમાં સર્વવિરતિ પામી

શકતો નથી તેને તે બદલ એટલું બધું માનસિક દુઃખ હોય છે કે તેવું કાયિક દુઃખ સાતમી નારકના જીવોને પણ હોતું નથી.''

હા, આ વાતની થોડીક ઝાંખી હું કરી રહ્યો છું. એક જ વિકરાળ પ્રશ્ન મને ખૂબ સતાવે છે કે પરલોકે મને જિનશાસન મળશે ? કે હું દીર્ઘકાળ માટે તેને હારી જઈશ ?

■■■

**अंगारजीववहगो कोइ कुगुरुसुसीसपरिवारो ।**
**सुमिणे जइहिं दिट्ठो कोलो गयकलहपरिकिन्नो ॥ १६८॥**
**सो उग्गभवसमुद्दे सयंवरमुवागएहिं राएहिं।**
**करहोऽवक्खरभरिओ दिट्ठो पोराणसीसेहिं ॥ १६९॥**

**અર્થ :** અંગારાઓમાં 'જીવ' માનીને તેમને (કચરીને) મારનારો કોઈ કુગુરુ કે જે સારા શિષ્યોથી યુક્ત હતો, તેને મુનિઓએ સ્વપ્નમાં દેખ્યો. એટલે કે હાથીના બચ્ચાઓથી પરિવરેલા ઊંટરૂપે જોયો. (મતાંતરે ડુક્કરરૂપે જોયો)

ઉગ્ર એવા ભવસમુદ્રમાં ભટકેલો તે જીવ ઊંટ કે જે પુષ્કળ ભારવાળો છે તેને સ્વયંવરમાં આવેલા પાંચસો રાજકુમારો કે જેઓ પૂર્વભવમાં તે ઊંટના જીવના-આચાર્ય અંગારમર્દકના શિષ્યો હતા - તેમણે જોયો.

**વિવેચન :** અહીં પૂર્વના શ્લોકના મુખ્ય અર્થનું અનુસંધાન કરવામાં આવ્યું છે. તે આ રીતે:

અંગારમર્દક ગુરુ ઉપર, તેના પછીના ભવમાં જ્યારે તે ઊંટ થયો હતો ત્યારે ખૂબ ત્રાસ દેતાં તેના માલિક પાસેથી દયાથી પ્રેરાઈને તથા કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પૂર્વભવીય પાંચસો સાધુઓ કે જે હવે પાંચસો રાજકુમારો હતા તેમણે તે ઊંટને માલિક પાસેથી છોડાવી લીધો હતો.

સુશિષ્યો ગુરુને ભવાંતરમાં પણ સહાયક બને છે તેનું આ ઉદાહરણ છે.

અંગારમર્દક આચાર્યનું ખરું નામ રૂદ્રદેવસૂરિ હતું.

કોઈ નગરમાં ઘણા સાધુઓ સાથે વિજયસેનસૂરિજી નામના આચાર્ય વિદ્યમાન હતા. તેમના શિષ્યોએ સ્વપ્નમાં જોયું કે નગરમાં પાંચસો હાથીઓથી વીંટળાયેલું ડુક્કર પ્રવેશી રહ્યું છે. આ સ્વપ્નનું ગુરુએ રહસ્ય બતાડ્યું કે ''આજે કોઈ આચાર્ય પોતાના પાંચસો શિષ્યો સાથે આવશે. તેમાં આચાર્ય અભવી

જીવ હશે, શિષ્યો મહાત્મા કક્ષાના હશે.''

બીજે દિ' તેમજ થયું. નગરના આચાર્યે અભવી આચાર્યના સકંજામાંથી પાંચસો શિષ્યોને છૂટા કરવા તેમને સ્વપ્નગત વાત કરી. શિષ્યોએ ખાતરી માંગતા નગરસ્થ આચાર્યે એવો ટુચકો કરવાનું કહ્યું કે માત્રુ વગેરે પરઠવવાના સ્થળ સુધી કોલસી પથરાવી દઉં છું. તમારા આચાર્ય રાત્રે ઊઠે તો તેમને જ તે તરફ જવા દેજો. તમે બારીમાંથી તેમની ચેષ્ટાને જોજો. બધી ખબર પડી જશે.

એ રીતે રાતે બધું ગોઠવાઈ ગયું.

આચાર્યશ્રી કારણસર બહાર નીકળ્યા. કોલસાની કણો ઉપર ચાલતાં કીચૂડ-કીચૂડ અવાજ થયો. નિષ્ઠુરતા સાથે તે બોલ્યા, ''ઓ અરિહંતના જીવડાઓ ! તમે અહીં ભરાયા છો ? મરો, મરો, મારા પગ નીચે.''

બારીએ ડોકાઈને ઊભેલા તેમના શિષ્યો આ નિર્દય વચનો સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. અમારા ગુરુ 'અભવ્ય' હોવા જોઈએ તેવો નિશ્ચય કર્યો. વળતે દી' સહુએ તેમનો ત્યાગ કરી દીધો.

જો આવા કુગુરુનો શિષ્યો ત્યાગ ન કરે તો તેમના પ્રત્યેના અતિશય સદ્ભાવ વગેરેને કારણે ગુરુને ડોકું કાપી લેવું હોય તો કપાવી દેવા તૈયાર થાય. આમાં કુગુરુ ઉત્સૂત્ર-પ્રરૂપણા કરીને શિષ્યોને માર્ગવિમુખ કરી દે તો શિષ્યોનો અનંત સંસાર થઈ જાય. એટલે કુગુરુને તો ત્યાગી જ દેવા પડે. તેમના પ્રત્યેનો અતિ રાગ કે સમર્પણભાવ તેમ કરતાં રૂકાવટ કરે તો તે ચાલી ન શકે.

પહેલાં ભગવાનની આજ્ઞા, પછી તેને અનુકૂળ થતી ગુરુની આજ્ઞા.

અજ્જા સાધ્વી પાંચસો શિષ્યાઓના ગુરુ હતા. તેમને એકાએક મિથ્યાત્વનો ઉદય થયો, બીજી બાજુ સર્વાંગે કોઢ થયો.

શિષ્યાઓએ કોઢનું કારણ પૂછતાં મિથ્યાત્વના પ્રભાવે કહી દીધું કે, ''ઉકાળેલું પાણી (પ્રાસુક જળ) પીવાથી મને કોઢ થયો છે.''

એક સિવાયના તમામ સાધ્વીઓએ 'ગુરુ કહે તે સાચું જ હોય.' એવી દૃઢ શ્રદ્ધાથી ઉકાળેલું પાણી (પ્રાસુક જળ) ત્યાગી દીધું.

જે એક સાધ્વીજી જિનાજ્ઞાને મક્કમપણે વળગી રહ્યા તેમણે અજ્જા ગુરુને બેધડક કહ્યું કે, ''આપની વાત સાચી નથી. તારક તીર્થંકરદેવો એવી આજ્ઞા કરે જ નહિ જેથી દેહમાં કોઢ વગેરે રોગો ઉત્પન્ન થાય.''

અજ્જાનું મિથ્યાત્વ જોર કરતું હતું એટલે તે ન માન્યા. એટલું જ નહિ પણ પેલા જિનાજ્ઞામાં મક્કમ સાધ્વીજીને જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારે અજ્જાએ કોઢનું કારણ પૂછતાં તેમણે અજ્જાની કલ્પનાનો સ્પષ્ટ પ્રતિકાર કર્યો. તે વખતે શેષ તમામ સાધ્વીજીઓ માર્ગસ્થ બન્યા પણ અજ્જા તો ન જ માન્યા. પરિણામે અનંત સંસારી થયા. બેશક, તે અભવ્ય ન હતા પણ અભવ્યના બેન તો જરૂર હતા.

અજ્જા જેવા ઉત્સૂત્રભાષીની સાથે સુશિષ્યાઓથી ન જ રહેવાય.

અંગારમર્દક આચાર્યના શિષ્યોને સ્થાનિક આચાર્ય સેનસૂરિજીએ સમજાવીને ગુરુથી વિખૂટા પાડી દીધાં.

ભવાંતરે અંગારમર્દક આચાર્ય ઊંટ થયા. પાંચસો શિષ્યો દિલીપ રાજાના પુત્રો તરીકે રાજકુમારો થયા. કોઈ સ્વયંવરમાં ગયા ત્યારે ત્યાં પૂર્વભવીય ગુરુ : ઊંટને માલિક દ્વારા ખૂબ ત્રાસ દેવાતો જોયો. તે વખતે તેમને જાતિસ્મરણ થયું. પૂર્વભવના એ અંગારમર્દક ગુરુ છે એવી ખબર પડતાં માલિક પાસેથી છોડાવીને દુઃખમુક્ત કર્યો.

કેવી કમાલ ! પૂર્વભવના ગુરુના ઉપકારમાંથી ઉત્તરભવમાં ઋણમુક્તિ પ્રાપ્ત કરી.

સુશિષ્યોની કૃતજ્ઞતાની આ કેવી પરાકાષ્ટા !

આવું બીજું દૃષ્ટાંત સુમંગલાચાર્યનું છે. તે પાંચસો શિષ્યોના ગુરુ હતા. છેલ્લી વૃદ્ધાવસ્થામાં ઘૂંટણે વા થતાં પગ સીધા મુકાતા ન હતાં. કોક ભક્ત ગૃહસ્થે પટ્ટો આપ્યો જે બાંધી દેવાય તો પગ એના આધારે ઊંચા રહી શકે.

મૃત્યુ નજીક આવતાં શિષ્યોએ તે પટ્ટો માલિકને પાછો દેવા સૂચવ્યું. પણ તેમાં અતિશય આસક્ત બનેલા ગુરુએ તે વાત ન સ્વીકારી. પટ્ટાની કારમી આસક્તિમાં આયુકર્મનો બંધ પડતાં અનાર્યદેશના મ્લેચ્છકુળના રાજાના પુત્ર તરીકે જન્મ પામ્યા. ધર્મહીન સ્થિતિમાં તે બધી રીતે બરબાદ થયા.

આ બાજુ તેમના શિષ્યોના વડીલ શિષ્યને અવધિજ્ઞાન થયું. ગુરુની દયામણી હાલત જોઈ. તેમને અનાર્યદેશમાંથી આર્યદેશમાં લાવવા માટે જબ્બર ઉસ્તાદી કરી. આર્યદેશમાં લાવીને ભૂતપૂર્વ ઉપકારનો બદલો વાળવા દીક્ષા આપીને પૂરી વૈયાવચ્ચ કરીને પુનઃ માર્ગસ્થ બનાવ્યા.

આ કેવું જિનશાસન છે જ્યાં કૃતજ્ઞતા ગુણ જન્માંતરમાં પણ સેવાય છે !

■■■

**संसारवंचणा नवि गणंति संसारसूअरा जीवा ।**
**सुमिणगएण वि केइ बुज्झंति पुप्फचूलाव्व ॥ १७० ॥**

**અર્થ :** પરપદાર્થો પ્રત્યેની કારમી આસક્તિ (વંચના)ને લીધે, તેમાં આળોટતા ભૂંડ જેવા જાગતા જીવો સંસારને જ સારભૂત ગણે છે.

બીજી બાજુ કેટલાક જીવો સ્વપ્નમાં સંસારની યાતનાઓ જોઈને પુષ્પચૂલાની જેમ પ્રતિબુદ્ધ થઈ જાય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં એમ કહેવા માગે છે કે જીવતા માણસો ધર્મ ન પામે અને મરતાં પામી જાય.

જાગ્રત અવસ્થામાં ધર્મ ન પામે અને નિદ્રાવસ્થાના સ્વપ્નથી પામી જાય.

ગોશાલક જીવતા ન પામ્યો અને મરતી વખતે સમ્યગ્દર્શન પામીને બારમા દેવલોકે ગયો.

પુષ્પચૂલા જાગ્રત અવસ્થામાં જે ન દેખી શકી તે સ્વપ્નાવસ્થામાં દેખીને ધર્મમાર્ગે દોડી ગઈ.

એ વાત વિસ્તારથી કરું.

પુષ્પકેતુ અને પુષ્પવતી રાજા-રાણીને યુગ્મરૂપે જન્મેલા પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના બે સંતાનો હતા. આ બે ભાઈ-બહેનને અતિશય સ્નેહભાવ હતો. ક્યારેય - ક્ષણ માટે પણ-છૂટા પાડી શકાય તેમ ન હતા. વળી રાજાને પણ દીકરી પુષ્પચૂલા પ્રત્યે એટલો તીવ્ર સ્નેહ હતો કે તેને સાસરે મોકલીને થનારો વિયોગ અસહ્ય હતો.

આથી રાણી પુષ્પવતી, મંત્રીઓ વગેરેને ઉપેક્ષીને તેણે સગા ભાઈ-બહેનને (પરસ્પર) પરણાવી દીધાં. આમ સંભવિત વિયોગ શક્ય ન બન્યો.

આની સામે રાણી પુષ્પવતીને અતિ આઘાત લાગ્યો. સંસારથી વિરક્ત થઈને દીક્ષા લીધી. મોટો તપ કરીને મૃત્યુ પામીને તે દેવી થઈ.

આ તરફ રાજા પુષ્પકેતુનું મૃત્યુ થતાં ભાઈ-બેન હવે રાજા-રાણી બન્યા. તેમનો સંસાર જોઈને દેવી અત્યંત ત્રાસી ગયા. બેમાં દીકરી કોમળ હતી એટલે તેને નારક વગેરેના ભયાનક સ્વપ્નો બતાડવાનું શરૂ કર્યું. રાણી (દીકરી) પુષ્પચૂલા ખૂબ ગભરાવા લાગી. રાજાએ અન્યધર્મી વડાઓને બોલાવ્યા પણ તે સ્વપ્નો અંગે કોઈ માહિતી આપી શક્યા નહિ. કોકના કહેવાથી અન્નિકાપુત્ર આચાર્ય કે જે જંઘાબળ ક્ષીણ થવાથી એકાકીપણે તે નગરમાં રહેતા હતા તેમને બોલાવ્યા. તેમણે સ્વપ્નગત દશ્યો નારકી ગતિના હોવાનું જણાવ્યું. ભાઈ-

બહેન વચ્ચે જો સંસાર ભોગવાય તો નારકમાં જઈને પારાવાર દુ:ખ વેઠવું પડે તે વાત કરી.

રાણી પુષ્પચૂલા અતિશય ગભરાઈ ગઈ. તેણે પતિ(ભાઈ)ને માંડ સમજાવીને અગ્નિકાપુત્ર આચાર્ય પાસે દીક્ષા લીધી. દોષોનો પારાવાર પશ્ચાત્તાપ કરીને તેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ દૃષ્ટાંતમાં જે મુખ્ય વાત છે તે એ છે કે જે બેન પોતાના ભાઈનો મોહ કોઈ પણ હાલતમાં છોડી શકે તેમ ન હતી તે પરલોકના-દુર્ગતિના-કાતિલ વિપાકોના દર્શન કરીને ધ્રૂજી ઊઠી. દીક્ષાનો માર્ગ પકડી લીધો.

ઈશ્વરની પ્રીતિ અને પાપોની ભીતિ માનવજીવનને સફળ બનાવવા માટે અતિ જરૂરી પદાર્થો છે.

પરમલોકની પ્રીતિ થાય તો સારી વાત છે; નહિ તો પાપો કરવાથી સર્જાતા દુ:ખમય પરલોકની ભીતિ તો હોવી જ જોઈએ. આ ભીતિ-પ્રીતિ ઘણા બધાં દોષોના સેવનથી જીવને ઉગારી લે છે.

આ પ્રસંગમાં બીજી વાત એ જોવા મળે છે કે કોઈ પણ સમજદાર મા-બાપને પોતાના સંતાનો ઉન્માર્ગે જાય તે જરાય ન ગમે. તેમને આઘાત લાગે.

ક્ષીરકદંબક પાઠકને જૈન મુનિઓ દ્વારા જાણ થઈ કે 'તેમનો દીકરો નરકે જનાર છે' તેથી તેમને ખૂબ આઘાત લાગ્યો. તેમણે સંસાર ત્યાગીને સંન્યાસ લઈ લીધો.

નાનપણથી નિત્ય જિનપૂજા કરતા દીકરાએ એકવાર પિતાને કહ્યું : "બાપા, હવે મને પૂજામાં રસ નથી. મને મૂર્તિને બદલે પથરો દેખાય છે !" આ શબ્દો સાંભળતાં બાપાને એવો આઘાત લાગી ગયો કે છ માસમાં મૃત્યુ થયું.

આઠ રાણીઓ સાથે રાત દી' મોજમસ્તી કરતાં દીકરા ગોપીચંદને રોજ દેખતી રાજમાતાને ખૂબ ત્રાસ થતો. તે વિચારતી કે આ છોકરાનું પરલોકે શું થશે ? ક્યાં જશે ?

એક દિ' આ બદલ રડતી માતાને ગોપીચંદ જોઈ ગયો. તેણે રુદનનું કારણ પૂછ્યું. માવડી બોલી :"બેટા ! આવું ભોગપ્રચુર જીવન તું જીવે છે. કેટલા પાપકર્મો ભેગા કરી રહ્યો છે ? પરલોકે તારે નારકના કે પશુના અવતારો લેવા પડશે."

આ સાંભળતા ગોપીચંદે ભગવા કપડાં પહેરી લીધાં. સંન્યાસ લઈ લીધો.

પોતાનો દીકરો ગાંગેય (ભીષ્મ પિતામહ) તેના બાપની શીખવણીથી ઉન્માર્ગે ન ચડી જાય તે માટે લગ્ન વખતે જ ગંગાએ પતિ શાન્તનુ સાથે

શરત કરી હતી કે, "તેમણે પોતાની આજ્ઞાઓ પાળવી પડશે." ગંગાને રાજકાજના પ્રસંગોમાં કોઈ આજ્ઞા કરવાની હતી નહિ. પણ પોતાના દીકરા ઉપર ખોટા સંસ્કારો પડે તેવી કોઈ પણ કારવાહી જો પતિ કરે તો આજ્ઞા કરીને ગંગા તેમને રોકે.

હા, એવો એક પ્રસંગ આવ્યો જ્યારે ગંગાને પોતાનો અધિકાર વાપરવો પડ્યો. માવડીએ દીકરાનું જોરદાર સંસ્કરણ કર્યું.

■■■

**जो अविकलं तवसंजमं च साहू करिज्ज पच्छावि ।**
**अन्नियसुयव्व सो नियगमट्ठमचिरेण साहेइ ॥ १७१ ॥**

**અર્થ :** જે આત્મા શરૂઆતના-પૂર્વાર્ધના- ભવમાં ઘણા પાપો કરે પણ જો પાછળના કાળમાં તપ અને સંયમની આરાધના નિરતિચારપણે કરે (અતિચારાદિનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરે તો તે સાધુપણું નિરતિચાર કહેવાય) તો તેના તે ભવોના પાપો તો સળગી જાય પણ ભવોભવના પાપો ભેગા બળીને ઝપાટાબંધ ખતમ થઈ જાય. લાગ પડે તો તે આત્મા પરમાત્મા બની જાય.

**વિવેચન :** પૂર્વે મેં જણાવ્યું છે કે પાપકર્મો કરતાં ધર્મની તાકાત અનંતગુણ છે.

પાપકર્મો એટલે લાખ ટન રૂની ગંજી.

ધર્મ એટલે નાનકડી ચિનગારી.

ચિનગારી જેવી ગંજીમાં પડે કે ટનબંધ રૂ ક્ષણે ક્ષણે સળગવા માંડે. ઝટપટ બળીને બધું સાફ થઈ જાય.

અંધકારને જામ થતાં છ કલાક લાગે પણ બેટરીનો ઝબુકો એક સેકંડમાં તેનો નાશ કરી નાંખે.

અનંતાનંત ભવોના કર્મો જો ધર્મ દ્વારા ક્ષણમાં ન બળી જતા હોત તો કોઈ પણ જીવના સંસારનો અંત આવી શકત નહિ.

ગ્રન્થકારશ્રી એ વાત કરવા માંગે છે કે કોઈએ ગૃહસ્થ જીવનમાં ચાહે તેટલા પાપ (નિકાચિત સિવાયના) કર્યા હોય તે બધાને તે જ ભવના ઉત્તરાર્ધમાં દીક્ષા લઈને જો વિશુદ્ધ તપ અને સંયમધર્મની આરાધના કરે તો તે બધા પાપો ધોવાઈને સાફ થઈ જાય. અરે, પૂર્વભવોના સંચિત કર્મોને ય તે ખતમ કરી નાંખે.

સગા ભાઈ સાથે લાંબા સમય સુધી લગ્નજીવન દ્વારા કામભોગ સેવનાર બેન પુષ્પચૂલાએ સંયમના માર્ગે જઈને કાળાં કુકર્મોનું ધોવાણ કરી નાંખ્યું. દેવગતિની પ્રાપ્તિ હાંસલ કરી લીધી.

ચંડકૌશિક સર્પે આખું જીવન ઘોર હિંસાચારનું તાંડવ ખેલ્યું, પણ પરમાત્મા મહાવીરદેવને પામીને માત્ર પંદર દિવસમાં આજીવન અનશન અને જંગલી કીડીઓની દેહને કોચી નાંખવારૂપ અતિશય વેદના સહીને તે કર્મોને બાળી નાંખ્યા. તિર્યંચોની જે ઊંચામાં ઊંચી ગતિ છે તે આઠમા દેવલોકે વિદાય લીધી.

શેઠની દીકરી સુસીમા સાથે ધૂમ અનાચાર સેવનારા ચિલાતીએ થોડાક જ સમયની કાયોત્સર્ગની સાધના કરીને આખી બાજી સુલટાવી નાંખી.

આવું મહાપાપી ખૂનીઓ - દઢપ્રહારી અને અર્જુનમાળીના જીવનના પાછલા ભાગમાં સંપૂર્ણ પલટો આવી ગયો.

સમ્રાટ સંપ્રતિનો ભિખારી જીવ. અતિશય ભૂખમરાને લીધે ખાવા માટે કરગરીને દીક્ષા લીધી. મહાજ્ઞાની સુહસ્તિ મહારાજે દીક્ષા આપી. અકરાંતિયાની જેમ ખાવાથી પહેલી જ રાતે પેટમાં શૂળ ઊપડ્યું, જે તેનો જીવ લઈને રહ્યું. પણ તેની વેદનામય સ્થિતિમાં તેની ભિખારા તરીકે ઘોર તર્જના કરતાં ક્રોડાધિપતિ શેઠીયાઓને પગ-માથું દબાવતા જોયા. તેણે મુનિજીવન ઉપર અતિશય સદ્ભાવ થયો. "હવે સાજો થઈને ભાવપૂર્વકનું ચારિત્ર લઈશ. ઉત્તમ રીતે પાળીશ." આ ભાવનામાં તે મર્યા. એવું પ્રચંડ પુણ્ય સંયમજીવનની લગનમાં બાંધ્યું કે તેનાથી સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિ બન્યા.

દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવના શાસનના અઢી હજાર વર્ષના ગાળામાં એમના જેવો જિનશાસનનો પ્રભાવક રાજા કોઈ થયો નથી.

આખું જીવન ભિખારાનું ! પેટ ભરવામાં જિંદગી પસાર કરનારનું થોડા જ કલાકના જીવનપલટામાં દુર્ગતિ તરફનું ગમન રદ કરી નાંખ્યું !

કોઈ નગરમાં આવેલા સાધુ મહારાજને નિમિત્તબળથી ખબર પડી કે અમુક શેઠનો નાનકડો દીકરો ચોવીસ કલાકમાં મૃત્યુ પામવાનો છે.

મહારાજે શેઠને માત્ર એટલી વાત કરી કે, "તમારા દીકરાને કાલે સવારે જ મારે દીક્ષા દેવી છે."

આટલી બધી ઉતાવળ કરવાનો ભેદ ન પકડાવવા છતાં શેઠ સંમત થયા. દીક્ષાવિધિ ચાલુ થઈ. પહેલી ત્રણ પ્રદક્ષિણા દેતાં દેતાં જ છોકરો ઢળી પડ્યો. સ્વર્ગે ગયો. તરત નીચે આવ્યો. પછી મહારાજે બધી વાત કરી. સહુને આનંદ થયો. થોડીક મિનિટની પણ દીક્ષાની ક્રિયા, થોડાક જ કલાકની દ્રવ્યદીક્ષા

જો આટલો લાભ કરે તો ભાવપૂર્વકના તપ-સંયમજીવનથી ઢગલાબંધ કાળા પાપો બળીને ખાખ કેમ ન થઈ જાય ?

શાન્તસુધારસ ગ્રંથમાં તો સર્વવિરતિ નામના શ્રેષ્ઠ ધર્મની અપ્રતીમ શક્તિ દાખવતાં કહ્યું છે કે, ધરતીમાં કંપ નહિ થવા દેનાર, સમુદ્રોને માઝા નહિ મૂકવા દેનાર, આકાશે રહેલા સૂર્ય-ચન્દ્રોના બિંબને ધરતી ઉપર નહિ તૂટી પડવા દેનાર, ષડ્ ઋતુઓને યથાયોગ્ય રીતે ફલિત કરનાર માત્ર ધર્મ છે.

"ઓ ધર્મ ! તું અમારી રક્ષા કર. અમે તારી સેવા કરીએ."

વર્તમાનકાલીન આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક ક્ષેત્રોના જે લાખો પ્રશ્નો ઊભા થયા છે તે બધાનું નિરાકરણ એક ધડાકે કરવાની તાકાત 'ધર્મ' તત્ત્વમાં છે. પણ સબૂર ! આ ધર્મ એના 'વિશુદ્ધ' સ્વરૂપનો હોવો જોઈએ. અવિધિ, આશાતના, હિંસાદિકથી ખરડાયેલો ધર્મ નકામો જાય છે.

વિશ્વયુદ્ધ વગેરેને અટકાવી રાખવાની તાકાત ધર્મમાં છે.

ઉખેડી નાંખવામાં આવેલા પરંપરાગત મૂલ્યોની માનવજાતમાં પુનઃપ્રતિષ્ઠા કરવાની શક્તિ ધર્મમાં છે.

જળ, જમીન, જંગલ અને જનાવરના ખેદાનમેદાન થયેલા પર્યાવરણને પુનઃપલ્લવિત કરી દેવાની શક્તિ ધર્મમાં છે.

ધર્મ પ્રત્યેની અસીમ શ્રદ્ધા પણ આવી સિદ્ધિઓ ચરણોમાં મૂકી શકે છે તો ધર્મનું વિશુદ્ધ આચરણ કયો ચમત્કાર ન કરી શકે ?

હા, આ ધર્મ અહંકાર અને આસક્તિરહિત, અર્થ-કામની વાસનારહિત, મોક્ષૈકલક્ષી અહિંસામય હોવો જોઈએ.

જગતના બધા પ્રશ્નો શુદ્ધ ધર્મના સેવનથી જ શક્ય છે. જો નિયતિ વિપરીત હોઈને તે શક્ય ન બને તો બીજા કોઈથી પ્રશ્નો ઉકેલવાની શક્યતા નથી.

■■■

**सुहिओ न चयइ भोए चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं ।**
**चिक्कणकम्मोलित्तो न इमो न इमो परिच्चयइ ॥ १७२ ॥**

**અર્થ :** "જેમ દુઃખી માણસ દુઃખોના કારણે ભોગસુખો ત્યાગી દે છે તેમ સુખી માણસો ભોગસુખ ત્યાગી દેતા નથી." આ વાત ખોટી છે. જે કોઈ આત્મા ચીકણાં કર્મોથી બંધાયેલો છે તે આ દુઃખી પણ સંસાર છોડી શકતો નથી અને આ સુખી પણ સંસાર છોડતો નથી.

અર્થાત્ જે ચીકણા કર્મોથી લિપ્ત નથી તે દુઃખી હોય કે સુખી હોય - બન્ને - સંસાર ત્યાગે છે.

**વિવેચન :** સંસારત્યાગને સુખ-દુઃખ સાથે નિસ્બત નથી પણ ચારિત્ર મોહનીય કર્મ સાથે સંબંધ છે. દુઃખમાં તો ઘણા બધા રિબાય છેઃ કેટલા બધા ભિખારીઓ, કેટલી બધી ત્યક્તાઓ કે વિધવાઓ ! એ બધા દીક્ષા થોડી લઈ લે છે ! મુનિજીવનનું લોચ વગેરેનું દુઃખ તેમના દુઃખની અપેક્ષાએ હજારમા ભાગે પણ નથી. જો દુઃખથી કંટાળીને દીક્ષા લેવાતી હોત તો આજે સાધુ-સાધ્વીઓ સાતેક હજાર જેટલા છે તે સિત્તેર હજાર તો કમસેકમ હોત.

આ રીતે સુખી લોકો પુષ્કળ ભોગસુખને કારણે દીક્ષા લેતા નથી એમ નથી કેમ કે ઘણા બધા ધનાઢ્ય લોકો વર્તમાનકાળમાં પણ દીક્ષા લઈ રહ્યા છે. ભૂતકાળમાં થાવચ્ચાકુમાર, ધન્નો, શાલિભદ્ર, જયાનંદકુમાર, સુંદરી, દ્રૌપદી વગેરેએ દીક્ષા લીધી છે. અરે, બારમાંથી દસ ચક્રવર્તીઓએ તણખલાંની જેમ સંસારસુખ ત્યાગીને દીક્ષા લીધી છે. રાજા મહારાજાઓએ દીક્ષા લીધી છે. રાણીઓએ દીક્ષા લીધી છે.

રામચન્દ્રજી સાથે ૧૪ હજાર મુકુટબદ્ધ રાજાઓ અને ૩૭ હજાર રાણીઓએ, તેમના ભાઈ ભરતની સાથે એક હજાર રાજકુમારોએને, જયાનંદ રાજકુમારને લીધે એક લાખ આત્માઓએ, જંબૂકુમારની સાથે ૫૨૭ આત્માઓએ દીક્ષા લીધી છે.

જેમના સુખો દેવતાઓના વૈભવ જેવા ગણી શકાય તેવા ધનાઢ્ય સ્ત્રી-પુરુષોએ દીક્ષા લીધી છે.

ચક્રવર્તી ભરતની રાજગાદીએ થતાં રહેતાં તમામ-અસંખ્ય-રાજાઓએ દીક્ષા લીધી છે.

બેશક, ચારિત્ર મોહનીયકર્મનો ઉદય જેમને નડ્યો એવા ધનાઢ્ય શિવકુમારને બાર વર્ષ સુધી છઠ્ઠને પારણે આયંબિલ કર્યા તો ય દીક્ષા મળી નથી. સુંદરીએ દીક્ષા મેળવવા સાઈઠ હજાર વર્ષ સુધી આયંબિલ કર્યા ત્યારે ચારિત્ર મોહનીયકર્મનો ક્ષય થયો, પછી દીક્ષા મળી.

જે લોકો દીક્ષા લેતા નથી તે બધાયનો ચારિત્રમોહનીય કર્મનો ઉદય ચીકણો જ હોય તેવો નિયમ નહિ. જો એક જોરદાર પ્રયત્ન કરાય અને છતાં દીક્ષા ન થાય તો કદાચ કર્મના ઉદયની વાત કરાય. બાકી દીક્ષા પુરુષાર્થસાધ્ય છે.

પુરુષાર્થ કરો. કર્મને ધક્કો મારો. તૂટી જશે, દીક્ષા થઈ જશે.

પરમાત્મા નેમિનાથને ચારિત્રમોહનીય કર્મનો ઉદય લગ્નના વરઘોડાની અધવચ્ચ સુધી જ રહ્યો. એટલે તે જ સ્થળેથી તેમણે જાનને પાછી ફેરવી દીધી.

દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવનું ચારિત્રમોહનીય કર્મ જો કે પુરુષાર્થ કરે તો તૂટી જાય તેવું હતું પરંતુ તે તૂટે અને પોતે ચારિત્ર લે એટલે તેનો આઘાત મા-બાપને લાગનાર હતો. તેમનું આયુષ્ય કર્મ તરત તૂટી જાય તેમ હતું. આમ થતાં તેમનું મૃત્યુ થાય તેમ હતું.

પોતાના ચારિત્રગ્રહણની સાથે મા-બાપનું મોત એ એકદમ અનુચિત વાત હતી. આથી જ પોતાના વૈરાગ્યભાવને કાબૂમાં રાખવા માટે તેમને ગર્ભમાં પ્રતિજ્ઞા કરવી પડી હતી. જો પરમાત્માનું ચારિત્રમોહનીય કર્મ ન તૂટે તેવું નિકાચિત હોત તો પ્રતિજ્ઞા લેવી પડત નહિ.

આ વિચારમાંથી એક વાત સમજવા મળે છે કે આપણે ચીકણા અશુભ કર્મો ખૂબ બંધાઈ ન જાય-ખાસ કરીને ચારિત્રમોહનીય કર્મ—તેની ખૂબ સાવચેતી રાખવી જોઈએ.

મેતાર્ય મુનિએ પૂર્વભવમાં મુનિઓની દુર્ગંછા કરીને એવું ચારિત્રમોહનીય કર્મ બાંધ્યું કે પછીના ભવે દીક્ષા પામતાં દમ નીકળી ગયો.

સંસારની મોહમાયા ગમે તેટલી મોહક હોય, વિજાતીય નારીઓ ભલે અપ્સરાને ટક્કર મારે તેવું રૂપ ધરાવતી હોય, ભલે ગર્ભશ્રીમંત તરીકેનું જીવન મળ્યું હોય... જો ચારિત્રમોહનીય કર્મનો હ્રાસ થઈ ગયો હોય તો આમાંનું કોઈ ચારિત્ર લેતાં અટકાવી શકે તેમ નથી.

જે આત્માનો શિવકુમારના ભવમાં ચારિત્રમોહનીય કર્મે જીવ લીધો પણ દીક્ષા ન થવા દીધી તે જ આત્મા વળતે ભવે જંબૂકુમાર થયો. અપ્સરાઓ જેવી આઠ કન્યા સાથે એને પિતાએ પરણાવ્યો. પણ રૂંવાડે ય વિકારની ટીશી ન ફૂટી. વળતે દિ' દીક્ષા લઈને જ રહ્યો.

ગ્રન્થકારશ્રી સરસ વાત કરે છે કે દીક્ષા અટકાવવાની તાકાત વૈભવોમાં નથી. વૈભવી ધનવાન લોકોએ પુરુષાર્થ કરવાની જ જરૂર છે.

■■■

**जह चयइ चक्कवट्टी पवित्थरं तत्तियं मुहुत्तेणं ।**
**न चयइ तहा अहन्नो दुब्बुद्धि खप्परं दमओ ॥ १७३॥**

**અર્થ :** એક જ મુહૂર્તમાં ચક્રવર્તી રાજા છ ખંડના વિશાળ સામ્રાજ્યનો ત્યાગ કરી શકે પણ હાથમાં ચપ્પણીયું લઈને ફરતો દુર્ભાગી અને દુર્બુદ્ધિ ભિખારી પોતાના ચપ્પણીઆને દીર્ઘકાળે પણ છોડી શકે તેમ નથી.

**વિવેચન :** ચક્રવર્તી ક્ષણમાં સંસાર ત્યાગી શકે, ભિખારી વર્ષો પછી પણ ચપ્પણીયું છોડી ન શકે તેનું મુખ્ય કારણ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની મળતી સહાયતા-અસહાયતા છે. તેની સાથે વિશિષ્ટ કોટિની જ્ઞાન-અજ્ઞાનદશા છે.

જ્ઞાનીની વાત ન્યારી છે. સમગ્ર સંસારનું બિહામણું સ્વરૂપ જેની નજરમાં આવી જાય તે આત્મા સંસારને ક્ષણમાં છોડી દે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

સંધ્યાના જામેલા અને તરત વિખરાઈ જવા લાગેલા રંગોને જોઈને હનુમાનજીને સંસારથી નફરત છૂટી ગઈ. દીક્ષાનો માર્ગ પકડી લીધો.

ઘરડા માણસનું ઘડપણ જોતાં જ મહારાજા દશરથના હૈયે વિરાગની આગ ભભૂકી ઊઠી. દીક્ષાની કેડી પકડી લીધી.

રોગના રૌદ્ર સ્વરૂપને અનુભવીને શ્રેષ્ઠીપુત્ર ચોંકી ગયો. તેણે સંયમનો પંથ પકડી લીધો. ચક્રવર્તીના મનોભાવને સાંભળો,

**તૃણપરે ષટ્ખંડ તજીને, ચક્રવર્તી પણ વરીઓ,**
**એ ચારિત્ર શિવસુખકારણ, તે મેં ચિત્તમાં ધરીઓ.**

સગી રાજમાતાના કાવાદાવા જોઈને રાજકુમાર સુકોશલે સંયમની વાટ પકડી.

"પોતાના માથે 'રાજા' એ ધણી છે. ગૃહસ્થને બે ધણી હોય, રાજા અને મહારાજા તીર્થંકરદેવ." આ વાતની જાણ થતાં શાલિભદ્રે દિવ્ય સંસારનો ધડાકાબંધ ત્યાગ કર્યો.

પત્ની સુભદ્રાનું મેણું ન ખમાતાં ધન્નાએ સંસાર ત્યાગીને મુનિ શાલિભદ્રનો સંગ કર્યો.

સંસારનું સ્વરૂપ રાગ કરાવનારું નથી, વૈરાગ્ય જમાવનારું છે. પણ અજ્ઞાનીઓને તેનું બાહ્ય લોભામણું સ્વરૂપ નજરમાં આવવાથી તેઓ ગણિતમાં થાપ ખાઈ જતાં હોય છે.

પેલા રાજગૃહીના બે અતિદુઃખી ભિખારીઓ ! પહાડ ઉપરથી શિલા ગબડાવીને તળેટીમાં ઉજાણી કરતાં શ્રીમંતોને મારી નાંખવાના રૌદ્રધ્યાને ચડ્યા. શિલા ગબડી. તે પણ પગ ચૂક્યા.

શિલા તો તળેટીએ જઈને અટકી. પેલાઓ સાતમી નારકે અટક્યા.

જ્ઞાનદશા હોય તો કોડોની સંપત્તિ ત્યાગી શકાય. નહિ તો ભિખારી એનું ચપ્પણીયું પણ ત્યાગી શકે નહિ.

દરેક આત્માએ ગુરુકૃપા પામીને જ્ઞાની બનવું જોઈએ. તે વિનાના કષ્ટમય ધર્મ પણ મોક્ષપ્રદ બની શકે નહિ.

**કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ,**
**જ્ઞાનદશા વિણ જીવને, નહિ કર્મનો છેહ**

જ્ઞાનદશાની પ્રાપ્તિના મૂળમાં ગુરુકૃપાની પ્રાપ્તિ મુખ્ય છે. એ વિના વિદ્વાન, ધનવાન, પુણ્યવાન, શ્રીમાન, ધર્મવાન બની શકાય પણ ગુણવાન એવા જ્ઞાની ન બની શકાય.

ગમે તેટલી લાંબી આંખ હોય છતાં દીપક વિના અંધકારમાં જોઈ શકાતું નથી.

ગમે તેવો વિદ્વાન ગુરુકૃપા વિના સાવ નકામો છે. એને અધ્યાત્મમાર્ગેથી ઉથલી પડતાં વાર લાગતી નથી.

શાલિભદ્ર જ્ઞાની હતા. વરાહમિહિર વિદ્વાન હતો. એક તરી ગયા, બીજો ડૂબી ગયો.

આજનું બુદ્ધિજીવીઓનું જે જ્ઞાન (ટિકનોલોજી વગેરેનું) કહેવાય છે તે વસ્તુતઃ અજ્ઞાન છે.

રે, સાડા નવ પૂર્વ સુધીનું અભવી આત્માનું ધર્મનું જ્ઞાન પણ જ્ઞાનીઓએ અજ્ઞાન કહ્યું છે.

બીજી બાજુ માત્ર અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન ધરાવતા માષ-તુષ મુનિને જ્ઞાની કહ્યા છે.

આ વિવેક પાછળની સમજ એ છે કે જ્યાં રાગદ્વેષની પરિણતિને મોળી પાડતું સમ્યગ્દર્શન છે ત્યાં જે થોડુંક પણ જ્ઞાન છે તે જ્ઞાન છે. બીજું કહેવાતું જ્ઞાન તે વસ્તુતઃ અજ્ઞાન છે.

ગીતામાં શ્રીકૃષ્ણે પોતાના ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાનીને શ્રેષ્ઠ ભક્ત કહ્યો છે. ત્રીજા નંબરનો ભક્ત અમુક કલાક ભક્તિ કરે. જ્યારે આ ચોથા નંબરનો 'જ્ઞાની' ભક્ત નિત્ય ભક્તિમાં હોય. એની નિર્મળ પરિણતિ એ જ એની જ્ઞાનદશા હોય.

■■■

**देहो पिपीलियाहिं चिलाइपुत्तस्स चालणी व्व कओ ।**
**तणुओ वि मणपउसो न चालिओ तेण तणुवरिं ॥ १७४॥**

**पाणच्चाए वि पावं पिपीलियाए वि जे न इच्छंति ।**
**ते कह जइ अपावा पावाइं करंति अन्नस्स॥ १७५॥**

**અર્થ :** ચિલાતીપુત્રનો દેહ કીડીઓએ આરપાર પેસી જઈને ચાળણી જેવો કરી નાંખ્યો. આમ છતાં તેમની ઉપર જરાક પણ મનથી ક્રોધ તેમણે ન કર્યો.

પ્રાણત્યાગ થઈ ગયા તો ય જેઓ કીડીઓ ઉપર દ્વેષ કરવાનું પાપ નથી કરતા તે નિષ્પાપ સાધકો બીજા જીવોની હિંસા વગેરે કરવાના પાપો શી રીતે કરશે ?

**વિવેચન :** ચિલાતી કોઈ શેઠને ત્યાં નોકરી કરતો હતો. શેઠની સુસીમા નામની નાનકડી દીકરીને તે સાચવતો પણ તેમાં વખત જતાં તેને કામરાગ પેદા થયો. તેના અંગો સાથે અનિચ્છનીય ચેષ્ટા કરતો. એકવાર તે પકડાઈ ગયો. તેણે ભાગી છૂટવાનો નિર્ણય કર્યો, પણ તેનામાં રાગાંધ બનેલી સુસીમાએ તેની સાથે ભાગી જવાની જીદ કરતાં બે ભાગ્યા. આની ખબર પડતાં સુસીમાના ભાઈઓ અને પિતા તેની પાછળ દોડ્યા.

ખૂબ દોડવાથી સુસીમા હાંફી ગઈ. ચિલાતીએ તેને ઉપાડીને દોડવાનું જારી રાખ્યું. પણ એનો ભાર ઊંચકાય તેમ ન હતો એટલે તેણે સુસીમાને તેના સ્વજનોને સોંપી દેવાનું નક્કી કર્યું. પણ સુસીમાએ કહ્યું, "તમે મારું ડોકું ઉડાવી દો. સ્વજનોના હાથમાં મને જવા ન દો."

તલવારના એક ઝાટકે સુસીમાનું ડોકું કાપી નાંખીને માત્ર ડોકું હાથમાં લઈને ચિલાતી ભાગ્યો. હવે સ્વજનોને આગળ વધવાનો કોઈ અર્થ નહોતો.

ભાગતો ચિલાતી માનસિક રીતે સાવ ભાંગી પડ્યો હતો પણ સાથે સાથે બેબાકળો બની ગયો હતો. હવે શું કરવું ? એ એને સૂઝતું ન હતું. સુસીમાના લોહીથી લથપથ બનેલા તેના વસ્ત્રોને તે જોઈ શકતો ન હતો.

તેટલામાં કોઈ મુનિને વૃક્ષ નીચે ધ્યાનસ્થ જોયા. તે ત્યાં દોડ્યો. બોચી પકડીને હચમચાવી નાંખીને મુનિને પૂછ્યું, "સુખ ક્યાં છે ? ધર્મ શું વસ્તુ છે ? મને તમે કહો."

મુનિએ ઉત્તર વાળ્યો, "ઉપશમ, વિવેક, સંવર."

મુનિ પાસે ચારણલબ્ધિ હતી. તેથી તે તરત આકાશમાં ઊડી ગયા.

મુનિની જગ્યાએ એમની જેમ ચિલાતી ઊભો રહી ગયો. મુનિએ આપેલા ત્રણ પદો ઉપર પ્રગાઢ ચિંતન શરૂ કર્યું. જંગલની લાલ કીડીઓએ ચિલાતીનું લોહી પીધું. એનો દેહ કોચી નાંખ્યો. ભીતરનું માંસ ખાઈ લીધું. અસહ્ય વેદના હતી. પણ હાથથી કે અન્ય રીતે તેણે એક પણ કીડીને થપાટ મારીને હણી નહિ.

માત્ર પદચિંતન, દોષ ઉપર અતિ પશ્ચાત્તાપ તેના શ્વાસ-પ્રાણ બની ગયા.

તેને પોતે કરેલા પાપનો ગંજ ખડકાઈ ગયેલો દેખાતાં નવું નાનું પણ પાપ કરવા માટે તે લાચાર બની ગયો હતો.

'ઉપશમ' પદચિંતનથી તે સાવ શાન્ત બની ગયો હતો.

'વિવેક' પદચિંતનથી સુસીમાથી પોતાની જાતને સાવ જુદી પાડી નાંખી હતી.

'સંવર' પદચિંતનથી નવા પાપોનું આગમન તેના માટે અસહ્ય બની ગયું હતું.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે ચિલાતી મહાત્મા પોતાના પ્રાણ નીકળી જાય તો ય કીડી જેવા નાનકડા જીવને મારવાનું પાપ કરવા માટે ધરાર લાચાર બની ગયા હતા તે હવે બીજા પાપો તો શી રીતે કરી શકવાના હતા ?

આ એકદમ સાચી વાત છે. પાપ નાનું હોય કે મોટું હોય પણ તે કરી બેઠા પછી જો પશ્ચાત્તાપની અગનજ્વાળાઓ ફાટી નીકળી હોય, રોમરોમ સળગી ગયા હોય તો ફરી નાના-મોટા પાપ કરવાની શક્તિ ખતમ થઈ જાય છે. 'અકરણનિયમ'ની જીવને પ્રાપ્તિ થાય છે.

જે જીવ ફરી ફરીને પાપો કરતો રહેતો હોય તો કાં તેને નિકાચિત કર્મનો ઉદય થયો હશે અથવા તે નિષ્પાપ જીવન જીવવા માટેનું સત્વ ફોરવવામાં કાયર હશે. પાપ-નિષેધ માટે જે જોરદાર પુરુષાર્થ કરવો જોઈએ તેમાં તે નબળો હશે.

બાકી પાપના અકરણનિયમ માટે પરલોકમાં દુર્ગતિ થવાનો ભય પર્યાપ્ત છે. જેને નારક, પશુની દુનિયા આંખ મીંચતાની સાથે શ્રદ્ધાની આંખો વડે દેખાય તે એવો ધ્રૂજી ઊઠે કે ફરી પાપ કરી શકે નહિ.

લાલચોળ - જીવતા અંગારાને ભૂલમાં અડી જનાર માણસ, એના વિપાકથી એટલો બધો ડરી જાય છે કે ભૂલમાં કે સ્વપ્નમાં ય તેને અડતો નથી. દૂરથી તે દેખાઈ જાય તો પણ ભયભીત બની ગયા વિના રહેતો નથી.

અંગારા કરતાં ય જાલીમ પાપકર્મ છે.

આ બધું છતાં જો નિકાચિત કર્મોદયાદિના કારણે પાપ સેવાયા કરતું હોય તો દરેક પાપકરણ પછી તરત તેનું શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત ગીતાર્થ મહાગુરુ પાસે કરી લેવું જોઈએ. ચોધાર રડતી આંખે કરાતા પ્રત્યેક વખતના પ્રાયશ્ચિત્તમાં તે પાપોને જડમૂળથી સળગાવી દેવાની શક્તિ પડેલી છે.

મહાભયંકર પાપીઓ તે જ ભવમાં, તેના કેટલાક જ મહિનાઓમાં, દિવસોમાં કે કલાકોમાં કર્મનાશ કરીને વીતરાગ બન્યા છે. જો તે જ વખતે આયુષ્ય પૂરું થયું હોય તો સિદ્ધિપદને પામી ગયા છે.

ઉત્તમ કોટિના જીવો સહજ રીતે પાપ કરતા નથી.
મધ્યમ કોટિના જીવો પરલોકની દુર્ગતિના ભયથી પાપ કરતા નથી.
અધમ કોટિના જીવો બેઆબરૂ થવાના ભયથી પાપ કરતા નથી.
જે બિન્ધાસ્ત પાપો કરે છે તેમને અધમાધમ કહેવા જોઈએ.

■■■

**जीणपह-अपंडियाणं पाणहराणं पि पहरमाणाणं ।**
**न करंति य पावाइं पावस्स फलं वियाणंता ॥ १७६ ॥**

**અર્થ :** જે મુનિઓ પાપકર્મોના ફળ (વિપાક)ને જાણે છે તે મુનિઓ, જિનેશ્વરદેવના (અહિંસાના) માર્ગને નહિ જાણનારા એવા લોકો જીવઘાતક શસ્ત્રોથી પોતાને ઘાયલ કરે છતાં તેમના પ્રત્યે દ્રોહ, હિંસાના વિચારરૂપ પાપ કરતા નથી. ઉલટું એમની કરૂણા ચિંતવે છે કે, "મારા નિમિત્તે આમણે પાપ કર્યું. બિચારા નરકમાં જશે. બહુ ખોટું થયું."

**વિવેચન :** તીર્થંકર પરમાત્મા મહાવીરદેવની કરુણાની તો શી વાત કરવી ? તેમણે પોતાના હત્યારા ગોશાલક, સંગમ, ચંડકૌશિક, ગોવાળિયા, શૂલપાણિ યક્ષ વગેરે પ્રત્યે લેશ પણ ક્રોધ કે હિંસકભાવ કર્યો ન હતો. ઊલટું એમના પણ હિતની ચિંતા કરી હતી.

પ્રભુને ભયાનક ત્રાસ આપીને થાકેલો સંગમક દેવ જ્યારે દેવલોક તરફ જાય છે ત્યારે તેની પીઠ જોતાં પ્રભુની આંખે એવા વિચારથી ઝળઝળિયાં આવી જાય છે કે, "મારા અનંત કર્મોને ખપાવી દેનારો આ સંગમક દેવ કેવો અનંત સંસારી બનશે ! સહુને તારવા નીકળેલો હું આને ડુબાડવામાં નિમિત્ત બની ગયો !"

"સ્વેચ્છાએ દુઃખ - વધુમાં વધુ દુઃખ, મરણાન્ત દુઃખ-સહ્યા વિના કર્મક્ષય નથી. કર્મક્ષય વિના મોક્ષ નથી." આ મહાસત્ય છે. એને નજર સામે રાખીને સઘળા મુમુક્ષુ આત્માઓ પુષ્કળ દુઃખ સ્વેચ્છાએ હસતે મોંએ વેઠી લેતા હોય છે. ના... હવે પાપ તો સૂક્ષ્મ પણ કરવા તે તૈયાર હોતા નથી. પોતાની ઉપર ત્રાસ ગુજારનારને વળતો ફટકો મારવાની કલ્પના પણ તે કરી શકતા નથી. ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ, ધર્મરુચિ અણગાર, અન્નિકાપુત્ર આચાર્ય વગેરે મહામુનિઓએ દુઃખોને વહાલથી વધાવ્યા છે. પ્રાણાન્ત કષ્ટ દેનારાઓને મિત્ર માન્યા છે. વળતા પ્રહારો કદી કર્યા નથી !

અજૈનોમાં કબીર, રમણ, મંસુર વગેરેએ મરણાન્ત કષ્ટો હસતા મોંએ ભોગવ્યા છે.

કોઈ પણ જીવ પ્રત્યે ત્રિકરણયોગે લેશ માત્ર પણ અશુભ ભાવ મુનિઓને હોતો નથી. આથી તેમના દેહમાંથી એવી પવિત્ર ઊર્જા સતત વહે છે કે જેને સ્પર્શીને વનસ્પતિ વગેરે જીવોના અંતરમાં આનંદ વ્યાપી જાય છે. મુનિઓને કોઈનો ભય હોતો નથી એ તો ઠીક, પણ મુનિઓથી કોઈને ભય હોતો નથી. આથી તેમને 'અકુતોભય' કહ્યા છે.

જ્ઞાનીઓએ સર્વવિરતિ ચારિત્રને સર્વસત્વહિતાશયસ્વરૂપ, સર્વજીવ-સ્નેહપરિણામસ્વરૂપ કહેલ છે.

દીક્ષા લેતાંની સાથે ચૌદ રાજલોકના સર્વ જીવોને તેમનું અભયવચન હોય છે.

તારક અરિહંતદેવોએ કહ્યું છે કે, "મુનિઓ ! સર્વ જીવો જીવવાનું ઇચ્છે છે, મરવાનું કે પીડાવાનું કોઈ ઇચ્છતું નથી માટે તમે કોઈ પણ જીવને મનથી પણ હણશો નહિ."

બોલો, હવે મહાકૃપાલુ, સર્વવત્સલ પરમાત્માની આ ભાવનાવિરુદ્ધ તેમના અવ્વલ રાગી મુનિઓ જાય ખરા ?

આમ સાચા મુનિઓ કોઈ પાપ કરે નહિ. કોઈ પણ જીવને હણે નહિ એ વાત નક્કી થાય છે.

અરિહંતદેવે 'અપ્રતીકાર' ધર્મ સમજાવ્યો છે. જે કોઈ પણ જીવ આપણી ઉપર આક્રમણ કરે, સામનો કરે, ત્રાસ આપે, આળ ચડાવે તો તેનો પ્રતિકાર નહિ કરવો, બલ્કે સ્વીકાર કરવો.

પરમાત્માનું આ વચન આપણા જીવનવિકાસ માટે ખૂબ ઉપયોગી છે.

પરમાત્મા મહાવીરદેવની સાડા બાર વર્ષની સાધનાનું વિહંગાવલોકન કરાય તો સર્વત્ર એક જ વાત ફલિત થાય કે, "પ્રભુ સંકટોનો સામનો નહિ પણ સ્વીકાર કરતા. આગની સામે આગ નહિ પણ પાણી બનતા.

સર્વ જીવો પ્રત્યે સ્નેહપરિણામ એ આરાધનાનો પાયો છે.

ચંડકૌશિક સાપે પોતાને નિર્દયતાથી હણી નાંખનારી હજારો કીડીઓ ઉપર સ્નેહપરિણામની ધોધમાર વર્ષા કરી હતી.

ચિલાતીએ પણ આ જ કામ કર્યું હતું.

ગળાના કૅન્સરની અસહ્ય વેદનાને હસતે મોંએ સહેતા રામકૃષ્ણને કોઈએ પૂછ્યું, "કૅન્સરની વેદના કેવી જણાય છે ?"

રામકૃષ્ણે જવાબ આપ્યો, "દેહની અંદર લાખો કીડાઓ લોહી, માંસની

મિજબાની ઉડાવી રહ્યા છે. મને તેનો ખૂબ આનંદ છે.''

સનત મુનિની ઘોર સાધના જ્યારે પરાકાષ્ટાએ પહોંચી ત્યારે તેમના સોળ મહારોગોને પળવારમાં ખતમ કરે તેવી લબ્ધિઓ તેમના પેશાબ, થૂંક વગેરેમાં ઉત્પન્ન થઈ હતી. પણ તેનો ઉપયોગ કદી ન કર્યો, કેમ કે તે 'પ્રતિકાર' કરવામાં સમજતા ન હતા.

કબીરે શું ? કે સુદર્શન શેઠે શું ? પોતાની ઉપરના આરોપોનો પ્રતિકાર કર્યો નથી. સત્ય એની મેળે બહાર આવ્યું છે. સૂર્ય વળી વાદળોથી કેટલો સમય ઢંકાઈ રહે ? છેવટે તો તે પુરબહારમાં પ્રકાશિત થઈને જ રહેવાનો છે.

'અપ્રતિકાર' એ ઉત્તમ સાધુનું બીજું નામ છે.

ઈશપ્રીતિ, પાપભીતિ અને જીવમૈત્રીનો જ્યાં ત્રિવેણીસંગમ થયો છે તે તીર્થભૂત સાધુઓને કોટિકોટિ વંદન.

■■■

**वहमारण अब्भक्खाण दाणपरधणविलोवणाइणं ।**
**सव्वजहन्नो उदओ दसगुणिओ इक्कसीकयाणं ॥ १७७॥**
**तिव्वयरे उ क्ओसे सयगुणिओ सहस्सकोडिगुणो ।**
**कोडाकोडिगुणो वा हुज्जा विवागो बहुतरो वा ॥ १७८॥**

**અર્થ :** વધ કરવો, પ્રાણનાશ કરવો, અછતા દોષોનો આરોપ (દાન) કરવો, ચોરી કરવી–વગેરે શબ્દથી કોઈની અંગત વાત કરી દેવી-આ બધા પાપોનો ઉદય દસ ગણો થાય છે.

એમાં વળી જો અતિ ક્રોધાદિ થાય તો તેનો વિપાક સો ગણો થાય છે. તેથી પણ વધુ તીવ્રતર ક્રોધાદિ થાય તો તેનો વિપાક લાખ ગણો કે કોટાકોટિ ગણો પણ વિપાક થાય છે. અરે, તેથી પણ વધુ વિપાક થાય છે.

**વિવેચન :** નાનકડું પણ પાપ જો પ્રાયશ્ચિત્ત કર્યા વિનાનું રહે તો તેનું દસગણું ફળ મળે. એટલે કે એક જીવને હણવાનું પાપ કરનાર આત્મા દસ વખત હણાય છે. જો હત્યાનું પાપ વધુ તીવ્રતાથી કર્યું હોય તો તે તીવ્રતા મુજબ હજારગણું, લાખગણું કે કોટાકોટિ ગણું (એક ક્રોડની સંખ્યાને એક ક્રોડની સંખ્યાથી ગુણવામાં આવે તો એક કોટાકોટિ થાય) પણ થાય.

પાપકર્મ કરવું એ એક વાત છે. તેમાં રસ ભેળવવો-વધુ ને વધુ તીવ્રતા

કરીને વધુ ને વધુ રસ ભેળવવો એ સાવ જુદી વાત છે.

રડતે હૃદયે કરેલું પાપ કે પાપ કર્યા બાદ રડતે હૃદયે કરેલો તીવ્ર પશ્ચાત્તાપ તે પાપને તત્ક્ષણ ધોઈ નાંખે છે. આથી જ પાપો કરી બેસનારા જીવ માટે - ડૂબતાને તરણાંની જેમ - તીવ્ર પશ્ચાત્તાપ એ જ ઉગારનાર બાબત બની શકે છે. આથી નિકાચિત થયા વિનાના મસમોટાં પાપો ક્ષણવારમાં બળીને ખાખ થતા હોય છે.

માત્ર પશ્ચાત્તાપ નહિ પણ ગીતાર્થ ગુરુની પાસે તેનું સ્પષ્ટ આલોચન કરાય, તેમાં ય જે પ્રાયશ્ચિત્ત મળે તે વિધિવત્ પૂર્ણ કરાય તો તો તે પાપ તો સાફ થઈ જાય છે પણ પૂર્વભવોના ઘણા બધા પાપોને પણ સાફ કરતું જાય છે.

જો આમ થતું ન હોય તો કોઈ પણ જીવનો પાપ-મોક્ષ થઈ શકત નહિ. એક પણ આત્મા મોક્ષ પામત નહિ.

પાપ છે; તો તેનું મારણ પશ્ચાત્તાપ છે.

તીવ્ર મારણ પ્રાયશ્ચિત્ત અને પચ્ચક્ખાણ (અકરણનિયમ) છે.

અરે, જે નિકાચિત પાપકર્મબંધ હોય છે તે બંધ તો જો કે ન તૂટે; તેને ભોગવવું જ પડે (જો કે તે ય ક્ષપકશ્રેણિમાં ખતમ થાય છે) પણ જો તેનો અનુબંધ નિકાચિત પડ્યો હોય તો પશ્ચાત્તાપાદિ દ્વારા તૂટી જાય છે. અરિહંત-દેવના અનન્ય અને અકામભાવપૂર્વકના શરણપૂર્વક જો તીવ્ર પશ્ચાત્તાપાદિ (દુષ્કૃતગર્હા) થાય તો પ્રાયઃ કોઈ પાપનું આત્માના પ્રદેશ ઉપર અસ્તિત્વ રહી શકે નહિ.

બિચારા આત્માઓ ! જે પાપનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુ પાસે કરતાં શરમાય છે. ભલા, પાપ કરતાં શરમ ન આવી અને પ્રાયશ્ચિત્ત કરતાં શરમ આવે છે ?

જો પાપનું સાચું પ્રાયશ્ચિત્ત ન થાય તો સાધ્વી રુક્મિ, લક્ષ્મણા સાધ્વી વગેરેની જેમ હજારો ભવોના ભ્રમણનો સંસાર વધી જાય છે. તેમાંના એકાદ ભવનું દુઃખ વિચારતાં તમ્મર આવી જાય એવું કાતીલ હોય છે ! આના કરતાં સદ્ગુરુની પાસે પ્રાયશ્ચિત્ત કરી લેવામાં શી મુશ્કેલી છે ?

એવા ગીતાર્થ, ગંભીર, જ્ઞાની ગુરુ તો ગુરુમા છે. એની સામે બાળક ઉઘાડું થઈ જાય તો તેમાં તેને શરમ શેની ?

જેમ પાપનું ફળ દસગુણ વગેરે થાય તેમ પુણ્યનું ફળ પણ દસગુણ વગેરે થાય.

તમે કોઈનું ભલું કરો. તે દસગુણ થઈને—તેટલું—તમારું ભલું લોકો કરશે.

તમે બીજાઓની – શિષ્યોની, સ્વજનોની – પ્રજાજનોની હિતચિંતા કરો. તે બધા તમારી દસગુણ વગેરે હિતચિંતા કરશે. એટલે કે તમને તાવ વગેરે તકલીફ થાય તો તેના નિવારણની ચિંતા તમારે કદી નહિ કરવી પડે.

બીજાના સુખની ચિંતા કરનારાના સુખની ચિંતા સહુ કરે. તે પણ દસગુણ થઈને...

બીજાને દુઃખ દેનારા ઉપર દસગુણ થઈને દુઃખ ત્રાટકે.

કેવું કર્મનું અદ્‌ભુત ગણિત !

સત્કાર્યો કરવાથી તેનું દસગુણ થઈને સુખ મળે એ વાત જેટલી ગંભીર છે તેથી વધુ 'ખોટા કામના દસગુણ' એ ગણિત બહુ ગંભીર કહેવાય.

જે કોઈ આત્મા ખોટું કામ કરીને આવી પડેલું દુઃખ ટાળતો હશે પણ તે દુઃખ દસગુણ થઈને જ્યારે તેની ઉપર ત્રાટકશે ત્યારે તેનું શું થશે ? જેને આ ગણિતની ખબર છે તે આત્મા ખોટાં કામ : પાપ કરતો અટકી પડશે.

જેનાથી ઈંજેકશનની સોય ન ખમાય તે જો નારકમાં માથું કરવતથી વેરાઈ જાય : તેના બે ટુકડા થઈ જાય તે તેનાથી શી રીતે સહન થશે ?

બીજાને દુઃખ દેવાનું પાપ દસગુણ વગેરે થઈને ત્રાટકે.

પોતે કરેલા પાપના અંજામ દસગુણ વગેરે થઈને પરલોકે ત્રાટકે.

દુઃખ એ એવી વસ્તુ છે કે જે સહન કરવું અતિશય મુશ્કેલ છે. તારક તીર્થંકરદેવોના આત્માઓ પણ દુઃખથી સર્વથા અને સર્વદા મુક્તિ પામવી છે માટે જ સર્વવિરતિધર્મનો સ્વીકાર કરીને ઉગ્ર ઉપસર્ગો અને પરીષહોને સહે છે. એમનો દુઃખનો સ્વીકાર પણ અન્તે તો દુઃખઇન્કારમાં પરિણમાવવાનો હોય છે.

વિશિષ્ટ કોટિના સત્વશાળી આત્માઓ પાપ કરે નહિ અને ભૂતકાળમાં કરેલાં પાપોથી આવતાં દુઃખોને હસતે મોંએ સહ્યા વિના રહે નહિ.

બાકી જેનાથી દુઃખ સહાતું ન હોય તેણે પાપ નહિ કરવું જોઈએ; કેમકે દુઃખ એ પાપનું જ ફળ છે.

જે માણસમાં ગુંડા સાથે લડવાની કે તેના જેવી ગાળો દેવાની તાકાત ન હોય તેણે ગુંડા સાથે દુશ્મનાવટ કરવી ન જોઈએ.

જો આટલું બરોબર સમજાઈ જાય તો દુઃખના ભયથી માણસ પાપ કરતો અટકી જાય.

દરેક આત્મા મોક્ષના લક્ષથી જ પાપ ન કરે એવું નથી. એ ઊંચી

કક્ષાના જીવની વાત કહેવાય. નીચલી કક્ષાના જીવો તો સુખપ્રાપ્તિ કે દુઃખનાશ માટે પણ ધર્મ કરેઃ પાપ ન કરે.

કોઈ આત્મા અલ્પસત્વી હોય; સુખશીલ હોય કે તીવ્રકર્મના ઉદયના ઝપાટામાં આવી ગયો હોય તે પાપો (ખાવું, પીવું, માનસન્માનમાં રાચવું, પ્રમાદ સેવવો વગેરે) કરે પણ જો તે જાણતો હોય કે આ બધાનો અંજામ બહુ ખરાબ છે : દુર્ગતિઓમાં પટકાઈ જવાનું છે તો પાપો સેવવાની પળોમાં તે અંતરથી ધ્રૂજતો હોય. તેને દસગુણ, કોટિગુણ વગેરે થઈને આવી પડનારા દુઃખોની બહુ બીક લાગતી હોય.

શિક્ષકે વિદ્યાર્થીને કહ્યું, "જો આટલું લેસન કરીને નહિ આવે તો આખો દિવસ શાળામાં તડકે ઊભો રાખીશ."

આ સજા સાંભળ્યા પછી પણ તે બાળક ઘરે જઈને રમતગમતમાં અટવાઈ જાય તો પણ તેના મનમાં તે વાત રમ્યા જ કરતી હોય કે આમ રમીને જો લેસન નહિ કરું તો કાલે મારા બાર વાગી જવાના છે.

અંગ્રેજીમાં આને Conscious bitting કહેવાય.

હા... આવા પાપધ્રૂજારાનો લાભ તો મળે જ. તેથી પાપ નબળું પડે. તેમ થતાં દુઃખ કોટિગુણને બદલે લક્ષગુણ કે દસગુણ આવે.

જૈનધર્મમાં સુખ(સુખાસક્તિ)ને પાપ કહ્યું છે.

સુખ જેવું પાપ નહિ.

જન્મ જેવો રોગ નહિ.

ઇચ્છા જેવું દુઃખ નહિ.

આ ત્રણ સ્વર્ગથી મોકલાએલા સુવર્ણવાક્યો છે. એનું ખૂબ મનન કરાય તો માનવજીવન ખૂબ ઊંચે આવી જાય.

■■■

**के इत्थ करंतालंबणं इमं तिहुयणस्स अच्छेरं ।**
**जह नियमाऽखवियंगी मरुदेवी भगवइ सिद्धा ॥ १७१ ॥**

**અર્થ :** ત્રણ લોકમાં આશ્ચર્યજનક આલંબનને ગ્રહણ કરીને કેટલાક લોકો કહે છે કે જેમણે કોઈ તપ-સંયમનું આચરણ કરીને પોતાના દેહને શોષ્યો નથી તેવા મરુદેવી માતા જો સિદ્ધપદ પામ્યા હોય તો અમે પણ તે રીતે કેમ સિદ્ધપદ ન પામીએ ? પછી અમારે પરલોક પણ ક્યાં રહ્યો જ્યાં દસગુણ વગેરે દુઃખો ભોગવવા પડે ?

**વિવેચન :** જ્યારે અબજો - અનંત - આત્માઓ તપ-સંયમની સાધના કરીને, વારંવાર સદ્ગતિઓ પ્રાપ્ત કરીને એવો માનવભવ પ્રાપ્ત કરે જેમાં તેઓ દીક્ષા લે, ઉત્કૃષ્ટ રીતે રત્નત્રયીની આરાધના કરે, કેવળજ્ઞાન પામે, મોક્ષે જાય ત્યારે કોક આત્મા ભવભ્રમણ કર્યા વિના મરુદેવા માતાની જેમ એક ભવ કરીને મોક્ષે જાય; કોક વળી ભરતચક્રીની જેમ સાધુવેષ લીધા વિના કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય.

મરુદેવા માતાનો જીવ અવ્યવહારરાશિની નિગોદમાંથી નીકળીને– જેમ સામાન્યતઃ બધા આત્માઓ અનંત ભવ કરીને કેવળજ્ઞાન પામે છે તેવું ન થતાં તે – કેળનો એક જ ભવ કરીને મરુદેવા થઈને કેવળજ્ઞાન પામી ગયા. વળી કેવળજ્ઞાન થયા બાદ એક જ અન્તર્મુહૂર્તમાં મોક્ષે પણ પહોંચી ગયા.

ભરતચક્રી 'ક્યારે બનીશ હું સાચો રે સંત' ની રોજ ભાવના ભાવતા હતા પણ સાધુવેષ લીધા વિના આરીસાભુવનમાં વીંટી ઉતારતાં ભાવનાએ ચડી ગયા. ઘાતીકર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પામ્યા. હા, ત્યાર બાદ ઈન્દ્રે તેમને વેષદાન કર્યું હતું ખરું.

આ બે ઘટનાઓ ક્વચિત જ બનતી હોય છે; જેમાં બાહ્ય તપ - સંયમ વિના દુઃખમુક્તિ અને મોક્ષપ્રાપ્તિ થઈ જતી હોય.

આવું દૃષ્ટાન્ત લઈને કોઈ કહે કે, "અમે પણ તપ-સંયમના ક્રમ વિના મોક્ષ પામીશું." તો તે બરોબર નથી. અબજો આત્માઓ રત્નત્રયીના તપ-સંયમની ઉગ્ર સાધના કરીને મોક્ષ પામે ત્યારે તે રાજમાર્ગનું જ દૃષ્ટાન્ત લેવાય. ઓલા કેડીમાર્ગનું દૃષ્ટાન્ત ન લેવાય.

પગે ચાલતાં રસ્તા ઉપર કોકને અકસ્માત્ ઠેસ વાગી. એ વખતે ધરતીનો એક ટુકડો ઊખડી ગયો. ચમકતું કાંક દેખાયું. ખોદ્યું. જોયું તો લાખો રૂપિયાના હીરા-માણેકનો ચરુ નીકળ્યો.

આ વાત બનતાં પહેલાં લાખો લોકો તે માર્ગેથી પસાર થયા હતા. કોઈને ય ઠેસ વાગીને ચરુ નીકળ્યો નથી તો શું એક જણને ઠેસ વાગતાં ચરુ નીકળ્યો માટે કોકે તે અખતરો કરવો જોઈએ ખરો ? અરે, એમ કરતાં ઠેસ વાગતાં લોહી નીકળ્યું; સેપ્ટીક થયું તો, 'રામ બોલો ભાઈ રામ' પણ થઈ જાય. લખપતિ થવાની વાત દૂર રહી.

કોક માણસે ઝેર ખાધું અને તે જીવી ગયો તો શું બીજાએ પણ તેમ કરવું ? અરે... તો તો તે બાપડો મરી જશે.

ટૂંકમાં વાત એટલી કરવી છે કે જે વસ્તુ 'કદાચ' બને તેનું દૃષ્ટાન્ત

ન લેવાય.

સાધુવેષ વિના–તપ–સંયમની સાધના કર્યા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થનારા મહાત્માઓ–મરુદેવા, ભરત, પૃથ્વીચન્દ્ર અને ગુણસાગર, ઈલાચી કુમાર, કૃતપુણ્ય વગેરે હતા.

પણ સબૂર ! તેમાંનું કોઈ પણ એવું તો નહોતું જ માનતું કે, "અમે તપ-સંયમ સાધ્યા વિના કૈવલ્ય પામવા માંગીએ છીએ."

આવી વાત કરનારો એક પણ આત્મા અપવાદે પણ કૈવલ્ય પામી શક્યો નથી.

સાધુવેષ વિના હજી કેવળજ્ઞાન મળી શકે પણ "સાધુવેષ વિના અમે કૈવલ્ય પામશું" એવી માન્યતા ધરાવતો એક પણ આત્મા અપવાદે પણ કૈવલ્ય પામી શકે નહિ.

વર્ત્તમાનમાં કોઈ કહેવાતા દાદા ભગવાને ભરત-ચક્રીનું દૃષ્ટાન્ત લઈને અક્રમ માર્ગ ઊભો કર્યો છે. તપ-સંયમની સાધનાના ક્રમ વિના–સમ્યગ્દર્શન, વિરતિ અપ્રમત્તભાવ, ઘાતીકર્મનાશ, વીતરાગ અવસ્થાના ક્રમ વિના–સીધું કેવળજ્ઞાન પામી જવાની તેમણે વાત કરી. આમ કરીને તેમણે ગુણસ્થાનની ક્રમિક આરાધનાનો વ્યવહારમાર્ગ ખતમ કર્યો.

વળી તે તો એવું કહેવા લાગ્યા કે "પરમાત્મા આદિનાથજીએ આવી અક્રમ–આરાધના દીકરા ભરતને આપી હતી અને મને આપી હતી. ભરત તે જ ભવે મોક્ષ પામી ગયા અને દુષ્કર્મવશાત્ હજી મારો મોક્ષ થયો નથી; પણ હવે ટૂંક સમયમાં થઈ જશે."

વ્યવહારમાર્ગનું એકાન્તે ખંડન કરીને આવી નિશ્ચયમાર્ગની (આભાસિક) આરાધનાની વાતોનો અમલ એટલા માટે સરળ છે કે તેમાં તપ, ત્યાગ, ચારિત્રધર્મ, સાધુવેષ સ્વીકાર, ગુરુતત્વ સ્વીકાર વગેરે કશું કરવાનું હોતું નથી. આમાં તો 'ખાવત-પીવત મોક્ષ' હોય છે. એટલે જ આવા એકાન્ત નિશ્ચયવાદીઓના મત ઊભા થતા હોય છે. કેમ આવો એકાન્ત વ્યવહારવાદીનો એકાદ પણ મત ઊભો નથી થયો ?

એનો જવાબ એ છે કે એમાં તો પુષ્કળ ક્રિયાકાંડાદિરૂપ સખ્ત અને કઠોર બાહ્ય વ્યવહારમાર્ગનું પાલન આવે, જે બધાને ભારે પડી જાય.

જ્ઞાનીઓ કહે છે કે અનાદિકાળથી જીવને ઈન્દ્રિયરમણતા અત્યન્ત આત્મસાત્ થઈ છે. તે શી રીતે એકદમ આત્મરમણતાને સાધી શકશે ?

નિશ્ચય અને વ્યવહારમાર્ગનું સમતોલ સંતુલન જણાવતાં મહોપાધ્યાયજીએ કહ્યું છે :

**નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર**
**પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર.**

એમણે સ્વરચિત અધ્યાત્મસાર ગ્રન્થમાં કહ્યું છે :

ભાઈ ! વ્યવહારમાર્ગમાં પ્રવીણ બન્યા પછી નિશ્ચયમાર્ગમાં પ્રવેશ કરજો. નહિ તો તળાવ તરતાં જેને આવડતું નથી તે સાગરમાં ઝંપલાવે તો ડૂબી મરે... તેના જેવું થાય.

■■■

**किं पि कहिं पि कयाइ एगे लद्धीहिं केहिं वि निभेहिं ।**
**पत्तेयबुद्धलाभा हवंति अच्छेयरब्भूआ ॥ १८० ॥**

**અર્થ** : કેટલાક પ્રત્યેક બુદ્ધ મહાત્માઓ – કોઈક વખત ક્યાંક કોઈ વસ્તુ જોઈને, કોઈક સ્થાને અથવા આવરણકારી કર્મનો ક્ષયોપશમ થવા રૂપ લબ્ધિ વડે, બુઢ્ઢા બળદને, સન્ધ્યાના વિલાતા રંગોને જોવારૂપ નિમિત્તને પામનારા– સ્વયં રત્નત્રયી સ્વીકારી લે છે. આ આશ્ચર્યભૂત ઘટનાઓ કહેવાય. આમનું દૃષ્ટાન્ત લેવાય નહિ.

**વિવેચન :** બળદનું નિમિત્ત પામીને કરકંડૂ, ધનનું ચિંતન કરતાં કરતાં કપિલ સંસારથી વિરક્ત બની ગયા. તેમણે વિના ગુરુએ દીક્ષા લીધી.

જિનશાસનમાં બે આત્માઓ 'નગુરા' હોય. તારક તીર્થંકરદેવ અને પ્રત્યેકબુદ્ધ મહાત્મા.

આ સિવાયના તમામના માથે ગુરુ હોવા જોઈએ.

વળી જિનશાસનમાં તારક તીર્થંકરદેવનો જ મત ચાલે; તેમના જ સહુ અનુયાયી બને. કોઈ હેમચન્દ્રાચાર્ય, હરિભદ્રસૂરિજી કે હીરસૂરિજી જેવા ધુરંધર આચાર્યો પોતાનો મત ચલાવે નહિ. તે તમામ તારક તીર્થંકરદેવના જ અનુયાયી હોય. અજૈન લોકોમાં ગુરુ વલ્લભાચાર્ય, માધવાચાર્ય વગેરેના નામોથી મત ચાલતો હોય છે. આમ થતાં મૂળભૂત પરમાત્મા સાથે સંબંધ રહેતો નથી.

જૈનદર્શનમાં ભલે કાનજીસ્વામી, રાજચન્દ્ર, ભિક્ખુ વગેરેના મતો ચાલ્યા પરન્તુ તે બધા ય આરાધ્યદેવ તરીકે તો તીર્થંકરદેવને જ માનતા હતા અને સહુને મનાવતા હતા.

મૂળ વાત ઉપર આવીએ કે તપ અને સંયમજીવનના કઠોર ધર્મ માટેની પોતાની શક્તિ અને રુચિ નહિ હોવાથી જ એ આત્માઓ તપ–સંયમ વિના કૈવલ્ય પામેલા આત્માઓનું ઓઠું લેતા હોય છે.

આ એકાંતે નિશ્ચયવાદી આત્માઓ હજારો આત્માઓને ઉત્સૂત્ર માર્ગે ચડાવવાનું કાતીલ પાપ બાંધે છે.

જે જિનોક્ત અનુષ્ઠાન પોતાનાથી ન થતું હોય તેનો ધરાર છેદ કાપી નાંખવો એ બહુ અનુચિત છે. આના બદલે એમ કહેવું જોઈએ કે, "તપ-સંયમ વગેરે સાધીને જ કેવળજ્ઞાન પામી શકાય. તારકોની આ વાતે હું સર્વથા સંમત છું પરન્તુ મારાથી તે બધું થઈ શકતું નથી. હું આ વાતમાં અભાગીઓ છું."

જ્યાં સુધી તપ-સંયમમાં શિથીલ બનેલા મરીચિ-મુનિ ઉપર મુજબની વાત કરવારૂપે પ્રરુપણામાં શુદ્ધ હતા ત્યાં સુધી તેમની શિથીલતા તેમનો સંસાર વધારી શકી ન હતી. પણ જેવું **"कविला ! इत्थं पि इहयं पि."** એવું ઉત્સૂત્ર ભાષણ કર્યું કે તરત મિથ્યાત્વ પામ્યા. તેમનો સંસાર વધી ગયો.

રાત્રિભોજનાદિ કરવું જ પડતું હોય તેમણે આ અભિગમ અપનાવવો જોઈએ. પાપધિક્કાર સાથેની 'સસૂત્ર પ્રરુપણા' એ શિથીલાચારના ઉત્સૂત્ર જીવનના માઇનસની સામે જંગી પ્લસ ખડકી શકે છે.

■■■

**निहिं संपत्तमहन्नो पत्थिंतो जह जणो निरुत्तप्पो ॥**
**इह नासइ तह पत्तेअबुद्धलच्छिं पडिच्छंतो ॥ १८१ ॥**

**અર્થ** : રત્નાદિના નિધાનની સાવ નજીક આવેલો કોઈ નિર્ભાગી પુરુષ એની ઈચ્છાવાળો છતાં, એ નિધાનની બલિવિધાન વગેરે વિધિ કરવામાં આળસુ (નિરુતપ્પો) આ લોકમાં સુખનો નાશ કરે છે : લોકોમાં હાંસીપાત્ર બને છે. એ રીતે પ્રત્યેકબુદ્ધ થવામાં થતો લાભ જોનારો સાધુ સંયમધર્મને સાધવામાં આળસુ (ઉદ્યમ વિનાનો) સન્માર્ગને ખોઈ બેસે છે.

**વિવેચન** : જંગલ વગેરેમાં ધરતીમાં અનેક રત્નાદિ નિધાનો દટાયેલા પડ્યા હોય છે. એવું કોક રત્નનિધાન પુરુષને પ્રાપ્ત થયું. પણ એ અભાગીઆએ તેને પ્રાપ્ત કરવા માટે જે વિધિવિધાન કરવાં જોઈએ તેમાં આળસ કરી. (આ રત્નનિધાનો દેવાધિષ્ઠિત હોવાથી તેની વિધિ ન કરાય તો તે મળતાં નથી : મળે તો ફળતાં નથી.) આવી આળસ કરવાને લીધે તે પુરુષ નિધિ મળવા છતાં ગુમાવે છે.

આ રીતે જે સાધુ રત્નત્રયીરૂપ નિધાન પ્રાપ્ત કરે છે પણ તેને સફળ કરવા માટે તપ-સંયમરૂપ ચારિત્રધર્મની આરાધના કરતો નથી તેની રત્નત્રયી નિષ્ફળ જાય છે.

હાય, ઓઘો મળવા છતાં પ્રમાદના કારણે ફળતો નથી.

અનંતીવાર ઓઘો મળ્યો છતાં મોક્ષ થયો નથી તેથી ઓઘાની નિષ્ફળતા સાબિત થતી નથી પણ 'અપ્રમાદ' ભાવની ગેરહાજરી કારણ બને છે.

માર્ગાનુસારિતાના પ્રાથમિક કક્ષાના જીવનમાં મુખ્ય વસ્તુ સ્થૂળ સદાચારોનું પાલન છે.

ચોથા સમ્યગ્દર્શનગુણની સાથે જિનવચનશ્રદ્ધા, જિનશાસનને પામ્યાની ખુમારી તથા પાપો પ્રત્યે ઘોર ધિક્કાર જોડાયેલા હોય છે. આ ત્રણ સાથે જ રહે; કેમકે તેમનો એકબીજા વચ્ચે કાર્યકારણભાવ છે.

પાંચમાં દેશવિરતિ (શ્રાવક) ગુણસ્થાન સાથે ત્યાગ (અંશતઃ) ધર્મ જોડાયેલો છે.

છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાને સર્વસંગત્યાગ ગુણ હોય. અને સાતમા ગુણસ્થાને પહોંચવા માટે 'અપ્રમાદ'ની મહેનત હોય. વારંવાર એ જીવ અપ્રમાદને સ્પર્શતો હોય.

હવે જો સાધુ 'અપ્રમાદ' ભાવને સ્પર્શતો જ ન હોય તો તેને સાતમું ગુણસ્થાન તો પ્રાપ્ત ન જ થાય પણ છઠ્ઠા ગુણસ્થાને ય તે ટકી ન શકે કેમકે તેનો કાળ (એકસાથે) માત્ર એક અન્તર્મુહૂતનો છે. આ કાળ બાદ કાં તેણે સાતમે જવું પડે; કાં નીચે ઊતરી જવું પડે. છઠ્ઠા ગુણસ્થાને દેશોનપૂર્વક્રોડ વર્ષ ટકાય પણ એકસાથે તો એક અન્તર્મુહૂર્ત જ રહેવાય.

જે સાધુ પાસે અપ્રમાદ નથી તે સાધુ આળસ (પ્રમાદ)માં રહેતો હોય. હાય, પ્રમાદદશામાં તો કેવા કેવા દોષો સેવાઈ જવાની શક્યતાઓ રહે !

પાંચ પ્રકારના પ્રમાદ કહ્યા છે. મદ્ય (દારૂ વગેરે વ્યસનો) વિષય-વાસના, કષાયો, નિદ્રા અને વિકથા !

આમાં સૌથી મુખ્ય અને તોફાની તો બે જ પ્રમાદ છે : વિષય અને કષાય.

સાધુનો એકેકી ક્ષણનો પ્રમાદ એ તેનું નકરું મોત કહેવાયું છે. (**प्रमादो हि मृत्युः**)

દુનિયામાં કહેવાય છે કે મનુષ્ય વગેરેનું મોત થાય એટલે તરત તેના

મૃતકનો અગ્નિસંસ્કાર થાય.

ના... આ તો વ્યવહાર-મૃત્યુની વાત છે. વ્યવહારમાં આ જ મૃત્યુ પ્રસિદ્ધ છે; પણ જ્ઞાનીઓ કહે છે કે માણસ રોજ ૨૫-૫૦ વાર મરતો હોય છે. જ્યારે જ્યારે તે જાતીય વાસના, ક્રોધ, અહંકાર વગેરે સેવે છે તે બધા તેના 'મોત' છે. આ મોતને કારણે જીવનું છેલ્લું મોત - સારું કે નરસું થાય છે.

એક જગાએ કહ્યું છે કે યમરાજ એમ કહે છે, 'ઓ માણસ ! જરા થોભી જા. હું તને મારવા માટે આવી રહ્યો છું. હું ન આવું ત્યાં સુધી તું જીવતો રહે. "Live, I am comming."

હાય, બિચારો જીવ, માનવદેહ પામીને, મુનિવેષ પણ પામીને પ્રમાદનો ભોગ બનીને દુર્ગતિઓ તરફ ગમન કરે છે. આ કેવું આશ્ચર્ય !

વર્તમાનકાળના દેશકાળ મુનિજીવનની આરાધનાને અત્યન્ત પ્રતિકૂળ છે.

યન્ત્રવાદ, શિક્ષણ, કુનિમિત્તોની ભરમાર અને વિજ્ઞાને મુનિત્વ ઉપર મોટો કુઠારાઘાત કર્યો છે. ભક્તોની પુષ્કળ અનુકૂળતાઓનું અજીર્ણ પણ ખાસ્સું થયું છે. આથી ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થ પાર્શ્વભૂમાં ફેંકાયો છે.

આવી સ્થિતિમાં 'પ્રમાદ'નો ભોગ મુનિઓ બને તેમાં શી નવાઈ ?

ખેર.. જે હોય તે... અંતે તો નિયતિને જ સલામ કરવાની રહે છે.

પણ આ સ્થિતિ ખૂબ દુઃખદાયક તો ખરી જ; કેમકે જ્યારે વિશ્વની પ્રજાઓ, ભારતદેશની ગરિમાઓ, આર્યધર્મોની 'વિસર્જન' તરફ દોટ, કુદરતના ક્રમોમાં વ્યત્યય... આ બધાને પુનઃ સુવ્યવસ્થિત કરવામાં મુનિઓની સૂક્ષ્મની સાધના જ કામિયાબ બને તેવી હોય ત્યારે તે સાધના છિન્નભિન્ન થવા તરફનો ભેદી વળાંક લેતી હોય ત્યારે દુઃખ કેમ ન થાય !

કેવા કેવા વિશિષ્ટ કક્ષાના મુનિઓએ પોતાની છાતી ઉપર પાટિયું લગાડ્યું છે; જેના શબ્દો છે : મહેરબાની કરીને મને ઊંઘવા દો. એમાં જરા ય વિક્ષેપ પાડશો નહિ.

Please let me sleep, don't distrub me.

હવે તો ઝટ અભ્યુદયકાળ આવી જાય તો સારું.

■■■

**सोउण गइं सुकुमालियाए तह ससगभसगभयणीए ।**
**ताव न विससिअव्वं सेयट्ठी धम्मीओ जाव ॥ १८२ ॥**

**અર્થ** : રાજકુમાર સસક અને ભસક મુનિઓની બેન સુકુમાલિકાના દૃષ્ટાન્તને જાણીને જ્યાં સુધી આત્મા શ્રેયાર્થી અને ધર્મરસી છે ત્યાં સુધી વિષયરાગ ઉપર વિશ્વાસ કરવો નહિ.

**વિવેચન :** રાજકુમાર સસક અને ભસકે વૈરાગ્યવાહિની દેશના સાંભળીને દીક્ષા લીધી. પછી વર્ષો બાદ બહેન સુકુમાલિકાને પ્રતિબુદ્ધ કરીને દીક્ષા આપી. પણ આ સાધ્વીજીનું રૂપ વૈરી બન્યું. તે એટલા બધા રૂપાળા હતા કે યુવાનો તેમની પાછળ ફરતા. તેમના ઉપદ્રવોથી સલામત રહેવા વડીલ ગુરુજનો સતત સાવચેત રહેતા.

પછી તો હદ થઈ. સાંજના પ્રતિક્રમણના સમયે ઉપાશ્રયની બારીઓમાં યુવાનો ઊભરાતા. વિહારમાં પાછળ પાછળ ફરતા.

સાધ્વીજીને પોતાના શીલની સલામતી ન લાગી. ક્યાંક કોક બળાત્કાર કરી બેસે તો ? આ ભયથી સતત ફફડતા હતા.

એક વાર ગુરુદેવને કહ્યું, "મને અનશન કરીને પ્રાણત્યાગ કરવાની આજ્ઞા આપો. આ દેહ ભ્રષ્ટ બને તે કરતાં મરી જવું મને ઈષ્ટ છે."

ગુરુદેવે સંમતિ આપતા અનશન શરૂ થયું.

સાધ્વીજીઓ નિર્યામણા કરાવવા લાગ્યા. દૂરવર્ત્તી ભાઈ મહારાજને ગુરુદેવે બોલાવી લીધા; જેથી સાધ્વીજીની રક્ષા થાય અને તેમને નિર્યામણા પણ કરાવી શકાય.

મુનિઓ પધારી ગયા.

એક નિર્યામણા કરાવે; તો બીજા ચોકી કરે અને ગોચરી લેવા જાય.

અદ્‌ભુત રીતે આરાધના થવા લાગી. એક દિ' સાધ્વીજી સાવ બેભાન થઈ ગયા. ગુરુદેવે નાડી જોઈને જાહેર કર્યું કે, સાધ્વીજીએ પ્રાણત્યાગ કર્યો છે.

તરત 'મહાપારિઠાવણી' કરવા માટેની પૂર્વ તૈયારીઓ શરૂ થઈ. એ સમયે સાધુ-સાધ્વીનો દેહ સંઘને સોંપીને અગ્નિસંસ્કાર કરાતો ન હતો. મૃતકને ઊંચકી લઈને દૂર સુદૂર અચિત્ત જગ્યા ઉપર મૂકી દેવાતો. તે પછી તેનું જે કાંઈ થાય તેનો દોષ ન લાગે એટલે બધું પૂર્વથી વોસિરાવી દેવાતું.

એક મુનિએ બેન-મહારાજનો દેહ ખભા ઉપર લીધો. બીજા મુનિએ તેમની વિસર્જન કરવાની બધી ઉપધિ ઉઠાવી.

જંગલમાં પ્રવેશ્યા બાદ શીત વાયુનો સ્પર્શ થતાં સાધ્વીજી ભાનમાં આવ્યા. (હકીકતમાં તેમનું મૃત્યુ થયું ન હતું.) હાય, તે વખતે ભાઈ-મુનિના દેહના

સ્પર્શથી સુકુમાલિકા સાધ્વીમાં કામવાસના જાગ્રત થઈ ગઈ. હા, ટૂંક સમય માટે. સાધ્વીજી ફરી તદ્દન બેહોશ બની ગયા.

મૃતક (!)ની મહાપારિઠાવણી ક્રિયા થઈ ગઈ.

સાધ્વીજીએ અપૂર્વ સમાધિ (!) સાથે દેહ છોડ્યા બદલ સહુના મોં ઉપર પ્રસન્નતા હતી.

પણ ભાવીના ભેદને કોણ પીછાણી શકે ?

એકલા નિશ્ચેષ્ટ પડેલા સાધ્વીજી પુનઃ ભાનમાં આવ્યા. આસપાસ નજર કરી. શું બન્યું હતું ? તે બધું ખ્યાલમાં આવી ગયું.

તે વખતે કોઈ ભયંકર કમનસીબે સાર્થવાહ આવ્યો. સાધ્વીના સુકાઈને કચરો થયેલા દેહમાં ય તેને અપ્સરાનું દર્શન થયું. તે કામુક બન્યો. બહુ મીઠા અને કામુક શબ્દોમાં સાધ્વીજીને ઢીલા કરી દીધા.

તેમણે 'નિયતિ' ને સલામ કરીને પોતાની જાત સાર્થવાહને સોંપી દીધી. તેણે દેહમાં દૂધ, ઘી ભરીને અપ્રતીમ લાવણ્યવાળી કાયા બનાવી દીધી.

પછી તો તીવ્ર પશ્ચાત્તાપ થયો. તે જ નગરમાં ભાઈ-મુનિઓ પધાર્યા. સુકુમાલિકાએ તેમને ઘરે બોલાવ્યા. ભંડો ફૂટી ગયો. સાર્થવાહ પાસેથી બેન માંગી લીધી. ફરી અપૂર્વ આરાધના કરીને બીગડી બાજી સુધારી લીધી.

આ કથાનકની ઘટનાઓ અત્યન્ત કરુણાભરી છે. ઘણી બધી બાબતો ઉપર તે પ્રકાશ ફેંકે છે.

નિશીથ સૂત્રમાં જાતીય–વાસનાઓને કાબૂમાં લાવવા માટે વિગઈ-ત્યાગ, વિભૂષા-ત્યાગ વગેરે ઉપર વજન મૂકવામાં આવ્યું ત્યારે સવાલ કરાયો કે, "શા માટે આ વાતો ઉપર આટલું બધું વજન મૂકો છો ?"

આના જવાબમાં સુકુમાલિકા સાધ્વીનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે.

આ દૃષ્ટાન્તની કેટલીક બાબતો ઉપર મગજ સાવ સ્તબ્ધ બની જાય છે કે આ શી રીતે બની શકે ? ખરેખર કર્મપરિણતિ અત્યન્ત વિચિત્ર છે.

આપણે ઘટનાના અમુક 'પોઈન્ટ'ને ધ્યાનમાં લઈએ.

૧. તે અત્યન્ત ખાનદાન રક્ત ધરાવતી રાજકુમારી હતી.

૨. તેણે જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લીધી હતી.

૩. પોતાનું ચોથું મહાવ્રત અખંડિત રહે તે માટે તે ખૂબ સાવધાનીભર્યું – ગુર્વાદેશપૂર્વકનું જીવન દરેક પળે જીવતા હશે.

૪. જ્યારે તેમને ખ્યાલ આવ્યો કે કામાન્ધ યુવાનોથી બચવાનું કામ ખૂબ મુશ્કેલ છે, કોઈ અસાવધાનીની પળમાં તેની ઉપર બળાત્કાર ગુજારાઈ

જશે એટલે તેમણે ગુરુ પાસે ભરયુવાવયમાં અનશન કરીને દેહત્યાગ કરવા માટે સંમતિ આપવાની પ્રાર્થના કરી હતી.

૫. ગુરુની આજ્ઞા પામીને, ઉત્કૃષ્ટ આશીર્વાદપૂર્વક તેમણે અનશનનો આરંભ કર્યો હતો.

૬. અંતિમ નિર્યામણા કરાવવા માટે ભાઈ–મહારાજો–સસકમુનિ અને ભસકમુનિ ઉપસ્થિત થઈ ગયા હતા. પોતાની ફરજો બરોબર બજાવી હતી.

૭. ઘણા દિવસોનું અનશન થઈ ચૂક્યું હતું. હવે દેહ છૂટવાને ઝાઝા દિવસો રહ્યા ન હતા. એકાએક તે બેભાન થઈ ગયા...

અહીં સુધી તો બધું બરોબર ચાલ્યું પરન્તુ હવે નિયતિએ જોરદાર અવળી થપ્પડ મારી દીધી.

તેમને મરેલા સમજીને જંગલ તરફ મહાપારિઠાવણી કરવા માટે લઈ જવાયા. આ વખતે તેમના દેહમાં એક પણ ધાતુનું અસ્તિત્વ ન હતું. લોહી, માંસ–તમામ–શોષાઈને સાફ થઈ ગયા હતા. ઘણા દિવસોના ઉપવાસ થઈ ગયા હતા. જબરદસ્ત નિર્યામણા થઈ હતી.

મૃતકને ઊંચકનાર સગો ભાઈ (એક મુનિ) હતો. તે તદ્દન નિર્વિકાર હતો.

આવી કામને તદ્દન પ્રતિકૂળ પળોમાં મહાસાધ્વી સુકુમાલિકા ભાનમાં આવતાં, સગા ભાઈના દેહનો સ્પર્શ થતાં તેનામાં કામવાસનાની ધ્રૂજારી પસાર થઈ ગઈ. ક્ષણ માટે આ બધું બની ગયું !

હાય, આ શી રીતે બન્યું ? ના... મગજ કામ કરતું નથી.

વળી 'મૃતક' તરીકેની ભ્રમણાને લીધે તેના દેહને જંગલના ઠંડા પવન વચ્ચે મૂકી દીધા પછી તે ભાનમાં આવ્યા. કોઈ સાર્થવાહ ત્યાં આવી ચડ્યો. શોષાઈ ગયેલા દેહમાં તેને અપૂર્વ લાલિત્યના દર્શન થયા. તેણે પોતાની પત્ની બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી. સુકુમાલિકાએ મનને મનાવી લઈને તેની વાતમાં સંમતિ આપી દીધી !

ઓ, સુકુમાલિકા ! તેં આ શું કર્યું ! કેટલી બધી ઝીંક તેં પરપુરુષોના હુમલાઓ સામે લીધી ! અને છેવટે તું પરપુરુષને સ્વાભાવિક રીતે વશ થઈ ગઈ ! હાય, તારું ગાંડપણ !

આ બે ઘટનાઓ સ્પષ્ટપણે કહી જાય છે કે કામરાજ એ અત્યન્ત નિર્દય ચંડાળ છે. તે ગમે ત્યારે, ગમે તેને, ગમે તે કરી બેસવાનું સામર્થ્ય ધરાવે છે.

આ દૃષ્ટાન્ત તેવા નિશ્ચિંત સાધુઓને અને સાધ્વીજીઓને નિશીથ–સૂત્રકારે

આપ્યું છે જેઓ તપસ્વી, સંયમી, વિદ્વાન, જ્ઞાની, ધ્યાની, ગુર્વાશિષ પામેલા, વિધિવત્ જીવન જીવનારા, અપ્રમત્ત રહેનારા છે. તેમની નિશ્ચિંતતા એ ભ્રમણા છે એવું તેઓ કહે છે. અને જણાવે છે કે, "તમે કામચંડાળથી અત્યન્ત સાવધાન રહેજો. તમારું એકાદ પણ ઝોકું આધ્યાત્મિક જીવનનું 'ઝોબું' સાબિત થઈ જશે."

આ પ્રસંગ જાણ્યા પછી મને એવો વિચાર આવે છે કે કોઈ પણ–મોટો રૂસ્તમ મુનિ–આવતી કાલમાં 'પતન' પામી જાય તે અત્યન્ત સંભવિત છે.

નંદિષેણ મુનિ, રહનેમિ મુનિ, સિંહગુફાવાસી મુનિ, સુમંગલાચાર્ય, વૈયાવચ્ચી નંદિષેણ મુનિ, મરીચિ મુનિ વગેરે પુષ્કળ દૃષ્ટાન્તો આ વાતને પુષ્ટિ આપે છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે કે, "તું તારા વર્ત્તમાનમાં જેટલું જીવાય તેટલું ઉત્કૃષ્ટ જીવન જીવી લે. તારી સાધના સપ્તમ સૂરની જ રાખ. પંચમ સૂરે પણ નીચે ઊતરીશ નહિ. તારું ગમે તે પળે પતન કદાચ થઈને રહે. એ પૂર્વે જીવાય તેટલું ઊંચું જીવન તું જીવી લે. ઉત્કૃષ્ટ તપ, ત્યાગ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ગુરુસેવા, ઉપસર્ગ–પરીષહોને તું સાધી લે.

'આજ' તારી છે. તારા જાજરમાન વિકાસની છે.

'કાલ' કદાચ તારા પતનની પણ હોઈ શકે.

ગમે તેટલું ઉત્કૃષ્ટ મુનિ-જીવન જીવ્યા પછી પણ તેની એકાદ પળ શિષ્ય ઉપરના ક્રોધની કે ખાવાની લાલસાની કે દેહ-મમત્વની યા તીવ્ર માનકષાયની આવી જાય; અને તે જ પળે આયુષ્યકર્મનો બંધ પડી જાય તો મહાસંયમીને પણ એક વાર તો દુર્ગતિમાં ધકેલાઈ જવું પડે. ત્યાં જિનશાસન ઝૂંટવાઈ પણ જાય.

આ કેવી મોટી હોનારત સર્જાઈ જાય ?

માસખમણી તપસ્વી મુનિરાજ ! જોતજોતામાં ચંડકોસીઓ નાગ બની ગયા.

સુમંગલાચાર્ય જોતજોતામાં અનાર્ય દેશમાં ફેંકાઈ ગયા !

મગધપતિ શ્રેણિક ! એક ભૂલે નારકમાં ખેંચાઈ ગયા ! પ્રભુ વીર પણ તેને ઉગારી શક્યા નહિ !

આનાથી ઊલટું, ઓલો નરાધમ છતાં ગોશાળો બારમા દેવલોકે જતો રહ્યો.

આયુષ્યબંધની એક પળ ઈતિહાસ સર્જે અને વર્ષોનો પુરુષાર્થ ઊંધો વાળી દે. પછી ગમે તેટલો પશ્ચાત્તાપ થાય, જીવનનું સમૂળગું પરિવર્તન કરાય... કશું ન વળે.

સુકુમાલિકા ઉપર નિકાચિત કર્મોદયનો હુમલો થયો; પણ સાથોસાથ સગા ભાઈ સાથેનો દેહસ્પર્શ એ તેમાં નિમિત્ત તો બન્યો.

બધી અશુભ બાબતમાં નિકાચિત કર્મનો જ ઉદય થાય છે એવું નથી. જો નિમિત્ત ન મળે તો અનિકાચિત કર્મનો ય ઝટ ઉદય થઈ શકતો નથી. નિમિત્ત મળી જાય તો અનિકાચિત કર્મ પણ ઉદયમાં આવી જાય. આ ઉદયથી દૂર રહેવું હોય તો નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. આમ થાય તો ઘણુંખરું બચી જવાય.

વગર નિમિત્તે પણ નિકાચિતનો ઉદય થઈ જાય ખરો. એમાં વૈયાવચ્ચી નંદિષેણનું દૃષ્ટાન્ત વિચારવું. તેને મરણપથારીએ લગ્નસંબંધિત વિચારો જાગી પડેલા. નિયાણું થઈ ગયું. (જો કે આમાં ય મામાની દીકરીઓએ તેના જેવા 'કાળીઆ' સાથે પરણવાની ગૃહસ્થજીવનમાં સાફ ના કહેવાથી તેને હાડોહાડ લાગેલા અપમાનની સ્મૃતિ અનશનના છેલ્લા કલાકોમાં થઈ હતી. એ સ્મૃતિ કર્મોદય કરવામાં નિમિત્ત બની હતી ખરી.)

કર્મોની આવી સ્થિતિ હોવાથી દરેક મુમુક્ષુ આત્માએ 'સાવધ' બનીને તપ-સંયમની સાધના કરવી જોઈએ. નહિ તો વિગઈઓ, વિભૂષા વગેરે તો જીવને એકદમ ગબડાવી દેશે.

તપ-સંયમની આરાધનાથી સત્તામાં પડેલાં કર્મોનો ક્ષય કરવાનો મોટો ફાયદો મળે. આમ થાય તો તેવા અશુભનો ઉદય થાય પણ નહિ.

ટૂંકમાં તપ, સંયમની આરાધના વિના કેવળજ્ઞાન પામવાની વાત એ આત્મહત્યાનું પગલું છે. તપ-સંયમને ઉગ્રરૂપે સાધવા છતાં જો સુકુમાલિકા કામસંજ્ઞાને આધીન બન્યા તો તપ-સંયમ વિનાનું જીવન જીવનારા—વિગઈઓનું સેવન કરનારા, નારીના (પત્નીના) સંગમાં રહેનારા ગૃહસ્થો શી રીતે કેવળજ્ઞાન પામી શકે?

આ વાત શિથીલાચારી એવા સાધુને પણ લાગુ થાય. તે સાધુવેષ લેવા માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તે ખોટી વાત છે. અરે, અનંતા સાધુવેષ લેવા છતાં કેવળજ્ઞાન ક્યાં થયું છે ?

માટે જે સાધુવેષ ધારણ કરે તેણે તપ-સંયમયુક્ત ઉચ્ચ જીવન જીવવું જોઈએ. જો ખાનપાન અને માનપાનમાં પડીને તે શિથિલ સાધુજીવન જીવે અને જબરી શાસનપ્રભાવના કરે અથવા ઘણા બધા મુમુક્ષુઓને મોક્ષભેગા કરે તો ય તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ.

જો કેવળજ્ઞાન પામવું છે તો સાધુવેષમાં તપ-સંયમનું ઉત્તમ જીવન જીવો.

અથવા તેવું ઉત્તમ જીવન નહિ જીવી શકવા બદલ તીવ્ર પશ્ચાત્તાપ કરો,

તપ-સંયમી આત્માઓની ભારોભાર અનુમોદના કરો. યથાશક્તિ તપ-સંયમનું અનુષ્ઠાન અવશ્ય કરો.

આ બે પ્રકારના મુમુક્ષુઓ કેવળજ્ઞાન પામી શકે.

પણ 'ખાવત-પીવત મોક્ષ જે માનત' એવી વૃત્તિવાળા હોય તેમનો મોક્ષ તો અનંતા ઓઘા લીધા બાદ પણ ન થાય.

પાણીમાં વલોણું થતું હોય તો તેમાંથી લાખો કલાકો બાદ પણ માખણ ન જ નીકળે.

વર્ત્તમાનકાળમાં જે સાધુઓ પુષ્કળ પ્રમાદ સેવે છે; જિનાજ્ઞાઓનું પાલન કરતા નથી; બિન્ધાસ્તપણે શાસનપ્રભાવના કરવાના ઓઠા નીચે ઇન્દ્રિય-સુખોને માણે છે તેઓ વાણવ્યન્તરની હલકી દેવ–દુનિયામાં જન્મ પામે છે; જ્યાં તેમને હાથમાં આવેલી બાજી હારી જવા બદલ ભારોભાર પશ્ચાત્તાપ થાય છે.

મને એવું સ્પષ્ટપણે લાગે છે કે દરેક નુતન દીક્ષિત આત્માએ સાધુ-જીવનના પહેલા જ દિવસથી કાઠું મન કરીને ગુર્વાજ્ઞા મુજબ સતત તપ કરવો જોઈએ અને અષ્ટપ્રવચનમાતા, દસવિધ ચક્રવાલ સામાચારી, અઢાર હજાર શીલાંગરથ, બત્રીસ યોગ-સંગ્રહ સ્વરૂપ સંયમધર્મનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ.

જો લીધી છે દીક્ષા સિંહની જેમ; તો હવે પાળી જાણવી. તેમાં શિયાળની જેમ પાછા નહિ પડવું.

■■■

**खर-करह-तुरय-वसह मत्तगयंदा वि नाम दम्मंति ।**
**इक्को नवरि न दम्मइ निरंकुसो अप्पणो अप्पा ॥ १८३ ॥**

**અર્થ** : ગધેડા, ઊંટ, ઘોડા કે બળદ; અરે, મદોન્મત્ત હાથી પણ વશ કરી શકાય કિન્તુ નિરંકુશ પોતાનો આત્મા વશ કરી શકાતો નથી.

**વિવેચન** : જ્યાં સુધી આત્માની મોહદશા : ઇન્દ્રિયરમણતા ઉપર અંકુશ ન મેળવી શકાય ત્યાં સુધી બીજા ગમે તેટલા પદાર્થોને વશ કર્યા હોય તો ય નકામા છે.

પોતાને જે તે (ધન, રાષ્ટ્ર, સત્તા) બાબતોનો જબરદસ્ત સ્વામી કહેવડાવનારા સિકંદરને ભારતીય સંન્યાસીએ કહ્યું હતું કે, "સિકંદર ! તમે તમારી ઇન્દ્રિયોને, તમારી જાતને... ક્યાં વશ કરી શક્યા છો ?"

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, "બીજા બધાને વશ કરવાની વાત પડતી મૂકો. એ કામ પણ કાંઈ બહુ અઘરું નથી. અઘરામાં અઘરું કામ આત્માની ઉપર પોતાની સત્તા સ્થાપવી તે છે. આત્મદમન જેવું અઘરું કોઈ નથી.

આત્મા ઉપર આધિપત્ય એટલે છ ઇન્દ્રિયો ઉપર કાબૂ.

જે ઇન્દ્રિયરમણતા છે : ઇન્દ્રિયોની ગુલામી છે તેને દૂર કરવી અને આત્મસ્વરૂપમાં રમણતા પ્રાપ્ત કરવી.

અનાદિકાળથી આત્મા ઇન્દ્રિયોનો ગુલામ થએલો છે. આમાંથી તે કદી છૂટી શકતો નથી. જે મહાત્માઓ ઇન્દ્રિયોને વશ કરી શક્યા તે સ્વરૂપરમણ બની શક્યા.

આ બે રમણતા પરસ્પરની વિરોધી હોવાથી એક સાથે એક ક્ષણ માટે પણ રહી શકતી નથી.

"રામ અને કામ એક સાથે હૈયામાં રહી ન શકે." એવી તુલસીદાસજીની વાત એકદમ સાચી છે.

ભોગરસને માણતો જીવ હરિરસને માણી શકે નહિ.

કાં ઇન્દ્રિયરમણતાને દૂર કરીને સ્વરૂપરમણતા પામો. કાં સ્વરૂપરમણતાને પામીને ઇન્દ્રિયરમણતાને હટાવો.

આ બેમાંથી બીજો માર્ગ સરળ છે. એ છે, દીવો લાવીને અંધારું દૂર કરવાનો માર્ગ.

કાં **બ્રહ્મ સત્યં**માં વિશ્વાસ મૂકો અને જગત્‌ને મિથ્યા તરીકે જાણી લો. અથવા **જગન્મિથ્યા**નો અનુભવ કરો અને **બ્રહ્મ સત્યં**ને દિલથી માણો.

આમાં સરળ માર્ગ છે; જગત્‌ને મિથ્યા જાણીને બ્રહ્મને સત્ય તરીકે અનુભવવાનો.

આત્માનું દમન અતિ મુશ્કેલ છે. પણ જો પરમાત્માનું ભજન જોર મારી દે તો સહજ રીતે આત્મદમન સિદ્ધ થઈ જાય : ઇન્દ્રિયરમણતા સ્વપ્ન બની જાય.

મીરાં પ્રભુમાં લીન હતી તો તેની ઇન્દ્રિયરમણતા સાવ મરી પરવારી હતી.

નાક દબાવીએ તો મોઢું ખૂલી જાય.

સ્વરૂપરમણ બની જઈએ તો ઇન્દ્રિયરમણત્વ ખતમ થઈ જાય.

બાકી તો સદા નિરંકુશ રહેવાને ટેવાએલો જીવ કોઈના પણ નિયન્ત્રણને સ્વીકારશે નહિ એ નિશ્ચિત વાત છે.

■■■

**वरं मे अप्पा दंतो संजमेण तवेण य ।**
**माऽहं परेहिं दम्मंतो बंधणेहिं वहेहि य ॥ १८४ ॥**
**अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दंतो सुही होइ अस्सिं लोए परत्थ य ॥ १८५ ॥**

**अर्थ** : (ખરી વાત તો એ જ છે કે બીજી બાબતોમાં પડવા કરતાં) આત્માનું જ ઉગ્ર તપ અને વિશુદ્ધ ચારિત્રનું પાલન કરવારૂપે નિયન્ત્રણ કરવું. આમ થાય તો બીજાઓ – પરમાધામી, માલિક વગેરે–દ્વારા દુર્ગતિઓમાં બંધનો અને મારપીટ કરવારૂપે નિયન્ત્રણમાંથી મુક્તિ મળે.

માનવજીવનનું કર્તવ્ય આ જ છે કે તેમાં પોતાના આત્માનું દમન કરવું. બાહ્ય શત્રુઓનું દમન તો હજી સહેલાઈથી કરી શકાય પણ આંતરશત્રુઓનું દમન અતિ મુશ્કેલ છે.

પણ જો આત્માનું દમન થઈ જાય તો આલોક અને પરલોકમાં તે સાચા અર્થમાં સુખી થાય.

**વિવેચન** : આ બે શ્લોકોમાં ગ્રન્થકારશ્રીએ આત્માનું દમન કરવાની વાત ઉપર સંપૂર્ણ વજન મૂક્યું છે.

આખી દુનિયાને જીતી ગએલો આત્મા જો ભીતરના શત્રુઓ સામે હારી જાય તો તેની કોઈ કિંમત ન રહે. આલ્બર કામુએ આવા આત્માને 'નિર્વાસિત માનવ' કહ્યો છે; જેની સ્વઘરમાંથી હકાલપટ્ટી થઈ છે.

ઘણા નોકરો વગેરે ઉપર દાદાગીરી કરતો, તેમને દબાવતો મેનેજર કે શેઠ ઘરમાં પોતાની પત્ની આગળ સાવ 'બકરી' બની જતો હોય છે.

આરબ અને ઊંટની કથામાં આ વાત સમજાવી છે કે આરબે ઊંટને –પોતાનું માનીને–કરુણા કરી અને ધૂળની ડમરીઓથી બચવા માટે તંબૂમાં માથું નાંખવા દીધું. પછી આગલા બે પગ અંદર લેવા દીધા. પછી બીજા બે પગ પણ લેવા દીધા. છેલ્લે આખું ઊંટ તંબૂમાં આવી ગયું. જેમ જેમ તે અંદર પેસતું ગયું તેમ તેમ આરબને તંબૂમાંથી બહાર નીકળતા રહેવાની ફરજ પડી. છેલ્લે આખું ઊંટ અંદર અને આખો આરબ બહાર થઈ ગયો.

ઊંટને પોષનારને જ ઊંટે બહાર કરી દીધો !

અનાદિના દોષોને આ જીવે પોતાનામાં આવવા દીધા. એમને પ્રેમ કર્યો. એમને જે જોઈતા હતા તે મધમધુરા ભોજન આપ્યા.

હાય, સાપોળીઆ કાળા ઝેરી સાપ બની ગયા. માલિકને ઝેરી ડંખ

દેવા લાગ્યા. સ્વઘરમાંથી માલિકને બહાર કરી દીધો !

જીવ જેટલો પોતાને છોડીને પરઘરમાં જાય છે તેટલો એકાન્તે માર ખાય છે. તેણે ડાહ્યા બની જઈને સ્વઘરમાં જ વસવું જોઈએ.

'પર'માં જે કાંઈ સુખ દેખાય છે તે આભાસિક છે. તેનાથી ખેંચાઈ જવાને બદલે સ્વઘરમાં જે આત્યન્તિક અને એકાન્તિક સુખ છે તેનું જ શરણ લેવું જોઈએ. કહ્યું છે :

**પરઘર જોતાં ધર્મ તુમે કહો, નિજઘર ન લહો રે ધર્મ.**
**જિમ નવિ જાણે મૃગ કસ્તૂરીઓ, મૃગમદ પરિમલ મળે... શ્રીસીમંધર.**

વળી પર–નિમિત્ત (કેરી વગેરે) થી જે સુખ અનુભવાય છે એ કેરીનું સુખ નથી પણ આત્માનું સુખ છે. સુખ એ આત્માનો જ ગુણ છે. જડ કેરી વગેરે પદાર્થોમાં 'સુખ' ગુણ છે જ નહિ તો તેનાથી સુખ શી રીતે મળે ?

જરાક વિગતથી વાત કરું.

એક માણસને છ કેરી ખાવાની તીવ્ર લાલસા જાગી. તેનું મન "કેરી, કેરી, કેરી" કરતું કેરીમાં [પરઘરમાં] ભરાઈ ગયું. આ પળોમાં તેને આનંદ ન હોય; પણ તેને કેરી ખાવા મળતાં આનંદ થયો. પહેલી કેરી ખાતાં એ કેરી અંગેની તેની અતૃપ્તિનું દુઃખ ગયું અને આનંદ પ્રગટ્યો.

બીજી કેરી ખાતાં તે અંગેની અતૃપ્તિનું દુઃખ ગયું અને તેનો આનંદ મળ્યો.

આમ છઠ્ઠી કેરી ખાતાં છ કેરીની અતૃપ્તિનું દુઃખ ટળ્યું અને તમામ કેરીની તૃપ્તિ થતાં તે તૃપ્તિનું સુખ પ્રાપ્ત થયું.

તૃપ્તિનો જે આનંદ હોય છે તે આનંદ આત્માના ઘરનો છે. જેમ જેમ કેરી નામના પરઘરમાંથી નીકળતા અતૃપ્તિનું દુઃખ ઘટતું ગયું તેમ તેમ આત્મા નામના સ્વઘરમાં પ્રવેશ થતાં તૃપ્તિનો આનંદ મળતો ગયો.

પરઘરમાં આત્મા રહે તે દુઃખ.

સ્વઘરમાં આત્મા આવી જાય તે આનંદ.

આમ કહીને મારે એ કહેવું છે કે કેરી ખાવાથી આનંદ નથી પણ તે ખાઈને જે તૃપ્તિ થાય તેનો આનંદ હોય છે. તે આનંદ કેરીમાં રહેતો નથી, આત્મામાં રહે છે.

પણ આ રીતે આનંદ મેળવવો, એ માટે સ્વઘરમાં આવીને બેસવું તે બરોબર નથી કેમકે આ આનંદ મેળવવા માટે વારંવાર કેરીની અતૃપ્તિનું દુઃખ ફરજિયાત જગાડવું પડે.

એટલે પહેલાં ચળ ખણીને દુ:ખી થાઓ.

પછી ચળ ખણ્યાનો આનંદ પ્રાપ્ત કરો.

શું આ રીતે આનંદ પામવો એ સારું ગણાય ? ચળ ઊભી કરવી; પછી તેને ખણવાનો આનંદ માણવો તે બરોબર ન ગણાય.

એના બદલે ચળ થાય જ નહિ; ખણવું પડે નહિ; એથી આરોગ્યનો જે આનંદ છે તે જ કેમ ન અનુભવવો ?

આત્માનો આનંદ આરોગ્યના આનંદ જેવો સ્વાધીન છે.

હવે મારે એ કહેવું છે કે આત્મામાં પરપદાર્થોની પુષ્કળ અતૃપ્તિઓ છે. એનું દમન કરવું જોઈએ અને વાસ્તવિક આનંદ માણવો જોઈએ.

આ અતૃપ્તિઓને દૂર કરવા માટે ઇન્દ્રિયોનું વાસ્તવિક માર્ગેથી નિયન્ત્રણ કરવું જોઈએ. એ વાસ્તવિક માર્ગ એટલે તપ અને સંયમની આરાધના. આ આરાધનાથી જીવ સ્વઘરમાં આવે એટલે વાસ્તવિક આનંદનો તેને અનુભવ થાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો તપ અને સંયમનું શાસ્ત્રાધારિત રીતે નિયન્ત્રણ (દમન) આત્મા ઉપર નહિ કરાય તો એ આત્મા વિગઈઓ અને પ્રમાદનું ભરપૂર જીવન જીવશે. તેથી તેને તિર્યંચની ગતિઓમાં પુષ્કળ વધ અને બન્ધનના નિયન્ત્રણ આવશે. નારકગતિમાં પરમાધામીનું સખત નિયન્ત્રણ આવશે. એટલે :-

કાં તપ-સંયમથી સ્વૈચ્છિક દમન.

કાં દુર્ગતિઓમાં પરમાધામી આદિનું દમન.

ઇન્દ્રિયોનું જે દમન કરવાનું છે તે શાસ્ત્રનીતિનું દમન હોવું જોઈએ.

અશાસ્ત્રીય પદ્ધતિના દમન આવકાર્ય ન ગણાય.

દા.ત. આંખો ફોડી નાંખવા દ્વારા જાતીય–વાસનાનું દમન.

મનને મારી નાંખીને કરાતું દમન..

ચક્રવર્તીના ઘોડાનું પરાણે જે બ્રહ્મચર્યપાલન હોય છે તેમાં ઘોડો મનને મારી નાંખતો હોય છે.

ધાકધમકીથી દમન... બકરીનો સ્વભાવ હોય છે કે ભરેલા પેટે પણ જો તેની સામે ઘાસ નીરવામાં આવે તો તેમાં મોં નાંખ્યા વિના રહે નહિ. તેની આ ટેવને દમનથી દબાવી શકાય.

જેવી તે બકરી ઘાસમાં મોં નાંખવા જાય કે તેના મોં ઉપર જોરથી ધોકો મરાય. આમ વારંવાર થાય એટલે ધોકો દેખતાં બકરીને ઘાસમાં મોં

નાંખવાના સ્વચ્છંદપણાનું દમન કર્યે જ છૂટકો થાય.

આવા અશાસ્ત્રીય દમન માટે અધ્યાત્મસાર ગ્રન્થમાં કહેવામાં આવ્યું છે કે બલાત્કારથી જે વાસનાઓનું દમન થાય તે ટકતું નથી. એકાએક તે વાસનાઓ ઊછળી પડશે. જેમ જંગલી, મદોન્મત્ત હાથી ઉપર અંકુશથી દમન કરાય તો તે વધુ વીફરતો હોય છે.

સ્પ્રીંગવાળા કોચ ઉપર બેસી રહેવાય ત્યાં સુધી સ્પ્રીંગ દબાએલી રહે પણ ઊઠતાંની સાથે સ્પ્રીંગ ઊછળી ગયા વિના રહે નહિ.

આમ મનને મારી નાંખીને કરાતાં નિયન્ત્રણો યોગ્ય નથી એ વાત નક્કી થઈ.

હા. મનને મનાવી લઈને જે દમન કરાય તે પ્રાથમિક કક્ષામાં સુંદર ગણાય.

જેમ નાની વયે વિધવા થએલી ખાનદાન કુળની સ્ત્રી આબરૂ વગેરેનો વિચાર કરીને આજીવન શીલ પાળવા માટે મનને મનાવી લે છે. આવી શીલવતીને ૮૪ હજાર વર્ષનું દેવાયુ બંધાય છે.

પણ જે જ્ઞાનદશાથી વાસનાઓનું ઊર્ધ્વીકરણ કરાય તે સહજ દમન કહેવાય. તે સૌથી શ્રેષ્ઠ ગણાય. આમાં આત્માનો સમજણના ઘર [Temple of Understanding]માં પ્રવેશ થાય છે.

આવા જ્ઞાનીઓને રાગ કે દ્વેષ પ્રાયઃ જાગતા નથી. જેને તે દોષો જાગે તે જ્ઞાની કહેવાય નહિ.

તારક તીર્થંકરદેવે દમનનો જે માર્ગ બતાડ્યો છે તે ગૌતમબુદ્ધને પસંદ પડ્યો ન હતો. તે પરમાત્મા પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં ચન્દ્રકીર્તિ નામના સાધુ હતા એવું જાણવામાં આવ્યું છે. તે ઘોર તપ કરતા હતા પણ તેથી એક વાર બેભાન થઈ ગયા. આ અનુભવ થતાં તેમને લાગ્યું કે આત્મા ઉપર (વાસનાઓ ઉપર) સખત નિયન્ત્રણ લાદવું ન જોઈએ. તેથી વિકાસ રૂંધાય છે. તેમણે બધી વાતે ઉત્કૃષ્ટતાને નહિ પકડતાં મધ્યમ-માર્ગ પસંદ કર્યો હતો.

પરમાત્મા મહાવીરદેવ કહેતા હતાં કે દેહ તૂટી પડે, મન સાવ મુડદાલ બની જાય, યોગો નબળા પડી જાય તે રીતે તપ વગેરે કરવાનો હોય જ નહિ. ગૌતમબુદ્ધ ત્યાં થાપ ખાઈ ગયા છે.

પણ જેનું સત્વ જેટલું જોરદાર હોય તેટલો જોરદાર તપ કરવો જોઈએ અને સંયમનું ચુસ્ત પાલન કરવું જોઈએ. આ સિવાય જૂગજૂના હઠીલા—ચીકણા કર્મોનો ક્ષય થતો જ નથી. પ્રભુએ કહ્યું, **"देहदुःखं महाफलम्"**

બેશક; દેહને દુઃખ આપીને ય દમન તો વાસનાઓનું જ કરવાનું છે.

એટલે કે વાસનાઓને ખતમ કરવાની છે. દેહને ખતમ કરવાનો નથી કારણ કે મોક્ષમાર્ગની સાધનામાં તેની જરૂર રહે છે. છતાં વાસનાઓને ખતમ કરવા જતાં વચ્ચે દેહ આવી જાય અને તે દૂબળો બની જાય તો તેનો કોઈ વાંધો નહિ.

ભયાનક આગને શમાવવા માટે દોડી જતા લ્હાયબંબાની અડફેટમાં બાળક આવી જાય તો તેમાં સરકાર બંબાવાળાનો દોષ જોતી નથી. ઊલટું તેણે જો આગ-શમનમાં જબ્બર ભોગ આપ્યો હોય તો સરકાર તેને બક્ષીસ આપે છે.

જો દેહ અને આત્મા—એ બેમાંથી કોઈ એકનું જ હિત થાય તેમ હોય, તેમ કરતાં બીજાનું અહિત થતું હોય તો આત્માનું હિત કરવું અને દેહનું અહિત થવા દેવું.

બે હાથમાં ઘી અને છાશની દોણી હોય, સામેથી આખલો ધસમસતો આવતો હોય અને ખસી ન જવાય તો આખલાની અડફેટથી ઘી અને છાશ-બે ય-ગુમાવવા પડે. બે બાજુએ દુકાનો આવેલી છે. તેના થાંભલાઓ છે. એક બાજુનો થાંભલો પકડી લેવાય તો ઊગરી જવાય પણ તે પકડવા પહેલાં એક દોણી જતી કરવી પડે.

સહજ છે કે છાશની દોણી ફેંકી દેવી પડે. ઘીની દોણી જવા દેવાય નહિ.

છાશ જેવો દેહ છે; ઘી જેવો આત્મા છે.

સત્ત્વશાળી આત્માઓ બેધડક ઘીની રક્ષા કરીને છાશને જવા દે છે.

શરીર ગધેડા જેવું છે. વધુ ભાર ઊંચકવાની તે ના જ પાડે. જ્યાં ઊભું છે ત્યાંથી ડગલું પણ ખસે નહિ. પરન્તુ માલિક તેની નબળી કડીને જાણતો હોય છે. વીસ કીલો ભાર વખતે તે ભલે ડગલું ખસે નહિ પણ હવે તેની ઉપર બીજો દસ કીલો ભાર નાંખવો. બાદ તે દસ કીલો ભાર દૂર કરવો. ગધેડાને એવું લાગે કે, "માલિકે મારો ભાર ઓછો કરી નાંખ્યો છે. હાશ." આમ વિચારીને તે ધડાકાબંધ ચાલવા લાગે છે.

શરીરનું આવું છે. અઠ્ઠાઈ કરવાનો સંકલ્પ કરો. દેહ ના પાડે તો છ ઉપવાસ કરો. દેહ કબૂલ થઈ જશે.

૫૦ ગાથા ગોખવાનો આરંભ કરો. શરીર ન જ માને તો ૪૦ ગાથા ગોખવાનું શરૂ કરો.

શિયાળામાં ખૂબ ઠંડી પડતી હોય ત્યારે જ્ઞાનીઓએ સાધુઓને વધુ ધાબળા લેવાની ના કહેતા એક જ આવશ્યક કામળીથી ચલાવી લેવા કહ્યું છે. તે માટે સૌ પ્રથમ ચોલપટ્ટ સિવાયના બધા કપડાં દૂર કરવા. બહુ ઠંડી લાગે

ત્યારે એક જ કપડું ઓઢવું. એટલાથી તો મનને એમ લાગશે કે, 'હવે ગરમી આવી ગઈ.' પછી બીજું વસ્ત્ર (કામળી) ઓઢવું. હવે તો મનને લાગશે કે 'બહુ ગરમી આવી ગઈ. એકે ય વસ્ત્રની જરૂર નથી.'

જ્ઞાનીઓ આ રીતને ઇન્દ્રિયો સાથેની ઠગબાજી કહે છે.

હા, આત્મહિત માટે તેવું જે કાંઈ કરવું પડે તે પ્રશસ્ત કહેવાય.

અહીં એક વાત સમજવી કે દમન ઢોર જેવું અનિચ્છાનું, અકામનિર્જરા કરતું ન હોવું જોઈએ. વળી દિગંબર મતની જેમ વિવેક વિનાનું, ઔચિત્યભંગ થાય તેવું દમન પણ ન હોવું જોઈએ.

મહાસત્વશાળી આત્માઓ તો સ્વેચ્છાએ, પૂરી સભાનતા સાથે, એકમાત્ર મોક્ષના લક્ષપૂર્વક, શાસ્ત્રોક્ત નીતિથી પોતાની જાત ઉપર જબરદસ્ત દમન કરે છે. જેને સાંભળવા માત્રથી આપણા રૂંવાડા ખડાં થઈ જાય તેવું સખ્ત દમન ગુજારતા હોય છે. આટલી હદનું દમન તે જ કરી શકે જે આત્માને મોક્ષ પામવાની જબરી તલપ જાગી હોય. આ મોક્ષપ્રાપ્તિ કર્મક્ષય વિના શક્ય નથી. કર્મક્ષય દમન વિના શક્ય નથી.

તો જે કરવું હોય તે બધું તેઓ હસતે મોંએ કરવા તૈયાર હોય છે.

દમનમાં અતિશય દુઃખ હોવા છતાં દોષોનો નાશ અને અવ્યાબાધ સુખની આત્યન્તિક પ્રાપ્તિનો દલ્લો નજર સામે દેખાતો હોય એટલે તે દુઃખોથી તેઓ દુઃખી ન થતાં અત્યન્ત આનંદિત થતા હોય છે.

સ્વૈચ્છિક દુઃખમાં દુઃખ ન હોય; એકલો આનંદ હોય.

પરમાત્મા મહાવીરદેવ, ધન્નો અણગાર, કૃષ્ણર્ષિ, ખેમર્ષિ, ધન્નો–શાલિભદ્ર (શિલાએ અનશન), સનત્ મુનિ, મણિઉદ્યોત મહારાજ, માનદેવસૂરિજી, ખંધક મુનિ, ગજસુકુમાલજી, અન્નિકાપુત્ર આચાર્ય, સ્કંદકસૂરિજીના ૫૦૦ શિષ્યો વગેરે કાતીલ દુઃખોની વેદી ઉપર સહર્ષ ચડી ગયા હતા. અમારા જેવા તપ અને સંયમની સાધનામાં સત્વહીન જીવોના કોટિ કોટિ વંદન તે મહાપુરુષોને.

■■■

**निच्चं दोस-सहगओ जीवो अविरहियमसुभपरिणामो ।**
**नवरं दिन्ने पसरे तो देइ पमायमयरेसु ॥ १८६ ॥**
**अच्चिय वंदिय-पूइअ सक्कारिअ पणमिअ महग्घविओ ।**
**तं तह करेइ जीवो पाडेइ तहप्पणो ठाणं ॥ १८७ ॥**

**અર્થ** : આત્મદમન વિનાનો જીવ સદા માટે રાગાદિદોષોથી ગ્રસ્ત રહે છે અને સતત સંક્લિષ્ટ અધ્યવસાયોવાળો રહે છે. પોતાની સ્વચ્છંદ ચેષ્ટાને છૂટ અપાતાં લોકવિરુદ્ધ અને શાસ્ત્રવિરુદ્ધ કાર્યોને વિષે (**अतरेसु**) પ્રમાદ (વિષયકષાયમાં પ્રવૃત્તિરૂપ)ને સેવતો રહે છે.

જીવ પ્રમાદદશાને લીધે ચંદનાદિથી પૂજાય, ગુણસ્તુતિથી વંદાય, વસ્ત્રાદિકથી પૂજાય, અભ્યુત્થાનાદિથી સત્કારાય, મસ્તકથી લોકો વડે નમસ્કારાય તથા પદપ્રદાનાદિ દ્વારા બહુમૂલ્યવાન્ બનાવાય છે તે વખતે તે મૂઢ જીવ વિશેષે કરીને દુષ્ટ આચરણો કરે છે. એનાથી એના પદાદિકના ઉચ્ચ સ્થાનોથી એ પોતાને જ પાડે છે.

**વિવેચન** : વર્તમાનકાલીન શિથીલ સાધુઓ કે જેમને દોષો પ્રત્યે ધિક્કાર નથી, જેઓ શુદ્ધ પ્રાયશ્ચિત્ત લેતા નથી તેવા ઉપર આ શ્લોકની વાતો જણાય છે.

જે સાધુ પોતાની ઇન્દ્રિયોનું દમન કરવાની બાબતમાં જરા ય ગંભીર ન હોય તેને જે તે નિમિત્તો અથડાતા હોય; પણ તેથી ય વિશેષ તે આત્મા જ 'અશુભ'નો શિકાર શોધતો હોય. આમ તેના અધ્યવસાય એકધારી રીતે સંકિલષ્ટ રહ્યા કરે. તેનું મન રાગાદિદોષોથી સતત ખરડાતું રહે.

વળી આ સાધુ તેવી ચિત્તસ્થિતિને અનુકૂળ ચાલવામાં રસ ધરાવે એટલે જે લોકવિરુદ્ધ કે શાસ્ત્રવિરુદ્ધ કાર્યો ગણાય છે તેને પણ તે પ્રમાદથી–વિષયકષાયના અધ્યવસાયોથી–બિન્ધાસ્ત સેવતો રહે.

ટૂંકમાં તપ અને સંયમ સાથે જેનું જીવન એકરસ બન્યું નથી અથવા તેવું જીવન જીવવામાં જેનો રસ પણ નથી તેવા વેષધારી સાધુઓનું સાધુત્વ ખતમ થાય છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે તેવો સાધુ બાહ્ય વૈભવથી લસલસતો હોય તો ય તે બધું પુણ્ય, શક્તિ કે લબ્ધિ અસદાચરણોને પોષવામાં જ પરિણમે છે. આમ કરીને પોતાના બાહ્ય વૈભવ (આચાર્યપદ, શિષ્યસંપદા, નિરોગી કાયા, આદરણીયતા વગેરે)નો નાશ કરી બેસે છે. છેવટે તે સાધુ 'અધમ' તરીકે ચીતરાય છે.

આ બધું તોફાન છે; જોરદાર પાપાનુબંધી એવા જોરદાર પુણ્યોદયનું.

પુણ્યોદય પુષ્કળ વૈભવ, અનુકૂળતાઓ, માનપાનાદિ આપે પણ તેની સાથે જોડાએલો તીવ્ર પાપાનુબંધ, એ વસ્તુઓ દ્વારા જ એ જીવનું સાધુપણાથી પતન કરી નાંખે.

આવા જીવો ગૃહસ્થ બની જાય તો સારા. સાધુવેષમાં રહીને તો તેઓ

પ્રચ્છન્નપણે ઘોર પાપો બેસુમાર કરે અને પકડાય ત્યારે બહુ ભારે શાસનહીલના પણ કરે.

આવા સાધુઓ સ્વ-પરનું કારમું અહિત કરતા હોય છે. આવા સાધુને પ્રાપ્ત થએલી શક્તિઓ, લબ્ધિઓ કે ગુણસંપત્તિઓ લાભને બદલે નુકસાન કરનારી થાય છે. તેમનું શાસ્ત્રાધ્યયન અનેક જીવોના ભાવપ્રાણોની કતલ કરતું તીક્ષ્ણ શસ્ત્ર બને છે.

સાધુવેષમાં બેફામ જીવનનું કાર્મગ્રન્થિક કારણ 'પાપાનુબંધ' છે. પરન્તુ બાહ્ય કારણ 'અપાત્રતા' છે.

પાત્રતા વિના લેવાતી દીક્ષા 'શુભ' નીવડતી નથી.

તમતમતો વૈરાગ્ય—જ્ઞાનગર્ભિત વૈરાગ્ય—એ દીક્ષાની પાત્રતા છે. જે આત્મા દીક્ષા નથી મળતી તે કારણે સતત તરફડતો રહે તે દીક્ષાની પાત્રતા કહેવાય.

માબાપે દીક્ષા લીધી માટે સંતાનોએ દીક્ષા લઈ લેવી એ પ્રકારની દીક્ષાઓ સફળ થવાની શક્યતા ઘણી ઓછી ગણાય.

બાળવયમાં—વિના વૈરાગ્યે—દીક્ષા લેવી તે દીક્ષા સફળ થવાની શક્યતા નહિવત્ ગણાય.

લાલચુ ગુરુઓ આવી દીક્ષાઓ ઝીંકતા હોય છે. આના કટુ પરિણામ તે અબૂઝ સાધુને ભોગવવા પડે છે.

તાલીમ—પાકી તાલીમ—વિના આ કાળમાં ઉતાવળે દીક્ષા આપવામાં જુગાર રમવા જેવું બને છે. આમાં સફળતા ભાગ્યે મળે.

વર્તમાન દેશ-કાળ ભૌતિક સુખની પ્રાપ્તિમાં વધુ ને વધુ વિષમ બનતા જાય છે. આમાં ય સ્ત્રીની હાલત [સાસરામાં] ખૂબ ખરાબ થતી જતી જોવા મળે છે. આવા કારણોસર જે દુઃખગર્ભિત દીક્ષાઓ થાય તેમાં ભલીવાર ન આવે.

આવી રીતે દીક્ષિત થનારા આત્માઓને દીક્ષાના જીવનમાં જો પ્રતિકૂળતાઓ અથડાય તો તે એકદમ ઉદ્વિગ્ન બને. તેનો તપ-સંયમરૂપ જીવનમાંથી રસ ઊડી જાય.

જીવને કોઈ ને કોઈ રીતે 'આનંદ' જોઈતો હોય છે. જો તપ અને સંયમના દુઃખોમાં આનંદ શોધતા ન આવડે તો તે આત્મા વિષય-કષાયમાંથી આનંદ લેવા માટે ધરાર તૈયાર થશે. પાંચ ઇન્દ્રિયોના જે જે આનંદ છે તેને તે ભોગવશે. એમાં ખાસ કરીને રસનાના આનંદમાં લપેટાશે; જે ચક્ષુના આનંદમાં પરિણમી જશે.

મજેથી ખાવું-પીવું અને મજેથી નારીઓ સાથે હસી હસીને બોલવું, યાવત્ તેમનો સંગ કરવો.

ગ્રન્થકારશ્રી કહે છે કે આ આત્મા હંમેશ જાતજાતના દોષો—માન, માયા, લાલસા, મૂર્ચ્છા, ક્રોધ વગેરેનો શિકાર બને છે.

તેનું ચિત્ત સતત કલુષિત અધ્યવસાયોવાળું રહે છે. તે જેવો 'પ્રમાદ'માં સપડાય કે તરત લોકવિરુદ્ધ અને શાસ્ત્રવિરુદ્ધ ગણાતી પ્રવૃત્તિઓ તરફ ખેંચાઈ જાય છે.

વિગઈઓના બેફામ સેવનનો બુદ્ધિ ઉપર પ્રહાર થતાં તે ભ્રષ્ટ બને છે. જેની બુદ્ધિ ભ્રષ્ટ તેનું શું ન ભ્રષ્ટ ? બધું ભ્રષ્ટ.

આમાં જન્માંતરના કોઈ સારા સંસ્કારને લીધે જીવને પોતાના પાપમય જીવન ઉપર ધિક્કાર સતત છૂટી જતો હોય તો આટલી પણ અધ્યવસાયની નિર્મળતા [સમ્યગ્દર્શન] તેને પતનની ઊંડી ખાઈમાં ખાબકતો બચાવી શકે ખરી. પરન્તુ જો તે પાપોમાં નિષ્ઠુર બની ગયો હોય તો તેનું પતન શતમુખ કે સહસ્રમુખ બની જાય.

ભલે કદાચ અયોગ્યતા સાથે દીક્ષા લીધી; ભલે દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લીધી, ભલે બાળવયે દીક્ષા લીધી... હજી ઊગરી જવાની તક તેને ઉજળી છે જેને 'ગુરુ' જબરા (ગીતાર્થ અને સંવિગ્ન) મળ્યા છે. આવા ગુરુ તે આત્માના ઊંધા જીવનને સાવ સુલટાવી શકે ખરા.

જેમ ગુરુ ગીતાર્થ અને સંવિગ્ન હોવા જોઈએ તેમ વાત્સલ્યદાતા અને વાચનાદાતા હોવા જોઈએ. આમાંના એકનો પણ અભાવ શિષ્યવિકાસ થવા ન દે.

આમે ય તપ-સંયમમય સાધુપણું લોહચણ ચાવવા કરતાં ય અઘરું છે. શાસ્ત્રોક્ત જીવન જીવવાનું આ કાળમાં ખૂબ અઘરું છે ત્યારે વાચના અને વાત્સલ્ય વિના બિલકુલ ચાલી શકે નહિ.

વાચનાઓ દ્વારા સાધુજીવનની મોક્ષ તરફ લઈ જતી કેડી સમજવા મળે.

ગુરુ કહે, "ઓ શિષ્ય ! વિગઈઓનું સેવન કરીશ નહિ. તેથી સાત ધાતુઓ ઉત્તેજિત થઈને જીવને વિષય તરફ કે કષાય તરફ ઢસડી જાય છે."

"ઓ શિષ્ય ! વિગઈઓ જીવને નિશ્ચિતપણે દુર્ગતિ તરફ ઢસડી જાય છે." આવી અમૃત ઝરતી વાતો વાચનાઓમાં સાંભળવા મળતી રહે તો શિષ્યનો આત્મા સતત જાગૃત રહે. આ જાગૃતિમાં જે 'વિરાગ' ખૂટે તે ગુરુના 'વાત્સલ્ય' દાનથી પૂરો થઈ જાય.

બાકી સાધુ-જીવનમાં સફળ થવાય તેવી શક્યતા ખાસ ન ગણાય. આથીસ્તો જીવ અનંતીવાર સાધુ થવા છતાં મોક્ષ પામી શક્યો નથી.

જુઓ, મેઘ મુનિ કેવા અનુકૂળતાના અર્થી બની ગયા ! અરે, ચોવીસ કલાકની અંદર પરમાત્મા મહાવીરદેવને સાધુવેષ પરત કરવા ગયા ! એ તો પ્રભુએ વાત્સલ્યમયી મા બનીને મેઘને પતન તરફ જતા ઉગારી લીધા !

મરીચિ મુનિને સાધુજીવનનું કષ્ટ ભારે પડી જતાં જીવનમાં શિથીલ બની ગયા.

દેહના રાગમાં ચારિત્રથી ચૂક્યા.

શિષ્યના રાગમાં સમ્યગ્દર્શન ખોઈ બેઠા.

મેઘમુનિ અંતિમ પરમાત્મા મહાવીરદેવના શિષ્ય !

મરીચિમુનિ પ્રથમ પરમાત્મા આદિનાથના શિષ્ય !

કેટલા બધા ખાનદાન ! છતાં તપ-સંયમ અઘરા પડી ગયા. મુનિજીવનની બહાર ફેંકાઈ ગયા.

અનાથી અધ્યયનમાં અનાથી મુનિએ મગધપતિ શ્રેણિકને અત્યન્ત મહત્ત્વની વાત કરી છે કે, "હે રાજા શ્રેણિક ! મેં તમને જે અનાથ કહ્યા, મેં મને પણ જે અનાથ કહ્યો તેથી ક્યાંય વધુ 'અનાથ' તો તે આત્માઓ છે જેઓ સાધુવેષ લીધા પછી એશારામીના જીવનમાં સીદાય છે. જેઓ ભૌતિક સુખોમાં લપેટાઈ જઈને તપ-સંયમને ગુમાવી બેઠા છે."

પેલા શેલકમુનિ ! એટલી બધી હદે ખાનપાનાદિના પ્રમાદમાં શિથીલ થઈ ગયા કે તમામ આવશ્યક ક્રિયાઓ ખોઈ બેઠા. માદક ખોરાક લેવાથી મોટો ભાગ ઘેનમાં પડી રહ્યા ! પોતે રાજા હતા; જ્ઞાનગર્ભવિરાગથી દીક્ષા પામ્યા હતા પણ કેવા લપસી પડ્યા !

આવી હાલત ઘોર તપસ્વી કંડરિકમુનિની થઈ અને મહાવિદ્વાન મંગુ આચાર્યની થઈ. બન્ને 'રસના' ડાકણના કબજામાં આવી ગયા !

બે કેવા ખાનદાન !

બે કેવા જ્ઞાનગર્ભ-વિરાગી !

હાય, તો ય કર્મે સપાટામાં લઈ લીધા !

તપ અને સંયમનું સુંદર જીવન જીવવાથી મોહનીયકર્મો ઉપર હુમલા થાય. તે કર્મનું જોર નબળું પડી જાય.

પણ જો આત્મા દીક્ષા લઈને તપ-સંયમનું જીવન ન જીવે તો કર્મો

એની ઉપર જોરદાર હુમલો કરે.

તેમ થતાં વાસનાઓ જાગ્રત થાય.

તેમ થતાં જીવન શિથીલ થાય.

અંતે પતન થાય.

એટલે એકદમ ટૂંકી વાત કરવાની કે દરેક સાધુએ મનને કાઠું કરીને પણ તપ-સંયમનું જીવન ઉત્તમ રીતે જીવવું જોઈએ.

કેટલાક સાધુઓ આવું ઉત્તમ જીવન જીવવા છતાં જો તેમના ગુરુનો દેહાન્ત થાય કે તેમનાથી દૂર રહેવાનું થાય; અથવા તે સાધુને અકાળે પદવી વગેરેના માન-સન્માન મળે; શિષ્ય કે શિષ્યો થઈ જાય, લાંબી માંદગી આવી જાય, વ્યાખ્યાનકાર બનવા જતાં સ્વાધ્યાય છૂટી જાય તો તે તપથી છૂટી જાય અને સંયમમાં પ્રમાદી બની જાય તે અત્યન્ત સંભવિત છે.

પ્રારંભના કાળનું ઉત્તમ સાધુજીવન જીવતાં ઘણા બધા મુનિઓના ઉપર્યુક્ત કુંડાળાઓમાં પગ મુકાઈ જતાં શિથીલતા નામનું ભૂત તેમને વળગી પડે છે.

આવા સાધુઓનો શતમુખ નહિ પણ સહસ્ત્રમુખ વિનિપાત થાય છે.

જે તે બાબતોમાં નિષ્કારણ અપવાદોના સેવન કરવા તે રમત વાત બને છે.

શાસ્ત્રપાઠોને પોતાના ભૌતિક હિતો તરફ ખેંચી જવા એ રમત વાત બને છે.

જેવા તેવા તુક્કાઓ કાઢીને આઈસ્ક્રીમ, માવો, ફ્રીઝના ઠંડા પદાર્થો, માઈક, ફોટા, ફિલ્મ, લાઈટ, સુકો મેવો, અનિચ્છનીય હિંસાઓ, શાસન-પ્રભાવનાના નામે સ્વપ્રભાવનાઓ, અભક્ષ્ય અને અપેયના સેવનો વગેરે ઘણી બધી વસ્તુઓનો ઉપભોગ કરવા લાગે છે. જે સાચા અર્થમાં શ્રાવકો છે તે આ બધું જાણીને અત્યન્ત બેચેન બને છે. જો વિરોધ કરવા જાય તો ભક્તો ટીપી નાંખે છે. જો મૂંગા રહે તો આઘાતની સ્થિતિમાં સતત પરેશાન રહે છે.

જે કહેવાતા શાસનપ્રભાવકોને તપ-સંયમની ઉગ્ર સાધનાથી બાર ગાઉનું છેટું છે; જેઓ ખાનપાન, માનપાનના પ્રમાદમાં ચકચૂર છે તેમને તેમના આ ઉગ્ર પાપોનો પરચો આ જ ભવમાં—છેવટે પરભવમાં—મળ્યા વિના રહેતો નથી. આ ભવમાં કાં તે એવું ઉઘાડું પતન પામે છે જે પછી તેમને જીવવું અકારું બને છે; અથવા તેમનું શરીર ઘણા રોગોથી ઘેરાતાં ખૂબ રિબાય છે. પરભવમાં તો તિર્યંચ અને નારકની ગતિઓ તેમની રાહ જોતી બેઠેલી હોય છે. કદાચ સુદીર્ઘ (અનન્ત) કાળ સુધી તેઓ ત્યાં ભીંસાય છે જ્યાં જિનશાસનની તો પ્રાપ્તિ નથી જ; પરન્તુ જે 'સુખ' પામવા માટે તેમણે તપ-સંયમને અભરાઈએ

મૂક્યા હતા તે 'સુખ'નો છાંટો પણ પામી શકતા નથી.

આથી જ ગ્રન્થકારશ્રી કહે છે કે તપ-સંયમ વિનાનો ગૃહસ્થ નકામો છે; તો સાધુ તો સાવ નકામો છે. જો તેનાથી સાધુત્વ ન જ પાળી શકાય તેમ હોય તો હાડકાના હરામ થઈને સાધુવેષમાં 'જલસા' કરવા કરતાં ગૃહસ્થ બનીને, મજૂરી કરીને રોટલા ખાવામાં ઘણું ઓછું પાપ ગણાય.

જો કે આ પદાર્થ ઉપર ગ્રન્થકારશ્રીએ ચિંતન આપ્યું નથી તો પણ અહીં પ્રસંગતઃ એક વાત જણાવું કે જેમ કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ સારા વિષયમાં અનુમોદનીય છે તો ખરાબ વિષયમાં તિરસ્કરણીય છે. અહીં સારા વિષયને અનુલક્ષીને વાત કરીએ.

ધર્મ કરવો, ધર્મ કરાવવો અને ધર્મની અનુમોદના કરવી. આ ત્રણે ય એકસરખી રીતે સુંદર છે.

કોઈ ધર્મ કરીને પુણ્યબંધ કરે; કોઈ ધર્મ ન કરી શકે તો તે કરાવીને કે કોઈ તેની અનુમોદના કરીને પુણ્યબંધ કરે.

ધર્મ કરે તે વધુ પુણ્યબંધ કરે; કરાવે તે એનાથી ઓછો પુણ્યબંધ કરે, ધર્મની અનુમોદના કરે તે સાવ ઓછો પુણ્યબંધ કરે એવો નિયમ નથી. જેમાં ચિત્તનો રસ વધુ પડે તેમાં પુણ્યબંધ વધુ થાય. આ અપેક્ષાએ સામાન્યભાવથી ધર્મ કરનારા આત્મા કરતાં તીવ્રભાવથી ધર્મની અનુમોદના કરનારો આત્મા ચડી જાય. આમાં જીરણશેઠ અને અભિનવશેઠનું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે.

તપ અને સંયમનું કઠોર જીવન સાધુએ જીવવું જોઈએ. તે વિગઈના રસો બિન્ધાસ્ત સેવે કે પ્રમાદમાં ચકચૂર રહે તે બિલકુલ ચાલે નહિ. પણ આરોગ્યાદિના કારણોસર જે તપ કરી ના શકે, નબળા મનના કારણોસર જે ક્રિયાકાંડાદિમાં અપ્રમત્ત ન બની શકે તે આત્મા જો પોતાની આવી નબળી અને સાવ સત્ત્વહીન દશાને ખૂબ ધિક્કારતો હોય, બીજાઓને પોતાની આવી નફફટાઈની ખુલ્લી વાતો કરતો હોય, તેવી શિથિલતાનો બચાવ કરવાની વાત જ ન હોય, બલ્કે વારંવાર રડતી આંખે શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરતો હોય તો આ બધા સમ્યગ્દર્શનના અસ્તિત્વના સૂચક લક્ષણો ગણાય. આવો આત્મા બ્રહ્માંડના તમામ-વર્તમાન ભૂત અને ભવિષ્યકાલીન અનંતા તપસ્વીઓના અને સંયમીઓના તપ-સંયમની ભરપૂર પ્રશંસા સતત કરતો રહે તો તેને તે તપ અને સંયમનું પાલન કર્યા બરોબરનો આત્મા ગણાય. કદાચ સાક્ષાત્ તપ - સંયમના પાલકો કરતાં આ અનુમોદકનો અશુભ કર્મક્ષય વધુ પ્રમાણમાં થાય.

પણ આ બધું ત્યારે જ અનુમાની શકાય જ્યારે તે જીવ શિથિલતાઓને યથાશક્ય તો બંધ જ કરે અને ભોગવાતી શિથિલતાઓને તીવ્રતાથી ધિક્કારે.

આ ધિક્કારથી બાધક કર્મોનો એવો ક્ષય થાય કે તે જીવના જીવનમાં – આ ભવે કે પરભવે-તપ, સંયમનો સાક્ષાત્ પ્રવેશ થઈ જાય.

પણ સબૂર ! એવા કોઈ પણ આત્માએ પોતાની સ્થિતિ આવી સમ્યગ્દર્શનના ઘરની છે એવી વાત મહાગીતાર્થ મહાત્માની મહોર મરાવ્યા વિના કરવી નહિ. મોહરાજની ચાલ ખૂબ ભેદી હોય છે. જીવને ઘણી ભ્રમણાઓમાં તે ફસાવી દે છે.

જે જીવ નિકટમાં મોક્ષગામી છે તે પોતાની ભવ્યતા હોય તો પણ તેને સ્વીકારતો નથી. પોતાને અભવી, અનંત સંસારી, દૂરભવી, પાપી (રામચન્દ્રજીની જેમ, લક્ષ્મણના રાગ સંબંધમાં) માનતો હોય છે.

આથી જ એવું કોઈ આશ્વાસનનું પ્રમાણપત્ર પોતાના માટે, પોતાની જાતે જે જીવ ન લે તે જ જીવ મહાત્મા કહેવાય, ભલે પછી તે તપ-સંયમના અભાવમાં અધમાત્મા દેખાતો હોય. (સત્યકીની જેમ).

પોતાને સાવ સત્ત્વહીન, નિષ્ઠુર, નિર્લજ્જ, માયાવી, ભારેકર્મી માનીને જ જીવે. એ વિચારો કરવા જોઈએ કે મારામાં તપ-સંયમ ક્યારે આવશે ?

■■■

**सीलव्वयाइं जो बहुफलाइं हंतूण य सुक्खमहिलसइ ।**
**धीइदुब्बलो तवस्सी कोडीए कागिणिं हेउ ॥ १८८ ॥**

**અર્થ :** બિચારો સુખશીલ આત્મા ! સાધુવેષ પામ્યો પણ તેમાં ય જે શીલ અને મહાવ્રતોનું ફળ કલ્પી ન શકાય એટલું પ્રચંડ છે તેની ઉપેક્ષા કરીને તુચ્છ એવા ભૌતિક આનંદોને ચાટે છે. આ જીવ બુદ્ધિમાં રહેલી અતૃપ્તિ (અસંતોષ)ને લીધે જે ઇન્દ્રિયોના ભોગાતિરેકથી શરીર ખોઈ બેઠો છે: એથી એવો દુબળો થયો છે કે કોક જોનારાને તપસ્વી લાગે.

હાય ! એક પૈસો મેળવવા જતાં એક ક્રોડ સોનામહોરો ગુમાવે છે !

**વિવેચન :** તપ એટલે પ્રસ્તુતમાં બાહ્ય તપ સમજવો. બેશક, અભ્યંતર તપ વધુ કર્મક્ષયકારી છે પરંતુ તેવો તપ થવા માટે સાત ધાતુઓ શાન્ત પડવી જરૂરી છે. તે કાર્ય બાહ્ય તપથી શક્ય છે. દેવાધિદેવ પરમાત્મા મહાવીર તથા

પરમાત્મા આદિનાથે કેવો ઘોર બાહ્ય તપ કર્યો હતો ! ક્રમશઃ ૧૨।। વર્ષમાં ૧૧।। વર્ષ નિર્જલ ઉપવાસ થયા. અને લાગટ ૧૩ માસના ઉપવાસ થયા.

દીક્ષા લઈને જે સાધુઓને તપ અને ક્રિયાકાંડપ્રધાન સંયમજીવનનું પાલન અઘરું પડી જાય છે તેઓ આધાકર્માદિ દોષવાળા તથા વિગઈઓથી લથપથ, ખૂબ આસક્તિજનક દ્રવ્યો દિવસમાં વારંવાર ખાય છે. એમની પાસે આત્માનંદની કોઈ અનુભૂતિ ન હોવાથી તેઓ આમ ભોગાનંદમાં લપસી પડે છે. તેઓ જાતીય વાસનાઓના પણ ગુલામ બને છે. આ રીતે ભરપૂર ભોગનું અકરાંતિયાની જેમ સેવન કરવાથી દેહમાં રોગો ઉત્પન્ન થાય છે. અસાધ્ય રોગો પણ જાગી પડે છે. એથી એનું શરીર ઉત્તરોત્તર વધુ ને વધુ ક્ષીણ થતું જાય છે. આ આત્માને ગ્રંથકારશ્રીએ 'તપસ્વી' કહીને જબરો કટાક્ષ કર્યો છે.

ભોગનું જીવન આ ભવમાં દેહને રોગિષ્ટ બનાવે, આવતા ભવમાં આત્માને દીર્ઘકાળ સુધી દુઃખોથી ઘેરી રાખે.

સુખશીલ સાધુને ખાનપાનાદિનું ક્ષણનું સુખ મળે, મણનું પાપ બાંધે, ટનનું દુઃખ ત્રાટકે.

મુનિજીવન માત્ર મોક્ષ પામવા માટે છે. 'મોક્ષ'નું આરોગ્ય પામવું હોય તો પથ્ય સેવવું જોઈએ. કુપથ્ય ત્યાગવું જોઈએ. જો પથ્ય સેવાય અને કુપથ્ય પણ સેવાય તો અભ્રકભસ્મની સાથે ગાંઠીયા-ભજિયાં ખાનારને જેમ ભસ્મ ફૂટી નીકળે તેમ સાધુને થાય.

પથ્ય છે, તપસંયમની આરાધના.

કુપથ્ય છે, સ્વચ્છંદી જીવન.

ઓ સ્વચ્છંદી સાધુ ! તું નયો પૈસો પામવાની લ્હાયમાં ક્રોડ રૂ.નો સદ્ગતિ - પ્રાપ્તિનો લાભ ગુમાવી રહ્યો છે.

રાખની જરૂરવાળો ચંદનનું અમૂલ્ય લાકડું સળગાવી દે ?

બકરો ખરીદવા માટે જરૂરી પૈસા હાથી વેચીને મેળવાય ?

બગીચામાં ક્યાંય જગ્યા જડતી નથી એટલે દિવેલીઆનો છોડ વાવવા માટે કલ્પવૃક્ષ ઉખેડી નંખાય ?

તપ + સંયમ = ચારિત્ર થાય.

જે આત્માએ 'ચારિત્ર'નો સ્વીકાર કર્યો તેણે તેનું પૂર્ણ સ્વરૂપ પામવા માટે તપ કરવો જોઈએ અને સંયમ પાળવું જોઈએ ઇન્દ્રિયોના સુખોને નફરત કરવી જોઈએ.

જો તે સુખો જ ગમતા હતા તો શા માટે દીક્ષા લેવી જોઈએ ? સંસારમાં તે સુખો તો ખૂબ ભોગવવા મળે તેમ હતા ?

"સંસારની અનુકૂળતાઓ ભોગવવાથી પુષ્કળ કર્મબંધ થાય. પ્રતિકૂળતાઓ ભોગવવાથી પુષ્કળ કર્મક્ષય થાય." આ વાત સમજીને શ્રેયાર્થી જીવ દીક્ષા લે અને કર્મક્ષય કરે છે.

હવે આ વાતથી ચલિત થવું અને તપ-સંયમની પ્રતિકૂળતાઓ અભરાઈએ ચડાવીને બધી જાતની સાંસારિક મોજ ભોગવવી એ તો અત્યંત ખરાબ કહેવાય. જો અભ્રક ભસ્મના સેવન સાથે ભજિયાં જ ખાવા હતા તો તે અભ્રકના સેવન વિના પણ શક્ય હતા. એમાં રોગવૃદ્ધિ થોડીક ઓછી થાત.

મુનિજીવનમાં મુખ્યત્વે અહિંસા નામનો એક જ ધર્મ છે. તેમાં સફળ થવા માટે સંયમધર્મનું - ક્રિયાકાંડી-અપ્રમત્ત પાલન છે. તે સંયમધર્મની આરાધનામાં ઉત્સાહ જાગે તે માટે દેહની સાત ધાતુઓનું શમન (સાત્મ્ય) જરૂરી છે. તે માટે બાહ્ય તપ આવશ્યક છે.

તપથી સંયમ પળાય, સંયમથી અહિંસા પળાય. (**અહિંસા સંજમો તવો**)

પ્રમાદની એકાદ પળ ! મુનિની તમામ કમાણીને ધોઈ નાંખવા સમર્થ છે.

અધ્યાત્મસાર ગ્રંથમાં કહ્યું છે કે, લાખો રૂ.ની કિંમતના રસના બાટલાનો વેપારી ! એકાએક કોઈ વાંદરો ધસી આવ્યો. તેણે કેટલાય બાટલા તોડી-ફોડી નાંખ્યા !

હાય ! રસ-વેપારી જોતો જ રહી ગયો !

વેપારી એટલે મુનિ.

વાંદરો એટલે ચંચળ મન.

રસના બાટલા એટલે તપ-સંયમની જોરદાર આરાધનાઓ.

પ્રસન્નચંદ્ર મુનિને એક જ ક્ષણે સાતમી નારકમાં, એક જ ક્ષણે સર્વાર્થસિદ્ધ વિમાનમાં, એક જ ક્ષણે વીતરાગ દશામાં કેવા ગોઠવી દીધા હતા !

તન્દુલીઓ મત્સ્ય જોતજોતામાં સાતમીએ !

કંડરિક મુનિ જોતજોતામાં સાતમી તરફ !

ક્ષણ ઇતિહાસ સર્જે છે, યુગો નહિ. યુગોને ઉથલાવી નાંખવાની તાકાત ક્ષણમાં ધરબાયેલી હોય છે.

બિચારો આત્મા ! જેનું અનાદિકાળમાં પુષ્કળ સેવન કરી નાંખ્યું છે તો ય તેમાં અતૃપ્ત રહ્યો ! માનવભવ, મુનિજીવનની ઉત્તમોત્તમ પ્રાપ્તિ થઈ

છતાં એણે વિષયોની ગંદકીમાં આળોટવાનું રાખ્યું ! ભૂંડ બન્યો.

મુક્તિને તો હારી ગયો.

મુનિજીવનની દ્રવ્યક્રિયાઓ ભલે મોક્ષ ન આપી શકે પણ જિનશાસનયુક્ત સદ્ગતિઓ તો વારંવાર આપે !

નવકારનો 'ન' નારકના સાત સાગરોપમ કાપે.

આખો એક નવકાર પાંચસો સાગરોપમ કાપે.

એક સામાયિકની દરેક મિનિટ બે પલ્યોપમનું દેવાયુ બાંધી આપે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ! અધધધ... ૭૦માંથી ૬૯ કોટાકોટિ સાગરોપમથી વધુ સ્થિતિવાળું મોહનીય કર્મ ચૂરી નાંખે.

દ્રવ્યક્રિયાઓ પણ મોહનીય કર્મની ૬૯ કોટાકોટિ સાગરોપમની સ્થિતિને તો ઉડાવી જ દે. (અન્તઃકોટાકોટિ ન થાય.)

હવે જો દ્રવ્યક્રિયાઓ મોક્ષલક્ષી બનીને ભાવભરપૂર બની જાય તો એની તાકાતનું વર્ણન કરી શકાય તેમ નથી.

મુનિજીવનમાં આ બધી કમાણી ન કરીને સ્વચ્છંદી સાધુ પાપકર્મોની અઢળક કમાણી કરી દે છે ! બિચારો, કેટલો દયાપાત્ર !

મને લાગે છે કે આવા સ્વચ્છંદી સાધુને પોતાના સંભવિત ભયાનક પરલોકની અનંત દુઃખમય યાત્રા ક્યારેય દેખાણી નહિ હોય, કલ્પી પણ નહિ હોય.

જેને પરલોક કબૂલ નથી તે નાસ્તિક છે.

પરલોક કબૂલ છતાં પાપો કરતાં ધ્રૂજારી વછૂટતી નથી તે મહાનાસ્તિક છે.

સાધુ અને તે નાસ્તિક ! હદ થઈ ગઈ.

'લીલા જવના મૂલ' ઉત્તરાધ્યયન સૂત્રમાં આવતા એક અધ્યયનની કથા ખૂબ પ્રેરક છે. પરલોકના દુઃખોને નજર સામે કરી દઈને ધ્રુજાવી દે છે.

પણ સબૂર ! જ્યાં હૈયે નિષ્ઠુરતા છે ત્યાં પરલોકની કલ્પનાની ધ્રુજારી નિતાન્ત અસંભવિત છે.

■■■

**जीवो जहामणसियं हियइच्छियपत्थिएहिं सुक्खेहिं ।**
**तोसेउण न तरइ जावज्जीवेण सव्वेण ॥ १८१॥**

**અર્થ :** આ સંસારી જીવે મનની ઇચ્છાઓને અનુકૂળ, જે પ્રમાણે ચિંતવ્યું તે પ્રમાણે પોતાને હિતકારક તરીકે ગણેલાં અને પ્રાર્થના કરાયેલાં સ્ત્રી આદિના

સુખો આખું જીવન અનુભવ્યા પણ જીવને વિષયસુખોથી જરા ય સંતોષ થતો નથી.

**વિવેચન :** પરમાત્મા આદિનાથ ભગવંતે ભરતનું રાજ લેવા આવેલા નમિ-વિનમિ વગેરે ભાઈઓને ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું કે, "કોઈ માણસને સ્વપ્ન આવ્યું. તેમાં તે પોતે અતિશય વધુ તરસ્યો થયો. તૃષાને છીપાવવા ઘડાનું પાણી પી ગયો. તૃષા લગીરે શાંત ન થઈ. પછી તમામ પાડોશીઓના ઘરના જે તે પાણી પી ગયો. પણ એવી ને એવી તૃષા રહી. પછી નગરના બધા તળાવો, કૂવાઓ, વાવડીઓ અને છેલ્લે મસમોટી ગંગા-સિન્ધુ નદીઓના પાણી પી ગયો. હાય, તો ય તૃષા શરૂઆતમાં જેવી હતી તેવી ને તેવી રહી. હવે તેણે તળાવના કાદવિયાં ભીનાં ઢેફાં જોયા. તેને મોંમાં મૂકીને ચૂસવા લાગ્યો."

પ્રભુએ પૂછ્યું, "શું ગંગા-સિન્ધુને પીવા છતાં જેને લગીરે તૃષા શમી નથી તેને કાદવીયા ઢેફાં ચૂસવાથી તરસ છીપી જશે."

સહુએ નકારમાં જવાબ દીધો !

પ્રભુએ કહ્યું, "દરેક જીવે સંસારના ભોગસુખો અનંત પ્રમાણમાં સેવ્યાં છે છતાં જો તે જરાક પણ ધરાયો નથી તો હવે નાનકડા ધરતીના ટુકડાથી, સંપત્તિથી, નારી વગેરેના ભોગસુખોથી અતૃપ્ત વાસનાઓ શાંત થઈ જશે ખરી ? નહિ જ."

વાત તો એવી વિચિત્ર છે કે જેમ લાકડાનું ભોજન જેમ જેમ અગ્નિ કરતો જાય તેમ તેમ તે તૃપ્ત થઈને શાંત થવાને બદલે વધુ ને વધુ ભડકે બળતો જાય. વાસનાઓ ભોગથી કદી શમતી તો નથી પણ વધુ ને વધુ પ્રજ્વલિત થાય છે.

વાસનાઓને શાન્ત કરી દેવા માટે તેને તેનું ભોજન આપવાનું બંધ કરી દેવું જોઈએ. (**तेन त्यक्तेन भुंजीथाः**) હા, સાથે સાથે વાસનાભોગની બિભત્સતા, અશુચિતા, પરલોકવિપાક કટુતા, અનિત્યતાદિ વગેરે ભાવનાઓ ભાવવી જોઈએ.

વાસનાઓના ભોગની વિરુદ્ધમાં થતી વિચારણાઓ વાસના-શાન્તિનો પ્રબળ ઉપાય છે. આ ઉપાય વિના જો મન્ત્રસ્મરણ, પ્રભુભજન, ગુરુસેવા માત્ર કરાય તો વાસના-શાન્તિ શક્ય નથી.

મહારાજા યયાતિએ સ્વાનુભવ પછી સંતાનો સમક્ષ જાહેર કર્યું હતું કે વાસનાશાન્તિ ભોગથી નથી પરંતુ આત્મસ્વરૂપરમણતાથી છે.

જો સાધુ તપ-સંયમની કઠોર આરાધના ન કરે અને સંસારી ગૃહસ્થોની

જેમ કોઈ પણ વાસનાને આધીન થાય તો તે સ્વને રોગાદિકથી તો બરબાદ કરશે પરન્તુ તેના અનિચ્છનીય આચરણોને જાણીને ઘણા બધા ગૃહસ્થો અધર્મ પામી જશે. તેમને ચારિત્રધર્મ તરફ અને ચારિત્રધરોની તરફ તિરસ્કાર થશે. તેઓ સમ્યગ્દર્શન હારી જશે. આ રીતે ચારે બાજુ અધર્મની પ્રભાવના કરતો સાધુ પરલોકે અનંતની યાત્રાએ જશે. તિર્યંચ અને નારકની ગતિઓમાં હજારો-લાખો વાર ટીચાશે. અતિ અતિ દુઃખી થશે. અને જો સાધુ પોતાની સાધુતામાં બરોબર રહેશે તો તેના નિર્મળ ચારિત્રથી ઢગલાબંધ આત્માઓ ધર્મ પામશે. તેની અનુમોદના કરવા દ્વારા ભાવિ જન્મોમાં સર્વવિરતિ ધર્મ પામી શકશે.

સાધુનું જીવન એ જ તેનો ઉપદેશ છે. જો અસ્તવ્યસ્ત જીવન હોય અને ઉપદેશ બહુ મસ્ત હોય તો તેની દીર્ઘકાલીન અસર સંભવિત નથી.

તપ અને સંયમનું થોડુંક કષ્ટ જો સાધુ સ્વેચ્છાએ ભોગવી લે તો તેના ચારિત્રની અસરથી ઘણા બધાં જીવો પ્રતિબોધ પામી જાય. આ બહુ મોટો લાભ તેને મળી જાય. બીજા જીવોનું હિત કરવા ખાતર પણ તપ-સંયમનું કષ્ટ સ્વીકારી લેવું જોઈએ.

આમાં નડતરરૂપ જે ભોગસુખોનો પ્રમાદભાવ છે તેને જીવનમાંથી દૂર કરી દેવા માટે જાતજાતના વિચારો કરવા જોઈએ.

દા.ત. જ્ઞાનીઓએ કહ્યું છે કે, ''જેણે સંસારનું ભોગસુખ-બધા પ્રકારનું : પાંચે ય ઇન્દ્રિયોનું - લગાતાર એક વર્ષ સુધી રાત ને દિ' ભોગવ્યે રાખ્યું અને જેણે એક રાત કામસુખ ધરાઈને ભોગવી લીધું તેણે જિંદગીભરનો આખો સંસાર ભોગવી લીધો, તેણે જીવનની બધી રાત્રિઓનું કામસુખ ભોગવી લીધું. કેમકે એક વર્ષ અને એક રાતના ભોગના અને કામના સુખો જ ફરી ફરીને ભોગવાયા કરતા હોય છે. પછી એમનામાં કોઈ નવીનતા આવતી નથી.''

જો આ વાત હોય તો શા માટે સમગ્ર જીવન સાંસારિક સુખોની પાછળ બરબાદ કરી દેવું જોઈએ ?

વસ્તુતઃ ભર્તૃહરિના કહેવા મુજબ જીવ ભોગો નથી ભોગવતો પણ ભોગો જીવને ભોગવીને ખતમ કરી દે છે !

જે વેષથી મુનિ બન્યો છે તેણે તો અરિહંતાદિની સાક્ષીએ લીધેલા મહાવ્રતોને નિરતિચારપણે પાળવાના છે. આ માટે તેણે તપ અને સંયમનું ઉત્તમોત્તમ જીવન જીવવાનું છે. આને બદલે જો મુનિજીવનમાં તે સાવ શિથિલ થઈ જાય તો તે શિથિલતાઓના ભોગવટાથી ધર્મ ક્ષીણ થાય અને બુદ્ધિ હીન (હલકી) થાય.

આમ થતાં તેનું જીવન ઘણી બધી લોકવિરુદ્ધ અને શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિઓથી એવું ઘેરાઈ જાય કે પછી સાધુ ડાકુ બની જાય. સાધુવેષમાં તે સાધુ તરીકે ન જણાય. તેનું જીવન લગભગ સંસારી બની જાય. આમ થતાં જબરદસ્ત ધર્મહીલના થાય.

ગ્રંથકારશ્રીએ પૂર્વે કહ્યું તેમ આ સાધુને પાપાનુબંધી પુણ્યનો ઉદય હોવાથી તેને પુણ્યના યોગે વ્યાખ્યાનશક્તિ, ભક્તોની પ્રાપ્તિ, ધનની સિદ્ધિ વગેરે ખૂબ મળે પણ તેનો પાપાનુબંધ તે બધી વસ્તુઓથી તેનું પતન કરાવી નાંખ્યા વિના ન રહે.

શિથિલ સાધુઓ બે જાતના હોય છે :

નિષ્ઠુર : મિથ્યાત્વી : શિથિલ.

કોમળ : સમ્યક્ત્વી : શિથિલ.

પહેલો પ્રકાર પાપાનુબંધી પુણ્યનો કહેવાય. બીજો પ્રકાર સમ્યક્ત્વપ્રેરિત ઘોર પશ્ચાત્તાપની હાજરીને લીધે પુણ્યાનુબંધી પુણ્યનો કહેવાય. દોષોની તીવ્રતાને પશ્ચાત્તાપ કાબૂમાં રાખતો હોય છે. પશ્ચાત્તાપ અને શુદ્ધ પ્રાયશ્ચિત્તથી દોષોનો વિશિષ્ટ હ્રાસ થતો રહે છે.

જે જીવો પૂર્વભવોમાં રત્નત્રયી કે તત્ત્વત્રયીમાંથી કોઈ પણ એક કે અધિક પદાર્થની તીવ્ર વિરાધના કરે છે અને તેની પૂર્ણ શુદ્ધિ કરી શકતા નથી એટલે તેમનામાં વિરાધકભાવ ચક્કાજામ થાય છે. આ વિરાધકભાવને એવી ભૂતડી કહી શકાય કે જે જીવનો પીછો છોડતી નથી. જીવને વારંવાર વિરાધનાઓની ધરતી ઉપર ધોબીપછાડ આપતી હોય છે. એવી દરેક ધોબીપછાડે જીવના સેંકડો ભવો વધતા રહે તેવી ક્લિષ્ટ પરિણતિનું જીવમાં સર્જન થાય છે.

બધી આરાધનાઓને નિષ્ફળ બનાવી દેવાની શક્તિ વિરાધકભાવમાં પડેલી છે.

એ કાળોતરો ઝેરી નાગ છે.

એ ભયાનક જંઘ છે.

એ તાલપુટ વિષ છે.

એ ક્રૂર રાક્ષસ છે.

એ સાક્ષાત્ યમરાજ છે.

વિરાધકભાવોને જો પ્રાયશ્ચિત્ત દ્વારા પતાવી દેવાયા (મારી નંખાયા) હોય તો જુદી વાત, બાકી જીવતા તે ભાવો જીવને લાખો ભવો સુધી માર્યા કરે છે. ગમે તેવો ઉત્તમ કક્ષાનો સાધુ હોય પણ તેને ય તે અચાનક પટકી નાંખે.

નંદિષેણ, જમાલિ, સાધ્વી સુકુમાલિકા, મંગુ આચાર્ય વગેરેને દષ્ટાંત તરીકે જણાવી શકાય. અરિહંતાદિ ચારના શરણપૂર્વક દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના જો તીવ્રભાવે સતત થયા કરે તો વિરાધકભાવો નબળા પડે અને આરાધકભાવો નબળા હોય તો તગડા બને.

એકદમ ખાનદાન કુળના મુનિઓ સાવ હલકા બની જાય, બેફામ થઈ જાય, નિષ્ઠુર બનીને ભૌતિક સુખોમાં લપેટાઈ જાય, નીચ કક્ષાના કાર્યો કરી બેસે તો તેમાં મુખ્ય દોષ તેમના પૂર્વજન્મીય વિરાધકભાવોનો છે. એમની ધોબીપછાડ સામે તે મુનિઓ બિચારા છે : વામણા છે : ખૂબ દયાપાત્ર છે.

એવા આત્માઓનું સમગ્ર જીવન દુષ્કૃતોની ગર્હાદિમાં અત્યંત તીવ્રપણે પસાર થાય ત્યારે માંડ તે વિરાધકભાવો નબળા પડે, નહિ તો જન્માંતર સુધી રાહ જોવી પડે.

મેં કહ્યું તેમ આ વિરાધકભાવો એટલા બધા ક્રૂર હોય છે કે જીવ દિવાલ સાથે માથું પછાડે તો ય તેને આરાધકભાવ પ્રગટે નહિ.

જેને આ વીતે છે તેને જ તેની ક્રૂરતાની કલ્પના થઈ શકે છે. કદાચ નારકના પરમાધામી દેવો પણ આટલા ક્રૂર નહિ હોય.

ઉત્કૃષ્ટ સાધુજીવન જીવવાની ભાવના હોવા છતાં અશુભ નિમિત્તો સામેથી લાવી દઈને સાધુને સાવ પતિત બનાવી દેવા સુધી વિરાધકભાવોની એક જ લપડાક મૂકી દે છે. બિચારો સાધુ, પોતાના પતનને જોતો જ રહી જાય.

સાધુજીવન જે અઢાર હજાર શીલાંગરથ સ્વરૂપ છે તે રથના અઢારે અઢાર હજાર ભાગોને એકબીજાથી સાવ છૂટા પાડી દેવાનું કામ વિરાધકભાવ કરે છે. એણે કેટલાક વાલ્મિકીઓને વાલિયા ડાકુ બનાવ્યા, કેટલાય કનૈયાઓને કંસ બનાવ્યા, કેટલાય સાધુઓને શેતાન કરી નાંખ્યા.

ગ્રન્થકારશ્રીને મારે પૂછવું છે કે આ વિરાધકભાવોને ગળે ટોટો પીસી દેનારો કોઈ સચોટ આરાધકભાવ (ગર્હાથી પણ વિશેષ) વિસ્તારથી બતાડી શકશો ખરા ? તેમ થશે તો ઘણા બધા રિબાતા સાધુઓ ઉપર જબરો ઉપકાર થઈ જશે.

અનશની સુકુમાલિકા, દ્રૌપદીના જીવની પૂર્વભવીય સુકુમાલિકા, નંદિષેણ, સત્યકી વગેરેના જીવનમાં ડાકલા બજાવતી, નાચતી વિરાધકભાવની ભૂતડીને જોઈને ભયનું લખલખું દેહમાંથી પસાર થઈ જાય છે. વિચાર આવે છે કે

શું મારી પણ આવી દશા થઈ હશે ? અથવા થશે.

વિરાધકભાવનું જીવન એ જીવની શાપિત અવસ્થા કહેવાય. જ્યાં સુધી તેના નિવારણનો ઉપાય (ગર્હાત્રિક) પૂરી તીવ્રતા સાથે ન યોજાય ત્યાં સુધી તે આત્માની દશા કલ્પનાતીત રીતે ખરાબ થાય. એનું બેહદ અધ:પતન થાય. જો એની પાસે સમ્યગ્દર્શન હોય તો એથી એ આત્મા મનોમન એટલો દુ:ખી થાય કે સાતમી નારકનો જીવ પણ એવો દુ:ખી ન હોય. એના કાયિક દુ:ખો કરતાં વધુ તીવ્ર આ જીવના માનસિક દુ:ખો હોય.

એ તો જે આવી દશા અનુભવે તે જ આ વિચારને ન્યાય આપી શકે.

■■■

**सुमिणंतरणुभूयं सुक्खं समइत्थियं जहा नत्थि ॥ एवमिमंपि अइयं सुक्खं सुमिणोवमं होइ ॥ १९० ॥**

**અર્થ** : જેમ સ્વપ્નમાં ભોગવેલું સુખ, સ્વપ્ન પસાર થઈ ગયા બાદ રહેતું નથી. તેમ વૈષયિક સુખ પણ તે ભોગવાઈ ગયા બાદ રહેતું નથી.

**વિવેચન** : અજૈન શાસ્ત્રોમાં **स्वप्नोपमं वै जगत्** કહ્યું છે. આ જગત્ એક ઊંઘમાં આવેલું સ્વપ્ન જ છે. ઊંઘમાં આંખ ઊઘડી જાય. એટલે ઊંઘમાં પસાર થયેલી સારી કે નરસી - બધી - બાબતો અલોપ થઈ જાય છે તેવું જગત્નું ભોગસુખ છે. અહીં ફરક એ છે કે આંખ મીંચાય કે તે બધું અલોપ થાય છે.

જો આંખ મીચાતાની સાથે ભોગનું આખું જીવન અલોપ થઈ જતું હોય, પરલોકમાં તેની એક પણ વસ્તુ ઉપયોગમાં આવનારી ન હોય - ન એક ઈંટ, ન એક સંતાન, ન એક ઘરેણું, ન દેહ....

તો પછી આ બધી વસ્તુઓની પ્રાપ્તિ માટે કાળામાં કાળાં કામ શા માટે કરવાં જોઈએ ?

સંસારની તમામ માયા ઉપર એક લેબલ લાગેલું છે. "વિસર્જન."

આ લેબલ વાંચીને વિનાશ પામનારી કે વિયોગ પામનારી વસ્તુઓ પાછળ જીવનને ધર્મહીન કરીને બરબાદ કરવું એ કોઈ ડાહ્યા માણસનું કામ ન હોય.

મુંબઈના દરિયા પાસે આવેલી ચોપાટીની રેતમાંથી બાબલો એક કલાકની મહેનત કરીને બંગલો ખડો કરે અને મમ્મી તેને લાત મારીને ઘરભણી વળવાનું કહે તો આવી મૂર્ખાઈ બાબલો જ કરે.

શું માબાપો પણ આવી મૂર્ખાઈ કરે છે ?

યમરાજની એક જ ફૂંકે જો આખો સંસાર વિસર્જન (આપ મુએ ડૂબ ગઈ દુનિયા.) પામી જવાનો હોય તો એને ઊભો કરવામાં થતો ધર્મહ્રાસ અને પુષ્કળ કર્મબંધ કેટલો અનુચિત કહેવાય !

બાબો ધૂલિક્રીડા કરે છે.

બાપા ભોગક્રીડા કરે છે.

બેય મૂર્ખ બને છે : નાદાન બને છે. બેયના કાર્યો લજ્જાસ્પદ છે.

બાબો તો સમજ્યા... પણ બાપા શા માટે આવું કરતા હશે ? બે વચ્ચે ફરક તો આસમાન-જમીનનો છે.

સબૂર ! મોહના નશામાં તો બાપ પણ બાળક બની જાય. આમાં જ્ઞાનીઓને કોઈ નવાઈ જણાતી નથી.

જેમ 'સ્વપ્ન'ની વાત કરાય તેમ 'નાટક'ની પણ વાત થાય.

રંગમંચ ઉપર નાટક ભજવાય છે. ધારો કે તેમાં એક કંગાળ ગરીબ માણસ રાજા ભર્તૃહરિનો વેષ ભજવે છે. રંગમંચ ઉપર તો તેને મોંઘાંદાટ વસ્ત્રો-મુગટ સુધ્ધાં - પહેરાવાય છે. એવા સમયે કોઈ શ્રીમંત-પ્રેક્ષક કહે કે "આ જ હાલતમાં જો તું મને પગમાં પડે તો એક હજાર રૂપિયાની બક્ષિસ આપું." મને લાગે છે કે જો એ નટ ખરેખર સાચો નટ હોય : આબેહૂબ પાઠ ભજવતો હોય તો શ્રીમંતની આવી માંગણી સામે ખરેખરા રાજા ભર્તૃહરિની જેમ ગર્જના કરે. તેને ધિક્કારી નાંખે. ધક્કા મારીને કાઢી મૂકે.

પણ જેવું આ નાટક પૂરું થાય એટલે રાજા ભર્તૃહરિ નેપથ્યમાં જાય. બધો રજવાડી ઠાઠ શરીર ઉપરથી ઉતારી નાંખે. અને કદાચ.... એ કંગાળ ગરીબ માણસ પ્રેક્ષકોએ પીને અડધી ફેંકી દીધેલી બીડીના ઠૂંઠાને સળગાવીને મજેથી પીવા લાગે.

**એ મનોમન બોલે કે રંગમંચનો હું રાજા ભર્તૃહરિ ! થોડાક સમયની દોમદોમ સાહેબી માણતો ! હવે તો મારું સ્વરૂપ કંગાળ ભિખારી. મારે આ જ જીવન જીવવાનું છે. ઓલા નકલી રૂપ સાથે મને કશું લાગેવળગે નહિ.**

સ્વપ્નાની સુખડી બેકાર છે.

રંગમંચનો ભર્તૃહરિ કંગાળ છે.

વાસ્તવિક કશું નથી.

જ્યારે જીવનું જીવન આવી સુખડી કે ભર્તૃહરિ જેવું છે તો શા માટે તે વાતનો સભાનતાપૂર્વક સ્વીકાર ન કરી લેવો ? આમ થશે તો પછી પોતાની વાસ્તવિક્તામાં રહેલી કંગાલિયતને પચાવી શકાશે. પ્રતિકૂળ સંયોગો સર્જાતા ઓછું નહિ આવે.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો સંસાર સ્વપ્નાની સુખડી સમો કે રંગમંડપના ભર્તૃહરિ જેવો હોય તો તેના યોગમાં રાગ કરવો ન જોઈએ, વિયોગમાં રોષ ન કરવો જોઈએ. અને પરલોકચિંતામાં વધુ ગંભીર બની જવું જોઈએ.

■■■

**पुरनिद्धमणे जक्खो महुरा मंगु तहेव सुयनिहसो ।**
**बोहेइ सुविहियजणं विसूरइ बहुं च हियएण ॥ १९१॥**

**અર્થ :** શ્રુતજ્ઞાનની ચકાસણી માટે કસોટીના પત્થર જેવા મહાશ્રુતધર, મથુરામાં આચાર્ય મંગુ નગરની ખાળના યક્ષ થયા. પોતાના સુવિહિત શિષ્યોને (જીભ બતાડીને) બોધ દેવા લાગ્યા અને હૃદયમાં ખૂબ સંતાપ પામ્યા.

**निग्गंतूण घराओ न कओ धम्मो मए जिणक्खाओ ।**
**इड्ढिरससायगुरुयत्तणेण न य चेइयो अप्पा ॥ १९२॥**

**અર્થ :** "હાય ! ઘરવાસમાંથી નીકળીને તારક તીર્થંકરદેવોએ પ્રરૂપેલો ધર્મ મેં સેવ્યો નહિ. ઊલટું ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવને ખૂબ સેવ્યા. મારા આત્માને હું જાણી શક્યો નહિ." (આચાર્ય મંગુનો જીવ યક્ષ વિચારે છે.)

**ओसन्नविहारेणं ह्य जह झीणंमि आउए सव्वे ।**
**किं काहामि अहन्नो संपइ सोयामि अप्पाणं ॥ १९३॥**

**અર્થ :** "હાય ! શિથિલ ચારિત્રથી હું એવું જીવ્યો કે મારું આયુ ક્ષીણ થઈ ગયું. હવે હું અભાગી શું કરીશ ? હવે તો મારે મારા આત્મા ઉપર જ શોક કરવાનો રહ્યો ને ?"

**हा जीव ! पाव भमिहिसि जाइजोणीसयाइं बहुआइं ।**
**भवसयसहस्सदुल्लहं पि जिणमयं एरिसं लद्धुं ॥ १९४॥**

**અર્થ :** ઓ જીવ ! તું પાપી ! દુરાત્મા ! લાખો ભવોએ પણ ન મળે તેવા જિનાગમને પામીને ય એનો અમલ નહિ કરવાને લીધે તું બહુ સેંકડો એકેન્દ્રિયાદિ જાતિમાં અને શીત-ઉષ્ણ વગેરે યોનિઓમાં રખડ્યા કરીશ.

**વિવેચન :** ઉપર્યુક્ત ચાર શ્લોકોમાં આચાર્ય મંગુના જીવની કાતિલ બેહાલી બતાડાઈ છે. આવા જીવોને તીવ્ર પાપાનુબંધ હોય અને તીવ્ર પુણ્યોદય પણ હોય. આવી સ્થિતિ ખૂબ ખરાબ ગણાય. આના કરતાં તો પુણ્યાનુબંધી પાપોદય સારો, જેથી ઝુંપડું મળે તો ય ત્યાં ધર્મની સામગ્રી મળતાં જીવન ગુણવાન બને. પાપાનુબંધી પુણ્યોદય તો જીવને દોષોથી ભરપૂર એવો સુખવાન બનાવે. શું કરવાનું એવા સુખને ?

આચાર્ય મંગુ મથુરામાં પધાર્યા ત્યારે ત્યાંના શ્રાવકો તેમની દેશનાથી પ્રભાવિત બનીને મોટી સંખ્યામાં ભક્ત બન્યા. આથી ઘેર ઘેર ઉત્કૃષ્ટ કક્ષાના ભોજનો સાધુઓને મળવા લાગ્યા.

સાધુઓ જે સારી વસ્તુ મળે તેનાથી ગુરુભક્તિ કરવા લાગ્યા. ૫૦૦ સાધુઓ જુદા જુદા મહોલ્લામાં ભિક્ષા લેવા ફરે એટલે દરેક મહોલ્લામાંથી ઉત્કૃષ્ટ માલમલીદા, ફળોના રસ, ફરસાણો મળે.

બધા સાધુઓની જરીક જરીક ભક્તિ સ્વીકારે તો ય આચાર્યનું પેટ ભરાઈ જાય. એ તો ઠીક પણ આચાર્યને તેમાં ભરપૂર આસક્તિ જાગી. હવે બીજે વિહાર કરવાનું માંડી વાળ્યું.

બસ... સાધુઓના માદક મિષ્ટ ભોજનો આરોગતા રહ્યા. આમ રસગારવમાં ફસાયા. આમાં તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ એટલે અતિ સુંદર ઉપાશ્રયમાં રહેવા ગયા. ત્યાં શ્રાવકો દ્વારા ભક્તિરૂપે અપાયેલી જાડી પથારીમાં સંથારવા લાગ્યા. આમ રસગારવ સાથે ઋદ્ધિગારવનું બીજું પાપ જોડાયું.

આવી સ્થિતિમાં તેમણે આવશ્યક ક્રિયાઓ ત્યાગી. બસ, હવે ચોવીસ કલાક શાતાનો જ અનુભવ કરવા લાગ્યા. આમ રસગારવ અને ઋદ્ધિગારવની સાથે શાતાગારવનું જબરું પાપ જોડાયું.

જે ઉત્તરગુણોમાં બગાડ ઊભો કરે તેને મૂલગુણોમાં ય અતિચારાદિ લાગ્યા

વિના ન રહે તે સ્વાભાવિક છે.

આચાર્ય મંગુએ મુનિજીવનને પગલૂછણિયું બનાવી દીધું.

આ બધી વિરાધનાઓનું મરતાં સુધી તેમણે પ્રાયશ્ચિત્ત ન કર્યું એટલે ચારિત્રજીવનની વિરાધનાઓ વિરાધકભાવ બની. આત્માના તમામ પ્રદેશો ઉપર તેણે ડેરા-તંબૂ નાંખી દીધાં.

મથુરાની ખાળની બાજુના યક્ષમંદિરમાં યક્ષ થયા.

એક આત્મા મહાન મટીને અધમ થયો.

એ ખાળ ઉપરથી મુનિઓ શૌચ માટે જંગલમાં જવા પસાર થતા. મંગુના જીવે વિભંગજ્ઞાનથી ચારિત્રજીવનની બેહાલી જોઈ. તેનો આત્મા પશ્ચાત્તાપથી ભરપૂર બની ગયો.

હવે શિષ્યો ગુરુની જેમ ગારવોમાં ન ફસાઈ જાય તે માટે ખાળ ઉપરથી પસાર થતાં તે યક્ષે તેમને મોટી દૈત જીભ બતાવીને હલાવી. બહુ કર્કશ અવાજે શિષ્યોને કહ્યું, "હું તમારો રસલંપટ, માયાવી આચાર્ય મંગુ છું. ખાવામાં અનાસક્તિનો દેખાવ કરીને મેં પૂરી આસક્તિ સાથે દાબીને ખાધું. પ્રાયશ્ચિત્ત ન કર્યું. હવે ખાળનો ભૂત થયો છું. મારી તમને એક જ ભલામણ છે કે મેં ચાતરેલા ગારવના રસ્તે તમે સ્વપ્નમાં ય ડગ મૂકતા નહિ."

શિષ્યોને ત્યારે જ ખબર પડી કે ગુરુ અસલમાં કેવા હતાં !

મંગુ આચાર્યનો જીવ દેવના દેહમાં પોતાની ભૂલ બદલ ખૂબ પસ્તાવો કરતો રહ્યો. જિનધર્મને-ચારિત્રધર્મને-હારી ગયા બદલ ભારે અફસોસ કરતો રહ્યો.

ગ્રન્થકારશ્રી કહે છે કે, "આચાર્યે પોતાનો દેહ ક્ષીણ કરી દીધો." અહીં ગ્રન્થકારશ્રીએ એ વાત સૂચવી છે કે આસક્તિથી ખૂબ ખાનાર માણસના આયુષ્યને ઉપક્રમ લાગે છે. (સાત ઉપક્રમમાં અતિભોજનને એક ઉપક્રમ કહ્યો છે.) આમ થતાં આયુષ્ય ઘટે છે.

મારે એક વધુ વાત કરવી છે કે શરીર પણ રોગગ્રસ્ત બને છે અને સાવ નબળું પડી જાય છે. મંગુ-યક્ષને પોતાની બેહાલીની શિષ્યોને વાત કરતાં હૈયામાં પુષ્કળ પશ્ચાત્તાપ થાય છે. જિનધર્મ હારી જવા બદલ ભારે દુઃખ થાય છે.

હવે તો આ બધું રાંડ્યા પછીનું ડહાપણ કહેવાય. માનવજીવન તુરત પામવા માટે ઝટ મરી જવું પડે. દેવલોકનું આયુષ્ય નિરૂપક્રમ હોય છે. એક કિલો ઝેર ખાઈ જવાય તો ય મરી શકાતું જ નથી.

આચાર્ય મંગુના જીવનમાં રસની તીવ્ર આસક્તિ હતી. પણ આ પાપને વજ્રલેપ કરવામાં 'માયા'એ ભાગ ભજવ્યો છે. માયા હંમેશા અહંકારપ્રેરિત હોય છે. જેને પોતાની 'મોટાઈ' વધુ લાગે અને ખરેખર તેટલી મોટાઈ તેનામાં હોય નહિ એટલે અહંકારથી તે કૃત્રિમ મોટાઈ બતાડવા તેને માયા કરવી પડે.

આચાર્ય મંગુને આસક્તિથી ખૂબ ખાવું તો હતું જ પરંતુ જો શિષ્યોને તે વાતની ખબર પડી જાય તો ગુરુ પ્રત્યેનો સદ્ભાવ ઘટી જાય. તે સદ્ભાવ તો મંગુને જાળવવો હતો. એટલે પોતાની જાતને અનાસક્ત બતાવવા માટે શિષ્યોને કહેતા રહ્યા કે, "તમારો આગ્રહ હોય તો લાવો તમારી વસ્તુ વાપરૂં." આ ચોખ્ખી માયા છે.

ભીતરમાં આસક્તિ અને જાહેરમાં અનાસક્તિનો દેખાવ તેનું નામ માયા.

જો મંગુને અહંકાર નડતો ન હોત તો તે આ રીતે સ્પષ્ટ કહેવાનું રાખત કે, "શિષ્યો ! મારો પાપોદય છે કે મને ખાવાની ખૂબ આસક્તિ છે. આથી જ હું સારી વસ્તુઓ ખાઉં છું."

હાય, અહંકાર ! તારા પાપે અમારામાં પરદોષદર્શન, ક્રોધ, ઈર્ષ્યા અને આસક્તિ વગેરે કેટલા બધા દોષો પેદા થઈ જાય છે !

વળી, મંગુ પ્રવૃત્તિમાં શૂન્ય હતા તો પરિણતિમાં ય શૂન્ય હતા. એ ત્રણે ય ગારવોના પાપમાં મનથી પૂરા રસભરપૂર બની ગયા હતાં.

સાધુ પ્રવૃત્તિમાં શૂન્ય હોય તો પણ જો પરિણતિમાં એકદમ સજાગ હોય, આ કારણે તેને સેવાતા પાપ ઉપર તીવ્ર ધિક્કાર રહેતો હોય, તેની આંખો વારંવાર આંસુથી ઊભરાઈ જતી હોય તો અશુભ પ્રવૃત્તિ દ્વારા થતો કર્મબંધ અલ્પ થઈ જાય. કર્મમાં રસ પણ મંદ પડે. આવા આત્માને પાપ કર્યા પછી તો પોક મૂકીને રડવારૂપ પશ્ચાત્તાપ હોય જ, પરંતુ પાપની પ્રવૃત્તિની પળોમાં ય તેનું મન તેને કરડ્યા કરે. "આ ન કરવું જોઈએ." એવું તેને સતત લાગ્યા કરે.

બિચારો જીવ ! ભાન ગુમાવીને બાંધી નાંખેલા અશુભ કર્મોની ભીંસમાં કેવો આવી જાય છે ?

યાદ કરો, સત્યકીને... પાપે સતત બળતો, જલતો !

અહીં હું બે પ્રકારના પશ્ચાત્તાપની વાત કરીશ.

(૧) પાપ કર્યા પછી તીવ્ર પશ્ચાત્તાપ. (મંગુ આચાર્યે પછીના યક્ષના ભવમાં તીવ્ર પશ્ચાત્તાપ કર્યો હતો.)

(૨) પાપ કરતી વખતે પશ્ચાત્તાપરૂપ વ્યથા. (Conscious bitting) "ખોટું થાય છે, ખોટું કરું છું, મને આ શોભતું નથી, જિનાજ્ઞાનો ભંગ કરવાથી મારે કેવી કેવી દુર્ગતિઓમાં જવું પડશે ! હાય, દુર્ગતિઓમાં મારું શું થશે ?"

આમાં જે પશ્ચાત્તાપ વિનાનું પાપ હોય, પછીથી પશ્ચાત્તાપ થતો હોય એ પાપ જો તીવ્રતા સાથેનું હોય, ચીકણા કર્મો (નિકાચિત કે અનિકાચિત) બાંધેલું હોય તો પાછળથી થએલા પશ્ચાત્તાપથી (દુષ્કૃત ગર્હાથી) તે ચીંકણા કર્મોનો નાશ થાય નહિ. હા... જો પાપ કરતી વખતે જ મન ના...ના...ના.. પોકારતું હોય તો તેથી ચીંકણાં કર્મો બંધાવવાને બદલે ઢીલાં કર્મો બંધાય. આ કર્મો પાછળથી કરેલી દુષ્કૃતગર્હાથી ખરી જાય ખરા.

એટલે એ વાત નક્કી થઈ કે પાપ કરાય તો ય તીવ્રતાથી ન કરવું. દુઃખિત મને કરવું. જેથી તે દુષ્કૃતની ગર્હા કરતાં; તેનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરતાં તે ધોવાઈ જાય.

મંગુ આચાર્યનું અહંકાર, આસક્તિ, માયા વગેરેનું પાપ મજેથી થયેલું. પશ્ચાત્તાપ વિના થયેલું એટલે યક્ષના ભવનો પશ્ચાત્તાપ તેને ધોવા માટે સમર્થ ન બની શક્યો. હવે તો એ ચીંકણાં પાપોને ખતમ કરવા માટે દુર્ગતિના કાતીલ દુઃખો જ સહવા પડે.

જ્યારે સત્યકીના જીવનમાં વ્યભિચારનું જે પાપ હતું તે સતત અંતરની બળતરા સાથે હતું : એ સતત રડતો હતો : એની પરિણતિ એકદમ નિર્મળ રહેતી હતી. આથી જ જ્યારે પરમાત્મા મહાવીરદેવને સત્યકીના વ્યભિચાર બાબતમાં વિદ્યાધરોએ સવાલ કર્યો ત્યારે પ્રભુએ કહ્યું, "એની પરિણતિ પશ્ચાત્તાપ-ભરપૂર છે. તે ચોવીસ કલાક અત્યન્ત દુઃખી-ઉદ્વિગ્ન રહે છે."

આ સાંભળીને વિદ્યાધરોએ તેને મારી નાંખવાની વાત સ્થગિત કરી હતી.

■■■

**पावो पमायवसओ जीवो संसारकज्जमुज्जुत्तो ।**
**दुक्खेहिं न निव्विण्णो सुक्खेहिं न चेव परितुट्ठो ॥१९५॥**

**અર્થ** : જીવ બિચારો પ્રમાદને આધીન થઈને પોતાનો સંસાર વધારી દે તેવા આરંભ- સમારંભાદિ કાર્યોમાં રચ્યોપચ્યો રહે છે. આવું કરીને પૂર્વભવોમાં

તેના ફળરૂપે તેણે નારકાદિના પુષ્કળ દુઃખો ભોગવ્યા છે છતાં પાછો દુઃખોના કારણરૂપ તે આરંભાદિમાં રક્ત બની જાય છે.

દુઃખો ભોગવ્યા છતાં તેના કારણોથી વિરક્ત થતો નથી.

સુખો ભોગવીને ય તે સન્તુષ્ટ થતો નથી.

**વિવેચન :** પેલી જળો. એને મનુષ્યના ખરાબ લોહીને બહાર કાઢવા ત્યાં બેસાડાય છે. તે ખરાબ લોહી પીને તગડી બને છે. તે વખતે તેને ખૂબ મજા આવે છે. પણ વૈદ્ય તે લોહી કાઢીને ફરીથી તેને તે ભાગ ઉપર બેસાડવા માટે જોરથી દબાવીને નીચોવે છે. ઓહ, તે વખતની વેદનાનો કોઈ સુમાર હોતો નથી. પણ જેવી તેને ફરીથી લોહી પીવા દેવાય છે ત્યારે પેલું બધું દુઃખ વીસરીને રૂધિરપાનમાં લીન બની જાય છે.

દુઃખનો દ્વેષી જીવ સુખ પામવા માટે જે કાંઈ કરે છે તેથી વધુ દુઃખ પામવાની ભૂમિકા બને છે. પણ એ વાત એને સમજાતી નથી.

અનાદિકાળથી જીવ દુઃખનો દ્વેષી રહ્યો છે અને સુખનો રાગી રહ્યો છે. દુઃખ દૂર કરવા માટે અને સુખ પામવા માટે જે કાંઈ પાપો કરવા પડે તે તમામ પાપ કરવા માટે તે તૈયાર હોય છે. કેમકે દુઃખ એનાથી ખમાતું જ નથી અને સુખનો તે અતિ લંપટ છે.

પણ તેણે દુઃખ એવી રીતે દૂર કરવું જોઈએ અને સુખ એવી રીતે પામવું જોઈએ જેથી તેને મોટા પ્રમાણમાં પાપ બંધાઈ ન જાય. જો એમ થાય તો એ પાપના ફળ સ્વરૂપે લલાટે દુઃખ ટીચાઈ જાય અને સુખ ભાગી છૂટે.

હાય, દુઃખ કાઢવામાં કરેલા પાપે દુઃખ જોરમાં ઝીંકાયું. સુખને ચોંટી પડવાનું પાપ કરવામાં સુખ દીર્ઘકાળ માટે ભાગી છૂટ્યું.

ખરેખર તો સંસારમાં રહેવું તે જ દુઃખ છે. તેમાંથી છૂટીને મોક્ષમાં જવું તે જ સાચું સુખ છે.

■■■

**परितप्पिएण तणुओ साहारो जइ घणं न उज्जमइ ।**
**सेणियराया तं तह परितप्पंतो गओ नरयं ॥ ११६ ॥**

**અર્થ :** જો જીવ તપ અને સંયમ વિષે ઉદ્યમ ન કરે અને માત્ર દુષ્કૃતોની

ગર્હા કરવારૂપે અંતરથી તપ્યા કરે : અર્થાત્ તપ-સંયમને સેવવાને બદલે દુષ્કૃતગર્હાનો આધાર લે તો તેથી કાંઈ ચાલે નહિ.

હા, દુષ્કૃતગર્હા કરવાથી જે શિથિલ કર્મબંધો હોય તે દૂર થાય પણ ચીંકણા કર્મબંધો હટે નહિ.

શ્રેણિક રાજાએ પ્રભુને પામ્યા પછી કેટલી બધી દુષ્કૃતગર્હા કરી પણ તો ય તેમને નારકમાં તો જવું જ પડ્યું !

**વિવેચન :** અહીં શ્રેણિક રાજાનું જે દૃષ્ટાન્ત આપ્યું છે તેમાં શ્રેણિકને નરકાયુ નિકાચિત થઈ ગયા પછીની દુષ્કૃતગર્હા છે. કોઈ પણ કર્મ નિકાચિત થયું એટલે તેને ભોગવવું જ પડે. એટલે આ દૃષ્ટાન્તથી એટલું કહી શકાય કે તપ અને સંયમના અભાવમાં જે શિથિલ જીવન જીવાય તેમાં જો તીવ્રતમ રસ રેડાઈને નિકાચિત કર્મબંધ થઈ જાય તો દુષ્કૃતગર્હા તે કર્મોનો ક્ષય કરી ન શકે.

પણ જો પાપો કરનારા સાધુને તે પાપો કરવા બદલ ખૂબ બળાપો રહેતો હોય; વારંવાર દુષ્કૃત સેવે પણ ખરો અને પશ્ચાત્તાપના આંસુ અનરાધાર પાડે પણ ખરો તો આ જીવનો પાપકર્મબંધ શિથીલ બને જેને દુષ્કૃતગર્હાથી સહેલાઈથી તોડી શકાય.

આ બે બાબતો સમજવા માટે સત્યકી અને મંગુ આચાર્યના દૃષ્ટાન્તો આપું.

પાપ થતાં જ પુષ્કળ પશ્ચાત્તાપ થવા છતાં સત્યકીને પાપકરણ ચાલુ જ રહેતું હતું. તે ના...ના.... કરતો હતો અને જાણે કોઈ તેને પાપની ધરતી ઉપર નિર્દયતાથી પટકી નાંખતું હતું. તીવ્ર પશ્ચાત્તાપ છતાં પાપનો અકરણનિયમ ન જ સધાય તો માનવું પડે કે તે આત્માનું મોહનીયકર્મ નિકાચિત હોવું જોઈએ.

ઘણા આત્માઓ જીવનના તમામ પાપોની રડતી આંખે ગુરુ પાસે આલોચના કરે છે. પ્રાયશ્ચિત્ત વહન કરે છે તો તેમની તે પાપવાસનાઓ કાં ખતમ થઈ જાય છે અથવા વધુ વાર પ્રાયશ્ચિત્ત કરતાં કરતાં તે વૃત્તિઓ સાવ નબળી પડીને ખલાસ થાય છે.

આમ દુષ્કૃતગર્હા તો દોષોને ખતમ કરવામાં એકદમ સમર્થ છે. હા, જેવી તીવ્રતાથી પાપો કર્યા હોય તેવી જ કે તેથી પણ વધુ તીવ્રતા સાથે પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત હોવા જોઈએ. જો પશ્ચાત્તાપમાં ઓછી તીવ્રતા હોય તો વધુ તીવ્રતાવાળા દોષોનો નાશ તે કરી શકે નહિ.

ન્યાયદર્શનમાં એક વાત આવે છે કે વિઘ્નોનો નાશ કરવા માટે જે

મંગલ કરાય તે તીવ્ર અધ્યવસાયવાળું હોવું જોઈએ. જો વિઘ્નો વધુ પડતી તીવ્રતાવાળા હોય તો મંદ તીવ્રતાવાળું મંગલ તેમનો નાશ કરી શકતું નથી.

પ્રસ્તુતમાં પણ આ તર્ક ધ્યાનમાં લેવો. જોરદાર અશ્રુધાર સાથેનો પશ્ચાત્તાપ પણ જો દોષોને બિલકુલ મંદ ન કરી શકતો હોય તો સમજી લેવું કે તે દોષો નિકાચિત છે. નિકાચિત કર્મોના ઉદયથી ત્રાટક્યા છે. સત્યકીની જેમ તે ભોગવવા જ પડે.

કેટલીકવાર અનિકાચિત કર્મો પણ બહુ તીવ્રતાવાળા હોય ત્યારે નિકાચિત જેવા જણાય. જીવને જોરજોરથી પછાડ્યા કરે. પણ આનો નિર્ણય સર્વજ્ઞ પુરુષ લઈ શકે. આપણે આપણા કાતીલ કર્મોને ન તો નિકાચિત માનવા કે ન તો તીવ્ર અનિકાચિત માનવા. એવું માનવામાં ભ્રમ થઈ જવાની પૂરી શક્યતાં છે. આપણે તો દોષોને ખતમ કરવા માટે તીવ્ર પરિણામે દુષ્કૃત-ગર્હા કરતા રહેવી. અરે, નિકાચિત કર્મોને પણ ભોગવ્યા પછી તો આત્મા ઉપરથી તેના ડેરાતંબૂ ઉઠાવવા જ પડે છે.

સત્યકીના જીવનમાં નિકાચિતનું તોફાન છે કેમકે પરમાત્મા મહાવીરદેવે તે વાત જણાવી છે. આપણું કર્મ નિકાચિત હોય તો ય કયા સર્વજ્ઞ ભગવંત આપણને જણાવશે ? માટે તેવું માની લઈને કદી આશ્વાસન લેવું નહિ.

હવે મંગુ આચાર્યની વાત કરું.

તેમણે બહુ જલસાથી ત્રણે ય ગારવોના પાપ સેવ્યા. એનો કોઈ બળાપો તેમને ન હતો. વળી એ પાપનો જીવનના અંત સમયે પણ તેમણે જરા ય પશ્ચાત્તાપ સુદ્ધાં ન કર્યો. આમ તે વિરાધનાઓ વિરાધકભાવ નામનો ઝેરી સાપ બની ગઈ.

જ્યારે તેમને યક્ષનો ભવ મળ્યો ત્યારે વિભંગજ્ઞાનથી જાણવા મળ્યું કે સાધુવેષ મેળવીને તે સાધુપણું સાવ હારી ગયા હતા. પોતે ગંભીર ભૂલો કરીને ચારિત્રજીવનને ધૂળ ચાટતું કરી નાંખ્યું હતું.

હવે તેમને ખૂબ પશ્ચાત્તાપ થયો. પોતાના શિષ્યોને બધા પાપો કહ્યા. તેમને તેવા ગારવોને સેવવાની ના પાડી. ખૂબ સારી શિખામણ દીધી.

પણ ગ્રન્થકારશ્રી કહે છે કે મંગુ આચાર્યની દુષ્કૃતગર્હા મોડી પડી છે. તે શિથિલબંધોવાળા પાપકર્મોનો ક્ષય કરી શકે પણ અત્યન્ત ચીકણા—ખૂબ આનંદ(રસ)થી સેવીને બાંધેલા—કર્મોનો ક્ષય ન કરી શકે. નિકાચિતનો નાશ

તો ન જ થાય પણ જો અનિકાચિત પણ ખૂબ તીવ્રરસવાળા હોય તો તેમનો ય નાશ થવો મુશ્કેલ થઈ જાય.

સત્યકીએ પાપની પળોમાં ય જાગૃતિ રાખી તો પશ્ચાત્તાપભરપૂર હૃદયે પ્રભુભક્તિ કરતાં તેણે સમક્તિ પામીને તીર્થંકરનામકર્મ બાંધ્યું. જ્યારે મંગુ આચાર્ય રખડી પડ્યા. હા, જો યક્ષના ભવનો તેમનો પશ્ચાત્તાપ અતિ તીવ્ર હોત અને મંગુના ભવનું કર્મ નિકાચિત ન હોત તો હજી તીવ્ર દુષ્કૃતગર્હા દ્વારા મંગુના ભવમાં બાંધેલા કર્મો ખપી જાત. પણ ભવિતવ્યતા તેવી નહિ હોય. અંતે તો નિયતિને સલામ કરવી રહી.

આ વિચાર ઉપરથી દરેક સાધુએ જીવનની શિથિલતા, સ્વચ્છંદતા અને નિષ્ઠુરતા તાકીદે દૂર કરવી જોઈએ. નિષ્ઠુરતા એ સૌથી ખતરનાક વાયરસ છે. એ તપ-સંયમની આરાધનાઓમાં પ્રવેશીને તેમને કૂચા બનાવી શકે છે. નિષ્ઠુરતા એ સમ્યગ્દર્શનનો વિરોધી ભાવ છે. બે એક સાથે રહી શકતા નથી. સમ્યગ્દર્શનની હાજરીમાં નિષ્ઠુરતા આવે નહિ. જો અનંતાનુબંધી કષાયનો ઉદય થઈને સમ્યગ્દર્શન ચાલી જાય તો નિષ્ઠુરતાને પ્રવેશી જવામાં પળનો ય વિલંબ ન થાય.

ગ્રન્થકારશ્રીએ જે વાત કરી કે પ્રભુવીરને પામ્યા બાદ પુષ્કળ દુષ્કૃતગર્હા શ્રેણિકરાજાએ કરી પણ તેમની નરક થઈને જ રહી. કેમકે દુષ્કૃતગર્હા કરવા છતાં નારકનું કર્મ તૂટ્યું નહિ.

અહીં એટલું જાણવું કે જેણે નારકના આયુષ્યકર્મને પહેલાં જ નિકાચિત કરી દીધું હોય તેને ગમે તેટલી દુષ્કૃતગર્હા કરે તો ય તે ગર્હાથી નિકાચિત નારક તૂટે જ નહિ. શ્રીકૃષ્ણની સાધુવંદનાના ઉત્કૃષ્ટભાવના સુકૃતથી ચાર નારકો તૂટી ગઈ તે આશ્ચર્યકારક ઘટના ગણાય.

સામાન્યતઃ એમ કહી શકાય કે જીવ અતિ તીવ્ર પરિણામો—સારા કે ખરાબ—ક્વચિત જ પામતો હોય છે. આથી નિકાચિત એવા કર્મબંધો પ્રમાણમાં ઓછા થતા હોય છે. મધ્યમ પરિણામની સ્થિતિ બહુધા રહેતી હોવાથી બહુધા 'અનિકાચિત' હોય છે. એટલે આપણા માટે આ આશ્વાસન છે કે આપણી દુષ્કૃતગર્હા જો જોરદાર થતી હોય તો આપણે બાંધેલા અશુભ કર્મો ખતમ થઈને રહે.

ટૂંકી વાત એટલી છે કે દરેક જીવે પોતે સેવેલા અત્યારના, આજના,

ગઈકાલના, વીતેલા આખા ભવના, પૂર્વના અનંતાનંત ભવોના તમામ દુષ્કૃતોની ચિત્તની પૂરી એકાકારતા સાથે રોજ ઓછામાં ઓછી પંદર મિનિટ સુધી તીવ્ર ગર્હા કરવી જોઈએ. આ માટે 'મિચ્છા મિ દુક્કડં' પદનો મનમાં જપ કરવો. દરેક વખત હૃદયથી પશ્ચાત્તાપ કરવો.

એટલા બધા–અનંત–પાપો કર્યાં છે કે તેના ફળરૂપે આવનારા દુ:ખો અનંત છે. એ કોઈ પણ હિસાબે સહન કરી શકાય તેમ નથી. એની કલ્પના કરતાં ધ્રૂજારી છૂટે છે. હવે જો અત્યન્ત ભાવપૂર્વક 'મિચ્છા મિ દુક્કડં' દેવાથી દરેક વખતે લાખો ભવોમાં બાંધેલા પાપકર્મો ખરી પડતા હોય; અને એ રીતે ભાવી દુ:ખમુક્તિ નિશ્ચિત બનતી હોય તો શા માટે દિવસમાં દસ-વીસ વાર પાંચ પાંચ મિનિટ તદાકાર બનીને આ પદોચ્ચાર ન કરવો ?

આ સિવાય તો જીવ કોઈ રીતે દુ:ખમુક્ત થઈ શકે તેમ નથી.

દુ:ખના પુષ્કળ ભયને પૂર્વભૂમિકામાં રાખવાથી આ પદોચ્ચારમાં પુષ્કળ તીવ્રતા આવી જશે.

■■■

**जीवेण जाणि विसज्जिआणि जाइसएसु देहाणि ।**
**थोवेहिं तओ सयलं पि तिहुअणं हुज्ज पडिहत्थं ॥ १९७ ॥**

**અર્થ** : ભવભ્રમણમાં જીવે સેંકડો જાતિઓમાં જે શરીરો છોડ્યા છે તે શરીરોના અનંતમાં ભાગ જેટલા થોડા શરીરોથી પણ આખો લોક ભરાઈ જાય. પણ તો ય જીવને સુખભોગથી તૃપ્તિ થતી નથી !

**વિવેચન :** જો જીવે ભવનિર્વેદ પામવો હોય તો આ વિચાર કરવો જોઈએ કે ભોગો ભોગવવા માટે અનંતાનંત શરીરો તેણે ગ્રહણ કર્યાં છે. તેમાંના અનંતમાં ભાગના શરીરોથી આખો લોક ભરાઈ જાય.

આટલા બધા શરીરોથી જીવે ભોગસુખ ભોગવ્યું છે તો ય તેને સંતોષ થયો નથી. તો શા માટે હજી એ સંતોષ પામવા માટે નવા નવા શરીરો ગ્રહણ કરવાની ઇચ્છા રાખવી જોઈએ ? હવે તો અશરીરી બનવા તરફ તેણે લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ.

અનંતા શરીરોથી, અનંતી વાર સંસારનું કહેવાતું સુખ ભોગવવા છતાં ફરી શરીર ગ્રહણ કરીને આત્મા ભોગસુખ ભોગવે અને તૃપ્ત (સંતુષ્ટ) થવાની ઇચ્છા રાખે તો તેની મૂર્ખાઈ કહેવાય.

સંસારી જીવોએ સંસારના સુખોથી સુખી થવું હોય તો તેમણે તેમના અર્થ અને કામ અંગેના સુખોમાં 'સંતોષ' કરવો જોઈએ. જેને સંતોષ નથી તે અતૃપ્ત છે. અતૃપ્તિ પોતે જ દુઃખ છે. એ કદી પૂરાતી નથી. કાંણું પડેલું વાસણ–ગમે તેટલું દૂધ રેડાય તો ય–ભરાતું નથી.

બધા પ્રકારના કામસુખ અને ભોગસુખનું સાધન 'શરીર' છે. એની મદદથી તૃપ્તિ મળવી અશક્ય છે માટે જ તે શરીરનો સદા માટે ત્યાગ કરીને અશરીરી બનીને આત્માના અનંત સુખનો શાશ્વતકાળ માટે અનુભવ કરવો જોઈએ. એ સુખ શાશ્વત છે; દુઃખના ભેળ વિનાનું સ્વચ્છ છે; કર્મોની પરાધીનતા વિનાનું સ્વાધીન છે.

સાંસારિક સુખ નશ્વર છે; દુઃખના ભેળવાળું હોઈને અસ્વચ્છ છે અને કર્મોની પરાધીનતાવાળું હોવાથી પરાધીન છે.

એક વાર તપ-સંયમનું કઠોર જીવન જીવવું પડે તો જીવીને પણ શાશ્વત સુખની પ્રાપ્તિ કરી લેવી જોઈએ.

■■■

**नहदंतमंसकेसट्ठिएसु जीवेण विप्पमुक्केसु ।**
**तेसु वि हविज्ज कैलास मेरुगिरिसन्निभा कूडा ॥ १९८ ॥**

**અર્થ** : પૂર્વભવોમાં જીવે ગ્રહણ કરીને મૂકેલા નખ, દાંત, માંસ, કેશ, અને હાડકાં વગેરે સર્વેને જો કઠાં કરાય તો કૈલાસપર્વત (મેરુ) કે બીજા પર્વતો જેવડા ઢગલા થાય. આટલો બધો સંસાર ભોગવ્યો તો ય જો તૃપ્તિ ન થઈ તો તે પામવાનો યત્ન છોડી દેવો જોઈએ.

**વિવેચન :** નખ, વાળ, દાંત વગેરે કેટલા નાનાં છે છતાં જેટલા નખ વગેરે ઉપયોગમાં આવ્યા તે બધા ભેગા કરાય તો તે વિરાટ ઢગલા પાસે મેરુ જેવો વિરાટકાય પર્વત પણ નાનકડી ટેકરી જેવડો લાગે.

જો આ દશા હોય તો ભોગસુખને પામવા માટે શરીર વગેરે દ્વારા યત્ન કરવો એ ડાહ્યા માણસનું કામ ન ગણાય. અનંતા શરીરોથી અનંતાનંત-દરેક ઇન્દ્રિયોના–ભોગ ભોગવ્યા છતાં જો તેનાથી વાસ્તવિક સુખની પ્રાપ્તિ નથી જ થઈ તો શા માટે ઝાંઝવાના જળ પાછળ દોડતા રહેતા હરણની જેવા મૂર્ખ બનવું !

સુખની વાસના (ઇચ્છા) આકાશના જેવી અનંત છે. તેનો કદી અન્ત

આવવાનું શક્ય નથી. માટે જ તે રસ્તાનો સમૂળગો ત્યાગ કરી દેવો એ જ હિતાવહ છે.

**हिमवंतमलयमंदिर दीवोदहिधरणिसरिसरासीओ ।**
**अहिअयरो आहारो छुहिएणाहारिओ होज्जा ॥ १९९ ॥**
**जं णेण जलं पीअं घम्मायवजगडिएण तं पि इहं ।**
**सव्वेसु वि अगडतलाय नइसमुद्देसु न वि हुज्जा ॥ २०० ॥**
**पीयं थणयच्छीरं सागरसलिलाओ होज्ज बहुअयरं ।**
**संसारम्मि अणंते माउणं अन्नमन्नाणं ॥ २०१ ॥**

**અર્થ** : ભૂખ્યા થઈને જીવે જે આહાર વાપર્યો તેનો જો ઢગલો કરાય તો હિમવંત પર્વત, મલયાચલ, મેરુ, દ્વીપો, સમુદ્રો અને પૃથ્વીઓના બનાવેલા ઢગલા કરતાં મોટો થાય.

ગ્રીષ્મ ઋતુના તાપથી અભિભૂત થઈને જીવે જેટલું પાણી પીધું તે પાણી આ લોકના સર્વ કૂવા, તળાવ, નદી અને સમુદ્રોમાં સમાય તેમ નથી.

જેની આદિ નથી એવા આ અનાદિ સંસારમાં અન્ય અન્ય જન્મોમાં થએલી માતાઓના સ્તનનું દૂધ જીવે જેટલું પીધું તેનું પ્રમાણ સઘળા સમુદ્રોના પાણી કરતાં વધુ થાય.

**વિવેચન** : આ ત્રણ શ્લોકોમાં અનાજ, પાણી અને દૂધના પ્રમાણની વાત કરી છે.

અનાદિકાળના સંસારપરિભ્રમણમાં જીવે કેટલું અનાજ, કેટલું પાણી અને કેટલું માવડીનું દૂધ પીધું છે તે ઉપમાથી સમજાવીને જ્ઞાનીઓ એ વાત કરે છે કે જીવે ભૂતકાળમાં અનંતાનંત ભવો કર્યા છે. એણે જન્મ લેવા માટે કોઈ પણ આકાશપ્રદેશ કે કાળચક્રનો કોઈ પણ સમય ખાલી મૂક્યો નથી.

ઉપરની રીતે એમ પણ કહી શકાય કે જીવે અનંતાનંત મનુષ્યભવ કર્યા છે. તેમાંના અનંતા ભવોમાં તે સાધુ પણ થયો છે. સાધુપણાના તેના બધા રજોહરણનો ઢગલો કરાય તો તે ઢગલાની સામે મેરુ પર્વત નાનકડો ટેકરો લાગે.

આ વાતો દ્વારા જ્ઞાનીઓ એ વાત સમજાવે છે કે ભૂતકાળના અનંતાનંત કાળના પરિભ્રમણમાં જીવે ખાવાની, પીવાની વગેરે કોઈ પણ ચીજ અનંતી વાર ભોગવી હોય અને તેનાથી તેને હજી પણ તૃપ્તિ થઈ ન હોય તો હવે શું આ નાનકડા ભવમાં તે બધું ભોગવવાથી તૃપ્તિ થશે ખરી ? જો ના...

તો શા માટે પૌદ્ગલિક વસ્તુઓમાં આસક્ત થવામાં તપ અને સંયમનો ભોગ લેવો ? શા માટે વિષય-કષાયોના સેવનરૂપ પ્રમાદ કરવો ?

જો જીવ આટલું વિચારે કે, "હવે મારે તે જડ પદાર્થોનો સંગ કરવો નથી તો તે તપ અને સંયમમાં બરોબર દિલ લગાવી દે. આમ કરે તો તેનો મોક્ષ નજીકમાં થવાની શક્યતા વધી જાય.

અહીં કોઈ એવો પ્રશ્ન કરશે કે આપણે અનંતી વાર ઓઘા લીધા છતાં મોક્ષ થયો નથી તો હવે ઓઘો (દીક્ષા) પણ શા માટે લેવો ? ઓઘામાં મોક્ષ દેવાની તાકાત તો જણાતી નથી ?

પ્રશ્નકાર એમ કહેવા માંગે છે કે જો જડપુદ્ગલો ભોજન, પાણી, દૂધ નહિ તો ઓઘો પણ નહિ. બધું અનંતીવાર ભોગવ્યું છે !

આનો જવાબ એ છે કે પ્રશ્નકારનો પ્રશ્ન એકદમ બરોબર છે. પણ જ્ઞાનીઓ કહે છે કે ભલે અનંતા ઓઘા લેવા છતાં આપણો જીવ મોક્ષ પામી શક્યો નથી પરન્તુ એ વાત બરોબર સમજી રાખવી કે જ્યારે પણ આપણો જીવ ભવિષ્યમાં મોક્ષ પામશે ત્યારે તે ઓઘાથી જ પામવાનો છે.

મોટરના ઠંડા પડી ગએલા મશીનને ફરીથી ચાલતું કરી દેવા માટે હેન્ડલ ફેરવાય છે. એક વાર, બે વાર, દસ વાર... પણ મશીન ચાલતું નથી. એટલે હેન્ડલ દૂર મૂકી દેવું ? દૂર મૂકવાથી મશીન ચાલુ થઈ જશે ખરું ? ના. નહિ જ.

તો હજી પણ અગિઆરમી વાર, બારમી વાર.. હેન્ડલ ઘુમાવ્યા જ કરવું. ભલે વારંવાર હેન્ડલ ઘુમાવવામાં નિષ્ફળતા મળી. પણ સફળતા ય હેન્ડલ ઘુમાવ ઘુમાવ કરવાથી જ મળવાની છે. બીજો તો કોઈ રસ્તો છે નહિ.

છ મહિના સુધી દુકાન ખુલ્લી રાખીને વેપારી તેમાં બેઠો. એકેય ઘરાક આવ્યું નહિ. તો હવે શું દુકાન બંધ કરીને ઘેર બેસી જવું ? એથી ઘરાક આવશે ? ના, ભાઈ ના.

દુકાન તો ખુલ્લી જ રાખવી. એ વિના તો ઘરાક આવવાનું જ નથી.

કેટલાક લોકો આ વાતની મશ્કરી કરીને દીક્ષા–જીવનનો ઈન્કાર કરે છે. તેઓ કહે છે કે જ્યારે શાસ્ત્રોમાં જ અનંતા ઓઘાની નિષ્ફળતા કહી છે ત્યારે ફરીથી એ નિષ્ફળ ગએલો ઓઘો શા માટે લેવો ?

મૂળ વાત એ છે કે જે નિષ્ફળતા થઈ છે તેમાં ઓઘો કારણ નથી પણ મોક્ષના રાગનો સદંતર અભાવ કારણ છે.

જેને મોક્ષમાં જવાની તાલાવેલી હોય તેને જ ઓઘો મોક્ષ આપી શકે.

મોક્ષ પામવા માટે મોક્ષનું લક્ષ જોરદાર જોઈએ;

પાપનો ભય સખ્ત હોવો જોઈએ.

દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અવિહડ રાગ હોવો જોઈએ.

આ બધા સાથે જો ઓઘો જોડાય તો નક્કી મોક્ષ મળે.

એકલા દંડ કે ચક્રથી ઘડો ન બની જાય. તે માટે તેમની સાથે કુંભાર, માટી વગેરે પણ જોઈએ.

જ્યારે અભવી કે દૂરભવી જીવો ઓઘો લઈને ખાનપાનાદિને પામવાના લક્ષવાળા હોય, અથવા પરલોક જેવી વસ્તુ હોય તો ત્યાં દિવ્યસુખો પામવાની વૃત્તિવાળા હોય, ભોગસુખમય સંસાર પ્રત્યે જરા ય નફરત ન હોય તો ઓઘો કદાપિ મોક્ષ આપી શકે નહિ.

જો હવે મોક્ષલક્ષ વગેરે બરોબર ચિત્તમાં એકરસ બની જાય અને ઓઘો સાથે રખાય તો કદાચ સાત-આઠ ભવમાં જ જીવને મોક્ષ મળી જાય.

અરે, વગર ઓઘાથી ભરત વગેરેની જેમ પણ મોક્ષ મળી જાય. પરન્તુ એવું અબજોમાં એકાદ વ્યક્તિને અપવાદરૂપે બને છે. તેનું દૃષ્ટાન્ત ન લેવાય.

ઓઘો લેવાથી ઘરત્યાગ, કંચન અને કામિનીત્યાગ, કુટુંબત્યાગ, હિંસાદિ પાપોનો ત્યાગ વગેરે એટલી બધી બાબતો બને છે કે તેવી સ્થિતિમાં મોક્ષ પામવા માટેની સાધના કરવાનું કાર્ય એકદમ સરળ બની જાય છે. સંસારમાં બધી વસ્તુઓની સાથે રહીને સાધના કરવા માટેનું વાતાવરણ જ બની શકતું નથી.

વળી જેને મોક્ષ જ પામવો છે તેણે સંસારમાં રહીને મોક્ષ પામવાનો આગ્રહ શા માટે રાખવો જોઈએ ?

જે આગથી દાઝવા માંગતો ન હોય તેણે આગથી છેટા રહેવું જોઈએ. એ વખતે તે એવું ન કહી શકે કે આગથી છેટા રહીને ન દાઝવું એમાં શી ધાડ મારવાની ? હું તો આગને અડીશ અને દાઝ્યા વિનાનો થઈ બતાડીશ. લોકો તો ઝેર ખાધા વિનાની સ્થિતિમાં જીવતા રહે છે. હું ઝેર ખાઈને જીવતો રહી બતાડીશ.

આ ગંડુ વાત છે. મોક્ષાર્થી જીવો તો મોક્ષ પામવા માટે ગૃહત્યાગાદિ કરે જ. તેઓ ઘરમાં રહીને મોક્ષ પામવાની વાત વિચારે પણ નહિ. જો મોક્ષ પામવાની ભાવના છે તો તેને અનુકૂળ પરિસ્થિતિ ગૃહત્યાગમાં જ રહેલી છે.

છતાં "ઘરમાં રહીને" એવો જો આગ્રહ હોય તો તે અજ્ઞાનતા છે અથવા ઘર (કુટુંબ) તરફનું મમત્વ આ વાત કરાવે છે એમ માનવું પડે.

એકાન્ત નિશ્ચયવાદી લોકો વ્યવહારમાર્ગ સ્વરૂપ ગૃહત્યાગપૂર્વકની દીક્ષાની વાતની ઠેકડી ઉડાવતા હોય છે. પૂર્વે જણાવ્યા મુજબ તેઓ, "અનંતા ઓઘા કરવા છતાં આપણો મોક્ષ થયો નથી માટે ઓઘો નિષ્ફળ છે. હવે તે લેવાનો આગ્રહ છોડી દેવો જોઈએ." એવું પ્રતિપાદન કરે છે.

એક વાર આ વાત સ્વીકારી લઈને આપણે તેમને કહીશું કે જેમ અનંતા ઓઘા કર્યા છતાં આપણો મોક્ષ થયો નથી તેમ અનંતી પત્નીઓ કરી તો ય કામસુખમાં જીવ ધરાયો નથી તો હવે કામસુખ મેળવવા માટે આ ભવમાં પત્ની કરવાનો શો અર્થ ?

અનંતા હેક્ટર જમીનોની માલિકી કરી છતાં ધરતીની ભૂખ ભાંગી નથી તો આ ભવમાં ધરતી મેળવવાનો શો અર્થ ?

આ નિશ્ચયવાદીઓ એકાન્તે નિશ્ચયવાદી હોવાથી તેઓ દીક્ષા આદિ રૂપ વ્યવહારમાર્ગના લોપક છે એટલે ઓઘાનો નિષેધ છે પણ પરણીને પત્ની ન કરવાની વાત કદી ઉચ્ચારતા નથી.

ઓઘો નિષ્ફળ જાય જ નહિ પણ જો મોક્ષ પામવાનું લક્ષ જ ન હોય તો હજી બીજા અનંતા ઓઘા કરશું તો તે બધા નિષ્ફળ જવાના છે. જીવને કામભોગ એટલા બધા વહાલા હોય છે કે તે ધર્મ કરવા દ્વારા પણ તેમને પામવાનું લક્ષ રાખે છે. હવે એકલો ઓઘો શું કરે ?

મોક્ષ પામવાના બધાં કારણો (કારણકૂટ) ભેગા થાય તો જ મોક્ષપ્રાપ્તિનું કાર્ય થાય. એકાદ પણ કારણના અભાવમાં કાર્યનિષ્પત્તિ થઈ શકતી નથી. મોક્ષલક્ષ જ મોક્ષ પામવાનું મુખ્ય કારણ છે. કોક વાર અપવાદરૂપે (ભરત વગેરેની જેમ) એકલા મોક્ષલક્ષથી—ઓઘા વિના—મોક્ષ થઈ શકે પણ મોક્ષલક્ષ વિના અપવાદરૂપે પણ મોક્ષ થઈ શકતો નથી. (ક્યારેક દંડ ન હોય તો ય કુંભાર હાથેથી ચક્ર ફેરવતો જઈને ઘડો બનાવી લે છે.)

અનાદિકાળથી જીવે સંસારમાં જે સુખ ભોગવ્યું છે તે સંયોગથી (ધન, નારી, દેહ વગેરેના સંયોગથી) મેળવ્યું છે. એનામાં એવી દૃઢતમ સમજ થઈ ગઈ છે કે પદાર્થના સંયોગ વિના સુખની પ્રાપ્તિ સાવ અસંભવિત છે. હવે તેને જ્યારે એમ કહેવામાં આવે કે મોક્ષમાં જે સુખ છે તે ધનાદિ પદાર્થના

સર્વથા સંયોગ વિના મળે છે, ત્યારે જીવ ભડકી ઊઠે છે અને કહે છે કે એવું કદી બની શકે નહિ. મારા કાયમી અનુભવથી તદ્દન વિરુદ્ધ આ વાત છે. હું તેવા સુખની કલ્પના પણ કરી શકતો નથી. મને તેવું સુખ જોઈતું નથી.

ભૂંડપરિવારને કોઈ નારદજી ભટકાઈ જાય અને તેમને ગટરનો ગંદો આનંદ છોડીને, સ્વર્ગમાં લઈ જઈને ત્યાંનો અતુલ આનંદ મેળવી આપવાની વાત કરે તો ગમાર ભૂંડ કદી કબૂલ કરે ? ના, નહિ જ. કેમકે તેને તો ગટરમાં જ આનંદની અનુભૂતિ હોય છે. તે સ્વર્ગીય આનંદની કલ્પના પણ ન કરી શકે.

જ્યાં સુધી જીવ અચરમાવર્ત્તકાળમાં હોય છે ત્યાં સુધી તો તેને મોક્ષલક્ષ હોતું જ નથી. ચરમાવર્ત્તકાળમાં ય જ્યાં સુધી ભવિતવ્યતા અનુકૂળ બને નહિં ત્યાં સુધી જીવની સ્થિતિમાં મોક્ષ પ્રત્યેનો રાગ તો કદી પેદા થતો નથી.

એટલે મોક્ષલક્ષના અભાવમાં ઓઘો મોક્ષ આપવા માટે સમર્થ ન બને તે તદ્દન સ્વાભાવિક છે.

જો આપણને ખરેખર મોક્ષરાગ પેદા થયો હોય તો તેની નિશાની એ છે કે સંસારના દુઃખોની જેમ સુખો તરફ જોરદાર નફરત થઈ હોય.

બીજી નિશાની એ છે કે મોક્ષ પામેલા જીવો–ખાસ કરીને ઉપકારી તીર્થંકર પરમાત્માની ભક્તિ ખૂબ વહાલી હોય.

ત્રીજી નિશાની એ છે કે જ્યારે પણ ન છૂટકે પાપો કરવા પડતા હોય ત્યારે પાપો કરતી વખતે ખૂબ ધ્રૂજારી છૂટતી હોય. પરલોકે દુર્ગતિ થવાનો ભય લાગતો હોય.

■■■

**पत्ता य कामभोगा कालमणंतं इह सउवभोगा ।**
**अपुव्वं पि मन्नइ तहवि य जीवो मणे सुक्खं ॥ २०२॥**

**અર્થ** : આ જીવે ભૂતકાળમાં અનંતીવાર કામસુખ ભોગવ્યું છે. તેના તમામ સાધનો પણ તેને મળતાં રહ્યાં છે તો પણ તે જ સુખ આ ભવમાં તે અનુભવે છે ત્યારે તેને તે 'અપૂર્વ' લાગે છે. એટલે કે તેને એમ થાય છે કે, "આવું સુખ તો મેં પૂર્વે ક્યારેય અનુભવ્યું નથી."

**વિવેચન** : અનંતી વાર જે સુખનો અનુભવ કર્યો તેનું જીવને સ્મરણ

ન થાય એ કેવી ગજબની વાત !

અરે, આ જ ભવની નવ માસની ગર્ભની અવસ્થામાં તેની કેવી હાલત થઈ હતી ? તેનો તેણે કરેલો અનુભવ પણ જો તેને યાદ આવતો નથી તો ઘણા બધા થએલા મૃત્યુઓની પૂર્વના અનંતકાળના અનુભવોનું સ્મરણ તો તેને ક્યાંથી થાય ?

આ માટે તો જીવે અનુમાન જ કરવું પડે કે જો મેં માતાના સ્તનપાનાદિથી માંડીને તે ભોગસુખોનો અનુભવ જ ન કર્યો હોત તો આ ભવમાં મારી મેળે મેં શી રીતે સ્તનપાન કર્યું હતું ? લગ્નકાલીન ભોગસુખની સમજણ શી રીતે મને–કોઈના જણાવ્યા વિના–આવી ગઈ ?

આ સૂચવે છે કે આ બધી વાતોનો પૂર્વભવોમાં મને અનુભવ થયો હતો.

અનુભવ વિના સ્મરણ થઈ શકતું નથી.

આમ અનુમાનથી પણ જો જીવ એ વાત સ્વીકારે કે, "મેં અનંતી વાર ભોગસુખો અને કામસુખો ભોગવ્યા છે." તો વર્ત્તમાન ભવમાં તે 'અપૂર્વ' લાગે નહિ. તેથી તેમના પ્રત્યે તીવ્ર આસક્તિ જાગે નહિ. આમ થતાં તે ઘણા બધા અશુભકર્મબંધમાંથી ઉગરી જાય.

વળી કોઈ જીવ એવું વિચારે કે, 'મને કામસુખમાં અતૃપ્તિ રહ્યા કરે છે તેનું કારણ એ છે કે હું ઓછાં અને અધૂરાં કામભોગના સુખો ભોગવું છું. જો તમામ કામ અને તમામ ભોગના તમામ સુખો : એટલે કે તમામે તમામ ખાદ્ય પદાર્થો અને તમામે તમામ નારીઓને ભોગવી લઉં તો મારી વાસના સંપૂર્ણતઃ શાન્ત પડી જાય.'

આ વાત બરોબર નથી કેમકે 'તમામ'ની પ્રાપ્તિ અસંભવિત છે.

માટે ભોગસુખોની ક્ષણિકતા, વિપાકકટુતા, પરાધીનતા, મલિનતા વગેરેને જ્ઞાનદશાથી વિચારીને તેમના પ્રત્યે તીવ્ર વૈરાગ્યદશામાં રહેવું જોઈએ.

પરપદાર્થ માત્રથી વૈરાગ્યદશા આવે પછી જ અંતરમાં ડોકિયું થાય : ઊતરી જવાય : ત્યાં જ લીન થઈ જવાય.

સંસારનો રાગી જીવ પરમાત્મા વગેરેમાં રાગી બની શકે નહિ. ચિત્તમાં બે એકસાથે ન રહી શકે.

ક્રૂર સિંહમાં સૌમ્યભાવ ક્યાંથી હોય ?

ક્રોધી સાપમાં ક્ષમા ક્યાંથી સંભવે ?

વિષયોમાં લીન જીવ વિરાગી શી રીતે હોય ?

વૈરાગ્ય તો વિષયત્યાગ પછીની જ સ્થિતિ છે. વિષયવૈરાગ્યને ટકાવવાનો ઉપાય વિષયત્યાગ જ છે.

પત્નીની સાથે રહીને નિર્મળ શીલનું અખંડિત પાલન લગભગ અશક્ય છે. જેણે નિર્મળ શીલ પાળવું છે તેણે પત્ની સાથે રહેવાનો આગ્રહ રાખવો ન જોઈએ. એ અત્યન્ત જોખમી રસ્તો છે. આ બે વાતો સાથે રહે તેવી ઇચ્છા જ શા માટે ? નક્કી... દાળમાં કાંઈક કાળું છે.

જો જીવવું છે તો ઝેર ન જ ખાવું જોઈએ. ઝેર ખાઈને જીવવાનો ચમત્કાર કરવાની વાત કરનારો માણસ મૂર્ખ છે.

હજી પરપદાર્થ-નારી વગેરે-ના સહવાસમાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ શકે પણ તે વૈરાગ્ય કાયમ માટે ટકી નહિ શકે.

છતાં જો તેમાં ય સફળતા મળે તો તે આપવાદિક સમજવી. તેનું અનુકરણ બીજાઓએ કરવું નહિ.

■■■

**जाणइ जह्म भोगिद्धिसंपया सव्वमेव धम्मफलं ।**
**तहवि दृढमूढहियओ पावे कम्मे जणो रमइ ॥ २०३ ॥**

**અર્થ** : આ જીવ જાણે છે કે ભોગસુખોની વસ્તુઓ ધર્મનું જ ફળ છે તો પણ તે પૂરી દૃઢતા સાથે મૂઢ હૃદયી બનીને સુખો પામવા માટે પાપકર્મોનો આદર કરે છે.

**વિવેચન** : પાપ કરવાથી દુઃખ મળે અને ધર્મ કરવાથી જ સુખ મળે એ વાત સર્વધર્મોને માન્ય થએલી છે.

પાપક્રિયા કરવાથી પાપકર્મ બંધાય. તે ઉદયમાં આવતાં જીવ દુઃખી થાય.

ધર્મક્રિયા કરવાથી પુણ્યકર્મ બંધાય. તે ઉદયમાં આવે એટલે ઈષ્ટ સામગ્રી મળે : સુખ મળે.

જો ભયંકર પાપો કરતાં કસાઈ પાસે દસ લાખ રૂપિયા, બંગલો વગેરેનું સુખ હોય તો કહેવું પડે કે તે જે પાપ કરે છે તેનાથી સુખ મળ્યું નથી; પણ પૂર્વભવે તેણે કરેલા ધર્મથી જે પુણ્યકર્મ બાંધ્યું તે હમણાં જ ઉદયમાં આવતાં તેને સુખ મળ્યું છે.

એવું ધર્મ સંબંધમાં સમજવું. ધર્મ કરતો માણસ દુઃખી હોય તો તેનું કારણ ઉપર મુજબ સમજવું. કોક વાર એવું બને છે કે શંખેશ્વરજીમાં જાપ

સહિત અઠ્ઠમ કરીને મુંબઈ ધંધો કરવા ગએલો માણસ ધંધામાં દસ લાખ રૂપિયા ખોઈ નાંખે. આ વખતે ઉપર્યુક્ત સમાધાન કરવું. ખરેખર તો તેણે જો વિશિષ્ટ ઉલ્લાસ સાથે ધર્મ કર્યો હોય તો પ્રાયઃ (નિકાચિત કર્મો સિવાય) દસ લાખ રૂ. નું નુકસાન કરાવનારું બાધક કર્મ ક્ષય પામી ગયું હોય. આ જ તો ધર્મનો પ્રભાવ છે કે તે અબાધાકાલીન અશુભકર્મોમાં ઘણી મોટી ઉથલપાથલ કરી શકે છે. પણ જો જીવે કરેલો ધર્મ મોળો કે માંદલો હોય તો આ સફળતા મળતી નથી.

જેમ ડૉક્ટરની ગોળીથી માથાનો દુઃખાવો મટતો નથી પણ તે વિધિસર ખાવાથી મટે છે. તેમ નવકાર ગણવાથી દુઃખાવો ન મટે પણ ભારે એકાકારથી ગણવાથી દુખાવો મટે. અવિધિ વગેરેની ખામી સફળતા નહિ પામવા દે.

ગ્રન્થકારશ્રી કહે છે કે ધર્મથી પુણ્ય બંધાય, પુણ્યોદય થતાં સુખ મળે. પાપ કરવાથી દુઃખ જ મળે એ વાત સર્વધર્મમાન્ય છે.

કામશાસ્ત્રમાં કામને મહત્ત્વ અપાય છતાં ત્યાં શાસ્ત્રકારે લખ્યું છે કે, "ઓ માનવો ! તમને કામસુખ માણવું હોય તો તમે ધર્મ કરો; કેમકે ધર્મ કર્યા વિના પુણ્ય બંધાય નહિ. પુણ્યનો ઉદય થયા વિના કામસુખ મળે નહિ."

અર્થની પ્રાપ્તિની બાબતમાં પણ આ જ નિયમ લાગુ થાય છે.

તેમણે કહ્યું છે, **न तं विना भवेतामर्थकामौ ।**

મહાભારતના છેલ્લા અઢારમા અધ્યાયમાં વ્યાસમુનિએ કહ્યું છે કે, "ઓ માનવો ! હું રાડો પાડીને તમને કહું છું, તમે કેમ સાંભળતા નથી કે તમને જે અર્થ–કામ જોઈએ છે તે પણ ધર્મ કર્યા વિના તો મળે તેમ છે જ નહિ માટે તમે ધર્મ જ કરો."

યુદ્ધમાં જય મેળવવા માટે મા પાસે આશિષ લેવા આવેલા દુર્યોધનને ગાંધારીએ કહ્યું, "બેટા ! જે પક્ષે ધર્મ હશે તે પક્ષનો વિજય થશે."

આવી વાત ભરતે વસિષ્ઠને કરી હતી કે, "ઓ ગુરુદેવ ! પાપિણી માતા કૈકેયીના આ પાપી પુત્રનો અયોધ્યાના સિંહાસન ઉપર રાજા તરીકે અભિષેક ન કરો. રાજા તો ધર્માત્મા હોવો જોઈએ. મારા જેવો પાપી રાજા થશે તો મારે પાપે અયોધ્યાની ધરતી ઉપર સાત સમંદરોના પાણી ફરી વળશે.

**ચાહિઅ ધરમસીલ નરનાહુ. રસા રસાતલ જાઈ હી તબ હી.**

ભારતદેશની પ્રાચીનકાલીન પ્રજા માટે એમ કહેવાયું છે કે, તેના વખતમાં

રાજા ન હતો. પ્રજામાં દંડ કરાતો ન હતો કેમકે પ્રજા ધર્મ આચરતી હતી. ''ખોટું કામ કરાય નહિ.'' એ ધર્મની મુખ્ય વાત હતી.

**धर्मेणैव प्रजाः सर्वाः रक्षन्ति स्म परस्परम् ॥**

શાન્તસુધારસકારે તો 'ધર્મ'નો જબ્બર મહિમા ગાયો છે.

તે કહે છે કે ધર્મથી સ્વરક્ષા તો થાય છે પણ કુદરતનું સંતુલન પણ તે કરે છે.

જ્યાં ધર્મ વધુ છે ત્યાં દુષ્કાળ, અતિવૃષ્ટિ, યુદ્ધ, ધરતીકંપ વગેરેની કરાએલી આગાહીઓ ધર્મપ્રભાવે ખોટી પડતી હોય છે. આવી વાત 'ઇ.સ. ૧૯૯૯ પ્રલય' નામના અંગ્રેજી પુસ્તકમાં 'એમ.નરેન્દ્ર' નામના લેખકે કરી છે...

તે પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકે કહ્યું છે કે પૂર્વે અમે લોકોએ અષ્ટગ્રહયુતિ વગેરે સંબંધમાં ખૂબ અશુભ આગાહીઓ કરી હતી; પરન્તુ તે દેશોમાં તે ખોટી પડી છે જે દેશોની પ્રજા ધર્મ તરફ વધુ ઝૂકી છે. ધર્મનું બળ કુદરતને હંફાવે છે એટલું જ નહિ પરન્તુ કુદરતને પલટી નાંખે છે; ગ્રહોના ચાર બદલી નાંખે છે.

પ્રવરદેવ ભિખારી ખૂબ ધર્મી હતો. તેનો જ્યાં જન્મ થયો તે દેશનો ગ્રહચાર એવો હતો કે ત્યાં બારવર્ષી દુકાળ પડે. પરન્તુ પ્રવરનો જીવ તે દેશની સ્ત્રીના પેટમાં ગર્ભરૂપે આવતાં બારે ખાંગે મેઘ વરસી ગયો હતો.

'હરિ બોલ, હરિ બોલ' પદોની સાત દિવસની ચોવીસ કલાકની ચૈતન્ય મહાપ્રભુની હજારો નગરજનો સાથેની ધૂનના પ્રભાવથી બંગાળનો આતતાયી ખૂંખાર બાદશાહ નખશીશ પલટાઈને સાવ કોમળ બની ગયો હતો.

અરે, ધર્મ તો પશુઓ ઉપર પણ પ્રભાવ ફેંકે. જે વનમાં બળદેવ મુનિ સાધના કરતા હતા ત્યાં રહેલા સાપ, વાઘ, હરણો વગેરે તમામ ધ્યાનસ્થ અને અનશનસ્થ બની ગયા હતા. તેમના પવિત્ર દેહમાંથી સતત વછૂટી રહેલી ઊર્જાનો આ પ્રભાવ હતો.

જે જગ્યા ઉપર શૃંગેરી ઋષિનો મઠ હતો તે આખી જગ્યા ઋષિઓના ધ્યાન, ભજન, તપ વગેરેના પ્રભાવથી એકદમ પવિત્ર બની હતી. મઠનું અસ્તિત્વ નાબૂદ થયા પછી ત્યાં પહોંચેલા આદ્ય શંકરાચાર્યે એવું અદ્ભુત દશ્ય જોયું કે ધગધગતી ગરમ રેતીમાં કૂદાકૂદ કરતાં દેડકાંને છાંયો દેવા માટે સાપ તેની ઉપર ફણા કરીને સ્થિર રહ્યો હતો. શંકરાચાર્યે તે જગ્યામાં આવા પવિત્ર અણુપુંજો પથરાએલા જોઈને ત્યાં શૃંગેરી મઠની સ્થાપના કરી હતી; જે તેમના

ભારતના ચાર મઠોમાંથી એક મઠ ગણાય છે.

ધર્મનો આગવો પ્રભાવ હોય છે. તેનો ક્રિયાકાંડ વિભાગ, તેના મંદિરો અને મૂર્તિઓ, તેના લાખો સંતો, તેના ધર્મીજનો વગેરે તમામ દ્વારા સમગ્ર ભારતમાં પુષ્કળ આંદોલનો પ્રવાહિત રહ્યા કરે છે. આથી જ આ દેશને નિધર્મી દુષ્ટ લોકો પોતાનો કબજો – સૈકાઓ વીતી ગયા તો ય – જમાવી શકતા નથી. ના... હજી પણ એ ઈસાઈઓ કે ઈસ્લામીઓ તેને ખતમ કરી શકે તેમ નથી. આપણું અસ્તિત્વ ગમે ત્યારે નાબૂદ થશે પરન્તુ સ્વયંસુરક્ષિત ધર્મનું અને તેના પ્રભાવે ભારતવર્ષનું, ભારતીય પ્રજાનું, ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ નાબૂદ થવાની શંકા કોઈએ કરવી નહિ.

જ્યાં સુધી આ ધરતી ઉપર અદ્ભુત તીર્થધામો છે; પરમાત્માની અલૌકિક મૂર્તિઓ છે અને ઉત્તમ કક્ષાના મુનિઓ છે ત્યાં સુધી નાના-નાના છમકલાં થવાથી વધુ પ્રજા ઉપર કશું થઈ શકે તેમ નથી.

કેટલાકો કહે છે કે આપણે ધર્મની રક્ષા કરીએ. આ લોકો અજ્ઞાની છે. તમે કોણ મોટા બળવાન માણસ કે તમે ધર્મરક્ષા કરો. અરે, મહાબળવાન ધર્મ તમારી રક્ષા કરે કેમકે તમે સતત વિવિધ ભયોના ઓથાર નીચે તડપો છો. તમારે તો ધર્મની સેવા કરવી જોઈએ.

ધર્મની ક્રિયાઓને જીવનમાં આત્મસાત્ કરવાથી ધર્મની સેવા કરી કહેવાય. હાલ બધાએ ધાર્મિક–ધર્મમય–જીવન જીવવા જેવું છે.

ધર્મ કહે છે કે તમે મારી રક્ષા (સેવા) કરો. પછી જોઈ લેજો, તમે જેની જેની રક્ષા–રાષ્ટ્ર, સંસ્કૃતિ, પ્રજા વગેરેની–કરવાનું ઇચ્છશો તે બધાની રક્ષા હું કરીશ. (**धर्मो रक्षति रक्षितः**) તમારાથી તે બધાની રક્ષા થઈ શકે તેવું સત્વ તમારામાં નથી, માટે ખોટી આવી મગજમારી ન કરો. બધું મારી ઉપર છોડી દો. મારી ખૂબ સેવા કરો.

ગ્રન્થકારશ્રી કહે છે કે જગત્માં જે કાંઈ સુખ મળે છે તે બધું ધર્મ કરવાથી (તેનાથી ઉત્પન્ન થતાં પુણ્યથી) મળે છે. આમ છતાં અનીતિ, ચોરી, જૂઠ, હિંસા વગેરે કરીને જીવ સુખ મેળવવા યત્ન કરે છે. ભલા ! આવા પાપો કરવાથી કદી સુખ ન મળે. જો તને ક્યારેક સુખ મળી ગયું હોય તો તેનો યશ તારા હિંસાદિના પાપને ન દેતો. બલકે એ વખતે તારું પૂર્વભવીય પુણ્ય ઉદયમાં આવી જવાથી તું સુખી થયો છે. એટલે હવે તારે સુખ પામવા માટે પાપ નહિ કરતાં ધર્મ જ કરવો જોઈએ ! ધર્મના કટ્ટર ક્રિયાકાંડી બનવું

જોઈએ. ધર્મનું જ શરણ લેવું જોઈએ.

"પાપ કરવાથી મને સુખ મળ્યું." આના જેવું સફેદ જૂઠાણું બીજું કોઈ હોઈ શકે નહિ.

"ધર્મ કરવા છતાં હું દુઃખી થયો." આ પણ બીજું સફેદ જૂઠાણું છે.

પરમાત્મા મહાવીરદેવને શું ઉત્કૃષ્ટ સાધનાથી છ માસ સુધી લોહીના ઝાડા થયા ?

રામકૃષ્ણ પરમહંસ અને રમણ મહર્ષિને શું યોગસાધનાથી કેન્સર થયું ?

શું તેઓની સાધના તે આફતોને કેમ અટકાવી ન શકી ?

આનો જવાબ એક જ છે કે તેમના પૂર્વભવીય નિકાચિત પાપકર્મોનો ઉદય–સમય આવી ગયો. તે કર્મોએ પોતાનો પરચો બતાડી દીધો

તેમણે ખૂબ સાધના કરી, ખૂબ પાપકર્મોને ક્ષીણ કર્યા પરન્તુ જે નિકાચિત કર્મો હોય છે તેને આ સાધનાઓ ક્ષીણ કરી શકતી નથી.

એટલે હવે એ વાત નક્કી કરી લેવી જોઈએ કે ધર્મીને પણ દુઃખ આવે જો તેના પાપકર્મોના ટાઈમ બોમ્બ ફૂટી જાય તો.

પાપીને અઢળક સુખ મળે જો તેના પુણ્યકર્મના ટાઈમ બોમ્બ ફૂટી જાય તો.

આ ઉપરથી આપણે નક્કી કરી લેવું જોઈએ કે જો ધર્મ કરશું તો પુણ્ય બંધાશે. તે પુણ્યનો ઉદય થતાં સુખ મળશે.

જો પાપ કરશું તો પાપકર્મ બંધાશે. તેનો ઉદય થતાં દુઃખ જ મળશે.

કોઈ સવાલ કરે કે અમે જે ધર્મ કરીએ તેનાથી જે પુણ્ય બંધાય તેનો ઉદય આ ભવમાં કે આજે જ તો ન જ આવે ને ? એને તો સો, બસો, હજાર ભવ પણ લાગે ને ? તો આજે આવી પડેલું દુઃખ શી રીતે જાય !

માથું સખત દુઃખતું હોય, તે મટાડવા તપનો ધર્મ કરીએ, તેથી પુણ્ય બંધાય પણ તેનો આજે જ ઉદય થઈને તે માથાનો દુઃખાવો મટાડીને સુખ આપે ખરું ?

આનો જવાબ એ છે કે સામાન્યકક્ષાના ભાવ સાથે કરાતો ધર્મ આજે જ સુખનું ફળ ન દે. પણ જો પૂરી તીવ્રતા સાથે ધર્મ કર્યો હોય તો આજે જ તેના પુણ્યનો ટાઈમબોંબ ફૂટી જાય. તરત સુખ મળી જાય.

આ રીતે તીવ્રતા સાથે કરેલા પાપનું ફળ પણ આજે પાપકર્મનો ટાઈમબોંબ ફૂટીને દુઃખનું ફળ આપી દે.

એટલે આ ઉપરથી દરેક સુખાર્થી અને દુઃખભીરૂ જીવોએ પૂરી તીવ્ર

ભાવનાથી ધર્મ કરવો અને પાપ કરવું પડે ત્યારે તેમાં જરા ય રસ રેડવો નહિ.

કેટલીકવાર બેલેન્સમાં પડેલાં કર્મો—નિમિત્ત મળતાં—ઉદીરણાકરણ દ્વારા—ઉદયમાં આવી જતાં હોય છે.

અશાતાવેદનીયકર્મના ઉદયથી જે માણસને કેન્સર થયું છે તે માણસ જો યશરેખાવાળા ડૉક્ટરની દવા લે તો તેની યશરેખાના કર્મથી કેન્સરના દર્દીનું બેલેન્સમાં પડેલું શાતાવેદનીય કર્મ ઉદયમાં આવી જાય. તેથી તેને કેન્સર મટી જાય.

અથવા અઠ્ઠમ કે આયંબિલ જેવા ધર્મને આરાધે તો તેનાથી પણ ઉદીરણાકરણ દ્વારા બેલેન્સમાં પડેલું શાતાવેદનીય કર્મ ઉદયમાં આવી જાય અને કેન્સર મટી જાય.

ભીમો કુંડલીઓ કેવો ગરીબ હતો. પાંચ પૈસા જ એની મૂડી હતી. પણ તેનું દાન ઉગ્રતમ શુભભાવથી તેણે કર્યું તો તેના ઘરની જમીનમાંથી લાખો રૂપિયાનો-હીરા, મોતી વગેરે—માલ નીકળ્યો. આ છે તીવ્ર પુણ્યનો મહિમા.

એ રીતે ઓલા ઝવેરી ભાઈચંદે ચુનીભાઈનો માલ પચાવી પાડ્યો. તે વખતે તેના આનંદનો સુમાર ન હતો. તેથી તેણે એવું ઉગ્ર પાપકર્મ બાંધ્યું કે જે કલાકોમાં જ ઉદયાન્વિત બન્યું. ભાઈચંદનો એકનો એક જુવાનજોધ દીકરો યમસદનમાં પહોંચી ગયો.

ક્રોડો જંતૂઓનો નાશ કરતી દવાની જેણે એજન્સી લીધી. ઉગ્ર પાપકર્મ બાંધ્યું. તેને અતિ લાકડા બે દીકરા હતા. બાપના પાપકર્મે દીકરાઓના બેલેન્સમાં પડેલા પાપકર્મને ઉદયાન્વિત કરીને તે બે દીકરાઓનો જીવ લીધો ! તેમને બન્નેને આંખની પાંપણોમાં કેન્સરની ગાંઠ નીકળી.

રૂપનો અહંકાર કરતા સનતચક્રીને એવું પાપકર્મ બંધાયું કે કલાકોમાં ઉદયાન્વિત બનીને તેના દેહમાં અતિ ભયાનક સોળ રોગોની સાતસો વરસની વેદનાની ગોઠવણ થઈ ગઈ !

ઉત્કૃષ્ટભાવે પૂજા કરનારા શેઠ મોતીશાનો ફાંસીનો માંચડો બે બે વાર તૂટી ગયો. તે વખતના મહારાણી વિકટોરીઆએ તેમને ફાંસીમાંથી મુક્ત કરી દીધા !

બાંધેલું કર્મ જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધીના કાળને અબાધાકાળ કહેવામાં આવે છે. તે કાળમાં શાન્ત પડેલાં કર્મો ઉપર આઠ કરણો ઝપાટો મારી શકે છે. તે ઝપાટાથી કર્મોના ટાઈમમાં ઓછાવત્તાપણું થાય; સંક્રમણ થાય, ઉપશમના થાય, ઉદીરણા પણ થાય. આ બધો કર્મગ્રન્થોનો વિષય છે તે ગુરુગમથી જાણી લેવો.

અહીં તો એટલું જ કહેવું છે કે જે કર્મ જે રીતે બંધાયું તે કર્મ તે જ રીતે જીવે ભોગવવું જ પડે તેવો નિયમ નથી. જો તે કર્મના અબાધાકાળમાં ધર્મ કરવા દ્વારા મોટી ઉથલપાથલ કરી દેવાય તો સંભવ છે કે તે કર્મ ભોગવ્યા વિના જ નાશ પામી જાય. અશુભકર્મ શુભકર્મ બની જાય(સંક્રમણ). તેના સ્થિતિ–રસમાં ફેરફારો–ઓછાવત્તાપણું-પણ થઈ જાય. આમ બાંધેલું કર્મ ભોગવવું જ પડે એવો નિયમ રહેતો નથી. (નિકાચિત કર્મને અપવાદ સમજવો.)

એટલે ભાગ્ય (કર્મ) જરૂર ફરી શકે છે.

ના... નિયતિ કદી ફરી શકતી નથી. તારક તીર્થંકરદેવોને પણ તેને સલામ કરવી પડે છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો સુખ એ ધર્મથી જ મળે છે તો શા માટે સંસારરસીઆ જીવો સુખ મેળવવા માટે અનીતિ, ચોરી વગેરેના પાપો કરે છે ? પાપ કરવાથી તો દુઃખ જ મળે. આજે કે આવતી કાલે... આ ભવે કે પરભવે.

માટે તમામ સુખરસી–અર્થના કે કામના સુખોના રસી જીવોએ પણ ધર્મ જ કરવો જોઈએ.

મોક્ષના રસીઆ જીવો જેમ ધર્મ જ કરે તેમ અર્થકામના રસીઆ જીવોએ પણ ધર્મ જ કરવો જોઈએ.

ધર્મ પુણ્યજનન દ્વારા સુખ આપે છે.

જેમ કુંભાર ચક્રભ્રમી દ્વારા ઘડો આપે છે.

આ ઉપરથી બધાએ બે વાતો મનમાં દૃઢ કરી દેવી જોઈએ કે :

પુણ્ય વિના કશું મળતું નથી.

પુરુષાર્થ કરવાથી તો પેટ જ ભરાય. જો પટારા (સેફ ડીપોઝીટ વોલ્ટ) ભરવા હોય તો પુણ્યનો સંગ્રહ કરવો જ પડે. તેના વિના પટારા ન જ ભરાય.

ચશ્મા ધનથી મળે પણ આંખો તો પુણ્યથી જ મળે.

ચંપલ ધનથી મળે પણ પગ તો પુણ્યથી જ મળે.

ટોપી ધનથી મળે પણ માથું તો પુણ્યથી જ મળે.

હા, તે ત્રણમાં ક્રમશઃ નિર્વિકારભાવ, તીર્થયાત્રા માટે ગમન-શક્તિ અને સદ્બુદ્ધિ જોઈતી હોય તો તે ધર્મથી જ મળે; પુણ્યથી પણ નહિ.

જગત્ પુણ્યના ઉદયથી સુખી હોય; પાપોદયથી તો દુઃખી જ હોય.

માટે સુખી થવા માટે પુણ્યસંગ્રહ કરવો જ પડે.

પુણ્યસંગ્રહ કરવા માટે ધર્મ કરવો જ પડે.

ગૃહસ્થના જેટલા ધર્મો છે તેમાં વિપુલ પુણ્યોત્પાદન કરતાં ધર્મો બે છે. પહેલો જિનભક્તિ અને બીજો જીવદયા.

આ બે ધર્મોનું જૈનકોમના લોકો વિશેષતઃ સેવન કરતા હોવાથી જ તે પ્રમાણમાં વધુ સુખી છે. હવે તો યુવા-વર્ગ પણ મોટી સંખ્યામાં આ બે ધર્મોમાં જોડાવવા લાગ્યો છે.

જેણે સુખી થવું હોય તેણે યુનિવર્સિટીની ડીગ્રીઓ મેળવવાનો પુરુષાર્થ કરવાના ચક્કરમાંથી નીકળી જઈને જિનપૂજા અને જીવદયામાં ઓતપ્રોત બની જવું જોઈએ.

પુરુષાર્થ કરતાં પુણ્ય ચડિયાતું છે માટે ડીગ્રી કરતાં ભક્તિ ચડિયાતી છે.

અર્થકામના સુખરસિકોને ગ્રન્થકાર કહે છે કે તે સુખ પુણ્ય વિના મળતું નથી. પુણ્ય ધર્મ કર્યા વિના બંધાતું નથી માટે તેમણે પણ ધર્મ જ કરવો જોઈએ.

કાશ ! તે લોકો સુખ મેળવવા માટે કેવા ચિક્કાર પાપોના માર્ગે જઈ રહ્યા છે. આ તો દુઃખના વાવાઝોડાંને આમન્ત્રણ દેવા જેવું થાય છે.

પુણ્યના બળથી એક જ મહિનાના થએલા દશરથનો અયોધ્યાના સિંહાસને રાજ્યાભિષેક થયો.

પુણ્ય હતું તો હેમચન્દ્રાચાર્યજીને કાશ્મીર જતાં અટકાવીને કાશ્મીરા સરસ્વતીએ વરદાન આપી દીધું.

પુણ્ય જોર મારતું હતું એટલે બાર વર્ષ અને સાત દિવસની સાધના જે ચન્દ્રહાસ ખડ્ગ માટે રાવણના ભાણેજ શંબૂકે ઊંધા માથે લટકીને, ઉગ્ર જાપ કરીને આકાશમાં ઊતરતી ઊતરતી સાવ નજીક લાવી મૂકી. હવે તો ચાર જ દિવસમાં હાથમાં આવીને પડવાની હતી. તેને ત્યાં આવી પહોંચેલા લક્ષ્મણે—કશી સાધના વિના—ભૂસકો મારીને હાથવગી કરી દીધી. બિચારા શંબૂકના ધડ અને મસ્તક તે જ તલવારનું પાણી માપવા જતાં લક્ષ્મણના હાથે જુદા થઈ ગયા.

"પુણ્ય છે તો બધું છે." આ વાત બધાએ ગોખી દેવી જોઈએ. પછી "ધર્મ છે તો પુણ્ય છે." એ વાતને પણ ગોખી કાઢવી જોઈએ.

પછી તેનો નીચોડ કાઢીને એ વાત મનમાં દૃઢ કરી દેવી જોઈએ કે, "આપણને બધા વિના ચાલશે પણ ધર્મ વિના તો નહિ જ ચાલે."

આ પ્રમાણે ત્રણ વાતો જે વ્યક્તિ ગોખી કાઢશે તે સાચા અર્થમાં સુખી

થશે. જે કુટુંબ ગોખશે તે કુટુંબ સુખી થશે. જે સમાજના કે જે દેશના લોકો ગોખશે તે બધા સુખી થશે.

આજે ભારતમાં જ્યાં જેટલો ધર્મ છે ત્યાં સુખ સહજ રીતે જોવા મળે છે પણ શેષ જગાઓ ઉપર પુષ્કળ દુઃખ દેખાય છે.

મને ખાતરી છે કે અહિંસાદિ ધર્મોથી વિહીન પ્રજા હવે લાંબો સમય સુખમાં આળોટી શકશે નહિ. એમનું પાપ પોકાર્યા વિના રહેવાનું નથી.

ઘણા લોકોને હિંસક મુસ્લિમ પ્રજાના રાષ્ટ્રો સુખમાં આળોટતાં જોઈને અને ભારત જેવા ધર્મપ્રિય રાષ્ટ્રની પ્રજાને દુઃખે કણસતી જોઈને ધર્મ પ્રત્યે અશ્રદ્ધા જાગે છે. પણ મને કહેવા દો કે, "ભગવાન કે રાજમેં અંધેર નહિ હૈ, દેર હૈ." એવી અજૈન માન્યતા અપેક્ષાએ સાચી છે.

હાલમાં તે દેશો વધુ સમૃદ્ધ દેખાય છે તેનું કારણ મને મલિન દેવ-દેવતાઓ તેમની ઉપર તુષ્ટમાન હોવાનું જણાય છે.

જ્યાં પાંચ મકાર(માનુની, મદ્ય, મુદ્રા, મત્સ્ય, માંસ)નું જોર હોય ત્યાં આ દેવો ખૂબ ખુશ થાય છે. આમની હલકાઈ એટલી બધી હોય છે કે તેમને બાથ ભીડીને ભગાડવાનું સજ્જન દેવો કરી શકતા નથી. (ગુંડાઓના ગાળોના વરસાદ સામે સજ્જનો શી રીતે તેવી જ ગંદી ગાળોથી જવાબ દઈ શકે ?)

આમ થવામાં કાળની વિષમતા કારણભૂત છે. એવું લાગે છે કે હવે કાળ આપણી તરફેણમાં ફરી રહ્યો છે. જો આ કલ્પના સાચી હોય તો હવેના દસકામાં વિશ્વનું વાતાવરણ 'ધર્મ' તરફી થવા લાગશે. આસુરી બળોની પીછેહઠ થશે. પાપી દેશોનું પાપ પોકાર્યા વિના નહિ રહે. તે રાષ્ટ્રો ઉપર એકાએક કેટલાક કોપ વરસશે. તે વખતે 'ધર્મ'નો મહિમા સહુને સમજાશે.

ટૂંકી વાત, સહુ ધર્મ કરો : પુણ્ય બાંધો : સુખી થાઓ; સાથે સાચા અર્થમાં ધર્મી થાઓ.

તપોવનના બાળકોને એમની ભાષામાં હું સમજાવું છું કે તમે ગમે તેટલું ઊંચું શિક્ષણ લઈને ઊંચી ડીગ્રીઓ હાંસલ કરો, ગોલ્ડ મેડલ મેળવો; પણ જો તમારી પાસે પુણ્ય નહિ હોય તો કદાચ તમારે 'ગોલ્ડ-મેડલ' વેચીને કોક દિ' પેટ ભરવાનો દહાડો આવશે. એટલે તમારે ઉગ્ર પુણ્યબંધ કરવો જોઈએ. એ કાર્ય સાધવા માટે પરમાત્માની ભાવભરી ભક્તિ જ અમોઘ ઉપાય છે.

આ પ્રેરણાને લીધે બાળકો પ્રભુભક્તિમાં સવાર-સાંજ એકદમ લીન બને છે. એ સમયે એ બાળ-પ્રભુભક્તોને જોવા એ જીવનનો અણમોલ લ્હાવો ગણાય.

હું તેમને વારંવાર એ વાત કરું છું કે પુણ્ય છે તો બધું છે. માટે ધર્મ કરો : પુણ્યોપાર્જન કરો. નહિ તો લાખ ઉપાયે પણ તમારો સંસાર સીધો ચાલવાનો નથી.

પુણ્ય જોર મારતું હશે તો રેતીમાં નાવ સડસડાટ દોડશે. અન્યથા પાણીમાં ય નાવ ડૂબી જશે.

■■■

**जाणिज्जइ चिंतिज्जइ जम्मजरामरणसंभवं दुक्खं ।**
**न य विसएसु विरज्जइ अहो सुबद्धो कवडगंठी ॥ २०४ ॥**

**અર્થ** : સદ્‌ગુરુઓનો ઉપદેશ સાંભળીને જીવ એ વાત બરોબર જાણે છે અને તેની ઉપર ખૂબ ચિંતન કરે છે કે જન્મ, જરા, મરણ વગેરેના દુઃખોથી સંસાર ભરેલો છે.

પણ હાય, તો ય તે વિષયસુખોથી વૈરાગ્ય પામતો નથી.

ખરેખર મોહની ગાંઠ આત્મા સાથે બરોબર ચોંટી ગઈ લાગે છે.

**વિવેચન** : આ શ્લોકમાં જે ભાવ મૂકવામાં આવ્યો છે તે ભાવ સમ્યગ્દર્શન સાથે સંકળાએલો છે. જે સમ્યગ્દષ્ટિ જીવ છે; એથી જ સર્વવિરતિ–ધર્મ પામવા માટે ઉત્સુક છે; જેને સંસારની અસારતાનું પૂર્ણ ભાન થયું છે છતાં જેને વિષયોથી તીવ્ર વૈરાગ્ય થતો નથી તે આત્મા ધ્રુસકે રડે છે. મોહરાજનું સામ્રાજ્ય પોતાના આત્મા ઉપર કેવું છવાયેલું છે ? તેનો વિચાર કરે છે.

આવી મનોદશા શ્રીકૃષ્ણ, મગધપતિ શ્રેણિક, ગૂર્જરેશ્વર કુમારપાળ જેવા શ્રાવક-શિરોમણિ મહાત્માઓની હોય.

ધર્મનું તત્વ બિલકુલ સમજવું નહિ એ જુદી વાત છે; પરન્તુ તે સમજાયા પછી તેનો અમલ ન થાય તો તે આત્મા અત્યન્ત દુઃખી રહે. કદાચ એનો પરિતાપ સાતમી નારકના જીવોના તનમાં પણ ન હોય.

આ આત્માઓની સ્થિતિ, મન જાય મક્કા (મોક્ષ) સુધી અને પગ ન પહોંચે ઊંબરા સુધી.. એવી હોય.

સંસારમાં રહેલા આવા સમ્યગ્દષ્ટિ જીવો કેસરીઆ દૂધ પીને ય સુખી ન હોય. તે દૂધનું લોહી થવાને બદલે દેહસ્થ લોહીનું પાણી થવા લાગે.

સર્વવિરતિ, દેશવિરતિ અને સમકિતી જીવોને ત્રણ વાંદરાની ઉપમા આપીએ.

તેઓ આંબાના ઝાડ પાસે બેઠા છે. ઊંચી ડાળ ઉપર રહેલી પાકી કેરીઓને

આંબી જવાનું અને કેરી ખાવાની મોજ માણવાનું તેમનું લક્ષ છે.

પહેલો વાંદરો નિશાન તાકીને એવી જોરદાર કૂદ મારે છે કે તે ડાળે પહોંચી જાય છે. મજેથી કેરી ખાતો હસવા લાગે છે.

એ ડાળથી થોડેક નીચે બીજી ડાળ છે તેમાં કાચી કેરીઓ લટકે છે.

બીજો વાંદરો ખૂબ જોર મારીને પાકી કેરીએ પહોંચવાના લક્ષથી કૂદ મારે છે. પણ તેની કૂદ ઓછી પડી. અલબત્ત તે કાચી કેરીની ડાળને આંબી તો ગયો પણ પાકી કેરીની ડાળે પહોંચી શક્યો નહિ. અલબત્ત, તેની ધારણા તો હજી પણ પાકી કેરી પામવા માટે ઉપરની ડાળીએ પહોંચવાની છે જ; પણ હાલ તો કાચી કેરીથી જ સંતોષ માનવો પડે છે.

હવે ત્રીજા વાંદરાની વાત કરું. તેને મદારીએ સાંકળથી બાંધીને ખીલે બાંધ્યો છે. માંડ બે-ચાર ડગલા આઘોપાછો થાય છે.

તેની નજર પણ પેલા બે વાંદરાની જેમ પાકી કેરીની ડાળે ચોંટેલી છે. પરન્તુ કમનસીબ તો એવો છે કે કાચી કેરીને ય પામી શકે તેમ નથી. સાંકળે બંધાયેલો એ બિચારો શું કૂદી શકશે ?

આવી સ્થિતિને લીધે તેની આંખોમાંથી આંસુ વહ્યા કરે છે.

આ ત્રણ વાનરો ક્રમશઃ સર્વવિરતિધર ઉત્તમ સાધુ, દેશવિરતિધર ઉત્તમ શ્રાવક અને સમ્યગ્દૃષ્ટિ સદ્ગૃહસ્થ છે.

સમ્યગ્દૃષ્ટિનું લક્ષ મોક્ષ જ હોય.

તે પામવા માટે તેને સાચા સાધુ જ બનવું હોય. તેનું અંતર સતત બોલતું હોય, "સસ્નેહી પ્યારા રે, સંયમ કબ હી મીલે."

પાપોની અવિરતિના તીવ્ર ઉદયને લીધે ભલે કદાચ તે તપ, વ્રત વગેરે ન લઈ શકે પણ તેનામાં આ ત્રણ વસ્તુ તો હોય જ. તે વિનાનો જીવ સમકિતી કહેવાય નહિ.

પહેલી વાત કે તે દેવ-ગુરુ અને સાધર્મિકનો અત્યન્ત ભક્ત હોય.

બીજી વાત કે તે ચારિત્રધર્મનો ખૂબ રાગી હોય. તેની પ્રાપ્તિ ન થવા બદલ તે પાણી વિનાની માછલીની જેમ તરફડતો હોય.

ત્રીજી વાત કે તે જિનવાણીનું શ્રવણ કરવા અતિ ઉત્સુક હોય. તે ખાતર બધાં કામ પડતા મૂકી દે.

થોડીક વાર માટે વિચારો કે ત્રીજા નંબરના વાંદરાની (સમ્યગ્દૃષ્ટિની) માનસિક યાતના કેટલી બધી હશે ?

ગૂર્જરેશ્વર કુમારપાળ પરમાત્મા પાસે રોજ પ્રાર્થના કરતા કે, "હે પ્રભુ ! અઢાર દેશનું મારું રાજવીપણું તું મિટાવી દે અને મને તારા શાસનનું ભિક્ષુપણું આપ. મને આ રાજમાં જરાય રસ નથી."

હવે પ્રસંગતઃ એક વાત કરું.

ધર્મ કરવાથી મુખ્યત્વે આત્મશુદ્ધિ (કર્મક્ષય) પ્રાપ્ત થાય પણ તેની સાથે by product તરીકે પુણ્ય પણ ઉત્પન્ન થાય.

ધાર્મિક આત્માઓએ પ્રાર્થના કરવી જોઈએ કે ધર્મ કરવાથી જે શુદ્ધિ ઉત્પન્ન થાય તે હું રાખીશ; કેમકે મને અશુદ્ધિઓ ખૂબ સતાવે છે. જે પુણ્ય ઉત્પન્ન થાય તેનાથી જગત્‌ના જીવોના દુઃખ, દારિદ્ર વગેરે દૂર થાય.

બાજરાના છોડમાં ડોડામાં દાણાં થાય અને બીજા નંબરમાં ઘાસચારો થાય. બાજરાનો છોડ કહે છે; "મારા દાણાં માનવો ખાય અને મારું by product ઘાસ પશુઓ ખાય.

આ શ્લોકના વિવેચનનું અહીં સમાપન કરું છું.

■■■

**जाणइ य जह्न मरिज्जइ अमरंतं पि हु जरा विणासेइ ।**
**न य उव्विग्गो लोगो अहो रहस्सं सुनिम्मायं ॥ २०५ ॥**

**અર્થ** : લોકો જાણે છે કે સર્વ પ્રાણીઓ પોતાના આયુક્ષયે નિશ્ચિત મરવાના છે. વળી ન મરે તો ય તે પૂર્વે ઘડપણ તો વળગી જ પડવાનું છે તો ય લોકો સંસારથી ઉદ્વેગ પામતા નથી.

આ કેટલું મોટું આશ્ચર્ય કહેવાય !

વિધાતા વડે ગુપ્ત રીતે આ કેવું રહસ્ય નિર્માણ કરાયું છે !

**વિવેચન** : રોગ, જરા અને મોત. આ ત્રણને કોઈ મોટો રૂસ્તમ દૂર કરી શક્તો નથી.

સૌથી ભયાનક મોત છે; જે—કાળાંધોળાં કરીને—ઊભા કરેલા સંસારને એક પળમાં છોડાવી દે છે. જીવને ઉપાડી જાય છે.

કોઈ હરણને સિંહ ઘાયલ કરીને મોંમાં પકડીને લઈ જાય ત્યારે હરણી વગેરે દૂર રહીને જોયા કરે પણ કશો પ્રતિકાર કરી ન શકે તેવું મોતનું છે.

આ મોત ઝટ ન આવે તો તેની પૂર્વે ઘડપણ આવી જાય.

આજે તો સંતાનો વૃદ્ધોની સેવા કરવાનું પસંદ કરતા નથી એટલે ઘડપણ મોત કરતાં ય અકારું બને છે. કેટલાક ઘરડા કહે છે કે આનાથી તો મોત મીઠું હશે. એ ભેટી જાય તો સારું.

વૃદ્ધોના પાલન માટે કાયર બનેલા સંતાનોને લીધે હવે વૃદ્ધો, 'દયાપ્રેરિત મોત' સ્વીકારી રહ્યાં છે.

ભર્તૃહરિએ **'अंगं गलितं'** શ્લોકમાં ઘડપણની કરુણદશાનું અદ્ભુત વર્ણન કર્યું છે.

આ ઘડપણ પણ કદાચ દૂર હોય અને મોત વળી સુદૂર હોય તો જુવાનીમાં રોગો ધસી આવે છે. કેટલાક રોગો અત્યન્ત અસહ્ય હોય છે. પૈસાનું પાણી કરાવી નાંખતાં હોય. એ સ્થિતિમાં માણસ સીધું (ઘડપણ વિનાનું) મોત ઇચ્છે છે.

રોગ, ઘડપણ અને મોત આ ત્રણ ચોરટાઓ જીવની પાછળ પડી ગયા હોવાથી જ્ઞાનીઓ કહે છે કે, "જ્યાં જાગતા રહેવાનું છે ત્યાં ઊંઘતા નહિ અને જ્યાંથી પલાયન થવાનું છે ત્યાં વિશ્રાન્તિ લેવા થોભતા નહિ. અન્યથા ઓલા ત્રણ ચોરટા તમારી ઉપર ચડી બેસશે."

ગૌતમ બુદ્ધ ભરજુવાન વયે રોગીને, ડોસાને અને મૃતકને જુએ છે. એને સંસાર ઉપર વૈરાગ્ય જાગે છે. તે મહાભિનિષ્ક્રમણની વાટ પકડે છે. એ દૃશ્યો જોઈને તેમણે પોતાના ઉપદેશોમાં જગત્‌ને દુઃખમય જણાવ્યું છે. સહુ સાથે મૈત્ર્યાદિ ચાર ભાવોથી ભાવિત થવાની ખાસ પ્રેરણા કરી છે.

તેમણે જોયું કે પદાર્થમાં આસક્તિ ત્યારે જાગે છે જ્યારે તેને શાશ્વત માની લેવાય છે. બુદ્ધે તેમનામાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે પદાર્થમાત્રને ક્ષણિક (વિનાશી) કહ્યો. "વિનાશી ચીજ ઉપર રાગ શા માટે ?" એવું સહેલાઈથી સહુને સમજાય તેમ હતું.

એ બહુ સીધી, સાદી અને સરળતાથી સમજાય તેવી વાત છે કે નાશ પામી જનારા પદાર્થો ઉપર રાગ કરવાથી જ્યારે તેમનો વિયોગ થાય છે ત્યારે જીવને સજ્જડ આઘાત લાગે છે. તેનું આનંદમય જીવન હચમચી ઊઠે છે.

જગત્‌ના કોઈ પણ પદાર્થ ઉપર રાગ થવો અઘરો છે. "તે વિનાશી છે." એટલું વિચારતાં જ વૈરાગ્ય થવો સરળ છે.

આ જગત્ સન્ધ્યાના રંગો જેવું ખૂબ સુંદર છે પણ રંગો જોતજોતામાં વિલાઈ જાય છે તેનું શું ? જો અહીં રાગ કરાય તો વિલાઈ જતાં કેવી ખરાબ હાલત થાય ?

એક કવિએ કહ્યું છે :

**નીલકમલદલ-બિન્દુ જીવન શ્યામગગનઘન-ચપલા જીવન.**
**ઉષઃકાળની લાલી જીવન સાગરમાં છે બિન્દુ જીવન.**

વિનાશિતા, વિપાકકટુતા, અશુચિતા, એકત્વતા, અશરણતા વગેરે પદાર્થ સાથે ચોંટેલા કલંકો છે.

આથી જ અવિનાશી આત્મા, પરમાત્માને જ ચાહવા જોઈએ. એમની ભક્તિ કરીને અવિનાશી બની જવું જોઈએ. જેથી આ સંસારના બેઘાઘંટુ ભ્રમણથી સદાનો છૂટકારો થાય.

આ કારણોસર સંસાર બિહામણો છે. પણ આવી જ્ઞાનદશા જે જીવો પામ્યા નથી તેમને તે અત્યન્ત સોહામણો લાગે છે.

ગ્રન્થકારશ્રીએ આ અજ્ઞાનતાને મોહની જીવલેણ ગાંઠ કહી છે. અનંતજ્ઞાનમય આત્મા આવી ગાંઠમાં ફસાયો છે તે બદલ તેમણે 'અહો' પદથી આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

દુર્યોધન હમેશ કહેતો કે મને એ વાતની પાકી ખબર છે કે હેય શું છે ? અને ઉપાદેય શું છે ? પણ એવો મોહાન્ધ અને સત્વહીન બની ગયો છું કે હેયને ત્યાગી શકતો નથી. ઉપાદેયને સ્વીકારી શકતો નથી.

દુર્યોધનની આવી ચિત્તસ્થિતિને સમ્યગ્દર્શનની મનોદશા જેવી અંશતઃ કહી શકાય.

આવા જીવો માટે ઉગરવાનો એક જ રસ્તો છે કે પોતાની અધન્ય સ્થિતિ બદલ કે તેવા નબળા જીવન ઉપર સતત ધિક્કાર ચાલુ રહે. સ્વપ્નમાં પણ તે એમ કહે કે, આ સંસારનું સુખ પણ ઘણા બધા પાપો કરાવીને જીવને દુર્ગતિ ભેગા કરનાર છે માટે અત્યન્ત ધિક્કારને પાત્ર છે. આ વાતમાં મને લેશ પણ શંકા નથી.

કોઈ પણ દોષને કે અશુભ કર્મોને ખતમ કરવાનો અમોઘ ઉપાય મન્ત્ર, તન્ત્ર વગેરે નથી; એક માત્ર તેના તરફનો ધિક્કારભાવ છે.

રામચન્દ્રજીને લક્ષ્મણ ઉપર ભાઈ તરીકેનો અતિ રાગ હતો. આ તીવ્ર દોષને લીધે તે પોતાને 'અભવ્ય' માનતા હતા. પણ જ્યારે કોક જ્ઞાની મહાત્માએ તેમને કહ્યું કે, "તમે તો આ જ ભવમાં મોક્ષ પામનારા મહાત્મા છો. તેમાં નડતરભૂત જે લક્ષ્મણ પ્રત્યેનો અતિરાગ છે તે એક દિ' ખતમ થવાનો છે. તે પછી તમે દીક્ષા લઈને મોક્ષ પામશો."

આ ક્ષણે રામને અતિ આનંદ થયો. તેમને લક્ષ્મણ ઉપર રાગ હતો પણ એ રાગ ઉપર ધિક્કાર હતો. એટલે કે રાગ દૂર થાય તો સારું તેવી તેમની તીવ્ર ભાવના હતી. આ વાત જ્ઞાની મહાત્માએ કરતાં તે ખૂબ રાજી થયા.

સમ્યગ્દષ્ટિ આત્માને કેરી, નારી, કુટુંબ, દેહ વગેરે ઉપર રાગ હોઈ શકે; પરન્તુ તે જે રાગ છે તેની ઉપર તો ધિક્કાર જ હોય.

આ દોષધિક્કાર પછી પદાર્થ (કેરી વગેરે) તરફ ધિક્કાર પેદા થાય. તે પદાર્થોનો ત્યાગ થાય.

પહેલા રાગધિક્કાર : સમ્યગ્દર્શન.

પછી પદાર્થધિક્કાર.

પછી પદાર્થત્યાગ : સર્વવિરતિ.

આપણને દોષ (પાપો) માત્ર ઉપર ધિક્કાર હોવો જોઈએ પણ જીવમાત્ર ઉપર સત્કારભાવ હોવો જોઈએ.

પરમાત્મભક્તિ, જીવમૈત્રી અને દોષધિક્કારનો આત્મામાં ત્રિવેણીસંગમ થાય એટલે મોક્ષની પ્રાપ્તિ થાય.

મરણ પામવા પૂર્વે આપણે જીવન આ રીતે સુંદર બનાવી દેવું જોઈએ.

ગ્રન્થકારશ્રી કહે છે કે પોતાના આયુષ્યકર્મનો ક્ષય થાય એટલે મરવાનું તો છે જ; પણ મરતાં પૂર્વે પણ જીવ હજારો વાર—રોજ દસ-વીસ વાર-મરી જતો હોય છે. આ હજારો મોત તો નિવારી શકાય તેમ છે.

એક જગાએ યમરાજ પાસે બોલાવ્યું છે કે, "ભાઈ ! તને મારવા હું આવું જ છું. તે પહેલાં તું જીવતો રહે. વારંવાર મરી ન જા. Live I am comming."

રોજબરોજના મોતનું નામ છે; દોષોનું તીવ્રતાથી સેવન. માણસ કામ, ક્રોધાદિથી અત્યન્ત પરેશાન હોય છે.

કામીને કે ક્રોધીને તે કામાન્ધ કે ક્રોધાન્ધ બને ત્યારે આખી રાત ઊંઘ આવતી નથી.

તેની અતૃપ્ત વાસનાઓ તેને શાન્તિથી ભોજન પણ કરવા દેતી નથી. બિચારો જીવ, આ રીતે રોજ મર્યા કરે છે. એનું આખું ઘર પણ એના દોષોની ખપ્પરમાં હોમાય છે. "એક વ્યક્તિના ક્રોધના આંદોલનો સોળ વ્યક્તિને સ્પર્શીને માનસિક રીતે બેચેન બનાવે છે." એવું મહર્ષિ મહેશ યોગીએ રીસર્ચ કરીને જણાવ્યું છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે મરતાં પહેલાંના દોષોથી થતાં મોત તથા, મરતાં પહેલાં ત્રાટકતું ઘડપણ અને રોગો એટલા બધા ત્રાસરૂપ છે કે જીવને આનાથી ભરેલા સંસારમાંથી સર્વથા છૂટકારો લેવાનું મન થાય. તે માટેનો ઉપાય શોધે.

ગ્રન્થકારશ્રી એ અંગે અત્યન્ત આશ્ચર્યચકિત બનીને કહે છે કે સંસારી જીવોને આ બધી આફતો જોઈને ઉદ્વેગ કેમ થતો નથી ? તેઓ આવા સંસારનો ત્યાગ કેમ કરી દેતા નથી ? આ તો ખૂબ રહસ્યભરી વાત કહેવાય. કદાચ નિયતિએ જ આ રીતે બધું થવા દેવા માટે નિર્માણ કર્યું હોય.

યુધિષ્ઠિર અને યક્ષરાજના સંવાદમાં યક્ષરાજે યુધિષ્ઠિરને સમસ્યાપૂર્તિ કરવા કહ્યું હતું. એક શ્લોકનું છેલ્લું ચરણ તેણે આપ્યું :
"**किमाश्चर्यमतः परम्**" આનાથી વધુ આશ્ચર્યજનક શું હોઈ શકે."

હવે પહેલાં ત્રણ ચરણ યુધિષ્ઠિરે પૂરા કરવાના હતા.

યુધિષ્ઠિરે કહ્યું,

**अहन्यहनि भूतानि गच्छन्ति स्म यमालयम् ।**
**शेषाः स्थावरमिच्छन्ति किमाश्चर्यमतः परम् ॥**

**અર્થ** : હજારો જીવો રોજ યમના દરબારે પહોંચતા રહે છે છતાં જે જીવતા રહ્યા છે તેઓ એવું જ માને છે કે, "આપણે તો કદી મરવાના નથી. આ ધરતી ઉપર કાયમ જીવતા રહેવાના છીએ." હાય, આનાથી વધુ આશ્ચર્યની વાત કઈ હોઈ શકે ?

માત્ર ભયાનક રીતે દેહ ઉપર ત્રાટકેલા રોગોના ત્રાસનો જ વિચાર કરાય તો ય સંસાર ઉપર વૈરાગ્ય થાય. તો પછી ઘડપણ, મોત, દોષોની પરેશાની વગેરે વિચારતાં વૈરાગ્ય કેટલો જ્વલંત બની જાય !

સંસારનો ઉત્કૃષ્ટ કહી શકાય તે બધો વૈભવ-વિલાસ પામ્યા પછી તે મરણ દ્વારા છૂટી ન જાય તે માટે સિકંદર ભારતમાં આવ્યો ત્યારે કોઈ મહાન્ યોગીને મળ્યો. તેને અમર થવાની જડીબુટ્ટી પામવાનો માર્ગ પૂછ્યો.

યોગીએ અમુક સ્થળે આવેલી અમર-તલાવડીનું પાણી પીવા કહ્યું. સિકંદર ત્યાં પહોંચ્યો. તળાવમાં રહેલા મગરમચ્છો કિનારે ધસી આવ્યા. બાદશાહને કહ્યું કે તમે આ પાણી પીશો નહિ. તમે એકદમ ઘરડા તો થશો જ. પછી ઘડપણની શાશ્વત રિબામણમાં જીવતા જ રહેશો. તમે લસલસતા યૌવન સાથેનું અમરત્વ પામો તે માટે યૌવન-વનનું ફળ ખાઈ લો.

સિકંદર તે વનમાં ગયો. ત્યાં હજારો ધનવાન યુવા-યુવતીઓ તલવારોથી સતત લડતા હતા. એકબીજાના શરીર ઉપર રહેલાં આભૂષણો મેળવવા માટે આ ખૂંખાર જંગ અવિરતપણે ચાલતો જોઈને કોક યુવાનને સિકંદરે કારણ પૂછતાં તેણે કહ્યું, "આ વનનું ફળ ખાવાથી અમને અમર-યુવાની મળી. પણ જો અમારું આયુષ્ય ક્રોડો વર્ષનું હોય તો અમને પુષ્કળ ધન જોઈએ. અબજો રૂપિયા પણ અમને ઓછા પડે. એટલે અમે પારકાની લૂંટફાટ ચલાવી છે. ગળે તલવારના ઘા પડે, છાતી ઉપર બંદૂકની ગોળીઓ છૂટે... પણ અમે કોઈ કદી મરીએ નહિ. અમારા માટે તો આ યુવાન અમરત્વ અભિશાપ બની ગયું છે."

આ સાંભળીને સિકંદરને થયું કે 'મોત' એ સારી વસ્તુ છે. માત્ર માણસને મરતા આવડવું જોઈએ.

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**ઉપદેશમાળા - ૩ જો ભાગ.**

**તા. ૧૮-૮-૨૦૦૦ (નૂતન તપોવન)**

■ ■ ■

# નવી પેઢીના શિક્ષણયુક્ત સંસ્કરણનો સફળ પ્રયોગ

## બે તપોવન

**પ્રેરક : પૂ. પં. શ્રી. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**સ્થળ : (૧) નવસારી પાસે ૪૬ વીઘા, સ્થાપના ઇ.સ. ૧૯૮૩, જૂન, ધો. પાંચથી દસ.**

**(૨) સાબરમતી પાસે ૩૬ વીઘા, સ્થાપના. ઇ.સ. ૧૯૯૪, જૂન, ધો. પાંચથી બાર**

### સુંદર : સુદૃઢ શિક્ષણ વિભાગ

ભારતીય પ્રજા-ખાસ કરીને તેની નવી પેઢ-ઉપર પશ્ચિમની ઝેરી જીવનશૈલીનું વાવાઝોડું કાતીલ વેગથી ધસતું રહ્યું છે.

આમાંથી નવી પેઢીને ઉગારી લેવા માટે **બે તપોવનોનું ધરતી ઉપર અવતરણ થયું છે.**

મેકોલે શિક્ષણ અત્યન્ત બેધાધંટુ હોવા છતાં; સંસ્કરણ ક્ષેત્રે 'શૂન્ય' આંક ધરાવતું હોવા છતાં એનો ગાળીઓ ભારતીય પ્રજાના ગળે એવો ભીંસાવાયો છે કે તેનાથી - ક્રોડો સંતાનોના જીવનનો અમૂલ્ય સમય બરબાદ થવા છતાં તે અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજાની સાથે બરોબર એકરસ થઈ ગયું છે.

આથી તપોવનને એ શિક્ષણ સ્વીકારવું પડ્યું છે. તેના વિના સંસ્કરણનો વેલો ચડવો લગભગ મુશ્કેલ બન્યો છે. છતાં તપોવનના સંચાલકોની એવી ભાવના ખરી કે તેને દૂર કરાય તો સારું.

બાકી આજે તો શિક્ષણ-વિભાગને પણ વધુ ને વધુ સુંદર અને સુદૃઢ કરવાની ફરજ પડી છે.

**આથી જ અહીં :**

**(૧) ધો. પાંચથી અંગ્રેજી વર્ગો ફરજીયાત છે.**

**(૨) ધો. પાંચથી બાળકો અંગ્રેજીમાં ધારાવાહી રૂપે બોલી શકે તે માટેના ખાસ વર્ગો લીંગ્વીસ્ટીક લેંગ્વેજ લેબોરેટરી તથા સ્પોકન ઇંગ્લીશ રાખવામાં આવ્યા છે.**

**(૩) કોમ્પ્યુટરનો વિશિષ્ટ કોર્સ કરાવાય છે. ટૂંક સમયમાં કોમ્પ્યુટર - સેન્ટરો ખોલવામાં આવશે.**

## આઈ. એ. એસ કક્ષાની વિશિષ્ટ તાલીમ

સાબરમતી તપોવનમાં ધો. ૧૧, ૧૨ છે તેમાં 'કોમર્સ' સ્ટ્રીમ રાખવામાં આવી છે વળી ત્યાં કોમ્પ્યુટરનો એકદમ વિશિષ્ટ કોર્સ કરાવાય છે.

ધો. બારમાંથી નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આઇ.એ.એસ. કક્ષાના અધિકારીઓ બનાવવાની તાલીમ ચાલુ થઈ છે. સંભવત : આ તાલીમ દિલ્હી-વિદ્યાલયોમાં આપવામાં આવશે. એવો સ્પષ્ટ ખ્યાલ છે કે જો ધર્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા કરવી હશે તો આ તાલીમ પામેલા આપણા માણસો વિના ચાલી શકશે નહિ.

**પણ સબૂર !**

આ બધુ શિક્ષણ તેને જ ફળે જે 'માણસ' હોય. જેને પરંપરાગત મૂલ્યો પ્રત્યે આદર હોય; અને જે પરંપરાગત વ્યવસ્થાઓનો તથા ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનો કટ્ટર પક્ષપાતી હોય.

આ પાયા વિનાની પેલી ઇમારત તદ્દન નકામી છે. વર્તમાનમાં પ્રજાની જે ખરાબ હાલત થઈ છે તેના મૂળમાં આ ભૂલ છે.

**તપોવનમાં `માણસ' તૈયાર કરાય છે. એ માટે ધર્મના પવિત્ર ક્રિયાકાંડોનું ચુસ્તપણે પાલન કરાય છે.**

વળી રોજની પ્રભુભક્તિ વડે બાળકોને એવા પુણ્યવાન્ અને શુદ્ધિમાન બનાવાય છે. જેથી તેમને દુઃખો જોવા ન મળે અને દોષોના સેવનથી ભ્રષ્ટ થવું ન પડે. ના, આવી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ મેકોલે શિક્ષણમાં ધરાર નથી.

## મંગલવર્ધની દ્વારા ગ્રામપ્રવાસ

તપોવન પાસે મંગલવર્ધની નામની ગાડી છે. તે બધી વ્યવસ્થાઓથી સુસજ્જ છે. આ ગાડી દ્વારા વિવિધ ધોરણોના તપોવની બાળકો ગામડાઓમાં ૮-૮ દિવસનો પ્રવાસ કરે છે. ત્યાં વક્તવ્યો, નૃત્યો, સ્પર્ધાઓ વગેરે અનેક આકર્ષક આયોજનો કરીને પ્રજાના જીવનમાંથી ભૂંસાતા જતાં સુસંસ્કારોને ફરી જાગ્રત કરે છે. સવાલ જવાબોના કાર્યક્રમ દ્વારા તેમની ગેરસમજો દૂર કરે છે. રામાયણ મહાભારતની કથાઓ કહેવા દ્વારા લોકોમાં પરંપરાગત મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે.

## પર્યુષણપર્વ તાલીમ

તપોવની બાળકોને ચૂંટીને પર્યુષણ પર્વની તાલીમ આપવામાં આવે છે. તેવા કુલ ૪૦ થી ૫૦ બાળકો ૩-૩નાં જૂથમાં વહેંચાઈ જઈને ૧૫ જેટલા ક્ષેત્રોમાં જ્યાં મુનિ ભગવંતો વગેરે પહોંચી શક્યા નથી ત્યાં પર્વાધિરાજની આરાધના કરાવવા જાય છે. તેમનું ધાર્મિક વક્તવ્ય કથાઓ ઉપરની પકડ, ક્રિયાઓમાં શુદ્ધિ, વિધિ અંગેનું સંપૂર્ણ જ્ઞાન, તથા વિનય-વિવેક જોઈને ગામેગામના સંઘો સ્તબ્ધ બને છે.

એવું લાગે છે કે તૈયાર થઈને, જીવંત બનીને, દોડવા લાગેલું તપોવનનું આ 'મોડેલ' જો ઠેર ઠેર ઊભું થઈ જાય તો ભારતીય પ્રજાનું જીવન-સ્તર બધી રીતે ઉન્નત થાય.

તપોવનની 'ફી' એટલી બધી ઓછી કે તપોવનોને દર વર્ષે ૯ થી ૧૨ લાખ રૂ. નો તોટો આવે છે. 'કોર્પસ' કરવા દ્વારા-વ્યાજમાંથી ચલાવીને આ તોટામાંથી ઝટ નીકળી જવાનો પ્રયત્ન ચાલુ છે.

**તપોવનના પ્રેરક પં. ચન્દ્રશેખરવિજયજીનું સ્વપ્ન હતું કે તપોવન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વિભૂતિઓ પેદા કરવી.**

દા.ત. (૧) **રાજકીયક્ષેત્રે સુભાષચન્દ્ર બોઝ કે ચન્દ્રશેખર આઝાદ પેદા થાય.**

(૨) **સંસ્કૃતિરક્ષાના ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ પ્રગટ થાય.**

(૩) **ધર્મક્ષેત્રે હેમચન્દ્રાચાર્યજી કે ગૂર્જરેશ્વર કુમારપાળ જન્મ પામે.**

આવી આઠ દસ વિભૂતિઓ પેદા થાય તોય ભયોભયો ! આજના વિષમકાળમાં તો આટલુય ઘણું બધું !

હા, તેમને ખબર છે કે આંબાની કલમ વાવનારને આંબાની કેરીઓ ખાવાનું કે જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી. પણ તેનો કોઈ વાંધો નથી.

બીજ વાવવાનું; પહેલી ઇંટ મૂકવાનું સૌભાગ્ય પણ અતિ દુર્લભ છે.

ચાલો, આપણે સહુ - તેમના ભક્તો - તેમનું સ્વપ્ન ધરતી ઉપર અવતારીએ. તેમણે આંખો મીંચી દીધી હશે તો સ્વર્ગેથી આપણે મેળવેલા રૂડાં ફળોને તે જોયા કરશે.

## તપોવનો માટે જાણવા જેવું

* બે ય તપોવનોના દાનને કરમુક્તિ [કલમ ૮૦ જી પ્રમાણે]નો લાભ પ્રાપ્ત છે.
* બે ય તપોવનોના કારક અને પ્રેરક પૂજ્યપાદ પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ છે. તેમની દેખરેખ નીચે સંસ્કરણનો યજ્ઞ ચાલે છે.

---

### નવસારી-તપોવન

**તપોવન-સંસ્કારધામ**

મુ. ધારાગિરિ
પો. કબીલપોર, જિ. નવસારી (ગુજ.)
**'વર્ધમાન સંસ્કૃતિધામ'** એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી.
ફોન (૦૨૬૩૭) ૫૮૯૫૯, ૫૮૯૨૪.

### સાબરમતી-તપોવન

**તપોવન-સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર
પો. સુઘડ તા. ચાંદખેડા
જિ. ગાંધીનગર, (ગુજ)
**'જીવન જાગૃતિ ટ્રસ્ટ'** એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી.
ફોન (૦૨૭૧૨) ૭૬૨૭૩, ૭૬૩૪૧.

---

**તપોવન [નવસારી પાસે]માં ચાલતી પાઠશાળાના પંડિતો તૈયાર કરતી**

## સંસ્કૃત પાઠશાળા

**છેલ્લા સાત વર્ષથી નવસારી પાસે આવેલા તપોવનમાં ધાર્મિક શિક્ષકોને તૈયાર કરતી પાઠશાળા ચાલે છે.**

**પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના** શિલ્પરત્ન **મુનિશ્રી જિતરક્ષિતવિજયજી** તેના માર્ગદર્શક છે. **શ્રાદ્ધરત્ન અમુલખભાઈ** તથા **સુશ્રાવક ભૂપેન્દ્રભાઈ** મુખ્ય પંડિતો છે. ન્યાય, વ્યાકરણ, પંચસંગ્રહ, છ કર્મગ્રન્થ, બે બુકો, પ્રકરણો, કાવ્યો વગેરે ભણાવાય છે.

જેમની આર્થિક સ્થિતિ અનુકૂળતાભરી નથી.તેમને નિઃશુલ્ક પણ ભણાવાય છે. આજ સુધીમાં પચ્ચીસ જેટલા વિદ્યાર્થીઓ પંડિત બનીને વિવિધ પાઠશાળોમાં ગોઠવાયા છે.

નિવાસની સગવડતા વિશેષ હોવાથી જૈનસંઘને આમન્ત્રણ છે કે તે વધુ વિદ્યાર્થીઓને મોકલે.

**દાનવીર સુશ્રાવકોને વિનંતિ છે કે તેઓ પોતાનું વિશિષ્ટ ઔદાર્ય દાખવે.**

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદુ કહેવાય તે બધું તેમના જીવમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાંખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઉંચી ગુણવત્તાવાળુંછે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોનાછોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાયછે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ અને તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તે માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા,

માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં એ એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોને સમગ્ર જીવનના હિતમાં તે ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકો જીવનને આરંભમાં એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**